अर्थी करोति दैन्यं लब्धार्थी गर्वपरितोषं च ।

नष्टधनश्च स शोकं सुखमास्ते निःस्पृहः पुरुषः ।।८९।।

જ્યાં સુધી પુરુષને ધનનો લોભ હોય, ત્યાં સુધી તે દીન બને છે, ધન મળ્યા પછી તે ગર્વિષ્ઠ અને અસંતોષી થાય છે, અને ધનનો નાશ થતાં તે શોકમાં ગરકાવ થઈ જાય છે. આ ઉપરથી એમ લાગે છે કે જગતમાં સ્પૃહારહિત પુરુષ સુખી છે. ।।૮૯।।

अद्रोहः सर्वभूतेषु कर्मणा मनसा गिरा ।

अनुग्रहश्च दानं च शीलमेतद्विदुर्जनाः ।।९०।।

મન, વચન અને કર્મથી સર્વ પ્રાણીઓ પર અદ્રોહ, અનુગ્રહ અને દાન-એને શિષ્ટજનોએ સદાચાર કહેલ છે. ।।૯૦।।

अकुलीनः कुलीनश्च मर्यादां यो न लङ्घयेत् ।

धर्मापेक्षी मृदुर्दान्तः स कुलीनशतैर्वरम् ।।९१।।

પોતે અકુલીન(સારા કુલમાં ઉત્પન્ન થયેલા ન હોય) કે કુલીન હોય છતાં મર્યાદાનો ત્યાગ ન કરે, ધર્મની અપેક્ષા કરે તથા કોમળ અને જિતેંદ્રિય હોય-તે સેંકડો કુલીનો કરતાં વધારે કુલીન છે. ।।૯૧।।

अश्वः शस्त्रं शास्त्रं वीणा वाणी नरश्च नारी च ।

पुरुषविशेषं प्राप्ता भवन्ति योग्या अयोग्याश्च ।।९२।।

ઘોડો, શસ્ત્ર, શાસ્ત્ર, વીણા, વાણી, નર અને નારી-એ પુરુષ વિશેષને પામીને યોગ્ય કે અયોગ્ય થાય છે. ।।૯૨।।

अघटितघटितं घटयति सुघटितघटितानि दुर्घटीकुरुते ।
विधिरेव तानि घटयति यानि पुमान्नैव चिन्तयति ।।९३।।

જે કાર્ય બનવું બહુ મુશ્કેલ છે તેને દૈવ સુગમ કરી આપે છે, અને જે સુગમ થઈ શકે તેને તે દુર્ઘટ કરી દે છે. જે પુરુષના ખ્યાલમાં જ નથી તેવાં કાર્યોને પણ વિધાતા ઘટિત કરી દે છે. ।।૯૩।।

असम्भवं हेममृगस्य जन्म,
तथापि रामो लुलुभे मृगाय ।
प्रायः समापन्नविपत्तिकाले;
धियोऽपि पुंसां मलिना भवन्ति ।।९४।।

જગતમાં સુવર્ણમૃગનો જન્મ થવો ખરેખર! અસંભવિત છે. તથાપિ રામ તેને માટે મોહ પામ્યો, આથી એમ લાગે છે કે જ્યારે વિપત્તિકાલ સમીપ આવે છે, ત્યારે પુરુષોની મતિ મલિન થઈ જાય છે. ।।૯૪।।

अयुक्तं बहु भाषन्ते यत्र कुत्रापि शेरते ।
नग्ना विक्षिप्य गात्राणि बालका इव मद्यपाः ।।९५।।

મદ્યપાન કરનારા લોકો બાળકોની જેમ બહુ જ અયુક્ત બોલ્યા કરે છે, જ્યાં ત્યાં સુવે છે અને અવયવોને વિક્ષિપ્ત કરી નગ્ન થઈને તેઓ જ્યાં ત્યાં પડ્યા રહે છે. ।।૯૫।।

अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ।।९६।।

આ મારું અને આ પારકું-એવી ગણના તો હલકા મનવાળા પુરુષોનેજ હોય છે, પરંતુ ઉદાર પુરુષ તો સમસ્ત વસુધાને પોતાના કુટંબ સમાનજ ગણે છે. ।।૯૬।।

अविद्वानपि भूपालो विद्यावृद्धोपसेवया ।
परां श्रियमवाप्नोति जलासन्नतरुर्यथा ।।९७।।

રાજા પોતે કદાચ અવિદ્વાન હોય છતાં વિદ્યાવૃદ્ધપુરુષની સેવા કરવાથી તે પરમ સંપત્તિને પામે છે. જુઓ, જલની સમીપે રહેલ વૃક્ષ સદા રમણીય જ રહે છે. ॥૯૭॥

अनुगन्तुं सतां वर्त्म कृत्स्नं यदि न शक्यते ।
स्वल्पमप्यनुगन्तव्यं मार्गस्थो नावसीदति ।।९८।।

સજ્જન પુરુષોના માર્ગનું સર્વથા કદાચ અનુગમન ન થઇ શકે તો કિંચિત્ પણ તેનું અનુકરણ કરવું યોગ્ય છે, કારણકે માર્ગસ્થ પુરુષ સીદાતો નથી. ॥૯૮॥

अजायुद्धमृषिश्राद्धं प्रभाते मेघडम्बरम् ।
दम्पत्योः कलहश्चैव परिणामे न किञ्चन ।।९९।।

અજા(બકરા)ઓનું યુદ્ધ, ઋષિઓનું શ્રાદ્ધ, પ્રભાતે વરસાદનો આડંબર અને દંપતી વચ્ચે કલહ-એનું પરિણામ કાંઇ ન મળે. ॥૯૯॥

अतिदानाद् बलिर्बद्धो ह्यतिमानात्सुयोधनः ।
विनष्टो रावणो लौल्या-दति सर्वत्र वर्जयेत् ।।१००।।

અતિદાનથી બલિરાજાને બંધાવું પડયું, અતિમાનથી સુયોધન હેરાન થયો અને અતિલોલુપતાથી રાવણ વિનષ્ટ થયો, માટે અતિનો સર્વત્ર ત્યાગ કરવો. ॥૧૦૦॥

अवृत्तिकं त्यजेद्देशं वृत्तिं सोपद्रवां त्यजेत् ।
त्यजेन्मायाविनं मित्रं धनं प्राणहरं त्यजेत् ।।१०१।।

જ્યાં પોતાનું ગુજરાન ન ચાલી શકે તેવા દેશનો ત્યાગ કરવો, જ્યાં ઘણી મુશ્કેલીથી અથવા તો ઉપદ્રવયુક્ત પોતાનું ગુજરાન ચાલી શકે તેવા સ્થાનનો, કપટી મિત્રનો અને પ્રાણને હરણ કરનાર ધનનો ત્યાગ કરવો.॥૧૦૧॥

अलिरनुसरति परिमलं लक्ष्मीरनुसरति नयगुणसमृद्धिम् ।
निम्नमनुसरति सलिलं विधिलिखितं बुद्धिरनुसरति ।।१०२।।

ભમરો સુગંધને અનુસરે છે, લક્ષ્મી ન્યાય અને ગુણોની સમૃદ્ધિને અનુસરે છે, પાણી નીચાણ ભાગને અનુસરે છે અને બુદ્ધિ વિધિના લેખને અનુસરે છે. ।।૧૦૨।।

अप्रतिबुद्धे श्रोतरि वक्तुर्वाक्यं प्रयाति वैफल्यम् ।
नयनविहीने भर्त्तरि लावण्यमिवेह खञ्जनाक्षीणाम् ।।१०३।।

જો શ્રોતા પ્રતિબોધ ન પામે, તો વક્તાનું વાક્ય નિષ્ફલ થાય છે. જો પતિ નેત્રહીન હોય, તો સ્ત્રીઓનું લાવણ્ય શા કામનું? ।।૧૦૩।।

असती भवति सलज्जा क्षारं नीरं च शीतलं भवति ।
दम्भी भवति विवेकी प्रियवक्ता भवति धूर्तजनः ।।१०४।।

અસતી(કુલટા) પ્રાયઃ સલજ્જ હોય છે, ખારું પાણી વધારે શીતલ હોય, કપટી વધારે વિવેકી હોય અને ધૂર્તજન મીઠું બોલનાર હોય છે.।।૧૦૪।।

असितगिरिसमं स्यात्कज्जलं सिन्धुपात्रे,
सुरतरुवरशाखालेखिनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं;
तदपि तव गुणानां नाथ पारं न याति ।।१०५।।

મેરુપર્વત સમાન કાજળના ઢગને સમુદ્રરૂપ ખડીયામાં નાખીને શાહી બનાવીએ, કલ્પવૃક્ષની શાખાની કલમ બનાવવામાં આવે અને વસુધાને પત્ર(કાગળ) બનાવવામાં આવે અને એ સાધનોથી સરસ્વતી પોતે તૈયાર થઈને સદાકાળ લખ્યા કરે, તથાપિ હે ભગવાન! આપના ગુણોનો પાર પામી ન શકાય. ।।૧૦૫।।

अचिन्तितानि दुःखानि यथैवायान्ति देहिनाम् ।
सुखान्यपि तथा मन्ये दैवमत्रातिरिच्यते ।।१०६।।

જેમ પ્રાણીઓના માથે અણધાર્યાં દુઃખો આવી પડે છે, તેમ સુખો પણ અણધાર્યાં જ પ્રાપ્ત થાય છે, એમ સમજી શકાય છે, અહીં દૈવ જ પ્રધાન છે. ॥૧૦૬॥

अयाचितः सुखं दत्ते याचितश्च न यच्छति ।
सर्वस्वं चापि हरते विधिरुच्छृङ्खलो नृणाम् ॥१०७॥

વિધાતા ખરેખર ઉચ્છૃંખલ લાગે છે, કારણકે તે કોઇવાર માગ્યા વિના સુખ આપે છે અને માગતાં નથી આપતો અને વળી કોઈ વાર સર્વસ્વ હરી પણ લે છે. ॥૧૦૭॥

अर्थेन तु विहीनस्य पुरुषस्याल्पमेधसः ।
क्रियाः सर्वा विनश्यन्ति गीष्मे कुसरितो यथा ॥१०८॥

ધનહીન અને અલ્પમતિવાળા પુરુષની બધી ક્રિયાઓ ઉનાળામાં જેમ સાધારણ નદીઓ સુકાઈ જાય છે, તેમ તે નષ્ટ થઈ જાય છે. ॥૧૦૮॥

अवद्यमुक्ते पथि यः प्रवर्त्तते,
प्रवर्त्तयत्यन्यजनं च निःस्पृहः ।
स एव सेव्यः स्वहितैषिणा गुरुः;
स्वयं तरंस्तारयितुं क्षमः परम् ॥१०९॥

જે નિર્દોષ માર્ગમાં પોતે પ્રવૃત્ત છે અને પોતે નિઃસ્પૃહ થઈને જે અન્ય જનોને તેવા માર્ગમાં પ્રવર્ત્તાવે છે, પોતાનું કલ્યાણ ઇચ્છનાર ભવ્ય જીવે તેવા ગુરુની ભક્તિ કરવી, કારણકે તે પોતે તરતાં અન્યને તારવાને- પણ સમર્થ હોય છે. ॥૧૦૯॥

अकरुणत्वमकारणविग्रहः
परधने परयोषिति च स्पृहा ।
सुजनबन्धुजनेष्वसहिष्णुता;
प्रकृतिसिद्धमिदं हि दुरात्मनाम् ॥११०॥

નિર્દયતા, અકારણ કલહ, પરધન અને પરસ્ત્રીની ઇચ્છા, સ્વજનસંબંધીઓમાં ઇર્ષ્યા કરવી એ દૂષણો દુરાત્માઓમાં સ્વભાવસિદ્ધ હોય છે. ||૧૧૦||

**अवश्यंभावानां प्रतिकारो भवेद्यदि ।**
**तदा दुःखैर्न लिप्येरन् नल-राम-युधिष्ठिराः ।।१११।।**

અવશ્ય થનાર ભાવિભાવનો જો પ્રતિકાર હોય, તો નલ,રામ અને યુધિષ્ઠિરને દુ:ખો પણ સહન કરવાં પડત નહિ. ||૧૧૧||

**अकर्त्तव्येष्वसाध्वीव तृष्णा प्रेरयते जनम् ।**
**तमेव सर्वपापेभ्यो लज्जा मातेव रक्षति ।।११२।।**

કુલટાની જેમ તૃષ્ણા લોકોને અકાર્યોમાં પ્રેરણા કરે છે અને માતાની જેમ લજ્જા સર્વપાપોથી તેનું રક્ષણ કરે છે. ||૧૧૨||

**अकारणाविष्कृतवैरदारुणा-**
**दसज्जनात्कस्य भयं न जायते ।**
**विषं महाहेरिव तस्य दुर्वचः;**
**सुदुःसहं सन्निहितं सदा मुखे ।।११३।।**

કારણ વિના પ્રગટ કરેલ વૈરથી દારુણ એવા દુર્જનથી કોને ભય ઉત્પન્ન ન થાય ? કારણકે મહા સર્પની જેમ જેના મુખમાં સદા દુર્વચનરૂપ દુ:સહ વિષ ભરેલું જ છે. ||૧૧૩||

**अन्तर्विषमया ह्येता बहिश्चैव मनोरमाः ।**
**गुञ्जाफलसमाकाराः स्वभावादेव योषितः ।।११४।।**

અહો! સ્ત્રીઓ સ્વભાવથી જ ચણોઠીની જેમ માત્ર બહારથી મનોહર દેખાય છે, પણ અંતરમાં ખરેખર તે વિષમય છે. ||૧૧૪||

**अकृत्यं मन्यते कृत्यं अगम्यं मन्यते सुगमम् ।**
**अभक्ष्यं मन्यते भक्ष्यं स्त्रीवाक्यप्रेरितो नरः ।।११५।।**

સ્ત્રીના વચનથી પ્રેરાયેલો પુરુષ અકૃત્યને કૃત્ય માને છે, અગમ્યને ગમ્ય માને છે અને અભક્ષ્યને તે ભક્ષ્ય માને છે. ||૧૧૫||

**अलसस्य कुतो विद्या अ(चा)विद्यस्य कुतो धनम् ।**
**अधनस्य कुतो मित्र-ममित्रस्य कुतः सुखम् ।।११६।।**

આળસુને વિદ્યા ક્યાંથી? અજ્ઞાનીને ધન ક્યાંથી? નિર્ધનને મિત્ર ક્યાંથી? અને મિત્રહીનને સુખ ક્યાંથી? ||૧૧૬||

**अरावप्युचितं कार्य-मातिथ्यं गृहमागते ।**
**छेत्तुमप्यागते छायां नोपसंहरते द्रुमः ।।११७।।**

શત્રુ પણ ઘરે આવે તો તેનું ઉચિત આતિથ્ય કરવું જ જોઈએ. જુઓ, વૃક્ષ પોતોને છેદ્દવા આવેલ માણસ પરથી પોતાની છાયા ખેંચી લેતો નથી. ||૧૧૭||

**अतिथिर्बालकः पत्नी जननी जनकस्तथा ।**
**पञ्चैते गृहिणा पोष्या इतरे च स्वशक्तितः ।।११८।।**

પોતાની શક્તિ હોય તો અન્યનું પોષણ કરવું, પરંતુ અતિથિ, બાલક, પત્ની, જનની અને પિતા એ પાંચનું તો ગૃહસ્થએ અવશ્ય પોષણ કરવાનું છે. ||૧૧૮||

**अधना धनमिच्छन्ति वादमिच्छन्ति गर्विताः ।**
**मानवाः स्वर्गमिच्छन्ति मोक्षमिच्छन्ति देवताः ।।११९।।**

ધનહીન જનો ધનને ઇચ્છે છે, ગર્વિષ્ઠ જનો વાદને ઇચ્છે છે, મનુષ્યો સ્વર્ગને ઇચ્છે છે અને દેવતાઓ મોક્ષને ઇચ્છે છે. ||૧૧૯||

**अनर्थित्वान्मनुष्याणां भयात्परिजनस्य च ।**
**मर्यादायाममर्यादाः स्त्रियस्तिष्ठन्ति सर्वदा ।।१२०।।**

મનુષ્યને અનર્થ કરનાર હોવાથી, પરિજનોને ભય ઉપજાવનાર હોવાથી તથા પોતાની મર્યાદામાં અમર્યાદિતપણે ચાલવાથી સ્ત્રીઓ સદા હીનોપમામાં જ રહે છે. ||૧૨૦||

अपण्डितास्ते पुरुषा मता मे,
ये स्त्रीषु च श्रीषु च विश्वसन्ति।
श्रियो हि कुर्वन्ति तथैव नार्यो;
भुजङ्गकन्यापरिसर्पणानि ।।१२१।।

જે પુરુષો લક્ષ્મી તથા સ્ત્રીઓમાં વિશ્વાસ બાંધે છે તે ખરેખર અજ્ઞજનો છે. ભુજંગકન્યાની જેમ લક્ષ્મી ચપળ(વક્ર) હોય છે તેમ સ્ત્રીઓ પણ ચંચળ જ હોય છે. ।।૧૨૧।।

अन्यं मनुष्यं हृदयेन कृत्वा अन्यं ततो दृष्टिभिराह्वयन्ति ।
अन्यत्र मुञ्चन्ति मदप्रसेकमन्यं शरीरेण च कामयन्ते ।।१२२।।

અહો! સ્ત્રીઓની કુટિલતા તો જુઓ કે જેઓ હૃદયમાં એકને ધારણ કરે છે, નજરથી બીજાને નિહાળે છે, ત્રીજા ઉપર કટાક્ષપાત કરે છે અને અન્યની સાથે તે ભોગ ભોગવવા તૈયાર થાય છે. ।।૧૨૨।।

अग्राह्यं हृदयं तथैव वदनं यद्दर्पणान्तर्गतं,
भावः पर्वतसूक्ष्ममार्गविषमः स्त्रीणां न विज्ञायते ।
चित्तं पुष्करपत्रतोयतरलं विद्विद्भिराशंसितं;
नारी नाम विषाङ्कुरैरिव लता दौषेः समं वर्धिताः ।।१२३।।

દર્પણની અંદર પ્રતિબિંબિત થયેલ સ્ત્રીઓનું વદન અને મુખ એ ખરેખર અગ્રાહ્ય છે, વળી પર્વતમાં આવેલ સૂક્ષ્મ માર્ગની જેમ વિષમ એવો સ્ત્રીઓનો ભાવ તો જાણી શકાતો જ નથી, તેમજ તેમનું ચિત્ત તો જાણે કમળના પત્રપર જળબિંદુ હોય, તેવું ચપળ કહેવામાં આવેલ છે. અહો ! વિષલતાની જેમ સ્ત્રીઓ દોષોની સાથે સાથે જ વૃદ્ધિ પામી હોય તેમ લાગે છે. ।।૧૨૩।।

अभ्युत्थानमुपागते गृहपतौ तद्भाषणे नम्रता,
तत्पादार्पितदृष्टिरासनविधिस्तस्योपचर्या स्वयम् ।

सुप्ते तत्र शयीत तत्प्रथमतो जह्याच्च शय्यामिति;
प्राच्यैः पुत्रि निवेदितः कुलवधूसिद्धान्तधर्मागमः ।।१२४।।

પોતાનો પતિ ઘેર આવે ત્યારે અભ્યુત્થાન કરવું, બોલવામાં તેની સામે નમ્રતા દર્શાવવી, તેના ચરણમાં દૃષ્ટિ થાપવી, આસન આપવું, તેની સેવા કરવી, તે શયન કરે ત્યારે પોતે સુવું અને તેની પહેલાં જાગ્રત થવું એ પ્રમાણે હે પુત્રી ! પૂર્વપુરુષોએ એ કુલીન કાંતાઓના સિદ્ધાંતના ધર્માગમ કહેલ છે. ।।૧૨૪।।

अधिकारात् त्रिभिर्मासै-र्महापापात् त्रिभिर्दिनैः ।
शीघ्रं नरकवाञ्छा चे-द्दिनमेकं पुरोहितः ।।१२५।।

અધિકારથી ત્રણ મહિનામાં અને મહાપાપથી ત્રણ દિવસમાં નરક મળે, છતાં શીઘ્ર જો નરકની ઇચ્છા હોય તો એક દિવસ પુરોહિત થવું. ।।૧૨૫।।

अजातमृतमूर्खाणां वरमाद्यौ न चान्तिमः ।
सकृद्दुःखकरावाद्या-वन्तिमस्तु पदे पदे ।।१२६।।

જન્મ ન પામેલ, મરણ પામેલ અને મૂર્ખ એ ત્રણ પ્રકારના પુત્રોમાં પ્રથમના બે સારા કહેલ છે અને છેવટનો સારો નહિ. કારણકે પ્રથમના તો માત્ર એક જ વાર દુઃખ આપે છે અને છેવટનો(મૂર્ખ) તો પગલે પગલે દુઃખદાયક થઇ પડે છે. ।।૧૨૬।।

# आ

आदरेण यथा स्तौति धनवन्तं धनेच्छया ।
तथा चेद्विश्वकर्तारं को न मुञ्चति बन्धनात् ।।१।।

જેમ ધનની ઇચ્છાથી માણસ ધનવંતને આદરથી આરાધે છે, તેમ જો ભગવંતને ભજે તો કોણ સંસારથી મુક્ત ન થાય? ।।૧।।

आज्ञाभङ्गो नरेन्द्राणां गुरूणां मानमर्दनम् ।
वृत्तिच्छेदश्च विप्राणामशस्त्रो वध उच्यते ।।२।।

રાજાઓની આજ્ઞાનો ભંગ કરવો, ગુરુ(વડીલ)નું અપમાન કરવું અને બ્રાહ્મણોની આજીવિકાનો ઉચ્છેદ કરવો એ શસ્ત્રરહિત વધ ગણાય છે. ।।૨।।

आचारः कुलमाख्याति वपुराख्याति भोजनम् ।
सम्भ्रमः स्नेहमाख्याति देशमाख्याति भाषितम् ।।३।।

આચારથી કુલ સમજાય છે, શરીરથી ભોજન, સંભ્રમ(વિલાસ)થી સ્નેહ અને ભાષાથી દેશ સમજાય છે. ।।૩।।

आर्त्ता देवान्नमस्यन्ति तपः कुर्वन्ति रोगिणः ।
निर्धना विनयं यान्ति क्षीणदेहाः सुशीलिनः ।।४।।

આર્ત્તજનો દેવોને નમે છે, રોગીજનો તપ કરે છે, નિર્ધનો વિનયી હોય છે અને કૃશ(ક્ષીણ) દેહવાલા જનો સુશીલ હોય છે. ॥૪॥

**आयुषो राजचित्तस्य पिशुनस्य धनस्य च ।**
**खलस्नेहस्य देहस्य नास्ति कालो विकुर्वतः ॥५॥**

આયુષ્ય, રાજચિત્ત, પિશુન, ધન, દુર્જનસ્નેહ તથા દેહ એમને બદલી જતાં વખત લાગતો નથી. ॥૫॥

**आयु कर्म च वित्तं च विद्या निधनमेव च ।**
**पञ्चैतानि हि सृज्यन्ते गर्भस्थस्यैव देहिनः ॥६॥**

આયુ, કર્મ, ધન, વિદ્યા અને મરણ એ પાંચ, ગર્ભમાં આવતાં જ પ્રાણીની સાથે સરજાય છે. ॥૬॥

**आचार्येषु नटे धूर्ते व्यासवेश्याबहुश्रुते ।**
**षट्सु माया न कर्त्तव्या माया तत्रैव निर्मिता ॥७॥**

આચાર્ય, નટ, ધૂર્ત્ત, વ્યાસ, વેશ્યા અને બહુશ્રુત એ છ પ્રકારના પુરુષો સાથે માયા(કપટ) ન કરવી, કારણકે માયા ત્યાં નિર્મિત જ હોય છે. ॥૭॥

**आत्मबुद्धिः शरीरादौ यस्य स्यादात्मविभ्रमात् ।**
**बहिरात्मा स विज्ञेयो मोहनीयस्तत्र चेतनः ॥८॥**

આત્માની ભ્રાંતિથી જેને શરીરાદિકમાં આત્મબુદ્ધિ હોય, તે જીવ બહિરાત્મા જાણવો, કારણકે ત્યાં મોહનીય કર્મનો સદ્ભાવ હોય છે. ॥૮॥

**आरोग्यभाग्यसौभाग्य-रूपभूपादिसम्पदः ।**
**कृपालुतालतायाः स्यात् पुष्पौधो निर्वृतिः फलम् ॥९॥**

આરોગ્ય, ભાગ્ય, સૌભાગ્ય, રૂપ અને રાજ્ય વિગેરેની સંપત્તિ, એ બધા દયારૂપ લતાના પુષ્પો સમજવા, અને મોક્ષ, એ તેનું ફલ છે. ॥૯॥

**आवर्तः संशयानामविनयभवनं पत्तनं साहसानां,**

दोषाणां सन्निधानं कपटशतमयं क्षेत्रमप्रत्ययानाम् ।
स्वर्गद्वारस्य विघ्नो नरकपुरमुखं सर्वमायाकरण्डं;
स्त्रीयन्त्रं केन सृष्टं विषममृतमयं प्राणिनामेकपाशः ।।१०।।

સંશયોના આવર્ત્ત(ઘુમરી)રૂપ, અવિનયના ભવનરૂપ, સાહસના નગરરૂપ, દોષોના ભંડારરૂપ, સેંકડો કપટયુક્ત, અવિશ્વાસના ક્ષેત્રરૂપ, સ્વર્ગદ્વારના વિઘ્નરૂપ, નરક-નગરના મુખરૂપ, સર્વ માયાના કરંડીયારૂપ અને પ્રાણીઓને એક પાશરૂપ એવું આ સ્ત્રીરૂપ યંત્ર કોણે બનાવેલ છે, કે જે વિષમય છતાં અમૃતમય ભાસે છે. ॥૧૦॥

आपदि मित्रपरीक्षा शूरपरीक्षा रणाङ्गणे भवति ।
विनये वंशपरीक्षा स्त्रियः परीक्षा निर्धने पुंसि ।।११।।

આપત્તિમાં મિત્રની પરીક્ષા થાય છે, રણાંગણમાં શૂરની પરીક્ષા, વિનયથી વંશની પરીક્ષા અને પુરુષ નિર્ધન થતાં સ્ત્રીની પરીક્ષા થાય છે. ॥૧૧॥

प्रारभ्य ह्यल्पमेवाज्ञाः कामं व्यग्रा भवन्ति च ।
महारम्भाः कृतधिय-स्तिष्ठन्ति च निराकुलाः ।।१२।।

અજ્ઞજનો અલ્પ કાર્યનો આરંભ કરતાં પણ અત્યંત વ્યગ્ર બની જાય છે અને બુદ્ધિમંતજનો મોટા કામનો આરંભ કરતાં પણ નિરાકુલ રહે છે. ॥૧૨॥

आरभ्यते न खलु विघ्नभयेन नीचैः,
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ।।१३।।

કાયરજનો વિઘ્નના ભયને લીધે કાર્યનો આરંભ જ કરતા નથી, સાધારણજનો વિઘ્નોથી હતાશ થઈને કાર્યથી વિરામ પામે છે, પણ ઉત્તમ-જનો વારંવાર વિઘ્નોથી પરાભવ પામતાં પણ આરંભેલ કાર્યનો કદાપિ ત્યાગ કરતા નથી. ॥૧૩॥

आज्ञा कीर्तिः पालनं सज्जनानां,
दानं भोगो मित्रसंरक्षणं च।
येषामेते षट्गुणाश्च प्रवृत्ताः
कोऽर्थस्तेषां पार्थिवोपाश्रयेण ।।१४।।

આજ્ઞા, કીર્ત્તિ, સજ્જન પાલન, દાન, ભોગ અને મિત્ર-સંરક્ષણ એ છ ગુણો જેમને છે, તેમને રાજાનો આશ્રય લેવાની શી જરુર છે ? ।।૧૪।।

आदित्यस्य गतागतैरहरहः सङ्क्षीयते जीवितं,
व्यापारैर्बहुकार्यभारगुरुभिः कालो न विज्ञायते ।
दृष्ट्वा जन्मजराविपत्तिमरणं त्रासश्च नोत्पद्यते;
पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ।।१५।।

દરરોજ સૂર્યના ગમનાગમનથી જીવિત ક્ષય થતું જાય છે, મોટા વ્યાપારમાં વ્યગ્ર થતાં જતો વખત જણાતો નથી, જન્મ, જરા, વિપત્તિ અને મરણ જોઇને પણ ત્રાસ થતો નથી. અહો! ખરેખર! મહા મોહરૂપ પ્રબળ મદિરાના પાનથી આ જગત્ બહુ જ ઉન્મત્ત બની ગયું છે. ।।૧૫।।

आयुर्वर्षशतं नृणां परिमितं रात्रौ तदर्धं गतं,
तस्यार्धस्य परस्य चार्धमपरं बालत्ववृद्धत्वयोः ।
शेषं व्याधिवियोगदुःखसहितं सेवादिभिर्नीयते;
वेगे वारितरङ्गबुद्बुदचले सौख्यं कुतः प्राणिनाम् ।।१६।।

બહુ બહુ તો મનુષ્યનું આયુ સો વરસનું ગણાય, તેમાંથી અર્ધ આયુ રાત્રિનું ચાલ્યું જાય, અને બાકીના અર્ધમાંથી બાલપણું અને વૃદ્ધપણું બાદ કરતાં ચતુર્થાંશ રહે, તે પણ વ્યાધિ, વિયોગ, દુઃખ અને સેવાદિકથી સમાપ્ત થાય છે. અહો! જલતરંગના પરપોટા સમાન ચંચલ એવા આ સંસારમાં પ્રાણીઓને સુખ જ ક્યાં છે ?. ।।૧૬।।

आशा नाम मनुष्याणां काचिदाश्चर्यशृङ्खला ।

यया बद्धाः प्रधावन्ति मुक्तास्तिष्ठन्ति पङ्गुवत् ।।१७।।

અહો! આશા એ મનુષ્યોને (વળગેલી) કોઈ વિચિત્ર પ્રકારની જ શૃંખલા છે. જેનાથી બદ્ધ થયેલા માણસો દોડતા ફરે છે અને જેનાથી મુક્ત થયેલા પંગુની જેમ બેસી રહે છે. ।।૧૭।।

आरम्भगुर्वी क्षयिणी क्रमेण
लघ्वी पुरा वृद्धिमती च पश्चात्।
दिनस्य पूर्वार्द्धपरार्द्धभिन्ना
छायेव मैत्री खलसज्जनानाम् ।।१८।।

જેમ દિવસના પૂર્વભાગની છાયા પ્રથમ મોટી અને પછી આસ્તે આસ્તે નાની થતી જાય છે અને બપોર પછી પ્રથમ નાની અને પછી આસ્તે આસ્તે મોટી થતી જાય છે, તેમ દુર્જન અને સજ્જનોની મિત્રતા સમજવી એટલે દુર્જનની મૈત્રી અનુક્રમે ઓછી થતી જાય અને સજ્જનની મૈત્રી અનુક્રમે વૃદ્ધિ પામતી જાય છે. ।।૧૮।।

आशाया ये दासा-स्ते दासाः सन्ति सर्वलोकस्य ।
आशा येषां दासी तेषां दासायते लोकः ।।१९।।

જેઓ આશાના દાસ છે, તેઓ સર્વ લોકના દાસ છે, અને જેમણે આશાને દાસી બનાવી છે, તેમની આગળ લોકો દાસ થઈને રહે છે.।।૧૯।।

आकारैरिङ्गितैर्गत्या चेष्टया भाषणेन च ।
नेत्रवक्त्रविकारैश्च लक्ष्यतेऽतर्गतं मनः ।।२०।।

આકાર, ઇંગિત, ગતિ, ચેષ્ટા, ભાષણ તથા નેત્ર અને મુખવિકારથી અંતરનું મન જાણી શકાય છે. ।।૨૦।।

आहारनिद्राभयमैथुनानि,
सामान्यमेतत्पशुभिर्नराणाम् ।
ज्ञानं विशेषं खलु मानुषाणां;

**ज्ञानेन हीनाः पशवो मनुष्याः ।।२१।।**

આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચારે મનુષ્યો અને પશુઓમાં સામાન્ય હોય છે, પણ મનુષ્યોમાં જ્ઞાન અધિક હોય છે, જો જ્ઞાન ન હોય તો તે પશુ સમાન ગણાય છે. ।।૨૧।।

**आहारो द्विगुणः स्त्रीणां निद्रा तासां चतुर्गुणा ।**
**षड्गुणो व्यवसायश्च कामश्चाष्टगुणः स्मृतः ।।२२।।**

પુરુષો કરતાં સ્ત્રીઓને બમણો આહાર હોય, ચાર ગણી નિદ્રા હોય, છ ગણો વ્યવસાય હોય અને આઠ ગણો કામ કહેલ છે. ।।૨।।

**आस्तामंपत्यं त्रैलोक्या-धिपत्यमपि दुर्घटम् ।**
**न यतः प्रयतस्त्वं तं धर्ममेव विधेहि भोः ।।२३।।**

હે જીવ, સંતાન તો શું પરંતુ ત્રણે લોકનું સ્વામિત્વ પણ દુર્લભ નથી, માટે ધર્મની આરાધના કર કે જેથી કંઇ પણ દુર્લભ ન થાય.।।૨૩।।

**आहारं षड्रसाधारं देहस्थित्यर्थमेव सः ।**
**अभुङ्क्त तृप्तिमापच्च शास्त्रैर्न च रसैः पुनः ।।२४।।**

સંતજનો માત્ર દેહસ્થિતિને માટે જ ષટ્-રસ આહાર કરે છે, પણ તૃપ્તિ તો તેઓ ષટ્-રસોથી નહિ પણ શાસ્ત્રરસથી જ તૃપ્તિ પામે છે.।।૨૪।।

**आलयं धीरधर्माणां प्रलयं च कुकर्मणाम् ।**
**अशोकानोकहस्याधः साधुमेकं ददर्श सः ।।२५।।**

ધીરધર્મના સ્થાનરૂપ અને કુકર્મના પ્રલયરૂપ એવા એક સાધુને તેણે અશોકવૃક્ષની નીચે જોયા. ।।૨૫।।

**आद्रियन्ते जडा एव योषितः सुखवाञ्छया ।**
**हुताशनाशया गुञ्जाः शीतार्त्ता इव वानराः ।।२६।।**

શીતાર્ત થયેલા વાનરો જેમ અગ્નિની આશાથી ચણોઠીઓનો આશ્રય લે, તેમ અજ્ઞજનો સુખની વાંછાથી સ્ત્રીઓનો આદર કરે છે. ।।૨૬।।

**आस्तां परपुमान्यूना पित्रा भ्रात्रा सुतेन वा ।**
**एकाकिना सहैकान्ते न स्थातव्यं कुलस्त्रिया ।।२७।।**

યુવાન પરપુરુષ તો શું, પણ પોતાના પિતા, ભાઇ કે પુત્ર સાથે પણ કુલીન સ્ત્રીએ એકાંતમાં બેસવું નહિ. ॥૨૭॥

**आरक्षेण तपसा(सेव) विकारास्तस्करा इव ।**
**यत्पुराद्दुरिता नैव प्रवेष्टुं पुनरीशते ।।२८।।**

આરક્ષક(કોટવાલ) જેમ ચોરોને દૂર હાંકી કાઢે, તેમ ભવ્ય જીવ તપથી વિકારોને દૂર કરે છે કે જેથી તે પાછા ઉદ્ભવતા નથી. ॥૨૮॥

**आपत्स्वेव हि महतां शक्तिरभिव्यज्यते न सम्पत्सु ।**
**अगरोस्तथा न गन्धः प्रागस्ति यथाग्निपतितस्य ।।२९।।**

મહાપુરુષોની શક્તિ સંપત્તિમાં નહિ પણ આપત્તિમાં જ સમજી શકાય છે. જુઓ, અગરુની સુગંધ અગ્નિમાં નાખ્યા પછી જેવી જણાય છે તેવી પ્રથમ જણાતી નથી. ॥૨૯॥

**आक्रोशितोऽपि सुजनो न वदत्यवाच्यं,**
**निष्पीडितो मधुरमुद्वमतीक्षुदण्डः ।**
**नीचो जनो गुणशतैरपि सेव्यमानो;**
**हास्येन यद्वदति तत्कलहेऽप्यवाच्यम् ।।३०।।**

સત્પુરુષ પર આક્રોશ કરતાં પણ તે કદાપિ અસત્ય બોલતો નથી. જુઓ, શેલડીના સાંઠાને પીલતાં પણ તે મધુર રસને આપે છે; અને નીચ જનની અનેક પ્રકારે અનુકૂલ રીતે ખુશામત કરતાં પણ તે કલહમાં જે અવાચ્ય હોય તે હસતાં હસતાં બોલી દે છે. ॥૩૦॥

**आजन्मसिद्धं कौटिल्यं खलस्य च हलस्य च ।**
**सोढुं तयोर्मुखाक्षेप-मलमेकैव सा क्षमा ।।३१।।**

ખલપુરુષ અને હલનું કૌટિલ્ય જન્મથી જ સિદ્ધ છે, તે બન્નેના મુખના

આક્ષેપો સહન કરવાને એક ક્ષમા અને પૃથ્વી જ સમર્થ છે.॥૩૧॥

**आपद्गतं हससि किं द्रविणान्ध मूढ,**
**लक्ष्मीः स्थिरा न भवतीति किमत्र चित्रम् ।**
**एतान् प्रपश्यसि घटाञ्जलयन्त्रचक्रे;**
**रिक्ता भवन्ति भरिता भरिताश्च रिक्ताः ॥३२॥**

ધનમાં અંધ બનેલા હે મૂઢ! નિર્ધન પુરુષને જોઇને તું શા માટે હસે છે. કારણકે લક્ષ્મી સ્થિર કદાપિ રહેતી નથી, તો તેમાં આશ્ચર્ય શું છે? જુઓ, આ જળયંત્ર(અરઘટ્ટ)માં ખાલી ઘડા ભરાય છે અને ભરેલા ખાલી થાય છે. ॥૩૨॥

**आसे चेत् सस्वगृहे कुटुम्बभरणं कर्त्तुं न शक्तोऽस्म्यहं,**
**सेवे चेत्सुखसाधनं मुनिवनं मुष्णन्ति मां तस्कराः ।**
**श्वभ्रे चेत्स्वतनुं त्यजामि नरकाद् भीरात्महत्यावशान्;**
**नो जाने करवाणि दैव किमहं मर्तुं न वा जीवितुम् ॥३३॥**

જો પોતાના ઘરે રહું છું તો કુટુંબનું ભરણપોષણ કરવાને હું શક્તિમાન નથી, જો સુખના સાધનરૂપ એવા મુનિવનનું સેવન કરવા જાઉં છું, તો તસ્કરો(ચોરો) મને લૂંટી લે છે અને જો આત્મહત્યાને વશ થઈ પોતાના શરીરને પડતું મૂકું છું તો નરકનો ભય લાગે છે, માટે મરવું કે જીવવું તે હું સમજી શકતો નથી. ॥૩૩॥

**आत्मार्थं जीवलोकेऽस्मिन् को न जीवति मानवः ।**
**परं परोपकारार्थं यो जीवति स जीवति ॥३४॥**

આ જગતમાં પોતાના સ્વાર્થની ખાતર કયો પુરુષ જીવતો નથી? પરંતુ પરોપકારની ખાતર જે જીવે છે, તે જ ખરી રીતે જીવે છે. ॥૩૪॥

**आधारो यस्त्रिलोक्या जलधिजलधरार्केन्दवो यन्नियोज्या,**
**भुज्यन्ते यत्प्रसादादसुरसुरनराधीश्वरैः सम्पदस्ताः ।**

आदेश्या यस्य चिन्तामणिसुरसुरभिकल्पवृक्षादयस्ते;
श्रीमाञ्जैनेन्द्रधर्मः किसलयतु स वः शाश्वतीं मोक्षलक्ष्मीम्
॥३५॥

જે ત્રણે લોકના આધારરૂપ છે, સમુદ્ર, મેઘ, સૂર્ય અને ચંદ્ર જેની સદા આજ્ઞામાં રહે છે, જેના પ્રસાદથી સુરાસુર અને રાજાઓ વિવિધ સંપત્તિનો ઉપભોગ કરે છે, તથા ચિંતામણિ, કામધેનુ અને કલ્પવૃક્ષાદિક જેની આજ્ઞા ઉઠાવવાને તત્પર છે એવો શ્રીજિનેંદ્રધર્મ, તમોને શાશ્વત મોક્ષલક્ષ્મીના અસાધારણ કારણભૂત થાઓ. ॥૩૫॥

# इ

इभरथतुरगैः प्रयान्ति मूढा,
धनहीना विबुधाः प्रयान्ति पद्भ्याम् ।
गिरिशिखरगतापि काकपङ्क्तिः
न हि तुलनामुपयाति राजहंसैः ।।१।।

મૂઢજનો હાથી, અશ્વ કે રથથી પ્રયાણ કરે અને ધનહીન વિબુધ જનો પગે ચાલે, છતાં પર્વતના શિખરપર રહેલ કાગડાઓ જેમ રાજહંસોની તુલના ન કરી શકે, તેમ તેઓ સુજ્ઞજનોની બરોબરી કરી શકતા નથી.।।૧।।

इक्षुदण्डास्तिलाः शूद्राः कान्ता काञ्चनमेदिनी ।
चन्दनं दधि ताम्बूलं मर्दनं गुणवर्धनम् ।।२।।

શેલડી, તલ, શૂદ્ર, કાંતા, કાંચન, વસુધા, ચંદન, દહીં અને તાંબૂલ - એને મર્દન કરવાથી તેમાં ગુણ વધે છે. ।।૨।।

इन्द्रियाणि पशून्कृत्वा वेदीं कृत्वा तपोमयीम् ।
अहिंसामाहुतिं कृत्वा आत्मयज्ञं यजाम्यहम् ।।३।।

ઇંદ્રિયોને પશુ, તપને વેદિકા અને અહિંસાને આહુતિ બનાવીને હું આત્મયજ્ઞ કરું છું. ।।૩।।

इह विश्वजनप्रेय-श्छायानां सर्वशर्मणाम् ।
धर्मोऽनुपहतो हेतु-र्बीजं भूमिरुहामिव ।।४।।

આ જગતમાં વૃક્ષોના બીજની જેમ સમસ્તજનોને અતિપ્રિય એવા સર્વ સુખોનો એક અખંડિત ધર્મ જ હેતુ છે. ।।૪।।

इह लोकसुखे रक्ताः परलोकपराङ्मुखाः ।
ही कुर्वन्ति जनाः पापं भवलक्षविनाशकम् ।।५।।

અહો! લોકો પરલોકથી વિમુખ થઈને માત્ર આ ભવના સુખમાં રક્ત બનીને પાપ કરે છે કે જેથી તેઓ લાખો ભવો સુધી દુઃખ ભોગવે છે.।।૫।।

इह दुःखं न यः प्राप्तो दुःखं हर्त्तुं न यः क्षमः ।
दुःखे श्रुते न यो दुःखी दुःखं किं तस्य कथ्यते ।।६।।

જેણે જગતમાં દુઃખનો અનુભવ કર્યો નથી, જે દુઃખ દૂર કરવા સમર્થ નથી અને દુઃખ સાંભળતાં જે દુઃખી ન થાય, તેની પાસે દુઃખ કહેવાથી શો ફાયદો ? ।।૬।।

इन्दौ कैरविणी रवौ कमलिनी धाराधरे बर्हिणी,
हंसी तद्विगमे महोदधिजले मत्सी मृगीव स्थले।
श्रीदेवी भजते मुदं जलशये गौरी गिरिशे तथा;
स्वच्छन्दं रमते विचित्ररुचिकं चेतः क्वचित्कस्यचित् ।।७।।

જેમ કેરવિણીનું ચંદ્રમાં તેમ રવિમાં કમલિની, મેઘમાં મયૂરી, મેઘાભાવમાં હંસી, સમુદ્રજલમાં માછલી, સ્થલમાં મૃગલી, વિષ્ણુમાં શ્રીદેવી, અને મહાદેવમાં ગૌરી-એમ સ્વચ્છંદ રીતે વિચિત્ર રુચિવાળું મન કોઇનું ક્યાં અને કોઇનું ક્યાં રમ્યા કરે છે. ।।૭।।

इदं कृतमिदं कृत्य-मिति ध्यायन्त एव हि ।
आक्रान्ताः स्मः कथं वैरि-घाट्येव जरयानया ।।८।।

આ કર્યું અને આ કરવાનું છે એવા વિચારમાં વિચારમાં જ વૈરીની

ધાડની જેમ આ જરાથી અમે કેમ આક્રાંત થઈ ગયા છીએ. ॥૮॥

**इक्षोरग्रात्क्रमशः पर्वणि पर्वणि यथा रसविशेषः ।**
**तद्वत्सज्जनमैत्री विपरीतानां तु विपरीता ॥९॥**

શેલડીના સાંઠામાં જેમ ઉપરથી કાતળી કાતળીએ વિશેષ રસ હોય- તેમ સજ્જન જનોની મૈત્રી સમજવી અને દુર્જનોની મૈત્રી તે કરતાં વિપરીત સમજવી. ॥૯॥

**इन्द्रात्प्रभुत्वं ज्वलनात्प्रतापं क्रोधो यमाद्वैश्रवणाच्च वित्तम् ।**
**पराक्रमं रामजनार्दनाभ्यामादाय राज्ञः क्रियते शरीरम् ॥१०॥**

ઇંદ્ર પાસેથી પ્રભુત્વ, અગ્નિ પાસેથી પ્રતાપ, યમ પાસેથી ક્રોધ, કુબેર પાસેથી ધન તથા રામ અને વિષ્ણુ પાસેથી પરાક્રમ લઈને રાજાનું શરીર બનાવવામાં આવે છે. ॥૧૦॥

**इन्दुं निन्दति तस्करो गृहपतिं जारो सुशीलं खलः,**
**साध्वीमप्यसती कुलीनमकुलो जह्याज्जरन्तं युवा ।**
**विद्यावन्तमनक्षरो धनपतिं नीचश्च रूपोज्ज्वलं;**
**वैरूप्येण हतः प्रबुद्धमबुधो कृष्टं निकृष्टो जनः ॥११॥**

તસ્કર ચંદ્રમાને નિંદે છે, જાર ગૃહસ્થને નિંદે છે, દુર્જન સુશીલને અને કુલટા સતી(સાધ્વી)ને નિંદે છે, અકુલીન કુલીનને અને યુવાન ઘરડાને નિંદે છે, નિરક્ષર વિદ્યાવંતને તથા નીચ(દરિદ્ર) ધનવંતને, કુરૂપી રૂપવંતને નિંદે છે, તેમજ મૂર્ખ સુજ્ઞને તથા નીચ ઉચ્ચની નિંદા કરવા મંડી જાય છે. ॥૧૧॥

**इदमेव नरेन्द्राणां स्वर्गद्वारमनर्गलम् ।**
**यदात्मनः प्रतिज्ञा च प्रजा च परिपाल्यते ॥१२॥**

રાજાઓને અનિવાર્ય એ જ સ્વર્ગદ્વાર છે કે પોતાની પ્રતિજ્ઞા અને પ્રજાનું બરાબર તેમણે પાલન કરવું. ॥૧૨॥

इतो न किञ्चित्परतो न किञ्चिद्,
(यतो) यतो यामि ततो न किञ्चित्।
विचार्य पश्यामि जगन्न किञ्चित्;
स्वात्मावबोधादधिकं न किञ्चित् ।।१३।।

અહીં પણ કાંઇ નથી, અને ત્યાં પણ કાંઈ નથી, જ્યાં જ્યાં જાઉં, ત્યાં કાંઈ નથી. વિચાર કરી જોતાં જગત પણ કાંઇ નથી અને પોતાના આત્મબોધ વિના બીજું કાંઈ અધિક નથી. ॥૧૩॥

इयमुन्नतसत्त्वशालिनां महतां कापि कठोरचित्तता ।
उपकृत्य भवन्ति दूरतः परतः प्रत्युपकारशङ्कया ।।१४।।

અહો! ઉન્નત અને સત્ત્વવંત મહાપુરુષોના મનની આ પણ એક કઠોરતા છે. કારણકે તેઓ પરોપકાર કરીને અન્ય પાસેથી પ્રત્યુપકારની શંકાથી તરત દૂરજ થઈ જાય છે. ॥૧૪॥

इदं हि माहात्म्यविशेषसूचकं वदन्ति चिह्नं महतां मनीषिणः।
मनो यदेषां सुखदुःखसम्भवे प्रयाति नो हर्षविषादवश्यताम्
।।१५।।

સુજ્ઞજનો કહે છે કે, મહાપુરુષોના વિશેષ માહાત્મ્યને સૂચવનાર આ એક મુખ્ય ચિહ્ન છે, તે એ કે તેમને જ્યારે સુખ કે દુઃખ ઉપસ્થિત થાય, ત્યારે તેઓ હર્ષ કે વિષાદને વશ થતા નથી. ॥૧૫॥

# उ

द्यमे नास्ति दारिद्र्यं जपतो नास्ति पातकम् ।
मौनेन कलहो नास्ति नास्ति च जाग्रतो भयम् ।।१।।

ઉદ્યમ કરતાં દારિદ્ર્ય જાય, જાપ કરતાં પાતક જાય, મૌન સેવતાં કલહ ન થાય અને જાગતાને ભય ન રહે. ।।૧।।

उद्योगिनं पुरुषसिंहमुपैति लक्ष्मी-
दैवं प्रधानमिति कापुरुषा वदन्ति ।
दैवं विहाय कुरु पौरुषमात्मशक्त्या;
यत्ने कृते यदि न सिद्ध्यति कोऽत्र दोषः ।।२।।

લક્ષ્મી ઉદ્યોગી પુરુષને જ વરે છે. દૈવ (ભાગ્ય)પ્રધાન છે, એમ માત્ર કાયર પુરુષો જ બોલે છે, માટે દૈવને મૂકીને આત્મશક્તિથી પુરુષાર્થ કર અને યત્ન કરતાં પણ કદાચ કાર્યસિદ્ધિ ન થાય, તો તેમાં દોષ શો છે? ।।૨।।

उद्योगः कलहः कण्डू द्यूतं मद्यं परस्त्रियः ।
आहारो मैथुनं निद्रा सेवनात्तु विवर्धते ।।३।।

ઉદ્યોગ, કલહ, ખંજવાડ, દ્યૂત, મદ્ય, પરસ્ત્રી, આહાર, મૈથુન અને નિદ્રા-એ સેવવાથી વધ્યા કરે છે. ।।૩।।

उत्खातं निधिशङ्कया क्षितितलं ध्माता गिरेर्धातवो,
निस्तीर्णः सरितां पतिर्नृपतयो यत्नेन सन्तोषिताः ।
मन्त्राराधनतत्परेण मनसा नीता श्मशाने निशा;
प्राप्तः काणवराटकोऽपि न मया तृष्णेऽधुना मुञ्च माम्।।४।।

નિધાનની શંકાથી પૃથ્વીતલને ખોદી જોયું, પર્વતની ધાતુઓને ધમી, સમુદ્ર તર્યો, યત્નથી રાજાઓને સંતુષ્ટ કર્યા, અને મંત્રારાધનમાં તત્પર રહીને રાત શ્મશાનમાં ગાળી, તથાપિ એક કાણી કોડી પણ પ્રાપ્ત ન થઈ, માટે હે તૃષ્ણા! હવે મને તું મૂકી દે. ।।૪।।

उपायात्तीर्यते वार्द्धि-र्बध्येते च हरिद्विपौ ।
उपायाद्गिरिरुल्लङ्घ्यो किं चोपायान्न सिध्यति ।।५।।

ઉપાયથી સમુદ્ર તરી શકાય, સિંહ અને હાથી બાંધી શકાય અને ઉપાયથી પર્વત ઓળંગી શકાય, અહો! ઉપાયથી શું સિદ્ધ થતું નથી? ।।૫।।

उद्यमं कुर्वतां पुंसां, भाग्यं सर्वत्र कारणम् ।
समुद्रमथनाल्लेभे हरिर्लक्ष्मीं हरो विषम् ।।६।।

ઉદ્યમ કરતાં પણ પુરુષોને લાભાલાભનું કારણ ભાગ્ય છે. સમુદ્રમંથન કરતાં હરિને લક્ષ્મી મળી અને શંકરને વિષ મળ્યું. ।।૬।।

उत्तमं स्वार्जितं प्रोक्तं मध्यमं पितुरर्जितं ।
कनिष्ठं भ्रातृवित्तं च स्त्रीवित्तमधमाधमम् ।।७।।

પોતે ઉપાર્જન કરેલ ધન ઉત્તમ કહેલ છે, પિતાનું કમાવેલ મધ્યમ, ભાઇનું કનિષ્ઠ અને સ્ત્રીનું કમાવેલ ધન અધમાધમ કહેલ છે. ।।૭।।

उत्तमस्य क्षणं क्रोधो द्वियामं मध्यमस्य तु ।
अधमस्य त्वहोरात्रं चिरं क्रोधोऽधमाधमः(-धमे) ।।८।।

ઉત્તમ પુરુષોને માત્ર એક ક્ષણવાર ક્રોધ રહે, મધ્યમને બે પહોર, અધમને અહોરાત્ર અને અધમાધમને ચિરકાલ ક્રોધ રહે છે. ।।૮।।

उद्येमन हि सिद्ध्यन्ति कार्याणि न मनोरथैः ।
नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ।।९।।

ઉદ્યમથી કાર્ય સિદ્ધ થાય છે પણ માત્ર મનોરથ કરવાથી કંઈ બનતું નથી કારણકે સુતેલા સિંહના મુખમાં આવીને મૃગલા પેસતા નથી. ॥૯॥

उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः ।
अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते ।।१०।।

ઉપકારી જનો પર જે આદર રાખે તેના સાધુપણાનો શો ગુણ? પણ જે અપકારી જનો પર આદર રાખે તે જ ખરેખર સાધુજન-સજ્જન કહેવાય છે. ॥૧૦॥

उदयति यदि भानुः पश्चिमायां दिशायां,
प्रचलति यदि मेरुः शीततां याति वह्निः ।
विकसति यदि पद्मं पर्वताग्रे शिलायां;
न हि चलति नराणां भाविनी कर्मरेखा ।।११।।

કદાચ પશ્ચિમ દિશામાં સૂર્ય ઉગે, મેરુપર્વત કદાચ ચલાયમાન થાય, અગ્નિ કદાચ શીતલ થાય, અને પર્વતના અગ્રભાગપર શિલાપર કદાચ પદ્મ વિકસિત થાય, છતાં પણ મનુષ્યોની ભાવી કર્મરેખા અન્યથા નથી જ થતી. ॥૧૧॥

उपकारोऽपि नीचाना-मपकाराय जायते ।
पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम् ।।१२।।

અધમજનોને કરેલ ઉપકાર પણ અપકારરૂપ થાય છે. જેમ સર્પોને દુધ પીવરાવતાં તેનાથી વિષ વધે છે. ॥૧૨॥

उत्सवे व्यसने चैव दुर्भिक्षे शत्रुविग्रहे ।
राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ।।१३।।

ઉત્સવમાં, સંકટમાં, દુકાળમાં, શત્રુવિગ્રહમાં, રાજદ્વારમાં અને સ્મશાનમાં

જે સહાય કરવા આવે-ઉભો રહે તે બંધુ સમજવો. ॥૧૩॥

**उत्तमाः सुखतो बोध्या दुःखतो मध्यमाः पुनः ।**

**सुखतो दुःखतो वापि बोधमर्हन्ति नाधमाः ॥१४॥**

ઉત્તમજનો સુખે બોધ પામી શકે, મધ્યમજનો દુઃખે બોધ પામે અને અધમજનો તો સુખે કે દુઃખે બોધ જ પામી શકતા(પામવાને લાયક) નથી. ॥૧૪॥

**उद्यमः साहसं धैर्यं बलं बुद्धिपराक्रमौ ।**

**षडेते यस्य विद्यन्ते तस्य देवोऽपि शङ्कते ॥१५॥**

ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બલ, બુદ્ધિ અને પરાક્રમ-એ છ ગુણો જેનામાં છે, તેનાથી દેવતા પણ શંકે છે. (તેની સામે પડતા દેવતા પણ વિચાર કરે છે.) ॥૧૫॥

**उत्तिष्ठन्ति निजासनान्नतशिरः पृच्छन्ति च स्वागतं,**

**सन्तुष्यन्ति भजन्ति यान्ति च चिरं प्रेमोपमां सङ्गतिम् ।**

**सिञ्चन्तो वचनामृतेन सततं सन्तसमीपागते**

**किं वा न प्रियमप्रियेऽपि हि जने कुर्वन्ति जल्पन्ति च ॥१६॥**

સજ્જનપુરુષો કોઇ અપ્રિયજન પણ પોતાની સમીપે આવે, તો પ્રથમ આસન પરથી ઊઠી મસ્તક નમાવે છે, તેને સ્વાગત પૂછે, પોતે પ્રસન્ન થઇ ચિરકાલ પ્રેમાલાપ અને સંગત કરે, તથા વચનામૃતથી તેનું સિંચન કરે. અહો! અથવા તો તેઓ શું પ્રિય કરતા અને બોલતા નથી. ॥૧૬॥

**उपकर्त्ता स्वतः कश्चि-दपकर्ता च कश्चन ।**

**चैत्रस्तरुषु पत्राणि कर्त्ता हर्त्ता च फाल्गुनः ॥१७॥**

કોઈ સ્વતઃ ઉપકારી હોય છે, અને કોઈ અપકારી હોય છે. જુઓ ચૈત્ર માસ વૃક્ષોપર પત્રો લાવે છે અને ફાલ્ગુન માસ તે પત્રોને પાડી નાખે છે. ॥૧૭॥

**उत्तमैः सह साङ्गत्यं पण्डितैः सह सत्कथा ।**

अलुब्धैः सह मित्रत्वं कुर्वाणो नावसीदति ।।१८।।

ઉત્તમજનોની સંગતિ, પંડિતોની સાથે વાર્તાલાપ અને નિર્લોભી સાથે મિત્રાઈ કરતાં માણસ કદી સંતાપ પામતો નથી. ।।૧૮।।

उत्पन्नपरितापस्य बुद्धिर्भवति यादृशी ।
तादृशी यदि पूर्वं स्यात्कस्य स्यान्न समीहितम् ।।१९।।

પરિતાપ ઉત્પન્ન થતાં જેવી બુદ્ધિ થાય, તેવી જો પૂર્વે હોય, તો કોને ઈષ્ટસિદ્ધિ ન થાય ? ।।૧૯।।

उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शान्तये ।
पयःपानं भुजङ्गानां केवलं विषवर्धनम् ।।२०।।

મૂર્ખજનોને ઉપદેશ આપવા જતાં તે શાંતિને બદલે કોપ ઉત્પન્ન કરે છે, જેમ સર્પોને દૂધ પાતાં કેવળ વિષ વધે છે. ।।૨૦।।

उच्चैरध्ययनं चिरन्तनकथा स्त्रीभिः सहालापनं,
तासामर्भकलालनं पतिनुतिस्तद्दानमिथ्यास्तुतिः ।
आदेशश्च करावलोकनमथो पाण्डित्यलेशः क्वचिद्;
होरागारुडमन्त्रवादविधयो भिक्षोर्गुणा द्वादश ।।२१।।

ઉંચેથી ભણવું, લાંબી કથા કરવી, સ્ત્રીઓની સાથે આલાપ, તેમના બાળકોને રમાડવા, શ્રીમંતને નમસ્કાર, તેના દાનની મિથ્યાસ્તુતિ, આદેશ, હસ્તાવલોકન અને લેશ પાંડિત્ય તથા હોરા, ગારુડ મંત્ર, વાદવિગેરે કરવું, એ ભિક્ષુકના બાર ગુણો કહેલા છે. ।।૨૧।।

उत्तमोऽप्रार्थितो दत्ते मध्यमः प्रार्थितः खलु ।
याचकैर्याच्यमानोऽपि दत्ते न त्वधमाधमः ।।२२।।

ઉત્તમજન માગ્યા વિના આપે છે, મધ્યમ માગતાં આપે છે અને અધમાધમ તો યાચકોની યાચના કરાયા છતાં દાન આપતો નથી. ।।૨૨।।

उपकर्त्ता कलाचार्यो भर्त्ता माता पिता गुरुः ।

नैते धिक्कारमर्हन्ति गर्हितानां शतैरपि ।।२३।।

ઉપકારી, કલાચાર્ય, ભરણ-પોષણ કરનાર, માતા, પિતા અને ગુરુ, એઓ કદાચ સેંકડો અવગુણોસહિત હોય, તો પણ ધિક્કારને પાત્ર નથી.।।૨૩।।

उद्धता स्वैरचारा च किरती दुर्वचोरजः ।

तृणं वात्येव दुष्टा स्त्री भ्रमयत्यचिरान्नरम् ।।२४।।

ઉદ્ધત, સ્વેચ્છાચારિણી, અને દુષ્ટવચનરૂપ રજને નાખતી એવી દુષ્ટ સ્ત્રી, તૃણને વંટોળીયાની જેમ પુરુષને અતિશય ભમાવે છે. ।।૨૪।।

उदीयाय दिनेशोऽथा-नेशन्नैशं तमो भुवि ।

तस्या आस्येऽनपत्यस्य, दुःखोत्थं ववृधे पुनः ।।२५।।

સૂર્યોદય થતાં વસુધાતલનો રાત્રિસંબંધી અંધકાર બધો દૂર થઈ ગયો, પરંતુ તેણીના મુખપર અનપત્યનાં દુઃખથી ઉત્પન્ન થયેલ શોક તો વધતો જ ગયો. ।।૨૫।।

उदारा नो दारा विवृतविनया नापि तनया,

विदग्धा न स्निग्धा द्विरदतुरगा नापि च रमा ।

न च स्वामी चामीकरनिकरदातापि शरणं;

विना जैनं धर्मं भवति भवकूपे निपतताम् ।।२६।।

રૂપવતી રમણીઓ, વિનયી પુત્રો, ચાલાક સંબંધીઓ, હાથી કે અશ્વો, લક્ષ્મી અથવા બહુ ધન આપનાર સ્વામી(શેઠ) એમાંના કોઈ પણ, સંસારરૂપ કુવામાં પડતા પ્રાણીઓને શરણ નથી. શરણ જો કોઈ હોય તો એકમાત્ર જૈન ધર્મ જ છે. ।।૨૬।।

उपक्रामन्ति बाह्यारीञ् जेतुं जगति जन्मिनः ।

कामाद्यैर्हृतसर्वस्वं न स्वं जानन्ति बालिशाः ।।२७।।

અહો ! જગતમાં પ્રાણીઓ બાહ્ય શત્રુઓને જીતવાનો પરિશ્રમ કરે છે, પણ તે અજ્ઞજનો કામાદિ શત્રુઓ પોતાનું સર્વસ્વ હરી લે છે, તે જાણતા નથી. ।।૨૭।।

उपकर्त्तुं प्रियं वक्तुं कर्त्तुं स्नेहमकृत्रिमम् ।
सज्जनानां स्वभावोऽयं केनेन्दुः शिशिरीकृतः ॥२८॥

ઉપકાર કરવો, મધુર બોલવું અને અકૃત્રિમ(નિષ્કપટ) સ્નેહ રાખવો- એ સજ્જનોનો સ્વભાવ જ હોય છે. જુઓ, ચંદ્રમાને કોણે શીતલ બનાવેલ છે? ॥૨૮॥

उत्तमः क्लेशविक्षोभं क्षमः सोढुं न हीतरः ।
मणिरेव महाशाण-घर्षणं न तु मृत्कणः ॥२९॥

ઉત્તમ પુરુષ કલેશની તકલીફને સહન કરવા સમર્થ છે, પણ બીજા કોઈ સાધારણ માણસથી તેમ બની શકતું નથી. કારણકે મણિ જ મહાશરાણના ઘસારાને સહન કરી શકે છે પણ માટીનો કણ શરાણને સહન કરી શકતો નથી. ॥૨૯॥

उपकृतिसाहसिकतया क्षतिमपि गणयन्ति नो गुणिनः ।
जनयन्ति हि प्रकाशं दीपशिखाः स्वाङ्गदाहेन ॥३०॥

ગુણવંતજનો ઉપકાર કરવાના સાહસિકપણાથી પોતાના નુકશાનની કદાપિ દરકાર કરતા નથી. જુઓ, દીપશિખાઓ સ્વાંગ(પોતાના અંગ)ને બાળીને પણ જગતને પ્રકાશ આપે છે. ॥૩૦॥

उपकर्तुमप्रकाशं क्षन्तुं न्यूनेष्वयाचितं दातुम् ।
अभिसन्धातुं च गुणैः शतेषु केचिद्विजानन्ति ॥३१॥

ઉપકારને પ્રકાશિત ન કરવો, પોતાથી ન્યૂન(ઉતરતા) હોય તેમની ઉપર ક્ષમા કરવી, યાચના વિના આપવું અને ગુણો સાથે જોડાઈ રહેવું, એ તો સેંકડો જનોમાં કોઈ વિરલા જ જાણતા હશે. ॥૩૧॥

उत्तिष्ठ क्षणमेकमुद्वह सखे दारिद्र्यभारं मम,
श्रान्तस्तावदहं चिरान्मरणजं सेवे त्वदीयं सुखम् ।
इत्युक्तं धनवर्जितस्य वचनं श्रुत्वा श्मशाने शवो;

**दारिद्र्यान्मरणं वरं वरमिति ज्ञात्वैव तूष्णीं स्थितः ।।३२।।**

કોઈ નિર્ધન દરિદ્ર, એક મુડદાને કહે છે કે, હે મિત્ર ! એક ક્ષણવાર ઊઠ અને આ મારો દારિદ્રયનો ભાર ઉચકી લે. કારણકે હું ઘણા વખતથી થાકી ગયો છું, તેથી તારા મરણના સુખનો હું અનુભવ લઉં એ રીતે ધનહીનનું વચન સાંભળીને શ્મશાનમાં પડેલ શબ(મુડદું) બોલ્યું કે, 'અહો ! તારા દારિદ્રયથી મારે મરણ હજાર દરજ્જે સારું છે' એમ સાંભળીને તે નિર્ધન ગુપચુપ થઈ ગયો. ।।૩૨।।

**उत्तमा आत्मना ख्याताः पितुः ख्याताश्च मध्यमाः ।**
**अधमा मातुलात्ख्याताः श्वशुराच्चाधमाधमाः ।।३३।।**

ઉત્તમજનો પોતાના બળથી(ગુણોથી) પ્રખ્યાત થાય છે, મધ્યમજનો પિતાના નામે પ્રખ્યાત થાય છે, અધમજનો મામાના નામથી પ્રખ્યાત થાય છે અને અધમાધમજનો સસરાના નામે પ્રસિદ્ધિને પામે છે. ।।૩૩।।

**उदये सविता रक्तो रक्तश्चास्तमये तथा ।**
**सम्पत्तौ च विपत्तौ च महतामेकरूपता ।।३४।।**

ઉદય અને અસ્ત થતી વખતે જેમ સૂર્ય રક્ત-એટલે એકરૂપ હોય, તેમ મહાપુરુષો સંપત્તિ અને વિપત્તિમાં એકરૂપ જ હોય છે. ।।૩૪।।

**उदारस्य तृणं वित्तं शूरस्य मरणं तृणम् ।**
**विरक्तस्य तृणं भार्या निःस्पृहस्य तृणं जगत् ।।३५।।**

ઉદાર પુરુષને ધન એ તણખલા સમાન છે, શૂરવીરને મરણ તૃણસમાન છે, વિરક્તને સ્ત્રી તૃણસમાન અને નિઃસ્પૃહને જગત્ તૃણસમાન છે.।।૩૫।।

**उत्तमं स्वार्जितं भुक्तं मध्यमं पितुरर्जितम् ।**
**कनिष्ठं भ्रातृवित्तं च स्त्रीवित्तमधमाधमम् ।।३६।।**

પોતે કમાવેલ(ઉપાર્જન કરેલ) ધન ભોગવવું તે સર્વોત્તમ છે, પિતાનું કમાવેલ ધન મધ્યમ ગણાય છે, ભાઈનું ધન કનિષ્ઠ અને સ્ત્રીનું કમાવેલ ધન અધમાધમ કહેવાય છ. ।।૩૬।।

# ऋ

ऋणकर्ता पिता शत्रु-र्माता च व्यभिचारिणी ।
भार्या रूपवती शत्रुः पुत्रः शत्रुरपण्डितः ॥१॥

ઋણ(કરજ) કરનાર પિતા તે શત્રુસમાન છે, વ્યભિચારિણી માતા-શત્રુ સમાન છે, અત્યંત રૂપવતી સ્ત્રી શત્રુસમાન છે અને મૂર્ખ પુત્ર પણ શત્રુ સમાન જ છે. ॥૧॥

ऋणशेषश्चाग्निशेषः शत्रुशेषस्तथैव च ।
पुनः पुनः प्रवर्तन्ते तस्माच्छेषं न रक्षयेत् ॥२॥

ઋણ(કરજ) અગ્નિ અને શત્રુ-એમાંના જો કોઈ શેષ રહી જાય, તો પુનઃ પુનઃ તે પ્રવર્તે છે, માટે શેષ જ રહેવા ન દેવું, એ સર્વોત્તમ છે. ॥૨॥

# ए

एते सत्पुरुषाः परार्थघटकाः स्वार्थान्परित्यज्य ये,
सामान्यास्तु परार्थमुद्यमभृतः 'स्वार्थाविरोधेन ये ।
तेऽमी मानवराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये;
ये तु घ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ।।१।।

સત્પુરુષો પોતાના સ્વાર્થનો ભોગ આપીને પરોપકાર કરે છે, સામાન્ય-જનો પોતાના સ્વાર્થ સાથે પરહિત કરે છે, પોતાના હિતની ખાતર પરના હિતને બગાડે છે તે નરરાક્ષસો સમજવા અને જેઓ નિરર્થક પરહિતને આડે આવે છે એટલું જ નહિ પણ બગાડે છે, તેમને કોણ કહેવા તે અમે સમજી શકતા નથી. ।।૧।।

एकोऽपि गुणवान्पुत्रो निर्गुणैः किं शतैरपि ।
एकश्चन्द्रो जगच्चक्षु-र्नक्षत्रैः किं करिष्यते ।।२।।

સેંકડો નિર્ગુણી પુત્રો કરતાં એક ગુણી પુત્ર સારો. એક ચંદ્ર જ જગતના ચક્ષુરૂપ છે, નક્ષત્રોથી શું થવાનું છે? ।।૨।।

एकेनापि सुपुत्रेण सिंही स्वपिति निर्भया ।
सहैव दशभिः पुत्रै-र्भारं वहति गर्दभी ।।३।।

સિંહણને એક જ પુત્ર(સિંહ) હોવા છતાં તે નિર્ભય થઇને સુએ છે અને ગધેડીને દશ પુત્રો હોવા છતાં તેને ભાર ઉપાડવો પડે છે. ॥૩॥

**एकोदरसमुत्पन्ना एकनक्षत्रजातकाः ।**
**न भवन्ति समाः शीलै-र्यथा बदरीकण्टकाः ।।४।।**

એક ઉદરમાં ઉત્પન્ન થયા છતાં અને એક નક્ષત્રમાં જન્મ્યા છતાં બોરડીના કંટકોની જેમ મનુષ્યોના સ્વભાવ સમાન થતા નથી. ॥૪॥

**एकोऽहमसहायोऽहं कृशोऽहमपरिच्छदः ।**
**स्वप्नेऽप्येवंविधा चिन्ता मृगेन्द्रस्य न जायते ।।५।।**

હું એકલો, સહાયરહિત, કૃશ અને પરિવાર વિનાનો છું, એવી ચિંતા સ્વપ્નમાં પણ મૃગેંદ્ર(સિંહ)ને કદાપિ થતી નથી. ॥૫॥

**एकं वस्त्रविलोकनेन वचनेनान्यं परं विभ्रमै-**
**रन्यं भ्रूस्तनदर्शनप्रभृतिभिर्व्यामोहयन्ति स्त्रियः ।**
**इत्येवं कुटिलासु कृत्रिमकृतस्नेहासु तास्वप्यलं;**
**किं रे चित्त! रतिं करोषि विमुखं सिद्धाङ्गनासङ्गमात् ।।६।।**

એકને વસ્ત્રવિલોકનથી, બીજાને વચનથી, ત્રીજાને વિલાસ-વિભ્રમથી અને અન્ય કોઈને ભ્રકુટિ તથા સ્તનાદિના દર્શનથી સ્ત્રીઓ અત્યંત મોહ પમાડે છે. તો હે ચિત્ત! આવી કુટિલ અને કૃત્રિમ સ્નેહવાળી સ્ત્રીઓમાં અત્યંત રતિ લાવીને મુક્તિરૂપ સ્ત્રીના સંગમથી કેમ વિમુખ થતો જાય છે? ॥૬॥

**एकेन वनवृक्षेण पुष्पितेन सुगन्धिना ।**
**वासितं तद्वनं सर्वं सुपुत्रेण कुलं यथा ।।७।।**

જેમ સુપુત્રથી કુલ વાસિત થાય, તેમ પુષ્પ તથા સુગંધયુક્ત એક જ વનવૃક્ષથી સમસ્ત વન સુવાસિત થાય છે. ॥૭॥

**एता असारसंसार-जङ्गलाध्वनिचारिणः ।**

सुखयन्ति जनान् दृष्टा मिष्टाम्भः कूपिका इव ।।८।।

મિષ્ટ જળની વાવડીઓની જેમ આ અંગનાઓ અસાર-સંસારરૂપ માર્ગમાં ચાલતા પુરુષોને સુખ પમાડે છે, એમ અજ્ઞજનો સમજે છે.।।૮।।

एकान्ते प्रमदाभोगभागपि ब्रह्मनिर्मलः ।
स्वयमाश्रवमुख्योऽपि वारिताश्रवविप्लवः ।।९।।

અહો! આશ્ચર્યની વાત છે કે તે એકાંતમાં પ્રમદાનો ભોગી છતાં નિર્મળ બ્રહ્મચારી હતો અને પોતે આશ્રવમાં મુખ્ય છતાં આશ્રવના વિપ્લવ-પરાભવને તેણે દૂર કરેલ હતો. ।।૯।।

एकः क्षमावतां दोषो द्वितीयो नोपपद्यते ।
यदेनं क्षमया युक्त-मशक्तं मन्यते जनः ।।१०।।

ક્ષમાવંતજનોમાં બીજું કંઈ નહિ, પણ એક દોષ ઉપસ્થિત થાય છે, તે એ કે લોકો ક્ષમાશીલને અશક્ત માને છે. ।।૧૦।।

एकेन राजहंसेन या शोभा सरसो भवेत् ।
न सा बकसहस्रेण परितस्तीरवासिना ।।११।।

એક જ રાજહંસથી સરોવરની જે શોભા થાય છે, તેવી શોભા, ચારે બાજુ તીરપર વસતા હજાર બગલાઓથી થવાની નથી. ।।૧૧।।

एको हि दोषो गुणसन्निपाते निमज्जतीन्दोरिति यो बभाषे।
न तेन दृष्टं कविना समस्तं दारिद्र्यमेकं गुणकोटिहारि ।।१२।।

જેમ ચંદ્રમામાં કલંક ઢંકાઇ જાય છે, તેમ ઘણા ગુણોમાં એકાદ દોષ ઢંકાઈ જાય છે, એમ જે કવિઓ બોલી ગયા છે, તેણે સમસ્ત વસ્તુસ્થિતિ જાણી જ નથી, કારણકે એક દારિદ્રય કરોડો ગુણોનો નાશ કરે છે. ।।૧૨।।

एकेन शुष्कवृक्षेण दह्यमानेन वह्निना ।
दह्यते तद्वनं सर्वं दुष्पुत्रेण कुलं यथा ।।१३।।

અગ્નિથી બળતા એક શુષ્ક વૃક્ષથી જેમ સમસ્ત વન દગ્ધ થાય છે, તેમ દુષ્પુત્રથી કુળ પાયમાલ થાય છે. ॥૧૩॥

**एकेनापि हि शूरेण पदाक्रान्तं महीतलम् ।**

**क्रियते भास्करेणेव स्फारस्फुरिततेजसा ॥१४॥**

અત્યંત સ્ફુરાયમાન તેજયુક્ત એવો એક શૂરવીર પણ સૂર્યની જેમ સમસ્ત મહીતલને પોતાના પદ(કિરણ)થી આક્રાંત કરે છે. ॥૧૪॥

**एकचक्रो रथो यन्ता विकलो विषमा हयाः ।**

**आक्रमत्येव तेजस्वी तथाप्यर्को नभस्तलम् ॥१५॥**

પોતાના રથનું એક જ ચક્ર હોવા છતાં, સારથિ વિકલ(પંગુ) હોવા છતાં અને અશ્વો વિષમ હોવા છતાં તેજસ્વી સૂર્ય પ્રતિદિન નભસ્તલનું આક્રમણ કરે છે. ॥૧૫॥

**एकतश्चतुरो वेदा ब्रह्मचर्यं तथैकतः ।**

**एकतः सर्वपापानि मद्यपानं तथैव च ॥१६॥**

એક બાજુ ચાર વેદ અને એક બાજુ બ્રહ્મચર્ય એ બંને સમાન છે. તેમ એક બાજુ સર્વ પાપો અને એક બાજું મદ્યપાન, એ બંને સમાન છે. ॥૧૬॥

**एतदर्थं कुलीनानां नृपाः कुर्वन्ति सङ्ग्रहम् ।**

**आदिमध्यावसानेषु न ते यास्यन्ति विक्रियाम् ॥१७॥**

રાજાઓ કુલીન જનનો સંગ્રહ એટલા માટે જ કરે છે કે તેઓ આદિ,મધ્ય કે અંતે કદાપિ પલટતા નથી. ॥૧૭॥

**एताः स्वार्थपरा नार्यः केवलं स्वसुखे रताः ।**

**न तासां वल्लभः कोऽपि सुतोऽपि स्वसुखं विना ॥१८॥**

અહો! સ્વાર્થતત્પર આ સ્ત્રીઓ માત્ર પોતાના સુખમાં જ રક્ત છે. તેમને પોતાના સુખ વિના પુત્ર પણ વલ્લભ થતો નથી, તો અન્યની શી વાત કરવી ? ॥૧૮॥

# ऐ

**ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो,**
**ज्ञानस्योपशमः कुलस्य विनयो वित्तस्य पात्रे व्ययः ।**
**अक्रोधस्तपसः क्षमा बलवतां धर्मस्य निर्व्याजता;**
**सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम् ।।१।।**

ઐશ્વર્ય(મોટાઈ)નું ભૂષણ સૌજન્ય(સુજનતા) છે, શૌર્યનું ભૂષણ વાણીનો સંયમ છે, જ્ઞાનનું ભૂષણ ઉપશમ છે, કુળનું ભૂષણ વિનય છે, ધનનું ભૂષણ સુપાત્રદાન છે, તપનું ભૂષણ અક્રોધ(ક્રોધાભાવ) છે, બલવંતોનું ભૂષણ ક્ષમા છે, ધર્મનું ભૂષણ નિષ્કપટતા છે, એ રીતે સર્વનું ભિન્ન ભિન્ન કારણ બતાવેલ છે, પરંતુ શીલ, એ સર્વના પરમ ભૂષણરૂપ છે, એટલું જ નહિ, પણ સર્વના તે કારણરૂપ છે. ॥૧॥

**ऐश्वर्यं महतां वक्तुं शक्रेणापि न शक्यते ।**
**अनुभूतो घृतास्वादो यथा वक्तुं न शक्यते ।।२।।**

અનુભવમાં આવેલ હોય છતાં જેમ ઘૃતનો સ્વાદ મુખથી કહી ન શકાય, તેમ મહાત્માઓનું ઐશ્વર્ય કહેવાને ઇંદ્ર પણ શક્તિમાન નથી.॥૨॥

**ऐन्द्री हि कुण्ठिता शक्तिः श्रीजिनानां गुणस्तुतौ ।**
**दिव्यशक्तिजुषाऽप्येष वार्धिः किं परिमीयते ।।३।।**

શ્રી જિનભગવંતની યથાર્થ રીતે સ્તુતિ કરવામાં ચંદ્રની શક્તિ પણ કુંઠિત(અશક્ત) થઈ જાય છે. દિવ્ય શક્તિને ધારણ કરનાર હોય, તેનાથી પણ શું સમુદ્ર માપી શકાય ? ॥૩॥

# ओ

**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।**
**कामदं मोक्षदं चैव ओंकाराय नमो नमः ।।१।।**

બિંદુયુક્ત ઓંકાર, કે જેનું યોગીજનો નિરંતર ધ્યાન કરે છે, જે ઇચ્છાઓને પૂર્ણ કરે છે એટલું જ નહિ, પણ જે મોક્ષને આપે છે, એવા ઓંકારને વારંવાર નમસ્કાર છે. ॥૧॥

**ओज़स्विनां यथा कार्यं दुःशक्यं नास्ति किञ्चन ।**
**तथैव प्रियवक्तृणां कार्यं हि सुकरं मतम् ।।२।।**

જેમ ઓજસ્વી પુરુષોને કંઈ પણ કાર્ય દુઃશક્ય નથી, તેમ પ્રિય બોલનારા જનોને પણ બધું કાર્ય સુગમ હોય છે. ॥૨॥

**ओष्ठममृतवन्मत्वा स्त्रीणां ये कामप्रेरिताः ।**
**चुम्बनाय प्रवर्तन्ते धिक् तेषां जीवनं सखे !।।३।।**

જેઓ સ્ત્રીઓના ઓષ્ઠને અમૃત સમાન માનીને કામથી પ્રેરણા પામતાં ચુંબન કરવાને પ્રવર્તમાન થાય છે. હે મિત્ર ! તેમના જીવનને ધિક્કાર છે. ॥૩॥

# औ

**औरसं कृतसम्बन्धं तथा वंशक्रमागतम् ।**
**रक्षकं व्यसनेभ्यश्च मित्रं ज्ञेयं चतुर्विधम् ।।१।।**

ઔરસ(એક ઉદરથી ઉત્પન્ન થયેલ), સંબંધથી કરવામાં આવેલ, તથા વંશના ક્રમે આવેલ અને સંકટથી બચાવનાર, એમ ચાર પ્રકારના મિત્ર કહેવામાં આવેલ છે. ।।૧।।

**औदार्यं प्रभुता धैर्य-मार्जवं मृदुता क्षमा ।**
**महतां हितसक्तानां गुणा एते स्वभावजाः ।।२।।**

પરોપકાર કરવામાં આસક્ત એવા મહાત્માઓમાં ઔદાર્ય, પ્રભુતા, ધૈર્ય, સરલતા અને મૃદુતા(કોમળતા) તથા ક્ષમા એ સ્વાભાવિક ગુણો હોય છે. ।।૨।।

**औत्सुक्यं किं बिभर्ष्यङ्गे प्रविलोक्य सुखानि हि ।**
**विद्युत्तेजांसि किं ह्यत्र प्रयान्ति स्थिरतां कदा ।।३।।**

હે ભવ્યાત્મન્! આ સંસારના વિનશ્વર સુખોને જોઈને શા માટે ફૂલીને ફાંકડો બને છે? શું વિજળીનો પ્રકાશ ક્યારેય સ્થિર રહી શક્યો છે?।।૩।।

# क

कुसङ्गासङ्गदोषेण साधवो यान्ति विक्रियाम् ।
एकरात्रिप्रसङ्गेन काष्ठघण्टा विटम्बना ।।१।।

કુસંગના દોષથી સાધુઓ પણ વિકારદશાને પ્રાપ્ત થાય છે. કારણકે એક રાત્રિના કુસંગ-પ્રસંગથી ગાયને કાષ્ઠ-ઘંટાની વિટંબના સહન કરવી પડી. ॥૧॥

कुग्रामवासः कुनरेन्द्रसेवा,
कुभोजनं क्रोधमुखी च भार्या ।
पुत्रश्च मूर्खो विधवा च कन्या;
विनाग्निना तेऽतिदहन्ति कायम् ।।२।।

કુગ્રામમાં વાસ, ખરાબ રાજાની સેવા, ખરાબ ભોજન, ક્રોધમુખી સ્ત્રી, મૂર્ખ પુત્ર અને જેને વિધવા કન્યા(પુત્રી) હોય, તેઓ અગ્નિ વિના પોતાના શરીરને બાળી નાખે છે. ॥૨॥

कुत्र विधेयो यत्नो विद्याभ्यासे सदौषधे दाने,
अवधीरणा क्व कार्या खलपरयोषित्परधनेषु ।।३।।
कुत्र विधेयो वासः सज्जननिकटेऽथवा काश्याम्;
कः परिहार्यो देशः पिशुनयुतो लुब्धभूपश्च ।।४।।

યત્ન ક્યાં કરવો? વિદ્યાભ્યાસ, સારા ઔષધ અને દાનમાં. અવજ્ઞા ક્યાં કરવી? દુર્જન, પરસ્ત્રી અને પરધનમાં. વાસ ક્યાં કરવો? સજ્જન પાસે અથવા કાશીમાં. કયા દેશનો ત્યાગ કરવો? જ્યાં લુચ્ચા માણસો હોય અને લોભી રાજા હોય તેનો. ।।૩-૪।।

**कुले कलङ्कोऽपयशः पृथिव्यां मनोनुतापः स्वमहत्वनाशः ।**
**जन्मन्यमुष्मिन्न परत्र सौख्यं द्यूताच्चतुर्वर्गविनाश एव ।।५।।**

પોતાના કુલને કલંક લાગે, જગતમાં અપયશ ફેલાય, મનને સંતાપ થાય, પોતાના મહત્વનો નાશ થાય. એમ આ જન્મમાં તેમ પરજન્મમાં પણ જેનાથી સુખ ન જ મળે, એવા દ્યૂત(જુગાર)થી ખરેખર ચારે વર્ગોનો નાશ થાય છે. ।।૫।।

**कुदेशं च कुवृत्तिं च कुभार्यां कुनदीं तथा ।**
**कुद्रव्यं च कुभोज्यं च वर्जयेत्तु विचक्षणः ।।६।।**

કુદેશ, કુવૃત્તિ, કુસ્ત્રી, કુનદી, કુદ્રવ્ય અને કુભોજન, એ છએનો સુજ્ઞજનોએ ત્યાગ કરવો. ।।૬।।

**कलासीमा काव्यं सकलगुणसीमा वितरणं,**
**भये सीमा मृत्युः सकलसुखसीमा सुवदना ।**
**तपःसीमा मुक्तिः सकलकृतसीमा श्रुतभृतिः**
**प्रिये सीमा ह्लादः श्रवणसुखसीमा जिनकथा ।।७।।**

કલાઓની સીમા કાવ્ય, બધા ગુણોની સીમા દાન, ભયની સીમા મરણ, સમસ્ત સુખની સીમા સુલક્ષણી સ્ત્રી, તપની સીમા મુક્તિ, બધા કાર્યોની સીમા જ્ઞાનાભ્યાસ, પ્રિયજનની સીમા આનંદ અને શ્રવણસુખની સીમા જિનકથા છે. ।।૭।।

**कुमन्त्र्यान्नृपतिर्विनश्यति यतिः सङ्गात्सुतो लालना-**
**द्विप्रो नाध्ययनात्कुलं कुतनयाच्छीलं खलोपासनात् ।**
**ह्रीर्मद्यादनवेक्षणादपि कृषिः स्नेहः प्रवासाश्रयान्**

मैत्री चाप्रणयात्समृद्धिरनयात्त्यागात्प्रमादाद्धनम् ।।८।।

કુમંત્રીથી રાજા, સંગથી યતિ, લાલનથી પુત્ર, અનભ્યાસથી બ્રાહ્મણ, કુપુત્રથી કુલ, દુર્જનોપાસનાથી શીલ, મદ્યથી લજ્જા, સંભાળ ન રાખવાથી ખેતી, પ્રવાસથી સ્નેહ, અપ્રણયથી મૈત્રી, અનીતિથી સમૃદ્ધિ અને ત્યાગ તથા પ્રમાદથી ધન વિનષ્ટ થાય છે. ।।૮।।

कृतकर्मक्षयो नास्ति कल्पकोटिशतैरपि ।
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ।।९।।

સેંકડો કે કોટિયુગો જતાં પણ કૃતકર્મનો ક્ષય થતો નથી, કરેલ શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાં જ પડે છે. ।।૯।।

क्वचिद्वीणानादः क्वचिदपि च हाहेति रुदितं,
क्वचिद्विद्वद्गोष्ठी क्वचिदपि सुरामत्तकलहः ।
क्वचिद्रम्या रामा क्वचिदपि जराजर्जरतनु-
न जाने संसारः किममृतमयः किं विषमयः ।।१०।।

ક્યાંક વીણાના નાદ થાય છે અને ક્યાંક હાહા-એવું રુદન થાય છે, ક્યાંક વિદ્વાનોની ગોષ્ઠી ચાલી રહી છે અને ક્યાંક મદિરાથી મદોન્મત્ત કલહ ચાલી રહ્યો છે, ક્યાંક રમ્ય રમણી છે અને ક્યાંક જરાથી જર્જરિત શરીર જોવામાં આવે છે, તેથી અહો! આ સંસાર અમૃતમય છે કે વિષમય છે, તે સમજાતું નથી. ।।૧૦।।

कृतार्थः स्वामिनं द्वेष्टि कृतदारस्तु मातरम् ।
जातापत्या पतिं द्वेष्टि गतरोगश्चिकित्सकम् ।।११।।

કૃતાર્થ થયેલ પુરુષ શેઠ પર દ્વેષ કરે છે, સ્ત્રી પરણતાં તે માતા પર, સંતાનવાળી સ્ત્રી પતિપર અને રોગરહિત થયેલ વૈદ્ય પર દ્વેષ કરે છે.।।૧૧।।

क्रतौ विवाहे व्यसने रिपुक्षये
यशस्करे कर्मणि मित्रसङ्ग्रहे ।

**प्रियासु नारीष्वधनेषु बन्धुषु**
**धनक्षये तेषु न गण्यते बुधैः ।।१२।।**

યજ્ઞમાં, વિવાહમાં, સંકટવખતે, રિપુક્ષયમાં કોઇ યશસ્વી કર્મમાં, પ્રિય સ્ત્રીઓમાં અને નિર્ધન બાંધવોમાં, સુજ્ઞ જનો ધનનો ક્ષય થતાં તેમને ગણતા નથી. ॥૧૨॥

**क्वचिद् भूमौ शय्या क्वचिदपि च पर्यङ्कशयनं,**
**क्वचिच्छाकाहारी क्वचिदपि च शाल्योदनरुचिः ।**
**क्ववित्कन्थाधारी क्वचिदपि च दिव्याम्बरधरो;**
**मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ।।१३।।**

ક્યાંક ભૂમિપર શયન કરવું પડે અને ક્યાંક પલંગમાં પોઢવાનું મળે, ક્યાંક માત્ર શાકનો આહાર મળે અને ક્યાંક ઓદન(ભાત) વિગેરે મળે, ક્યાંક માત્ર જીર્ણ વસ્ત્ર યા ગોદડી મળે અને ક્યાંક દિવ્ય વસ્ત્ર મળે, છતાં કાર્યાર્થી સજ્જન તેવા દુઃખ-સુખને ગણતો નથી. ॥૧૩॥

**किमिच्छति नरः काश्यां भूपानां को रणे हितः ।**
**को वन्द्यः सर्वदेवानां दीयतामेकमुत्तरम् ।।१४।।**

કાશીમાં મનુષ્ય શું ઇચ્છે? રણસંગ્રામમાં રાજાઓનો હિતકારી કોણ? અને સર્વ દેવોને વંદ્ય કોણ? એનો એક શબ્દમાં ઉત્તર આપો. ॥૧૪॥

**काके शौचं द्यूतकारेषु सत्यं, सर्पे क्षान्तिः स्त्रीषु कामोपशान्तिः।**
**क्लीबे धैर्यं मद्यपे तत्त्वचिन्ता, राजा मित्रं केन दृष्टं श्रुतं वा**
**।।१५।।**

કાગડામાં શૌચ, જુગારીમાં સત્ય, સર્પમાં ક્ષમા, સ્ત્રીઓમાં કામની શાંતિ, નપુંસકમાં ધૈર્ય, મદિરામસ્તમાં તત્ત્વચિંતન અને રાજા મિત્ર, એ કોઇએ જોયું કે સાંભળ્યું છે? અર્થાત્ એ ગુણો ઉપરોક્તમાં કદાપિ સંભવતા નથી. ॥૧૫॥

काक आहूयते काकान् याचको न तु याचकान् ।
काकयाचकयोर्मध्ये वरं काको न याचकः ।।१६।।

કાગડો પોતાની જાતના કાગડાઓને બોલાવે છે, પણ યાચક અન્ય યાચકોને બોલાવતો નથી. માટે કાગ અને યાચકમાં, યાચક કરતાં કાગ શ્રેષ્ઠ છે. ॥૧૬॥

करे श्लाध्यस्त्यागः शिरसि गुरुपादप्रणमनं,
मुखे सत्या वाणी श्रुतमवितथं च श्रवणयोः ।
हृदि स्वच्छा वृत्तिर्विजयि भुजयोः पौरुषमहो;
विनाप्यैश्वर्येण प्रकृतिमहतां मण्डनमिदम् ।।१७।।

હસ્તમાં ઉત્તમ દાન, મસ્તકે ગુરુચરણને પ્રણામ, મુખમાં સત્ય વાણી, શ્રવણમાં સત્ય શ્રુત(શાસ્ત્ર) સાંભળવું, અંતરમાં સ્વચ્છ વૃત્તિ અને બંને ભુજામાં વિજયી પૌરુષ, અહો! ઐશ્વર્ય વિના પણ મહાપુરુષોને આ સ્વભાવથી સિદ્ધ મંડન છે. ॥૧૭॥

कृत्याकृत्यविभागस्य ज्ञातार स्वयमुत्तमाः ।
उपदेशे पुनर्मध्या नोपदेशे नरांधमाः ।।१८।।

ઉત્તમજનો કૃત્યાકૃત્યના વિભાગને પોતે જાણે છે, મધ્યમજનો ઉપદેશમાં કુશલ અને અધમજનો તો ઉપદેશ(કહેવા)માં પણ અયોગ્ય હોય છે. ॥૧૮॥

कुपात्रे रमते नारी गिरौ वर्षति वारिदः ।
नीचमाश्रयते लक्ष्मीः प्राज्ञः प्रायेण निर्धनः ।।१९।।

સ્ત્રી પ્રાયે કુપાત્રે રમે છે, વરસાદ પર્વત પર વધારે વરસે છે, લક્ષ્મી નીચનો આશ્રય લે છે અને વિદ્વાન પ્રાયઃ નિર્ધન હોય છે. ॥૧૯॥

कुशास्त्रपाठमात्रेण सदा पण्डितमानिनः ।
तत्त्वतो नास्तिकप्राया अपात्रमिति शंसिताः ।।२०।।

કુશાસ્ત્રના પાઠમાત્રથી સદા પોતાને પંડિત માનનારાઓને નાસ્તિક

કહ્યા છે અને તત્ત્વથી તેઓને કુપાત્ર કહેવામાં આવ્યા છે. ॥૨૦॥

**कृपणेन समो दाता न भूतो न भविष्यति ।**
**अस्पृश्यन्नेव वित्तानि यः परेभ्यः प्रयच्छति ॥२१॥**

કૃપણસમાન દાતા થયો કે થવાનો પણ નથી. કારણકે પોતાના ધનને અડ્યા શિવાય તે બીજાઓને આપી દે છે. ॥૨૧॥

**कृतकारितानुमति-प्रभेदारम्भवर्जिताः ।**
**मोक्षैकतानमनसो यतयः पात्रमुत्तमम् ॥२२॥**

કૃત, કારિત અને અનુમોદન તથા આરંભરહિત અને મોક્ષમાં જ એકતાન મનવાળા યતિ મહાત્માઓને જ ઉત્તમ પાત્ર કહેલ છે. ॥૨૨॥

**कुटुम्बकार्याण्यतिदुर्भराणि समुद्रकुक्षेः समरूपकाणि ।**
**रात्रिर्विभाता गृहचिन्तयैव नष्टं गतं श्लोकशतं नरेन्द्र ! ॥२३॥**

હે રાજન્ ! સમુદ્રની કુક્ષિસમાન કુટુંબના કાર્યો અતિ દુર્ભર છે. ઘરની ચિંતામાં રાત્રિ પૂર્ણ થતાં પ્રભાત થઈ ગયું અને તેની સાથે મારા સો શ્લોક નષ્ટ થયા. ॥૨૩॥

**कुरङ्गमातङ्गपतङ्गभृङ्ग-मीना हताः पञ्चभिरेव पञ्च ।**
**एकः प्रमादी स कथं न हन्या-द्यः सेवते पञ्चभिरेव पञ्च ॥२४॥**

હરણ, હસ્તી, પતંગ, ભ્રમર, અને મત્સ્ય એ પાંચે પાંચ ઇંદ્રિયોના યોગે મરણ શરણ થાય છે. તો જે એક પ્રમાદી થઈને પાંચ ઇંદ્રિયોના પાંચ વિષયોને સેવ્યા કરે છે, તે કેમ વિનષ્ટ ન થાય ? ॥૨૪॥

**कुशलजननवन्ध्यां सत्यसूर्यास्तसन्ध्यां,**
**कुगतियुवतिमालां मोहमातङ्गशालाम् ।**
**शमकमलहिमानीं दुर्यशोराजधानीं;**
**व्यसनशतसहायां दूरतो मुञ्च मायाम् ॥२५॥**

જે અકુશળને કરે છે, જે સત્યરૂપ સૂર્યને સંધ્યાસમાન છે, કુગતિરૂપ યુવતિની જે માળારૂપ છે, મોહરૂપ માતંગ(હાથી)ની જે શાલારૂપ છે, શમરૂપ કમળને જે હીમ સમાન, દુર્યશની રાજધાનીરૂપ, અને જે સેંકડો સંકટોને લાવી આપે એવી માયાને હે ભવ્યો! તમે દૂર તજી દો. ॥૨૫॥

**कामक्रोधस्तथा हर्षो मायालोभौ मदस्तथा ।**

**षड्वर्गमुत्सृजेदेनं तस्मिंस्त्यक्ते सुखी नृपः ॥२६॥**

કામ, ક્રોધ, હર્ષ, માયા, લોભ અને મદ એ છનો ત્યાગ કરવાથી જ રાજાએ સુખની આશા રાખવી. ॥૨૬॥

**कुलं च शीलं च सनाथता च,**

**विद्या च वित्तं च वपुर्वयश्च।**

**वरे गुणाः सप्त विलोकनीया;**

**अतः परं भाग्यवशा च कन्या॥२७॥**

કુલ, શીલ, કુટંબ, વિદ્યા, ધન, શરીર અને વય-એ સાત ગુણો વરમાં જોવા જોઇએ. તે પછી કન્યાનું ભાગ્ય. ॥૨૭॥

**क्वचित्कलाप्रकर्षोऽपि सुकलत्राद् भवेन्नृणाम् ।**

**पश्य पूर्णिमया चन्द्रः किं न पूर्णकलः कृतः ॥२८॥**

કોઇ વાર સુકલત્ર(ગુણી સ્ત્રી)થી પણ પુરૂષોનો કળાપ્રકર્ષ થાય છે. જુઓ; પૂર્ણિમાથી ચંદ્રમા પૂર્ણકળાવાન્ કહેવાય છે. ॥૨૮॥

**कस्य लक्ष्मीः सुताः कस्य कस्य वेश्मेति चिन्तय ।**

**तदेति याति चात्माऽय-मेकमेव भवाद् भवम् ॥२९॥**

લક્ષ્મી, પુત્રો અને ઘર કોનાં ? હે ભવ્યાત્મન્ ! તું વિચાર કર કે, આ આત્મા પોતે એકલો જ ભવોભવમાં ભમ્યા કરે છે. ॥૨૯॥

**कला कुलिनतारूपसौभाग्यप्रमुखा गुणाः ।**

**धनहीना न शोभन्ते विसर्पिर्भोजनं यथा ॥३०॥**

કલા, કુલીનતા, રૂપ,અને સૌભાગ્ય પ્રમુખ ગુણો, ઘૃત વિનાના ભોજનની જેમ ધન વિના શોભતા નથી. ॥30॥

**कुट्टिनीयं गुरुप्राया यस्याः शिक्षामिमां स्मरन् ।**
**न पुनर्निपतिष्यामि वाक्पाशे पणयोषिताम् ॥३१॥**

અહો! આ કુટ્ટિની ભારે ગુરુસમાન છે, કે જેના આ શિક્ષાબોલને સંભારતાં હું હવે કદાપિ વેશ્યાઓના વાણીરૂપ પાશમાં પડીશ નહિં. ॥31॥

**केचिज्जीवन्ति जीवन्तो म्रियन्ते च मृताः पुनः ।**
**मृता अप्यपरे जीवन्त्यहं जीवन्मृतः पुनः ॥३२॥**

કેટલાક પુરુષો જીવતાં સુધી જીવે છે, પણ મરણ પછી તેમનું નામ કે નિશાન રહેતું નથી, અને કેટલાક મુઆ છતાં નામનાને લઈને તેઓ જીવતા જ છે, પણ અહો ! હું તો જીવતાં મુવા જેવો છું. ॥32॥

**कलाकुलीनतारूप-विद्यावीर्यादयो गुणाः ।**
**दैवदावानलस्याग्रे यान्ति जीर्णतृणोपमाम् ॥३३॥**

કલા, કુલીનતા, રૂપ, વિદ્યા અને વીર્યાદિ ગુણો બધા, દૈવરૂપ દાવાનળની આગળ જીર્ણ તૃણ સમાન છે. ॥33॥

**केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला,**
**न स्नानं न विलेपनं न कुसुमं नालङ्कृता मूर्धजाः ।**
**वाण्येका समलङ्करोति पुरुषान् या संस्कृता धार्यते**
**क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥३४॥**

બાજુબંધ, ચંદ્રસમાન ઉજ્જવળ હારો, સ્નાન, વિલેપન, કુસુમ કે માથાના સુંદર કેશો પણ પુરુષને શોભાવતા નથી, પરંતુ સંસ્કૃત(સંસ્કાર પામેલ) વાણી જ એક પુરુષોને સમલંકૃત કરે છે, કારણકે અન્ય બધાં ભૂષણો ક્ષય થઈ જાય છે, પણ વાણીરૂપ અક્ષય ભૂષણ તે ખરેખર ભૂષણ જ છે. ॥34॥

को ज्वलज्ज्वलनज्वालां सचैतन्यः पिपासति ।
को वा स्फारस्फटारत्नं फणीभर्तुर्जिघृक्षति ।।३५।।
को जाग्रतो मृगेन्द्रस्य केसराण्युद्दिधीर्षति;
पादाभ्यां पृथिवीशं को विशङ्कः स्कन्तुमिच्छति ।।३६।।

કયો સચેતન અગ્નિની બળતી જ્વાલાનું પાન કરવા ઇચ્છે? ફણીધરની ભયંકર ફણા ઉપરનું રત્ન કોણ લઇ શકે? જાગતા મૃગેંદ્રની કેસરા(સ્કંધના વાળ) કોણ ખેંચી શકે? તેમ પુત્ર વિના નિઃશંક થઇને પોતાના ચરણથી રાજાને(બાપને) કોણ પ્રહાર કરે? ||૩૫||૩૬||

क्रियते निर्वृतेर्हेतो-र्जाया सा यदि निर्गुणा ।
तदायःशूलिकाप्रोतं नरं मन्यामहे वरम् ।।३७।।

જગતમાં સુખની ખાતર સ્ત્રીની સાથે સંબંધ કરવામાં આવે છે, તે જો નિર્ગુણી હોય તો તે પુરુષ કરતાં શૂલીએ પરોવેલ સારો, એમ મારું માનવું છે. ||૩૭||

कदलीव फलं भोग-सुखं स्वादु मनोहरम् ।
संदृश्यं क्षीयते नृणां प्रायशः पुण्यभावना ।।३८।।

ભોગસુખ, સ્વાદિષ્ટ અને મનોહર ફલને જોતાં કદલીની જેમ પુરુષોની પુણ્યભાવના ક્ષીયમાન થાય છે. ||૩૮||

कर्मणा ग्लानतां नीतो न वैद्यैः किं चिकित्स्यते ।
मन्त्राद्यैः स्यान्न किं धीमान् जडीभूतोऽपि कर्मणा ।।३९।।

કર્મથી ગ્લાનિ આવતાં શું વૈદ્યો પોતાના ઉપાયો નથી અજમાવતા? કર્મથી જડ છતાં મંત્રાદિકથી પુરુષ શું ધીમાન્ થઇ શકતો નથી? ||૩૯||

कर्मणा पातितो नद्यां तार्यते तारकैर्न किम् ।
नात्मा किं कर्मभिर्बद्धो मुक्तौ धर्मेण नीयते ।।४०।।

કર્મથી નદીમાં પડેલને શું તારુજનો બચાવી નથી લેતા ? તેમ કર્મથી બદ્ધ

આત્મા શું ધર્મથી મોક્ષે જઈ શકતો નથી? અર્થાત્ જઇ શકે છે. ॥૪૦॥

**कलाकौशलकारुण्य-कवितादिगुणावली ।**
**विलीयते ध्रुवं नारी-सङ्गादत्र कथां शृणु ॥४१॥**

કળા, કૌશલ, કારુણ્ય અને કવિતાદિ ગુણો, ખરેખર ! એક સ્ત્રીના સંગથી અવશ્ય વિલય પામે છે. આ સંબંધમાં દૃષ્ટાંત છે, તે ગુરુગમથી જાણવું. ॥૪૧॥

**कोकिलानां स्वरं रूपं स्त्रीणां रूपं पतिव्रतम् ।**
**विद्या रूपं कुरूपाणां क्षमा रूपं तपस्विनाम् ॥४२॥**

કોકિલાઓનું સ્વર છે એજ રૂપ, સ્ત્રીઓનું પતિવ્રત એજ રૂપ, કુરૂપીઓનું વિદ્યા એજ રૂપ અને તપસ્વીઓનું ક્ષમા એજ રૂપ છે. ॥૪૨॥

**कोऽतिभारः समर्थानां किं दूरे व्यवसायिनाम् ।**
**को विदेशः सुविद्यानां कः परः प्रियवादिनाम् ॥४३॥**

સમર્થ પુરુષોને ભાર શો? વ્યવસાયીજનોને દૂર શું છે? સુજ્ઞોને વિદેશ કેવો અને પ્રિયવાદીઓને શત્રુ કેવો? ॥૪૩॥

**को देशः कानि मित्राणि कः कालः कौ व्ययागमौ**
***कश्चाहं का च मे शक्ति-रिति चिन्त्यं मुहुर्मुहुः ॥४४॥***

દેશ શો? મિત્રો કોણ? કાલ કયો? વ્યય અને આગમ કયા? અને મારી શક્તિ શું છે? એમ વારંવાર ચિંતવવું. ॥૪૪॥

**कौशेयं कृमिजं(तः) सुवर्णमुपलादिन्दीवरं गोमयात्-**
**पङ्कात्तामरसं शशाङ्क उदधेर्गोपित्ततो रोचना ।**
**काष्ठादग्निरहेः फणादपि मणिर्दूर्वापि गोरोमतः**
**प्राकाश्यं स्वगुणोदयेन गुणिनो यास्यन्ति किं जन्मना ॥४५॥**

કૃમિમાંથી રેશમ, પત્થરમાંથી સુવર્ણ, ગોમય-ઉકરડામાંથી કમળ, કાદવમાંથી તામ્રરસ, સમુદ્રમાંથી ચંદ્રમા, ગાયના પિત્તમાંથી રોચના,

કાષ્ઠમાંથી અગ્નિ, સર્પની ફણામાંથી મણિ અને ગાયના રોમમાંથી ચામર, એમ ગુણીજનો જન્મથી નહિ પણ પોતાના ગુણોદયથી પ્રકાશ પામે છે. ||૪૫||

**कस्तूरी पृषतां रदाः करटिनां कृत्तिः पशूनां पयः,**
**धेनूनां छदमण्डलानि शिखिनां रोमाण्यवीनामपि ।**
**पुच्छस्नायुवसाविषाणनखरस्वेदादिकं किञ्चन;**
**स्यात्कस्याप्युपकारि मर्त्यवपुषो नामुष्य किञ्चित्पुनः ।।४६।।**

હરિણોની કસ્તૂરી,હાથીઓના દાંત, પશુઓનું ચામડું, ગાયોનું દૂધ, મોરના પીછાં, ગાડરોના રોમ, તેમ જ પુચ્છ, સ્નાયુ, ચરબી, શૃંગ, નખ વિગેરે કોઇનું કંઇ ઉપયોગમાં આવે છે, પણ મનુષ્યના શરીરમાંનું કંઇ પણ ઉપયોગમાં આવતું નથી. ||૪૬||

**कालः सम्प्रति वर्त्तते कलियुगः सन्तो नरा दुर्लभा,**
**देशाश्च प्रलयं गता करभरैर्लोभं गताः पार्थिवाः ।**
**नानाचौरगणा मुशन्ति पृथिवीमार्यो जनः क्षीयते;**
**पुत्रस्यापि न विश्वसन्ति पितरः कष्टं युगे वर्त्तते ।।४७।।**

હમણા કલિયુગ વર્તે છે, સંતજનો દુર્લભ છે, દેશોનો પ્રલય થતો જાય છે, કરનાં વધારાંથી રાજાઓ લોભિષ્ઠ બનતા જાય છે, વિવિધ ચોર લોકો વસુધાને લુંટે છે, આર્યજનો ક્ષીણ થતા જાય છે અને પિતા પુત્રનો પણ વિશ્વાસ કરતા નથી. અહો ! આ સમયમાં ખરેખર દુનિયા બહુ કષ્ટ ભોગવે છે. ||૪૭||

**कषाया यस्य नोच्छिन्ना यस्य नात्मवशं मनः ।**
**इन्द्रियाणि न गुप्तानि प्रव्रज्या तस्य निष्फला ।।४८।।**

જેના અંતરમાંથી કષાયો ગયા નથી, જેને મન પોતાને સ્વાધીન નથી, અને ઇંદ્રિયો જેની સંયમિત નથી, તેની પ્રવ્રજ્યા નિષ્ફલ થાય છે.||૪૮||

कर्त्तुस्तथा कारयितुः परेण तुष्टेन चित्तेन तथानुमन्तुः ।
साहाय्यकर्तुश्च शुभाशुभेषु तुल्यं फलं तत्त्वविदो वदन्ति ॥४९॥

પોતે કરનાર, અન્ય પાસે કરાવનાર તથા સંતુષ્ટ મનથી અનુમોદન તથા સહાય કરનાર એ બધાને શુભાશુભમાં તુલ્ય ફળ મળે છે, એમ તત્ત્વજ્ઞજનો કહે છે. ॥૪૯॥

कापि धर्मक्रिया सिद्धिं नाश्नुते जीवितं विना ।
तस्माज्जीवितदानेन किं पुण्यमुपमीयताम् ॥५०॥

જીવિત વિના કોઇ પણ ધર્મક્રિયા સિદ્ધ થતી નથી, માટે જીવિતદાન આપતાં પુણ્યનું પ્રમાણ ન થઈ શકે. ॥૫૦॥

कम्पः प्रकम्पनस्यापि धृत्या' वृत्त्यापनीयते ।
न तु केनापि चापल्यं त्याज्यते कामिनीमनः ॥५१॥

પ્રકંપન(વાયુ)નો કંપ પણ ધૃતિ અને ઇલાજથી દૂર કરી શકાય, પણ સ્ત્રીના મનની ચપલતાને કોઇ દૂર કરી શકતું નથી. ॥૫૧॥

क्व तिग्मांशुः क्व खद्योतः क्व मेरुः क्व च सर्षपः ।
क्व नाकौकः क्व नानाकुः क्व साधुः क्व पुनर्गृही ॥५२॥

સૂર્ય ક્યાં અને આગીયો ક્યાં ? મેરુગિરિ ક્યાં અને સરસવ ક્યાં? સ્વર્ગ ક્યાં અને રાફડો ક્યાં ? તેમ સાધુ ક્યાં અને ગૃહસ્થ ક્યાં? ॥૫૨॥

क्व कल्पवल्ली क्व तृणं क्व मणिः क्व च कर्करः ।
क्व राजहंसी क्व बकः क्व करेणुः क्व बर्करः ॥५३॥

કલ્પલતા ક્યાં અને તૃણ ક્યાં? મણિ ક્યાં અને કાંકરો ક્યાં? રાજહંસી ક્યાં અને બગલો ક્યાં? વળી હાથણી ક્યાં અને ક્યાં બકરો? ॥૫૩॥

कुर्याः प्रेयसि दीनसाध्वतिथिषु स्वस्योचितां सत्क्रियां,
दानाद्यैः परितोषयेः परिजनं श्वश्रूं च सम्यग्भज ।

नेपथ्यं परिवर्जयेः परमनोधैर्यापनोदक्षमं;

प्रायेणावसथे स्व एव निवसेः शीलं सदा पालयेः ।।५४।।

હે પ્રિયતમા ! દીન, સાધુ તથા અતિથિજનોને દાનાદિકથી સંતુષ્ટ કર, પોતાને ઉચિત સત્ક્રિયા કર, પરિજન અને સાસુની સેવા-ભક્તિ કર, અન્યના ધૈર્યમાં ખલેલ કરનાર વસ્ત્ર-વેશનો ત્યાગ કર, વળી બહુધા પોતાના જ આવાસમાં રહે અને નિરંતર શીલની સંભાળ રાખ. ॥૫૪॥

कुटुम्बं वा शरीरं वा भुक्त्वा भवति दूरतः ।

आत्मैव सहते जन्तु-जातघातनपातकम् ।।५५।।

કુટુંબ કે શરીર, ભોગ ભોગવીને દૂર થઇ જાય છે અને જીવહિંસાનું પાતક એકલા આત્માને જ ભોગવવું પડે છે. ॥૫૫॥

कृत्याकृत्यविचारेण यदपालि कलेवरम् ।

वैरिण्या जरसा प्रान्ते मिलितं तद्विनङ्क्ष्यति ।।५६।।

હે આત્મન્ ! કૃત્યાકૃત્યનો વિચાર કર્યા વિના તેં જે આ શરીરનું પાલન કર્યું, પણ અંતે વૈરિણી જરાથી એકત્ર થયેલ બધાનો વિનાશ થઈ જશે. ॥૫૬॥

कथमिह मनुष्यजन्मा सम्प्रविशति सदसि विबुधगमितायाम्।

येन न सुभाषितामृतमाह्लादि निपीतमातृप्तेः ।।५७।।

તે મનુષ્યજન્મ શા કામનો ? કે જેણે પંડિતોની સભામાં જઈને તેમના સુભાષિત-અમૃતનું સંપૂર્ણરીતે પાન કરીને આનંદ પ્રાપ્ત કરેલ નથી.॥૫૭॥

किं हारैः किमु कङ्कणैः किमसमैः कर्णावतंसैरलं,

केयूरैर्मणिकुण्डलैरलमलं साडम्बरैरम्बरैः ।

पुंसामेकमखण्डितं पुनरिदं मन्यामहे मण्डनं;

यन्निष्पीडितपार्वणामृतकरस्यन्दोपमाः सूक्तयः ।।५८।।

હારો, કંકણો કે અસાધારણ કર્ણાભરણોથી પણ શું? બાજુબંધ, મણિના કુંડલો અને દબદબા ભરેલા વસ્ત્રોથી પણ શું? હું ધારું છું કે નિર્મળ

પૂર્ણિમાના ચંદ્રમાના અમૃત સમાન કિરણોના ઝરણરૂપ સુવચનો, આ એક જ પુરુષોના અખંડિત મંડનરૂપ છે. ॥૫૮॥

**कवयः परितुष्यन्ति नेतरे कविसूक्तिभिः ।**

**न ह्यकूपारवत्कूपा वर्धन्ते विधुकान्तिभिः ॥५९॥**

કવિજનોના સુવચનોથી કવિઓ વિના અન્ય કોઇ પરિતુષ્ટ થતા નથી. કારણકે ચંદ્રમાની કાંતિથી સમુદ્રની જેમ કુવાનું જળ વધતું નથી.॥૫૯॥

**किं कुलेन विशालेन विद्याहीनस्य देहिनः ।**

**अकुलीनोऽपि विद्यावान् देवैरपि स पूज्यते ॥६०॥**

જો મનુષ્ય વિદ્યાહીન હોય, તો પછી તેના વિશાળ કુળથી શું ? કારણકે અકુલીન છતાં તે વિદ્યાવાન્ હોય, તો તે દેવોને પણ પૂજનીય થાય છે. ॥૬૦॥

**क्षारं जलं वारिमुचः पिबन्ति तदेव कृत्वा मधुरं वमन्ति ।**

**सन्तस्तथा दुर्जनदुर्वचांसि पीत्वा च सूक्तानि समुद्गिरन्ति ॥६१॥**

જેમ વાદળાંઓ સમુદ્રનું ખારું પાણી પીને તે જ પાણી મધુર કરીને જગતને આપે છે, તે જ પ્રમાણે સંતજનો દુર્જનોનાં દુર્વચનોનું પાન કરીને પુનઃ તેઓ મધુર-સારાં વચનો બહાર કાઢે છે. ॥૬૧॥

**केनाञ्जितानि नयनानि मृगाङ्गनानां,**

**को वा करोति रुचिराङ्गरुहान् मयूरान् ।**

**कश्चोत्पलेषु दलसन्निचयं करोति**

**को वा करोति विनयं कुलजेषु पुंसु ॥६२॥**

મૃગલીઓના નેત્રોને આંજીને કોણે મનોહર બનાવ્યા છે, મયૂરોને કોણે સુંદર અંગવાળા બનાવ્યા છે ? કમળોમાં પત્રોનો સંચય કોણે કર્યો છે ? તેમ કુલીન પુરુષોમાં વિનય-ગુણ કોણે આરોપિત કર્યો છે ?॥૬૨॥

**केनादिष्टौ कमलकुमुदोन्मीलने पुष्पदन्तौ**

विश्वं तोयैः स्नपयितुमसौ केन वा वारिवाहः ।
विश्वानन्दोपचयचतुरो दुर्जनानां दुरापः;
श्लाघ्यो लोके जयति महतामुज्ज्वलोऽयं निसर्गः ।।६३।।

કમળ અને કુમુદને વિકસ્વર કરનાર સૂર્ય તથા ચંદ્રને કોણે આદેશ કર્યો છે ? તેમજ જળથી જગતને સ્નાન કરાવનાર મેઘને કોણે આજ્ઞા કરી છે ? માટે દુર્જનોને દુર્લભ તથા વિશ્વને આનંદ પમાડવામાં તત્પર એવા મહાપુરુષોનો ઉજ્જ્વળ સ્વભાવ જ જગતમાં પ્રશસ્ત રીતે જયવંત વર્તે છે. ॥૬૩॥

कस्यादेशात्क्षपयति तमः सप्तसप्तिः प्रजानां,
छायाहेतोः पथि विटपिनामञ्जलिः केन बद्धः ।
अभ्यर्थ्यन्ते जललवमुचः केन वा वृष्टिहेतो-
र्जात्यैवैते परहितविधौ साधवो बद्धकक्ष्याः ।।६४।।

જગતમાં સૂર્યનારાયણ કોના હુકમથી અંધકારનો નાશ કરે છે? માર્ગમાં છાયાની ખાતર વૃક્ષોની આગળ અંજલિ કોણે જોડી છે? વૃષ્ટિની ખાતર મેઘના પાસે કોણ પ્રાર્થના કરવા જાય છે? કારણકે પરનું હિત કરવામાં સાધુજનો(સજ્જનો) સ્વભાવથી જ સદા તત્પર થયેલા જોવામાં આવે છે. ॥૬૪॥

क्षुद्राः सन्ति सहस्रशः स्वभरणव्यापारमात्रोद्यताः,
स्वार्थो यस्य परार्थ एव स पुमानेकः सतामग्रणीः ।
दुष्पूरोदरपूरणाय पिबति स्रोतःपतिं वाडवो;
जीमूतस्तु निदाघपीडितजगत्सन्तापविच्छित्तये ।।६५।।

માત્ર પોતાના ઉદરનું જ ભરણપોષણ કરનારા હજારો ક્ષુદ્રજનો હશે, પરંતુ પરાર્થને જ પોતાનો સ્વાર્થ માનનાર એવા સંતજનોમાં અગ્રેસર પુરુષ તો કોઇ એક વિરલો જ હશે. જુઓ, વડવાનલ પોતાના દુષ્પૂરણ ઉદરને પૂરવા માટે સાગરના જળનું પાન કર્યા કરે છે અને મેઘ ઉનાળાથી

પીડાયેલા જગતના સંતાપને દૂર કરવા પોતે વૃષ્ટિ કરે છે. ॥૬૫॥

**क्षारो वारिनिधिः कलङ्ककलुषश्चन्द्रो रविस्तापकृत्,**
**पर्जन्यश्चपलाश्रयोऽभ्रपटलादृश्यः सुवर्णाचलः ।**
**शून्यं व्योम रसा द्विजिह्वविधृता स्वर्धामधेनुः पशुः;**
**काष्ठं कल्पतरुर्दृशत्सुरमणिस्तत्केन साम्यं सताम् ॥६६॥**

સમુદ્ર ખારો છે, ચંદ્રમા કલંકથી મલિન છે, સૂર્ય તાપ કરનાર છે, મેઘ, ચપલા(વિજળી)ના આશ્રયરૂપ છે, મેરુપર્વત વાદળાંઓથી અદૃશ્ય છે, આકાશ શૂન્ય છે, વસુધા શેષનાગથી ધારણ કરાયેલી છે, કામધેનુ પશુ છે, કલ્પવૃક્ષ કાષ્ઠ છે અને ચિંતામણિ પત્થર છે તો સંતજનોને કોની ઉપમા આપીએ? ॥૬૬॥

**कस्मादिन्दुरसौ धिनोति जगतीं पीयूषगर्भैः करैः,**
**कस्माद्वा जलधारयैव धरणिं धाराधरः सिञ्चति ।**
**भ्रामं भ्राममयं च नन्दयति वा कस्मात् त्रिलोकीं रविः;**
**साधूनां हि परोपकारकरणे नोपाध्यपेक्षं मनः ॥६७॥**

આ ચંદ્રમા પોતાના અમૃતમય કિરણોથી વસુધાને શા માટે ધવલિત કરે છે, ધારાધર(મેઘ) પોતાની જળધારાથી ધરણીપર શા માટે સિંચન કરે છે, અને આ દિવાકર-સૂર્ય; આકાશમાં ભમી ભમીને ત્રણે લોકને શા માટે આનંદ પમાડે છે ? માટે પરોપકાર કરવામાં સાધુજનો(સજ્જનો)નું મન, ઉપાધિની અપેક્ષા કરતું નથી. ॥૬૭॥

**किं कूर्मस्य भरव्यथा न वपुषि क्ष्मां न क्षिपत्येष यत्,**
**किं वा नास्ति परिश्रमो दिनपतेरास्ते न यन्निश्चलः ।**
**किं चाङ्गीकृतमुत्सृजन् हि मनसा श्लाघ्यो जनो लज्जते;**
**निर्वाहः प्रतिपन्नवस्तुषु सतामेतद्धि गोत्रव्रतम् ॥६८॥**

શું કાચબાને ભારની પીડા થતી નહિ હોય, કે જે પૃથ્વીને મૂકી દેતો

નથી? શું સૂર્યને પરિશ્રમ નહિ થતો હોય, કે જે નિશ્ચલ થઈને બેસી રહેતો નથી? કારણકે ઉત્તમજન, અંગીકાર કરલેનો ત્યાગ કરતાં મનમાં લજ્જિત થાય છે, વળી અંગીકૃતનો નિર્વાહ કરવો, એ તો પ્રધાન પુરુષોનું કુળક્રમાગત વ્રત છે. ॥૬૮॥

**कुटिला लक्ष्मीर्यत्र प्रभवति न सरस्वती वसति तत्र ।**
**प्रायः श्वश्रूस्नुषयोर्न दृश्यते सौहृदं लोके ॥६९॥**

જ્યાં કુટિલ લક્ષ્મીનો નિવાસ છે, ત્યાં સરસ્વતી આવીને વાસ કરતી નથી, કારણકે જગતમાં તપાસ કરતાં પ્રાયઃ સાસુ-વહુની મિત્રાઈ જોવામાં આવતી નથી. ॥૬૯॥

**करान् प्रसार्य रविणा दक्षिणाशावलम्बिना ।**
**न केवलमनेनात्मा दिवसोऽपि लघूकृतः ॥७०॥**

દક્ષિણ આશા(દિશા)નું અવલંબન કરનાર સૂર્યે પોતાના કર(કિરણો) પસારીને તેણે માત્ર પોતાની જ લઘુતા કરી છે તેમ નથી, પરંતુ તેણે દિવસને પણ લઘુ(ટુંકો) બનાવી દીધો છે. ॥૭૦॥

**कथं नाम न सेव्यन्ते यत्नतः परमेश्वराः ।**
**अचिरेणैव ये तुष्टाः पूरयन्ति मनोरथान् ॥७१॥**

પરમાત્માની યત્નપૂર્વક શા માટે સેવા ન કરવી ? કારણકે અલ્પ સમયમાં જ સંતુષ્ટ થતાં જેઓ મનના મનોરથ પૂરણ કરે છે. ॥૭૧॥

**कल्पद्रुमः कल्पितमेव दत्ते सा कामधुक् कामितमेव दोग्धि।**
**चिन्तामणिश्चिन्तितमेव दत्ते सतां हि सङ्गः सकलं प्रसूते ॥७२॥**

જુઓ, કલ્પવૃક્ષ માત્ર કલ્પિત(ધારેલ) વસ્તુને જ આપે છે, કામધેનુ માત્ર ઇચ્છિત જ આપે છે, અને ચિંતામણિ માત્ર ચિંતન કરેલ જ આપે છે, પરંતુ સંતજનોનો સંગ એકી સાથે બધું આપવાને સમર્થ છે. ॥૭૨॥

**कल्याणकाङ्क्षिणां नृणा-मुपदेशः सुधायते ।**

भवाभिनन्दिनां चित्र स एव गरलायते ।।७३।।

પોતાના કલ્યાણને ઇચ્છનારા પુરુષોને સદુપદેશ સુધા-અમૃત સમાન લાગે છે અને બહુ આશ્ચર્યની વાત છે કે તે જ ઉપદેશ ભવાભિનંદી(સંસારાસક્ત) જીવોને ઝેર સમાન લાગે છે. ।।૭૩।।

कुलस्यार्थे त्यजेदेकं ग्रामस्यार्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदस्यार्थे आत्मार्थे पृथिवीं त्यजेत् ।।७४।।

જો સમસ્ત કુળનો બચાવ થતો હોય તો એકનો ત્યાગ કરવો, ગામના બચાવની ખાતર કુળનો ત્યાગ કરવો, દેશનો બચાવ થતો હોય તો ગામનો ત્યાગ કરવો અને આત્માના બચાવની ખાતર સમસ્ત પૃથ્વીનો ત્યાગ કરવો.।।૭૪।।

क्षमातुल्यं तपो नास्ति न संतोषात्परं सुखम् ।
न तृष्णायाः परो व्याधि-र्न च धर्मो दयापरः ।।७५।।

ક્ષમા સમાન તપ નથી, સંતોષ સમાન સુખ નથી, તૃષ્ણા સમાન કોઈ વ્યાધિ નથી અને દયા સમાન કોઈ શ્રેષ્ઠ ધર્મ નથી. ।।૭૫।।

कोऽन्धो योऽकार्यरतः को बधिरो यः शृणोति न हितानि।
को मूको यः काले प्रियाणि वक्तुं न जानाति ।।७६।।

અંધ કોણ? જે અકાર્ય કરવામાં સદા તત્પર છે, બધિર(બ્હેરો) કોણ? જે હિતવચન સાંભળતો નથી અને મુંગો કોણ? જે અવસર આવે પ્રિયવચન બોલી જાણતો નથી. ।।૭૬।।

केचिदज्ञानतो नष्टाः केचिन्नष्टाः प्रमादतः ।
केचिज्ज्ञानावलेपेन केचिन्नष्टैस्तु नाशिताः ।।७७।।

કેટલાક જનો અજ્ઞાનથી પાયમાલ થયા, કેટલાક પ્રમાદથી પાયમાલ થયા, કેટલાક જ્ઞાનના મદથી પાયમાલ થયા અને કેટલાકોને દુર્જનોએ પાયમાલ કર્યા. ।।૭૭।।

# ख

खल्वाटो दिवसेश्वरस्य किरणैः सन्तापितो मस्तके,
वाञ्छन् देशमनातपं विधिवशात् तालस्य मूलं गतः ।
तत्रस्थस्य महाफलेन पतता भग्नं सशब्दं शिरः;
प्रायो गच्छति यत्र भाग्यरहितस्तत्रैव यान्त्यापदः ।।१।।

ટાલવાળો કોઈ પુરુષ સૂર્યના કિરણોથી સંતાપ પામીને છાયામાં જવાની ઇચ્છાથી દૈવયોગે તે તાલવૃક્ષના મૂળપાસે ગયો, ત્યાં મોટું ફળ પડવાથી મોટા અવાજ સાથે તેનું મસ્તક ભગ્ન થયું. અહો ! ભાગ્યરહિત પુરુષ જ્યાં જાય, ત્યાં તેની પાછળ પ્રાયઃ આપત્તિ આવે જ છે. ।।૧।।

खलः सत्क्रियमाणोऽपि ददाति कलहं सताम् ।
दुग्धधौतोऽपि किं याति वायसः कलहंसताम् ।।२।।

ખલ પુરુષોનો સત્કાર કરવા છતાં તે સજ્જનોને કષ્ટ આપે છે. કાગને ઘણા દૂધથી ધોવા છતાં શું તે હંસ બની શકે ? ।।૨।।

खरं श्वानं गजं मत्तं रण्डां च बहुभाषिणीं ।
राजपुत्रं कुमित्रं च दूरतः परिवर्जयेत् ।।३।।

ખર, શ્વાન, મદોન્મત્ત હાથી, બહુ બોલી કુલટા, રાજપુત્ર અને કુમિત્રનો

દૂરથી જ ત્યાગ કરવો. ॥૩॥

**खलानां कण्टकानां च द्विविधैव प्रतिक्रिया ।**
**उपानद् मुखभङ्गो वा दूरतो वा विसर्जनम् ॥४॥**

દુર્જનો કે કંટકોનો બે રીતે જ પ્રતીકાર થઇ શકે તેમ છે. ઉપાનહ(પગરખું) અને મુખભંગ. અથવા તો તેમનો દૂરથી ત્યાગ કરવો. ॥૪॥

**खलोऽपि गवि दुग्धं स्या-द्दुग्धमप्युरगे विषम् ।**
**पात्रापात्रविशेषेण सत्पात्रे दानमुत्तमम् ॥५॥**

ખોળ પણ ગાયના ખોરાકમાં આવતાં તે દૂધ બને છે અને સર્પને પીવરાવતાં દૂધ પણ વિષ બની જાય છે, એમ પાત્રાપાત્રના વિશેષણથી સુપાત્રે દાન આપવું, તે સર્વોત્તમ છે. ॥૫॥

**खद्योतो द्युतिमत्सु काचशकलं रत्नेष्वगेषु स्नुही**
**मेषो योद्धृषु खेचरेषु मशको भारक्षमेषून्दिरः ।**
**प्रेतो नाकिषु नोष्पदं जलधिषु स्थानेषु नाकुर्यथा;**
**तत्तज्जातिविडम्बनाय विहितो धात्रा मनुष्येष्वहम् ॥६॥**

તેજસ્વીમાં ખદ્યોત(આગીઓ), રત્નોમાં કાચ, વૃક્ષોમાં થોર, લડનારા પ્રાણીઓમાં ઘેટો, ખેચરો(પક્ષીઓ)માં મચ્છર, ભાર ઉપાડનારામાં ઉંદર, દેવોમાં પ્રેત, સાગરમાં ગોષ્પદ અને સ્થાનોમાં રાફડો, એ રીતે તે તે જાતિની વિડંબનાને માટે વિધાતાએ ઉક્ત વસ્તુઓ રચેલ છે, તેમ મનુષ્યોમાં મને માત્ર વિડંબના પમાડવા જ સર્જેલ છે. ॥૬॥

**खिन्नं चापि सुभाषितेन रमते स्वीयं मनः सर्वदा,**
**श्रुत्वान्यस्य सुभाषितं खलु मनः श्रोतुं पुनर्वाञ्छति ।**
**अज्ञाञ्ज्ञानवतोऽप्यनेन हि वशीकर्तुं समर्थो भवेत्;**
**कर्त्तव्यो हि सुभाषितस्य मनुजैरावश्यकः सङ्ग्रहः ॥७॥**

મન ખેદ પામેલ હોય છતાં, સુભાષિતથી તે પોતે સર્વદા રમણ કરે છે. વળી અન્યનું સુભાષિત સાંભળીને તે પુનઃ સાંભળવાને ઉત્સુક થાય છે, એનાથી અજ્ઞજનો અને સુજ્ઞજનો બધાં વશ કરી શકાય છે, માટે દરેક પુરુષે સુભાષિતનો સંગ્રહ કરવો તે આવશ્યક છે. ॥૭॥

**खलः सर्षपमात्राणि परच्छिद्राणि पश्यति ।**
**आत्मनो बिल्वमात्राणि पश्यन्नपि न पश्यति ॥८॥**

ખલપુરુષ પરના સરસવ જેટલા નાના છિદ્રને પણ જોયા કરે છે અને પોતાના મોટા છિદ્રોને સાક્ષાત્ જોયા છતાં તે જોઈ શકતો નથી અર્થાત્ તે અંધ જ છે. ॥૮॥

**खलो न साधुतामेति सद्भिः सम्बोधितोऽपि सन् ।**
**सरित्पूरप्रपूर्णोऽपि क्षारो न मधुरायते ॥९॥**

સજ્જનો તરફથી સદ્બોધ મળ્યા છતાં ખલપુરુષ સુજનતાને પામતો નથી. જુઓ, નદીઓના પૂરથી ભરાયા છતાં ખારો એવો સમુદ્ર મધુર થતો નથી. ॥૯॥

**खलस्य महतोऽपूर्वः कोपाग्निः कोऽपि चित्रकृत् ।**
**एकस्य शाम्यति स्नेहा-द्वर्धतेऽन्यस्य वारितः ॥१०॥**

ખલપુરુષનો અને મહાપુરુષોનો કોપાગ્નિ કંઇ વિચિત્ર પ્રકારનો જ લાગે છે, કારણકે સજ્જનનો કોપાગ્નિ સ્નેહ(તેલ)થી શાંત થાય છે અને ખલનો કોપાગ્નિ શાંતવચનરૂપ જળથી સિંચતાં તે વધતો જાય છે. ॥૧૦॥

**खलं च प्रथमं वन्दे सज्जनं तदनन्तरम् ।**
**मुखप्रक्षालनात्पूर्वं गुदाप्रक्षालनं यथा ॥११॥**

દુર્જનને હું પ્રથમ વંદન કરું છું અને સજ્જનને તે પછી વંદન કરું છું, કારણકે મુખપ્રક્ષાલન કર્યા પહેલાં ગુદાનું પ્રક્ષાલન કરવું પડે છે. ॥૧૧॥

खलास्तु कुशलाः साधु-हितप्रत्यूहकर्मणि ।
निपुणाः फणिनः प्राणा-नपहर्तुं निरागसाम् ।।१२।।

ખલજનો સજ્જનોના હિતમાં વિઘ્ન કરવાને કુશલ હોય છે. જુઓ, સર્પો નિરપરાધી જનોના પ્રાણો હરવાને ચાલાક હોય છે. ।।૧૨।।

खद्योतो द्योतते ताव-द्यावन्नोदयते शशी ।
उदिते तु सहस्रांशौ न खद्योतो न चन्द्रमाः ।।१३।।

ખદ્યોત(આગીઓ) ત્યાં સુધી જ પ્રકાશે છે કે જ્યાં સુધી ચંદ્રમાં પોતે ઉદય પામતો નથી. પરંતુ જ્યારે સૂર્યનો ઉદય થાય, ત્યારે ખદ્યોત અને ચંદ્રમા બન્ને લુપ્ત થઇ જાય છે. ।।૧૩।।

# ग

गर्वं नोद्वहते न निन्दति परं नो भाषते निष्ठुरं,
प्रोक्तः केनचिदप्रियाणि सहते क्रोधं न चालम्बते ।
श्रुत्वा काव्यमलक्षणं परकृतं सन्तिष्ठते मूकवद्-
दोषाञ्छादयते स्वयं न कुरुते ह्येतत्सतां चेष्टितम् ।।१।।

ગર્વ ન કરે, પરની નિંદા ન બોલે, નિષ્ઠુર બોલ ન કહે, કોઇ અપ્રિય વચન બોલે તો સહન કરી લે, ક્રોધ ન લાવે, પરનું બનાવેલ લક્ષણરહિત કાવ્ય સાંભળતાં મૌન રહે, દોષને આચ્છાદિત કરી મૂકે અને પોતે દોષ ન કરે, એ સંતજનોનું લક્ષણ છે. ॥૧॥

गुणिनः समीपवर्ती पूज्यो लोकस्य गुणविहीनोऽपि ।
विमलेक्षणप्रसङ्गा-दञ्जनं प्राप्नोति काणाक्षि ।।२।।

ગુણીજનની પાસે રહેતાં ગુણહીન પણ લોકને પૂજ્ય થાય છે. નિર્મલ નેત્રના પ્રસંગથી કાણી ચક્ષુ પણ અંજનને પામી શકે છે. ॥૨॥

गुणा यत्र न पूज्यन्ते का तत्र गुणिनां गतिः ।
नग्नक्षपनकग्रामे रजकः किं करिष्यति ।।३।।

જ્યાં ગુણોનો અનાદર થાય છે, ત્યાં ગુણિજનો કેમ માન પામી શકે ?

વસ્ત્ર વિનાના લોકોના ગામમાં ધોબી આવીને શું કરશે? ॥૩॥

**गुणा गौरवमायान्ति न महत्योऽपि सम्पदः ।**

**पूर्णेन्दुः किं तथा वन्द्यो निष्कलङ्को यथा कृशः ॥४॥**

ગુણો જ ગૌરવ પામે છે, મોટી સંપત્તિને માન મળતું નથી. નિષ્કલંક અને કૃશ ચંદ્ર વંદ્ય છે, પણ પૂર્ણ ચંદ્રને કોઈ નમતું નથી. ॥૪॥

**गुणेष्वेवादरः कार्यः किमाटोपैः प्रयोजनम् ।**

**विक्रियन्ते न घण्टाभि-र्गावः क्षीरविवर्जिताः ॥५॥**

ગુણોનો જ આદર કરવો, આડંબરનું કંઇ પ્રયોજન નથી. ક્ષીર વિનાની ગાયો, કાંઇ ઘંટ બાંધવાથી વેચાતી નથી. ॥૫॥

**गतिभङ्गः स्वरो दीनो गात्रस्वेदो महाभयम् ।**

**मरणे यानि चिह्नानि तानि चिह्नानि याचके ॥६॥**

ગતિનો ભંગ, દીન સ્વર, શરીર પર પરસેવો અને મહાભય, એ મરણના લક્ષણો યાચકમાં પણ ઉપલબ્ધ થઇ શકે છે. ॥૬॥

**ग्रामो नास्ति कुतः सीमा पत्नी नास्ति कुतः सुतः ।**

**प्रज्ञा नास्ति कुतो विद्या धर्मो नास्ति कुतः सुखम् ॥७॥**

ગામ નથી તો સીમા(મર્યાદા) ક્યાંથી હોય? પત્ની નથી તો પુત્ર ક્યાંથી? બુદ્ધિ ન હોય તો વિદ્યા ક્યાંથી? અને ધર્મ ન હોય તો સુખ ક્યાંથી થાય? ॥૭॥

**ग्रामेऽभिरामं शून्यत्वं न वासस्तस्करैः कृतः ।**

**वरं मौग्ध्यं न वैदग्ध्यं कुसंसर्गसमुद्भवम् ॥८॥**

ગામમાં શૂન્યતાં હોય તે સારી, પણ ચોરોનો વાસ તે સારું નહિ. કુસંગથી થયેલ ચાલાકી કરતાં મૂર્ખાઇ હજાર દરજ્જે સારી છે. ॥૮॥

**गणिकाः कणिकामात्रसुखसम्पत्तिहेतवः ।**

**सर्वतः पर्वतप्रायं दुःखं ददति रागिणाम् ॥९॥**

ગણિકાઓ એક લેશમાત્ર સુખની હેતુભૂત છે, પણ રાગીજનોને તે સર્વત્ર પર્વત જેટલું દુઃખ તો અવશ્ય આપે જ છે. ॥૯॥

**गुणाः सर्वत्र पूज्यन्ते पितृवंशो निरर्थकः ।**
**वासुदेवं नमस्यन्ति वसुदेवं न ते जनाः ॥१०॥**

ગુણો જ સર્વત્ર પૂજાય છે, પણ પિતાનો વંશ નિરર્થક છે. જુઓ, જે લોકો વાસુદેવને નમે છે, તેઓ વસુદેવને નમતા નથી. ॥૧૦॥

**गुणिनोऽपि निरीक्ष्यन्ते केऽपि केपि नराः क्वचित् ।**
**गुणानुरागिणः किन्तु दुर्लभास्त्रिजगत्यपि ॥११॥**

કોઇ કોઇ ગુણીજનો હજી ક્યાંક જોવામાં આવે છે, પણ ગુણાનુરાગી જનો તો ત્રણે જગતમાં પણ દુર્લભ(પ્રાયઃ વિરલા જ) હશે. ॥૧૧॥

**गुणो भूषयते रूपं शीलं भूषयते कुलम् ।**
**सिद्धिर्भूषयते विद्यां भोगो भूषयते धनम् ॥१२॥**

ગુણ રૂપને શોભાવે છે, શીલ કુળને શોભાવે છે, સિદ્ધિ વિદ્યાને શોભાવે છે, અને ભોગ ધનને શોભાવે(સાર્થક કરે) છે. ॥૧૨॥

**गुणवज्जनसंसर्गा-द्याति स्वल्पोऽपि गौरवम् ।**
**पुष्पमालानुसङ्गेन सूत्रं शिरसि धार्यते ॥१३॥**

ગુણીજનના સંગથી સાધારણજન પણ ગૌરવને પામે છે. પુષ્પમાળાના અનુસંગથી દોરાને પણ લોકો મસ્તક પર ધારણ કરે છે. ॥૧૩॥

**गुणैरुत्तुङ्गतां याति नोच्चैरासनसंस्थितः ।**
**सुमेरुशिखरस्थोऽपि काकः किं गरुडायते ॥१४॥**

ગુણોથી જ લોકો ઉચ્ચતાને પામે છે, માત્ર ઊંચે આસને બેસવાથી મોટાઇ આવતી નથી. મેરુપર્વતના શિખર પર બેસવાથી કાગ કાંઇ ગરુડ બની જતો નથી. ॥૧૪॥

**गात्रं सङ्कुचितं गतिर्विगलिता भ्रष्टा च दन्तावलिः**
**दृष्टिर्नश्यति वर्धते बधिरता वक्त्रं च लालायते ।**

वाक्यं नाद्रियते च बान्धवजनैर्भार्या न शुश्रूयते
हा कष्टं पुरुषस्य जीर्णवयसः पुत्रोऽप्यमित्रायते।।१५।।

અહો! વૃદ્ધાવસ્થા આવતાં ગાત્ર સંકોચને પામે છે, ગતિ ગલિત અને દંતાવલિ ભ્રષ્ટ થઈ જાય છે, દૃષ્ટિ નાશ પામે છે, બધિરતા વધે છે અને મુખમાંથી લાળ પડવા માંડે છે, સ્વજનો વચન માનતા નથી, સ્ત્રી સેવા કરતી નથી અને પોતાનો પુત્ર પણ એક શત્રુ જેવો બની જાય છે. અહો! વૃદ્ધ પુરુષને એવી રીતે અનેક સંકષ્ટ સહન કરવાં પડે છે.।।૧૫।।

गंधः सुवर्णे फलमिक्षुदंडे नाकारि पुष्पं खलु चंदनेषु ।
विद्वान्धनाढ्यो न तु दीर्घजीवी धातुः पुरा कोऽपि न बुद्धिदोऽभूत्।।१६।।

સુવર્ણમાં સુગંધ, શેલડીમાં ફળ અને ચંદનમાં પુષ્પ તથા વિદ્વાનને ધનાઢ્ય ન બનાવ્યા. અહો! તેથી એમ લાગે છે કે પૂર્વે વિધાતાને કોઈ દીર્ઘદર્શી બુદ્ધિ આપનાર ન હતો, નહિ તો એમ ન કરત.।।૧૬।।

गर्भस्थं जायमानं शयनतलगतं मातुरुत्संगसंस्थं
बालं युवानं परिणतवयसं विश्वमार्यं खलं वा ।
वृक्षाग्रे शैलशृंगे नभसि पथि जले कोटरे पंजरे वा
पाताले वा प्रविष्टं हरति च सततं दुर्निवार्यः कृतान्तः।।१७।।

પ્રાણી જોઈએ તો ગર્ભમાં હોય, જન્મતો હોય, શય્યામાં પડ્યો હોય, માતાના ખોળામાં બેઠો હોય, બાલ, વૃદ્ધ, યુવાન, પાકી વયનો, આર્ય કે દુર્જન હોય, વળી તે વૃક્ષના અગ્રભાગપર હોય, પર્વતના શિખરપર હોય, આકાશ, માર્ગ કે જળમાં હોય, કોટર, પંજર કે પાતાલમાં પેઠો હોય, છતાં કાળ તેને અવશ્ય હરી લે છે. તેથી કૃતાંત ખરેખર દુર્નિવાર્ય છે.।।૧૭।।

गते शोको न कर्त्तव्यो भविष्यं नैव चिंतयेत् ।
वर्त्तमानेन योगेन वर्त्तंते हि विचक्षणाः।।१८।।

ગઈ વસ્તુનો શોક ન કરવો, અને ભવિષ્યના માટે ચિંતા ન કરવી. ચતુર જનો સદા વર્તમાન યોગથી જ વર્તે છે.॥૧૮॥

**गुरूणां विद्यया विद्वान् पितृवित्तेन वित्तवान् ।**
**शूरः परसहायेन नन्दिष्यति कियच्चिरम् ॥१९॥**

ગુરુની વિદ્યાથી વિદ્વાન્ બની બેઠેલ, પિતાના ધનથી ધનવાન્ થયેલ અને પરની સહાયતાથી શૂરવીર થયેલ કેટલો વખત ટકી શકશે ? ॥૧૯॥

**गतागतं जगत्यत्र ऋतवः षट् प्रकुर्वते ।**
**अङ्गे ग्रीष्मो दृशोर्वर्षा मातस्ते ध्रुवतां ययौ ॥२०॥**

આ જગતમાં છએ ઋતુઓ ગમનાગમન કર્યા કરે છે. પરન્તુ હે માત ! તારા અંગમાં ગ્રીષ્મ અને દષ્ટિમાં વર્ષાઋતુ ખરેખર સ્થિરતા પામી ગઇ લાગે છે. ॥૨૦॥

**गतः परिजनः सर्वः क्षीणं च प्राक्तनं धनम् ।**
**मरूभूमाविव मयि कुतस्तत्कमलोदयः ॥२१॥**

મારા પરિજન બધા ચાલ્યા ગયા અને મારું પૂર્વનું ધન બધું ક્ષીણ થઈ ગયું. તો મરુભૂમિ(મારવાડ)ના કમળની જેમ મારી પાસે હવે લક્ષ્મીનો ઉદય ક્યાંથી હોય ? ॥૨૧॥

**गुणग्रामभवे विश्व-व्यापके सद्यशः पटे ।**
**उत्पादयति मालिन्यं नृणां शशिमुखी मषी ॥२२॥**

ગુણગ્રામથી ઉત્પન્ન થયેલ અને વિશ્વમાં વ્યાપક એવા પુરુષોના યશરૂપ પટને સ્ત્રીરૂપી મસી મલિન બનાવે છે. ॥૨૨॥

**ग्रीष्मादनु भवेद् वृष्टी रात्रेरनु भवेद्दिनः ।**
**वियोगादनु संयोगः स्यान्न वेति वद स्वसः ॥२३॥**

ગ્રીષ્મઋતુ પછી વરસાદ, રાત્રિ પછી દિવસ અને વિયોગ પછી સંયોગ થાય કે નહિ ? હે મારી પ્રિયબેન ! તે કહો. ॥૨૩॥

गङ्गा पापं शशी तापं दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च घ्नन्ति सन्तो महाशयाः ।।२४।।

ગંગા પાપને હરે છે, ચંદ્રમા તાપને હરે છે અને કલ્પવૃક્ષ દીનતા(ગરીબાઈને) હરે છે, પરંતુ સંતમહાશયો તો પાપ, તાપ અને દીનતા-એ ત્રણેનો નાશ કરે છે. ।।૨૪।।

गिरयो गुरवस्तेभ्योऽप्युर्वी गुर्वी ततोऽपि जगदण्डम् ।
तस्मादप्यतिगुरवः प्रलयेऽप्यचला महात्मानः ।।२५।।

પર્વતો મોટા હોય છે, તે કરતાં પૃથ્વી મોટી છે, તે કરતાં જગત્(બ્રહ્માંડ) મોટું છે અને તે કરતાં પણ પ્રલય વખતે અચલ એવા મહાત્માઓ સર્વ કરતાં મોટા છે. ।।૨૫।।

गुणायन्ते दोषाः सुजनवदने दुर्जनमुखे
गुणा दोषायन्ते तदिदमपि नो विस्मयपदम् ।
महामेघः क्षारं पिबति कुरुते वारि मधुरं;
फणी क्षीरं पीत्वा वमति गरलं दुःसहतरम् ।।२६।।

સજ્જનપુરુષના મુખમાં દોષ તે ગુણરૂપ થઇ જાય છે અને દુર્જનના મુખમાં ગુણ તે દોષરૂપ થઇ જાય છે, એ કાંઈ વધારે આશ્ચર્યકારક નથી. કારણકે મહામેઘ સમુદ્રનું ખારું પાણી પીને મધુર જળ જગતને આપે છે અને સર્પ દૂધ પીને પણ અત્યંત દુઃસહ એવા વિષને બહાર કાઢે છે. ।।૨૬।।

गेहं दुर्गतबन्धुभिर्गुरुगृहं छात्रैरहङ्कारिभिः
हट्टं पत्तनवञ्चकैर्मुनिजनैः शापोन्मुखैराश्रमान् ।
सिंहाद्यैश्च वनं खलैर्नृपसभां चौरैर्दिगन्तानपि
सङ्कीर्णान्यवलोक्य सत्यसरलः साधुः क विश्राम्यति।।२७।।

ઘર, ગરીબ બાંધવોથી વ્યાપ્ત છે, ગુરુનું ભવન, અહંકારી વિદ્યાર્થીઓથી વ્યાપ્ત છે, હાટ, નગરના ધૂર્તજનોથી વ્યાપ્ત છે, આશ્રમો, શ્રાપ આપવામાં

તત્પર એવા મુનિજનોથી વ્યાપ્ત છે, સિંહાદિક ક્રૂર પ્રાણીઓથી વન વ્યાપ્ત છે, ખલજનોથી રાજસભા વ્યાપ્ત છે અને ચોરલોકોથી ચારે દિશાઓ વ્યાપ્ત છે, એ પ્રમાણે સર્વત્ર સંકીર્ણતા જોઇને સત્ય-સરલ સાધુજનો ક્યાં વિશ્રામ લેશે ? ॥૨૭॥

**गौरवं प्राप्यते दाना-न्न तु वित्तस्य सञ्चयात् ।**
**स्थितिरुच्चैः पयोदानां पयोधीनामधः स्थितिः ॥२८॥**

ધનનું દાન આપવાથી ગૌરવ પ્રાપ્ત થાય છે, પરંતુ તેનો સંચય કરવાથી ગૌરવ પ્રાપ્ત થતું નથી. જુઓ, મેઘ જળનો વ્યય કરવાથી ઊંચે રહે છે અને સમુદ્ર તેનો સંચય કરે છે માટે તેની અધઃસ્થિતિ જોવામાં આવે છે.॥૨૮॥

**गन्धाढ्यां नवमल्लिकां मधुकरस्त्यक्त्वा गतो यूथिकां,**
**तां दृष्ट्वाशु गतः स चन्दनवनं पश्चात्सरोजं गतः ।**
**बद्धस्तत्र निशाकरेण सहसा रोदित्यसौ मन्दधीः;**
**सन्तोषेण विना पराभवपदं प्राप्नोति सर्वो जनः ॥२९॥**

મધુકર(ભ્રંમર) ગંધયુક્ત નવમલ્લિકાના ત્યાગ કરીને હાથીઓના ટોળામાં ગયો, ત્યાંથી લલચાઈને ચંદનવનમાં ગયો, અને ત્યાંથી કમળ પર આવ્યો, ત્યાં ચંદ્રમાનાં યોગે તરત બંધાઈ ગયો અને તે મંદબુદ્ધિ અત્યંત ગુંજારવ(રુદન) કરવા લાગ્યો. ખરેખર સંતોષ વિના સર્વજનો પરાભવના સ્થાનને જ પામે છે. ॥૨૯॥

**गतं तत्तारुण्यं तरुणिहृदयानन्दजनकं,**
**विशीर्णा दन्तालिर्निजगतिरहो यष्टिशरणा ।**
**जडीभूता दृष्टिः श्रवणरहितं कर्णयुगलं;**
**मनो मे निर्लज्जं तदपि विषयेभ्यः स्पृहयति ॥३०॥**

અહો ! તરુણીજનને આનંદ આપનાર એવું તારુણ્ય ચાલ્યું ગયું, દાંત બધા જીર્ણ થઈને પડી ગયા, ચાલવાનું તો માત્ર હવે લાકડીના આધારે જ

રહ્યું, દષ્ટિ ઝાંખી પડી ગઈ, અને કર્ણયુગલમાં સાંભળવાની શક્તિ ન રહી, તથાપિ મારું નિર્લજ્જ મન વિષયોની ખાતર તલપ્યા કરે છે.॥૩૦॥

**गुणेन स्पृहणीयः स्यान्न रूपेण युतो जनः ।**
**सौगन्ध्यवर्ज्यं नादेयं पुष्पं कान्तमपि क्वचित् ॥३१॥**

પુરુષ ગુણથી વધારે માનનીય થાય છે પણ રૂપથી તે માન્ય થતો નથી, કારણકે સુગંધરહિત મનોહર પુષ્પ હોવા છતાં તે ક્યાંય આદર પામતું નથી. ॥૩૧॥

**गुणा गुणज्ञेषु गुणीभवन्ति ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः।**
**सुस्वादुतोयाः प्रवहन्ति नद्यः समुद्रमासाद्य भवन्त्यपेयाः॥३२॥**

ગુણજ્ઞજનોને ગુણો તે ગુણરૂપે જ પરિણમે છે અને તે જ ગુણો નિર્ગુણ પુરુષને પામતાં દોષરૂપ થઇ જાય છે. જુઓ નદીઓનું પાણી બહુ સ્વાદિષ્ટ હોય છે, છતાં તે જ્યારે સમુદ્ર સાથે મળે છે, ત્યારે ખારું બની જાય છે. ॥૩૨॥

**गुणेषु यत्नः पुरुषेण कार्यो न किञ्चिदप्राप्यतमं गुणानाम्।**
**गुणप्रकर्षादुडुपेन शम्भोरलङ्घ्यमुल्लङ्घितमुत्तमाङ्गम्॥३३॥**

પુરુષોએ ગુણોને માટે સતત પ્રયત્ન કરવો તે ઉત્તમ છે, કારણકે ગુણના પ્રકર્ષથી ચંદ્રમા શંકરના અલંઘનીય મસ્તક પર ચડી બેઠો છે.॥૩૩॥

**गजभुजङ्गमयोरपि बन्धनं शशिदिवाकरयोर्ग्रहपीडनम् ।**
**मतिमतां च समीक्ष्य दरिद्रतां विधिरहो बलवानिति मे मतिः**

**॥३४॥**

ગજ(હાથી) અને સર્પને બંધન, ચંદ્ર તથા સૂર્યને ગ્રહથી પીડન અને બુદ્ધિમંતોની નિર્ધનતાને જોઇને, અહો! વિધાતા જ બલવાન્ છે, એમ મારું માનવું છે. ॥૩૪॥

# घ

घृतं न श्रूयते कर्णे-र्दधि स्वप्नेऽपि दुर्लभम् ।
मुग्धे दुग्धस्य का वार्ता तक्रं शक्रस्य दुर्लभम् ।।१।।

હે મુગ્ધે! ઘીનું નામ કાને સાંભળ્યું નથી અને દહીં તો સ્વપ્નમાં પણ દુર્લભ છે, તો દુધની શી વાત ? માટે ઇંદ્રને પણ દુર્લભ એવી છાશ લઇ આવ. ।।૧।।

घृष्टं घृष्टं पुनरपि पुनश्चन्दनं चारुगन्धम्,
छिन्नं छिन्नं पुनरपि पुनः स्वाददं चेक्षुदण्डम् ।
तप्तं तप्तं पुनरपि पुनः काञ्चनं कान्तवर्णम्;
न प्राणान्ते प्रकृतिविकृतिर्जायते सज्जनानाम् ।।२।।

ચંદનને ભલે વારંવાર ઘસો, તથાપિ તે વધારે સુગંધિ થશે, શેલડીને ભલે છેદી નાખો, તો પણ તે સ્વાદ આપશે, કાંચનને ભલે ગમે તેટલું તપાવો, તથાપિ તે પોતાના વર્ણને મૂકશે નહિ, તેમ સજ્જનજનો પ્રાણાંતે પણ પોતાની માનસિક-મર્યાદા મૂકતા નથી, અર્થાત્ તેમનો સ્વભાવ બદલતા નથી. ।।૨।।

घृष्टे नेत्रे करौ घृष्टौ घृष्टा जिह्वा रदैः समम् ।
घृष्टानि पदकायूंषि घृष्टं नान्तर्गतं मनः ।।३।।

નેત્ર અને હાથ ઘસાઇ ગયા, દાંતોની સાથે જીભ ઘસાઇ ગઇ અને પગ તથા આયુ પણ ઘસાઇ ગયાં, છતાં હજી અંતરનું મન ન ઘસાયું.॥૩॥

**घृतकुम्भसमा नारी तप्ताङ्गारसमः पुमान् ।**
**तस्माद् घृतं च वह्निं च नैकत्र स्थापयेद् बुधः ॥४॥**

સ્ત્રી એ ઘૃતના કુંભ સમાન છે અને પુરુષ એ તપ્ત અંગાર સમાન છે. માટે સુજ્ઞજનો ઘૃત અને અગ્નિને એકત્ર(એક સ્થળે) સ્થાપન કરતાં નથી. ॥૪॥

**घर्मार्त्तं न तथा सुशीतलजलैः स्नानं न मुक्तावलि-**
**र्न श्रीखण्डविलेपनं सुखयति प्रत्यङ्गमप्यर्पितम् ।**
**प्रीत्यै सज्जनभाषितं प्रभवति प्रायो यथा चेतसः**
**सद्युक्त्या च पुरस्कृतं सुकृतिनामाकृष्टिमन्त्रोपमम् ॥५॥**

ઘામ(ગરમી)થી પીડિત થયેલ પુરુષને અત્યંત શીતલ જળથી સ્નાન કરતાં શાંતિ વળતી નથી, મોતીની માળા કે દરેક અંગે કરેલ ચંદનના વિલેપનથી પણ તેને શાંતિ મળતી નથી, જેમ પુણ્યને ખેંચી લાવનાર મંત્ર સમાન અને સારી યુક્તિથી બોલવામાં આવેલ સજ્જનપુરુષના સુભાષિતથી તેના ચિત્તને જે શાંતિ ઉપજે છે, તેવી શાંતિ તો ખરેખર! ઉપર કહેલ પદાર્થોથી તો નથી જ થતી. ॥૫॥

# च

चिन्तया नश्यति रूपं चिन्तया नश्यति बलम् ।
चिन्तया नश्यति ज्ञानं व्याधिर्भवति चिन्तया ।।१।।

ચિંતાથી રૂપ, બળ અને જ્ઞાન નષ્ટ થાય છે અને વધારે રહેવાથી વ્યાધિ ઉત્પન્ન થાય છે. ।।૧।।

चिन्ता चिता समानास्ति बिन्दुमात्रविशेषतः ।
सजीवं दहते चिन्ता निर्जीवं दहते चिता ।।२।।

ચિંતા અને ચિતા સમાન જ છે, પણ તેમાં એક બિંદુ અધિક છે, તેથી ચિંતા સજીવને બાળે છે અને ચિતા નિર્જીવને બાળે છે. ।।૨।।

चत्तारि परमङ्गाणि दुल्लहाणि ह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ।।३।।

આ જગતમાં પ્રાણીઓને ચાર અંગ અતિશય દુર્લભ છે, તેમાં પ્રથમ મનુષ્યત્વ, શ્રુત સાંભળવું, ધર્મ પર શ્રદ્ધા અને સંયમમાં આત્મવીર્ય. ।।૩।।

चत्वारो नरकद्वाराः प्रथमं रात्रिभोजनम् ।
परस्त्रीगमनं चैव सन्धानानन्तकायके ।।४।।

રાત્રિભોજન, પરસ્ત્રીગમન, બોળ અથાણું અને અનંતકાયનું ભક્ષણ, એ ચાર નરકના દ્વાર કહેવામાં આવ્યા છે. ॥૪॥

**चौर्यं पापद्रुमस्येह वधबन्धादिकं फलम् ।**
**जायते परलोके तु फलं नरकवेदना ॥५॥**

ચોરીરૂપ પાપવૃક્ષનું ફળ આ લોકમાં વધ, બંધાદિક પ્રાપ્ત થાય છે અને પરલોકમાં નરકની વેદના ભોગવવી પડે છે. ॥૫॥

**चेतोहरा युवतयः स्वमनोनुकूलाः,**
**सद्बान्धवाः प्रणयगर्भगिरश्च भृत्याः ।**
**गर्जन्ति दन्तिनिवहास्तरलास्तुरङ्गाः**
**संमीलने नयनयोर्न हि किञ्चिदस्ति ॥६॥**

પોતાના મનને અનુકૂલ અને સૌંદર્યવતી યુવતિઓ હોય, સારા બાંધવો હોય, પ્રેમાળવચન બોલનારા ચાકરો હોય, હાથીઓ ગાજતા હોય, અને ચપળ અશ્વો હોય પણ જ્યારે આંખ મીંચાઈ જાય એટલે એમાંનું કંઇ પણ રહેતું નથી.॥૬॥

**चत्वारः प्रहरा यान्ति देहिनां गृहचेष्टितैः ।**
**तेषां पादे तदर्धे वा कर्त्तव्यो धर्मसङ्ग्रहः ॥७॥**

ઘરનાં કાર્યોમાં મગ્ન થયેલા પ્રાણીઓના ચારે પ્રહર ચાલ્યા જાય છે, માટે તેમાં એક પ્રહર અથવા અર્ધ પ્રહર પણ ધર્મસંગ્રહ કરવો તે ભવ્યજનોને ઉચિત છે. ॥૭॥

**चक्षुर्दग्धं परस्त्रीभि-र्हस्तौ दग्धौ प्रतिग्रहैः ।**
**जिह्वा दग्धा परान्नेन गतं जन्म निरर्थकम् ॥८॥**

પરસ્ત્રીઓનું અવલોકન કરવાથી નેત્ર દગ્ધ થયાં, બીજાઓની વસ્તુઓ લેતાં હસ્ત દગ્ધ થયા અને પરનું અન્ન જમતાં જીભ દગ્ધ થઈ, એમ બધો જન્મ નિરર્થક ગયો. ॥૮॥

चित्तज्ञः शीलसम्पन्नो वाग्मी दक्षः प्रियंवदः ।
यथोक्तवादी स्मृतिमान् दूतः स्यात्सप्तभिर्गुणैः ।।९।।

પરના મનને જાણનાર, શીલસંપન્ન, બોલવામાં ચાલાક, દક્ષ, પ્રિયવાદી, યથાર્થ બોલનાર અને સ્મરણમાં રાખનાર, એ સાત ગુણો દૂતમાં હોવા જોઇએ. ॥૯॥

चितां प्रज्वलितां दृष्ट्वा वैद्यो विस्मयमागतः ।
नाहं गतो न मे भ्राता कस्येदं हस्तलाघवम् ।।१०।।

પ્રજ્વલિત ચિતાને જોઇને વૈદ્ય વિસ્મય પામ્યો કે, અહીંથી હું કે મારો ભાઈ તો ક્યાંય ગયા નથી, છતાં આ હસ્તલાઘવ(હાથ-ચાલાકી) કોની હશે? ॥૧૦॥

च्युता दन्ता सिताः केशा दृङ्निरोधः पदे पदे ।
पातसज्जमिमं देहं तृष्णा साध्वी न मुञ्चति ।।११।।

દાંત બધા પતિત થયા, કેશ બધા સફેદ થયા અને પગલે પગલે દૃષ્ટિ અટકવા લાગી તથા આ દેહ જાણે હવે પડવાની તૈયારી કરતો હોય તે છતાં અહો ! તૃષ્ણારૂપ સતી મૂકતી નથી. ॥૧૧॥

चिरं ध्याता रामा क्षणमपि न रामप्रतिकृतिः
परं पीतं रामाधरमधु न रामाङ्घ्रिसलिलम् ।
नता रुष्टा रामा यदरचि न रामाय विनति-
र्गतं मे जन्माग्र्यं न दशरथजन्मा परिगतः ।।१२।।

અહો! રામા(સ્ત્રી)નું મેં નિરંતર ધ્યાન ધર્યું, પણ શ્રીપરમાત્માની મૂર્તિનું એક ક્ષણભર પણ ધ્યાન ન ધર્યું, સ્ત્રીના અધરામૃતનું બરાબર રીતે પાન કર્યું, પરંતુ પરમાત્માના ચરણામૃતનું પાન ન કર્યું, રુષ્ટમાન થયેલ રમણીના ચરણે પડ્યો, પરંતુ પરમાત્માના પગે ન પડ્યો. અહો! એમ કરતાં મારો જન્મ ગયો છતાં શ્રીપરમાત્મા મને પ્રાપ્ત ન થયા. ॥૧૨॥

चाण्डालश्च दरिद्रश्च द्वावेतौ सदृशाविह ।
चाण्डालस्य न गृह्णन्ति दरिद्रो न प्रयच्छति ।।१३।।

ચાંડાળ અને દરિદ્ર એ બંને સમાન કહેલા છે. જુઓ, ચાંડાલનું દાન કોઈ લેતા નથી અને દરિદ્ર પોતે દાન આપતો જ નથી. ।।૧૩।।

चन्द्रः क्षयी प्रकृतिवक्रतनुर्जडात्मा,
दोषाकरः स्फुरति मित्रविपत्तिकाले।
मूर्ध्ना तथापि विधृतः परमेश्वरेण
नैवाश्रितेषु महतां गुणदोषशङ्का ।।१४।।

જુઓ, ચંદ્ર ક્ષય પામે છે, સ્વભાવે વક્ર શરીરવાળો છે, જડાત્મા છે, દોષાકર એટલે રાત્રિને કરનાર છે અને મિત્ર(સૂર્ય)ના વિપત્તિકાળે તે સ્ફુરાયમાન થાય છે, અહો ! તથાપિ શંકર તેને મસ્તક પર ધારણ કરે છે, માટે મહાપુરુષો પોતાના આશ્રિતોમાં ગુણ કે દોષની શંકા જ કરતા નથી. ।।૧૪।।

चलं वित्तं चलं चित्तं चले जीवितयौवने ।
चलाचलमिदं सर्वं कीर्तिर्यस्य स जीवति ।।१५।।

જગતમાં ધન ચલાયમાન છે, મન ચલાયમાન છે, જીવિત અને યૌવન પણ ચલાયમાન છે, એટલું જ નહિ પણ આ બધું ચલાયમાન જ છે, તેથી જેની કીર્તિ જાગ્રત છે, તેજ જીવંત છે. ।।૧૫।।

चन्दनं शीतलं लोके चन्दनादपि चन्द्रमाः ।
चन्द्रचन्दनयोर्मध्ये शीतला साधुसङ्गतिः ।।१६।।

જગતમાં ચંદન શીતલ કહેવાય છે અને ચંદન કરતાં પણ ચંદ્રમા અધિક શીતલ છે, વળી ચંદન તથા ચંદ્રમા કરતાં પણ સાધુજનોની સંગત અધિક શીતલ છે. ।।૧૬।।

चातकस्त्रिचतुरान्पयःकणान् याचते जलधरं पिपासया ।
सोऽपि पूरयति विश्वमम्भसा हन्त हन्त महतामुंदारता ।।१७।।

ચાતંક પિપાસાને લીધે મેઘ પાસે માત્ર જળના ત્રણ ચાર બિંદુની યાચના કરે છે અને મેઘ સમસ્ત જગતને જળથી પૂરી કરી દે છે. અહો! જુઓ તો ખરા કે મહાજનોની ઉદારતા કેવી હોય છે ? ॥૧૭॥

**चलन्ति गिरयः कामं युगान्तपवनाहताः ।**
**कृच्छ्रेऽपि न चलत्येव धीराणां निश्चलं मनः ॥१८॥**

પ્રલયકાળના પવનથી આઘાત પામેલ પર્વતો કદાચ અત્યંત ચલાયમાન થાય, તથાપિ કષ્ટ આવી પડતાં પણ ધીરપુરુષોનું નિશ્ચલ મન કદાપિ ચલાયમાન થતું નથી. ॥૧૮॥

**चित्ते भ्रान्तिर्जायते मद्यपानाद् भ्रान्ते चित्ते पापचर्यामुपैति ।**
**पापं कृत्वा दुर्गतिं यान्ति मूढास्तस्मान्मद्यं नैव पेयं न पेयम्**
**॥१९॥**

મદ્ય-મદિરાનું પાન કરવાથી ચિત્તમાં ભ્રાંતિ ઉત્પન્ન થાય છે, ચિત્ત ભ્રમિત થવાથી તે પાપકર્મતરફ પ્રેરાય છે અને પાપના પ્રતાપે તે મૂઢ જનો દુર્ગતિમાં જાય છે, માટે મદ્યપાન કદાપિ ન જ કરવું. ॥૧૯॥

**चत्वारो धनदायादा धर्माग्निनृपतस्कराः ।**
**तेषां ज्येष्ठावमानेन त्रयः कुप्यन्ति बान्धवाः ॥२०॥**

ધર્મ, અગ્નિ, રાજા અને તસ્કર(ચોર) એ ચાર ધનના ભાગીદાર હોય છે. તેમાં પ્રથમનું અપમાન કરવામાં આવે, તો ત્રણે(અગ્નિ, નૃપ અને તસ્કર) બાંધવ કોપાયમાન થાય છે. ॥૨૦॥

**चाण्डालः पक्षिणां काकः पशूनां चैव कुक्कुरः ।**
**कोपो मुनीनां चाण्डाल-श्चाण्डालः सर्वनिन्दकः ॥२१॥**

પક્ષીઓમાં કાગડો એ ચાંડાલ છે, પશુઓમાં કુતરો ચાંડાલ, મુનિઓમાં ક્રોધ ચાંડાલ અને નિંદા કરનાર તે સર્વ કરતાં મોટો ચંડાળ છે. ॥૨૧॥

चातकः स्वानुमानेन जलं प्रार्थयतेऽम्बुदात् ।
स स्वौदार्यतया सर्वां प्लावयत्यम्बुना महीम् ।।२२।।

ચાતક પોતાના અનુમાનથી મેઘ પાસે પાણીની પ્રાર્થના કરે છે, પરંતુ તે તો પોતાની ઉદારતાથી સમસ્ત પૃથ્વીને જળમય બનાવી દે છે. ॥૨૨॥

चित्रकृदघकर्त्ता च कुवैद्यः कुनरेश्वरः ।
चत्वारो नरकं यान्ति पञ्चमो ग्रामकूटकः ।।२३।।

ચિત્રકાર, પાપ કરનાર, ખરાબ વૈદ્ય, અન્યાયી રાજા અને પાંચમો ગામને સતાવનાર-એ પાંચે નરકે જાય છે. ॥૨૩॥

चैत्ये पूजा गुरौ भक्ति-र्दीने दानं जपस्तपः ।
सर्वाधिदुर्गभङ्गाय पञ्चैते वज्रमुद्गराः ।।२४।।

ચૈત્યપૂજા, ગુરુભક્તિ, દીનને દાન, જપ તથા તપ, એ પાંચ સર્વ આધિરૂપ કિલ્લાને ભેદવા માટે વજ્રના મુદ્દગર સમાન છે. ॥૨૪॥

चेन्मुञ्चति घनोऽङ्गारांश्चेन्मज्जयति तारकः ।
राजा चेत्कुरुतेऽन्यायं का तत्र स्यात्प्रतिक्रिया ।।२५।।

જો મેઘ અંગારા વરસાવે, તારુ પોતે ડૂબે યા ડૂબાડે અને રાજા પોતે અન્યાય કરે, ત્યાં બીજો ઉપાય શું ચાલે? ॥૨૫॥

# છ

छिन्नोऽपि चन्दनतरुर्न जहाति गन्धम्,
वृद्धोऽपि वारणपतिर्न जहाति लीलाम् ।
यन्त्रार्पिता मधुरतां न जहात्यपीक्षुः;
क्षीणोऽपि न त्यजति शीलगुणान् कुलीनः ।।१।।

ચંદનવૃક્ષને કાપતાં પણ તે સુગંધ છોડતો નથી, વૃદ્ધ થયા છતાં ગજેંદ્ર પોતાની લીલાને તજતો નથી અને શેલડીને યંત્રમાં પીલવા છતાં તે મધુરતાને મૂકતી નથી, તેમ કુલીન પુરુષ ક્ષીણ થયા છતાં પોતાના શીલાદિ ગુણોને તજતો નથી. ।।૧।।

छिन्नमूलो यथा वृक्षो गतशीर्षो यथा भटः ।
धर्महीनो धनी तद्वत् कियत्कालं ललिष्यति ।।२।।

મૂલહીન વૃક્ષ અને શિરરહિત સુભટની જેમ ધર્મહીન ધનવાન્ કેટલો વખત સુખ ભોગવી શકશે ? અર્થાત્ નહિ જ ટકશે. ।।૨।।

छिन्नोऽपि रोहति तरु-श्चन्द्रः क्षीणोऽपि वर्धते लोके ।
इति विमृशन्तः सन्तः सन्तप्यन्ते न लोकेऽस्मिन् ।।३।।

વૃક્ષ છેદવામાં આવતાં પણ તે પુનઃ નવપલ્લવિત થાય છે, ચંદ્ર ક્ષીણ છતાં તે પુનઃ વૃદ્ધિ પામે છે, એમ ધારીને સંતજનો આ જગતમાં સંતપ્ત થતા નથી. ॥૩॥

**छायामन्यस्य कुर्वन्ति तिष्ठन्ति स्वयमातपे ।**

**फलान्यपि परार्थाय वृक्षा सत्पुरुषाः इव ॥४॥**

જે પોતે આતપ(તડકા)માં રહીને અન્યને શીતલ છાયા આપે છે, એટલું જ નહિ, પણ જેઓ જગતને ફળો આપીને પરોપકાર કરે છે, એવા વૃક્ષો તે ખરેખર ! સત્પુરુષો જેવા જ કહેવાય છે. ॥૪॥

# ज

जामाता जठरो जाया जातवेदा जलाशयः,
पूरिता नैव पूर्यंते जकाराः पञ्च दुर्भराः ।।१।।
जननी जन्मभूमिश्च जाह्नवी च जनार्दनः;
जनकः पञ्चमश्चैव जकाराः पञ्च दुर्लभाः ।।२।।

જમાઇ, જઠર, જાયા(સ્ત્રી), અગ્નિ અને જલાશય એ પાંચ જકાર પૂરતાં પણ પૂરાય નહિ, માટે દુર્ભર કહેલ છે, અને જનની, જન્મભૂમિ, ગંગા(તીર્થ), જનાર્દન(ભગવાન્) અને જનક-એ પાંચ જકાર દુર્લભ કહેવામાં આવ્યા છે. ।।૧-૨।।

जनिता चोपनेता च यस्तु विद्यां प्रयच्छति ।
अन्नदाता भयत्राता पञ्चैते पितरः स्मृताः ।।३।।

જન્મ આપનાર, ધર્મમાર્ગ બતાવનાર, શુભ વિદ્યા આપનાર, અન્નદાતા અને ભયથી બચાવનાર એ પાંચને પિતાસમાન કહેલ છે. ।।૩।।

जीवन्तोऽपि मृताः पञ्च व्यासेन परिकीर्तिताः ।
दरिद्रो व्याधितो मूर्खः, प्रवासी नित्यसेवकः ।।४।।

વ્યાસમુનિએ કહ્યું છે કે દરિદ્ર, રોગી, મૂર્ખ, પ્રવાસી(નિત્ય મુસાફર)

અને સદા સેવક, એ પાંચ જીવતા છતાં મૃતસમાન છે. ॥૪॥

**जलदो भास्करो वृक्ष-श्चन्द्रमा धर्मदेशकः ।**

**एतेषामुपकाराणां नास्ति सीमा महीतले ॥५॥**

મેઘ, સૂર્ય, વૃક્ષ, ચંદ્રમાં અને ધર્મોપદેશ આપનાર-એ પાંચેના ઉપકારોની જગતમાં સીમા(હદ) નથી, અર્થાત્ બહુ ઉપકારી છે. ॥૫॥

**जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं,**

**मानोन्नतिं दिशति पापमपाकरोति ।**

**चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं;**

**सत्सङ्गतिः कथय किं न करोति पुंसाम् ॥६॥**

અહો ! જે બુદ્ધિની જડતાને દૂર કરે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, માનને ઉન્નત કરે છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન રાખે છે અને ચારે દિશામાં કીર્તિને વિસ્તારે છે... હે મિત્ર ! તે સત્સંગથી પુરુષોને શું પ્રાપ્ત ન થાય? ॥૬॥

**जैनो धर्मः प्रकटविभवः सङ्गतिः साधुलोके,**

**विद्वद्गोष्ठी वचनपटुता कौशलं सत्क्रियासु ।**

**साध्वी लक्ष्मीश्चरणकमलोपासना सद्गुरूणां;**

**शुद्धं शीलं मतिरमलिना प्राप्यते भाग्यवद्भिः ॥७॥**

પ્રગટ પ્રભાવી જૈનધર્મની પ્રાપ્તિ, સાધુજનોનો સંગ, સુજ્ઞજનો સાથે ગોષ્ઠી, વચનપટુતા, સત્ક્રિયાઓમાં કુશલતા, સારી(પુણ્યાનુબંધી) લક્ષ્મી, સદ્ગુરુના ચરણ-કમળની ઉપાસના, શુદ્ધ શીલ અને નિર્મળ મતિ-એ ભાગ્યવંત જનોને જ પ્રાપ્ત થઈ શકે છે. ॥૭॥

**जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः सत्त्वानुकम्पा शुभपात्रदानम् ।**

**गुणानुरागः श्रुतिरागमस्य नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥८॥**

જિનપૂજા, ગુરુમહારાજની સેવા, પ્રાણીઓની દયા, સુપાત્રે દાન, ગુણાનુરાગ અને શાસ્ત્રશ્રવણ એ છ નરજન્મરૂપ વૃક્ષના ફળો છે. ॥૮॥

जठराग्निः पचत्यन्नं फलं कालेन पच्यते ।
कुमन्त्रैः पच्यते राजा पापी पापेन पच्यते ।।९।।

જઠરાગ્નિ અન્નને પચાવે છે, કાળ ફળોને પકાવે છે, રાજા કુમંત્રીઓથી પચે છે, અને પાપી પોતાના પાપથી જ પચ્યા કરે છે. ।।૯।।

जल्पन्ति सार्धमन्येन पश्यन्त्यन्यं सविभ्रमाः ।
हृद्गतं चिन्तयन्त्यन्यं प्रियः को नाम योषितः ।।१०।।

અહો ! સ્ત્રીઓ એક પુરુષ સાથે વાતો કરે છે, અન્યને વિભ્રમથી નિહાળે છે અને હજી ત્રીજાને અંતરથી ચિંતવે છે, તો સ્ત્રીઓને પ્રિય કોણ હોય ? ।।૧૦।।

जीवाः सुखेच्छवः सर्वे सुखं धर्मात्प्रजायते ।
जीवनं तस्य कारुण्यं प्राहुः स्तन्यं शिशोरिव ।।११।।

સર્વ જીવોને સુખની ઇચ્છા હોય છે, તે સુખ ધર્મથી જ થઇ શકે, અને બાળકને સ્તનના દૂધની જેમ તે ધર્મનું જીવન દયા જ કહેવામાં આવેલ છે. ।।૧૧।।

जालान्मुच्यते मीनोऽपि वीतंसाद्याति पक्ष्यपि ।
गजोऽपि गच्छत्यालाना-त्स्त्रीपाशान्न पुनर्नरः ।।१२।।

માછલું કદાચ જાળથી મુક્ત થઇ શકે, પક્ષી પાશમાંથી મુક્ત થઇ શકે, અને હાથી કદાચ આલાન-સ્તંભમાથી મુક્ત થઈ શકે, પરંતુ પુરુષ સ્ત્રીના પાશમાંથી કદાપિ મુક્ત થઈ શકતો નથી. ।।૧૨।।

जैनश्रुतामृतास्वाद-मनुभूयापि पापिनि ।
किं सुरापानव्यसने रसने गलितासि नः ।।१३।।

હે રસના ! જૈનશાસ્ત્રામૃતનું પાન કરવા છતાં પણ હજી હે પાપિણી ! તું સુરાપાનના વ્યસનમાં કેમ આસક્ત થઇ ગઇ છે? ।।૧૩।।

जाता ये योषितामिष्टा-स्ते भ्रष्टा एव धर्मतः ।

विषवल्लीवनं लीनाः क्वचिज्जीवन्ति ते नराः ।।१४।।

જે પુરુષો સ્ત્રીઓને ઇષ્ટ થયા, તેઓ ધર્મથી ભ્રષ્ટ થાય છે. વિષવલ્લીના વનમાં લીન થયા પછી તેઓ શું જીવવાના હતા ? ।।૧૪।।

जन्तुघातं प्रकुर्वन्ति क्षणिकस्वात्मतृप्तये ।
शीतलेशापनोदाय दवदानमिवाधमाः ।।१५।।

પોતાને ક્ષણિક તૃપ્તિ થાય તેને માટે જેઓ પ્રાણીઓનો વધ કરે છે, તે અધમજનો અલ્પશીતને દૂર કરવા દાવાનલ સળગાવ્યા જેવું કરે છે.।।૧૫।।

जयन्ति जितमत्सराः परहितार्थमभ्युद्यताः,
परा‌भ्युदयसुस्थिताः परविपत्तिखेदाकुलाः ।
महापुरुषसत्कथाश्रवणजातकौतूहलाः;
समस्तदुरितार्णवप्रकटसेतवः साधवः ।।१६।।

જેમણે મત્સરનો જય કર્યો છે, જે પરોપકાર-કરવાને સદા તત્પર છે, અન્યના અભ્યુદયને માટે જે પ્રયત્નશીલ છે, પરની વિપત્તિ જોઇને જે ખેદાકુલ થાય છે, મહાપુરુષોની સત્કથા સાંભળવાને જે સદા કૌતુકી છે તથા જેઓ સમસ્ત પાપરૂપ સમુદ્રના સાક્ષાત્ સેતુ(પુલ)રૂપ છે એવા સાધુમહાત્માઓ સદા જયવંત વર્તે છે. ।।૧૬।।

जनयन्त्यर्जने दुःखं तापयन्ति विपत्तिषु ।
मोहयन्ति च सम्पत्तौ कथमर्थाः सुखावहाः ।।१७।।

અહો ! જેને ઉપાર્જન કરતાં કષ્ટ થાય છે, નાશ થતાં જે સંતાપ ઉત્પન્ન કરે છે, પ્રાપ્ત થતાં જે અત્યંત મોહ પમાડે છે, તો લક્ષ્મી સુખકારી છે, એમ કેમ કહી શકાય ? ।।૧૭।।

जलबिन्दुनिपातेन क्रमशः पूर्यते घटः ।
स हेतुः सर्वविद्यानां धर्मस्य च धनस्य च ।।१८।।

પાણીના બિંદુ બિંદુથી જેમ અનુક્રમે ઘડો ભરાય છે, તે પ્રમાણે સર્વ વિદ્યાઓ, ધર્મ અને ધનનો પણ આસ્તે આસ્તે સંગ્રહ થઈ શકે છે.।।૧૮।।

जले तैलं. खले गुह्यं पात्रे दानं मनागपि।

प्राज्ञे शास्त्रं स्वयं याति विस्तारं वस्तुशक्तितः ।।१९।।

પાણીમાં તેલ, ખળ પુરષમાં ગુહ્ય(છાની વાત), સુપાત્રે દાન અને સુજ્ઞજનમાં શાસ્ત્ર, એ અલ્પ છતાં વસ્તુશક્તિથી સ્વયમેવ વિસ્તારને પામે છે. ।।૧૯।।

जानीयात्सङ्गरे भृत्यान् बान्धवान् व्यसनागमे ।

आपत्कालेषु मित्राणि भार्यां च विभवक्षये ।।२०।।

રણસંગ્રામમાં સેવકોની ખબર પડે છે, સંકટવખતે બાંધવોની ખબર પડે છે, આપત્તિસમયે મિત્રોની અને નિર્ધનના વખતે સ્ત્રીની ખબર પડે છે અર્થાત્ તેમની કસોટી થાય છે. ।।૨૦।।

जातेति कन्या महती हि चिन्ता,

कस्मै प्रदेयेति महान् वितर्कः ।

दत्ता सुखं यास्यति वा न वेति;

कन्यापितृत्वं खलु नाम कष्टम् ।।२१।।

કન્યા જન્મ પામે, એટલે મોટી ચિંતા થઈ પડે છે કે હવે આ કોને આપવી ? વળી આપ્યા પછી પણ હમેશા વિચાર થયા કરે છે કે એ સુખી થશે કે નહિ ? અહો ! ખરેખર ! કન્યાના પિતા થવું, એ પણ મોટામાં મોટું કષ્ટ છે. ।।૨૧।।

जानन्ति पशवो गन्धा-द्वेदाज्जानन्ति पण्डिताः ।

चाराज्जानन्ति राजान-श्चक्षुर्भ्यामितरे जनाः ।।२२।।

પશુઓ ગંધથી જાણી શકે છે, પંડિતો વેદ(શાસ્ત્રાભ્યાસ)થી જાણી શકે છે, રાજાઓ ચરપુરુષોથી જાણી શકે છે અને ઇતરજનો બધા ચક્ષુથી જાણી અને જોઇ શકે છે. ।।૨૨।।

राजन् दुधुक्षसि यदि क्षितिधेनुमेतां,

तेनाद्य वत्समिव लोकममुं पुषाण ।

तस्मिंश्च सम्यगनिशं परिपोष्यमाणे;

नानाफलैः फलति कल्पलतेव भूमिः ।।२३।।

હે રાજન્ ! જો તારે આ પૃથ્વીરૂપ ગાયને દોહવાની ઇચ્છા હોય, તો આ લોકોનું વત્સની જેમ પોષણ કર. એનું સમ્યક્ પ્રકારે નિરંતર પરિપોષણ કરવાથી કલ્પલતાની જેમ એ ભૂમિ વિવિધ ફળો આપી તને આનંદિત કરશે. ॥૨૩॥

जलमग्निर्विषं शस्त्रं क्षुद् व्याधिः पतनं गिरेः ।

निमित्तं किञ्चिदासाद्य देही प्राणान् विमुञ्चति ।।२४।।

જળ, અગ્નિ, વિષ, શસ્ત્ર, ક્ષુધા, વ્યાધિ અને પર્વત પરથી પતન એમાંનું કંઇક નિમિત્ત લઇને જીવ પ્રાણોથી મુક્ત થાય છે(મરણ પામે છે). ॥૨૪॥

जडे प्रभवति प्रायो दुःखं बिभ्रति साधवः ।

शीतांशावुदिते पद्माः सङ्कोचं यान्ति वारिणि ।।२५।।

જડ(અજ્ઞ)પુરુષની સત્તા વધતાં પ્રાયે સાધુજનો સંતાપ પામે છે. કારણકે ચંદ્રમાનો ઉદય થતાં પદ્મો પાણીમાં સંકોચ પામે છે. ॥૨૫॥

जवो हि सप्तेः परमं विभूषणं त्रपाङ्गनायाः कृशता तपस्विनः।

द्विजस्य विद्या नृपतेरपि क्षमा पराक्रमः शस्त्रबलोपजीविनाम्

।।२६।।

અશ્વનું ભૂષણ વેગ છે, સ્ત્રીનું ભૂષણ લજ્જા છે, તપસ્વીનું ભૂષણ દુર્બળતા છે, બ્રાહ્મણનું ભૂષણ વિદ્યા છે, રાજાનું ભૂષણ ક્ષમા અને શૂરવીરોનું ભૂષણ પરાક્રમ છે. ॥૨૬॥

जातमात्रं न यः शत्रुं व्याधिं वा प्रशमं नयेत् ।

अतिपुष्टाङ्गयुक्तोऽपि स पश्चात् तेन हन्यते ।।२७।।

શત્રુ કે વ્યાધિ, ઉત્પન્ન થતાં જ જે તેનો નાશ કરતો નથી, તે પાછળથી અત્યંત પુષ્ટ થયેલા તે જ શત્રુ કે રાગ દ્વારા નાશ પામે છે. ॥૨૭॥

# ट

टङ्कच्छेदे न मे दुःखं न दाधे न च घर्षणे ।
एतदेव महद्दुःखं गुञ्जया सह तोलनम् ।।१।।

સુવર્ણ કહે છે કે ટંકથી મારો છેદ થતાં મને દુઃખ નથી, તેમ તપાવતાં યા ઘસતાં પણ મને કંઇ ખેદ થતો નથી, પરંતુ ખેદ માત્ર એટલો જ છે કે ચણોઠીની સાથે મને તોલે છે, તેથી મને બહુ જ દુઃખ થાય, મારી હલકાઈ થાય છે. ।।૧।।

# त

तेजोमयोऽपि पूज्योऽपि घातिना नीचधातुना ।
लोहेन सङ्गतो वह्निः सहते घनताडनम् ।।१।।

અગ્નિ પોતે તેજોમય અને પૂજ્ય હોવા છતાં ઘાતી અને નીચ ધાતુ એવા લોહના સંગથી ઘણની તાડનાને સહન કરે છે. ।।૧।।

तृतीयं लोचनं ज्ञानं द्वितीयो हि दिवाकरः ।
अचौर्यहरणं वित्तं विना स्वर्णं विभूषणम् ।।२।।

જ્ઞાન-એ ત્રીજું લોચન છે, દિવાકર, સૂર્ય સમાન છે, વળી તે બીજાથી ન ચોરી શકાય તેવું ધન છે અને સુવર્ણ વિના પણ તે ભૂષણ સમાન છે. ।।૨।।

तावन्माता पिता चैव तावत्सर्वेऽपि बान्धवाः ।
तावद् भार्या सदा हृष्टा यावल्लक्ष्मीः स्थिरा गृहे ।।३।।

માતા, પિતા, બધા બાંધવો અને સ્ત્રી પણ ત્યાં સુધી જ રાજી-અનુકૂલ રહે છે, કે જ્યાં સુધી ઘરમાં લક્ષ્મી સ્થિર છે. ।।૩।।

तावन्महत्त्वं पाण्डित्यं कुलीनत्वं विवेकिता ।
यावज्ज्वलति नाङ्गेषु हन्त पञ्चेषुपावकः ।।४।।

મહત્ત્વ, પાંડિત્ય, કુલીનતા અને વિવેકિતા ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી કામાગ્નિ અંગમાં જાગ્રત થયો નથી. ।।૪।।

त्यक्तेऽपि वित्ते दमितेऽपि चित्ते,
ज्ञातेऽपि तत्त्वे गलिते ममत्वे ।
दुःखैकगेहे विदिते च देहे;
तथापि मोहस्तरुणप्रवाहः ।।५।।

ધનનો ત્યાગ કર્યા છતાં, મનને કાબુમાં રાખ્યા છતાં, તત્ત્વને જાણ્યા છતાં, મમત્વને ગાળ્યા છતાં અને શરીરને દુઃખનું સ્થાન માન્યા છતાં અહો ! મોહનો પ્રવાહ તો હજી તાજો જ છે. ।।૫।।

ते पुत्रा ये पितुर्भक्ता स पिता यस्तु पोषकः ।
तन्मित्रं यत्र विश्वासः सा भार्या यत्र निर्वृतिः ।।६।।

પુત્રો તે જ કે જે પિતાના ભક્ત હોય, પિતા તે જ કે જે પોષક હોય, મિત્ર તે જ કે જેમાં વિશ્વાસ રહે અને સ્ત્રી તે જ કે જ્યાં કાંઈ સુખની આશા રાખી શકાય, તે સિવાય આ ચારે વ્યર્થ છે. ।।૬।।

तृणं ब्रह्मविदः स्वर्गस्तृणं शूरस्य जीवितम् ।
विरक्तस्य तृणं नारी निरीहस्य तृणं नृपः ।।७।।

બ્રહ્મજ્ઞાનીને સ્વર્ગ તૃણસમાન છે, શૂરવીરને પોતાનું જીવિત તૃણ જેવું છે; વિરક્તને સ્ત્રી અને નિરીહ-નિર્ભમને રાજા તૃણસમાન છે. ।।૭।।

तव प्रसादप्रासाद-शृङ्गाग्रमधितस्थुषः ।
प्रभूयते विपद्व्याघ्री धावमानापि नार्दितुम् ।।८।।

હે વિભો ! તમારા પ્રસાદરૂપ પ્રાસાદના અગ્રભાગ પર સ્થિતિ કરતાં વિપત્તિરૂપ વાઘણ દોડતી પણ મારો પરાભવ કરવા સમર્થ થઈ શકતી નથી. ।।૮।।

तनया यस्य भूयांसः स स्यात्प्रायेण निर्धनः ।
धनं यस्य न तस्यामी धिग् विधे तव चेष्टितम् ।।९।।

જેને ઘણા પુત્રો હોય તે બહુધા નિર્ધન હોય છે, અને જે ધનવંત હોય તેને પુત્રો હોતા નથી. અરે! વિધાતા! તને ધિક્કાર થાઓ. ॥૯॥

**तत्पालौ केनचिन्नाना-दर्शनद्रुममध्यगः ।**
**भाग्येन लक्ष्यते जैनो धर्मः कल्पद्रुमोपमः ॥१०॥**

દયારૂપ નદીની પાળ પર વિવિધ દર્શનોના મધ્યમાં આવેલ કલ્પવૃક્ષસમાન જૈનધર્મ કોઈ મહાભાગ્યયોગે જ લક્ષ્યમાં આવી શકે છે. ॥૧૦॥

**त्रिदोषगहनस्यास्य प्रतीकारो विकारिणः ।**
**को नाम सुश्रुतादन्यो यौवनस्यामयस्य च ॥११॥**

ત્રિદોષથી ગહન અને વિકારમય એવા યૌવન તથા રોગનો સુશ્રુત(વૈદ્ય) વિના અન્ય શું પ્રતીકાર(ઇલાજ) હોઇ શકે ? ॥૧૧॥

**तन्वङ्ग्यश्च भुजङ्ग्यश्च तुल्याः साधुभिरूचिरे ।**
**इमा विशेषतो वेश्याः शुभलेश्या निंशुम्भिकाः ॥१२॥**

સ્ત્રીઓ અને સર્પિણીઓને સજ્જનોએ સમાન કહેલ છે, પરંતુ શુભલેશ્યાનો નાશ કરનારી વેશ્યાઓને તે કરતાં પણ વધારે અધમ ગણેલ છે. ॥૧૨॥

**तदार्हतेषु चैत्येषु माङ्गल्यः कम्बुरध्वनत् ।**
**निशि प्रसुप्तं श्रीधर्मभूपमुद्बोधयन्निव ॥१३॥**

તે વખતે આર્હત્ ચૈત્યોમાં માંગલિક શંખનો ધ્વનિ થયો, તે જાણે રાત્રે સુતેલ શ્રીધર્મરાજાને જગાડતો હોય તેવો ભાસતો હતો. ॥૧૩॥

**तप्तविद्धे अपि स्वर्ण-मौक्तिके जगतः श्रिये ।**
**सौरभ्यहेतू श्रीखण्डागरू छिन्ने दहत्यपि ॥१४॥**

સુવર્ણને તપાવતાં અને મોતીને વીંધતા પણ તે જગતને શોભા આપે છે. તેમ ચંદન તથા અગરુને ઘસતાં કે બાળતાં તે સુગંધ જ આપે છે. ॥૧૪॥

**तुङ्गं स्थिरं विशालं च कुलं भ्रंशयति क्षणात् ।**
**महिला मुक्तमर्यादा वार्द्धिवेलेव पर्वतम् ॥१५॥**

મર્યાદાને મૂકનારસમુદ્રવેલ જેમ પર્વતને, તેમ સ્ત્રી, ઊંચા, સ્થિર, વિશાલ એવા કુલને સત્વર ભ્રષ્ટ(કલંકિત) કરે છે. ॥૧૫॥

**तद्यावन्न जराभ्येति तावन्निजहिते यते ।**
**न पालिः शक्यते बद्धुं पयःपूरे प्रसर्पति ॥१६॥**

જ્યાં સુધી જરા-રાક્ષસી આવીને વેરી ન લે, ત્યાં સુધીમાં મારે પોતાના હિત માટે સતત ઉદ્યમ કરવો યોગ્ય છે, કારણકે પાણી પ્રસર્યા પછી પાળ બાંધવી બહુ મુશ્કેલ થઈ પડે છે. ॥૧૬॥

**तं प्राप्यापि प्रमादेन विचारजडबुद्धयः ।**
**एरण्डमिव मन्वानाः केऽपि स्युर्दुःखभाजनम् ॥१७॥**

આવા સર્વોત્કૃષ્ટ મનુષ્યજન્મને પામીને પણ કેટલાક વિચારમાં જડબુદ્ધિ જનો તેને એરંડ સમાન માનીને દુઃખના ભાજન થાય છે. ॥૧૭॥

**त्यजेदधिपमन्यायं वयस्यं दाम्भिकं त्यजेत् ।**
**दृष्टापायं त्यजेद्वासं त्यजेद्धर्मं दयोज्झितम् ॥१८॥**

અન્યાયી સ્વામીનો ત્યાગ કરવો, દાંભિક(કપટી) મિત્રનો ત્યાગ કરવો, સાક્ષાત્ જ્યાં ભય જોવામાં આવે એવાં નિવાસસ્થાનનો ત્યાગ કરવો અને દયાહીન ધર્મનો પણ ત્યાગ કરવો. ॥૧૮॥

**तत्यजे यच्चिरं भुक्त-मपि सांसारिकं सुखम् ।**
**न जातु तत्र सोऽरंस्त निर्मोक इव पन्नगः ॥१९॥**

ચિરકાળ ભોગવેલ છતાં સાંસારિક સુખને ત્યાગ કરતાં કાંચળી વિનાના સર્પની જેમ તે ત્યાગી પુરુષ પુનઃ તેમાં કદાપિ રમતો નથી.॥૧૯॥

**तस्करस्य कुतो धर्मो दुर्जनस्य कुतः क्षमा ।**
**वेश्यानां कुतः स्नेहः कुतः सत्यं च कामिनाम् ॥२०॥**

ચોરને ધર્મ, દુર્જનને ક્ષમા, વેશ્યાને પ્રેમ અને કામીજનોને સત્ય ક્યાંથી હોય ? ॥૨૦॥

तक्षकस्य विषं दन्ते मक्षिताया विषं शिरे ।
वृश्चिकस्य विषं पुच्छे सर्वाङ्गे दुर्जनस्य च ।।२१।।

સર્પના દાંતમાં વિષ હોય છે, મક્ષિકાના શિરમાં, વીંછીના પૂંછમાં અને દુર્જનના સર્વાંગે વિષ રહેલ હોય છે, સર્પાદિથી પણ દુર્જન બુરો છે.॥૨૧॥

तादृशी जायते बुद्धि-र्व्यवसायोऽपि तादृशः ।
सहायास्तादृशाश्चैव यादृशी भवितव्यता ।।२२।।

જેવી ભવિતવ્યતા હોય, તેવી બુદ્ધિ ઉત્પન્ન થાય, તેવો વ્યવસાય મળે અને સહાય પણ તેવા જ પ્રકારની મળે છે. ॥૨૨॥

तावत्सर्वगुणालयः पटुमतिः साधुः सतां वल्लभः,
शूरः सच्चरितः कलङ्करहितो मानी कृतज्ञः कविः ।
दक्षो धर्मरतः सुशीलगुणवांस्तावत्प्रतिष्ठान्वितो;
यावन्निष्ठुरवज्रपातसदृशं देहीति नो भाषते ।।२३।।

ત્યાં સુધી જ માણસ સર્વગુણોનું સ્થાન, પટુબુદ્ધિવાળો, સાધુ, સંતજનોને વલ્લભ, શૂરવીર, સારા આચારવાળો, કલંકરહિત, માની, કૃતજ્ઞ, કવિ, દક્ષ, ધર્મસહિત, સુશીલ અને પ્રતિષ્ઠાયુક્ત રહી શકે છે કે જ્યાં સુધી તે નિષ્ઠુર વજ્રપાત સમાન કઠોર એવું વચન બોલતો નથી.॥૨૩॥

त्यजन्ति मित्राणि धनैर्विहीनं पुत्राश्च दाराश्च सुहृद्गणाश्च।
तमर्थमन्तं पुनराश्रयन्ति अर्थो हि लोके पुरुषस्य बन्धुः।।२४।।

ધનહીનજનને મિત્રો, પુત્રો, સ્ત્રી અને સંબંધીઓ તજી દે છે અને તે જ જો ધનવાન્ હોય તો તેનો બધા જનો આશ્રય કરે છે. જગતમાં ખરેખર ! ધન એ પુરુષનો બંધુ છે. ॥૨૪॥

त्याज्या हिंसा नरकपदवी नानृतं भाषणीयं,
स्तेयं हेयं सुरतविरतिः सर्वसङ्गान्निवृत्तिः ।
जैनो धर्मो यदि न रुचितः पापपङ्कावृतेभ्यः;

सर्पिर्दुष्टं किमिदमियता यत्प्रमेही न भुङ्क्ते ।।२५।।

નરકના સ્થાનરૂપ હિંસાનો ત્યાગ કરવો, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, મૈથુનથી નિવૃત્ત થવું અને સર્વ પ્રકારના સંગથી નિવૃત્ત રહેવું, આવા પ્રકારનો જૈનધર્મ, જો પાપપંકથી ખરડાયેલા જનોને ન રુચે, તો શું પ્રમેહીને(ડાયાબીટીશના દર્દીને) ઘૃત ન ભાવે, તેથી શું ઘૃત(ઘી) ખરાબ છે એમ કહી શકાશે ? ।।૨૫।।

तावद् भयस्य भेतव्यं यावद् भयमनागतम् ।
आगतं तु भयं दृष्ट्वा प्रहर्तव्यमशङ्कितैः ।।२६।।

જ્યાં સુધી ભય આવેલ ન હોય, ત્યાં સુધી જ ભયથી ડરવાનું છે,પણ ભયને માથે આવેલ જોઇને નીડર-દૃઢ થઇને તેની સામે ઉભા રહેવું. ।।૨૬।।

तोयं निर्मथितं घृताय मधुने निष्पीडितः प्रस्तरः,
पानार्थं मृगतृष्णिकोर्मितरला भूमिः समालोकिता ।
दुग्धा सेयमचेतनेन जरती दुग्धाशया सूकरी;
कष्टं यत्खलु दीर्घया धनतृषा नीचो जनः सेवितः ।।२७।।

અહો ! અચેતન જેવા મેં ઘીની ખાતર પાણી વલોવ્યું, મધની ખાતર પાષાણ પીલ્યું, જંળપાનની ખાતર મૃગતૃષ્ણિકાના તરંગોથી તરલ એવી ભૂમિનું અવલોકન કર્યું, દૂધની ઇચ્છાથી વૃદ્ધ ભુંડણને દોહી અને બહુ ખેદની વાત છે કે ધનની લાંબી ઇચ્છાથી નીચજનની પણ મેં સેવા કરી. ।।૨૭।।

तरुमूलादिषु निहितं जलमाविर्भवति पल्लवाग्रेषु ।
निभृतं यदुपक्रियते तदपि महान्तो वहन्त्युच्चैः ।।२८।।

વૃક્ષોના મૂળીયામાં નાખવામાં આવેલ જળ પલ્લવોના અગ્રભાગપર પ્રગટ થાય છે, તે પ્રમાણે ગુપ્ત રીતે કંઈ ઉપકાર કરવામાં આવે, તો પણ મહાપુરુષો તેને બહુ જ ઉત્કૃષ્ટ સમજીને ધારણ કરે છે. ।।૨૮।।

ते साधवो भुवनमण्डलमौलिभूता,

ये साधुतां निरुपकारिषु दर्शयन्ति ।

आत्मप्रयोजनवशीकृतखिन्नदेहः;

पूर्वोपकारिषु खलोऽपि हि सानुकम्पः ।।२९।।

તે જ સાધુઓ ભુવન મંડળના મુગટરૂપ છે કે જેઓ નિરુપકારીજનો તરફ પણ પોતાની સજ્જનતા પ્રદર્શિત કરે છે, કારણકે પોતાના પ્રયોજનની ખાતર વશીભૂત તથા પર- ઉપકારથી વિમુખ થયેલ એવો ખલપુરુષ પણ પૂર્વના ઉપકારીજનો પર તો અનુકંપા જ દર્શાવે છે. ||૨૯||

तृष्णां छिन्धि भज क्षमां जहि मदं पापे रतिं मा कृथाः,

सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनान् ।

मान्यान्मानय विद्विषोऽप्यनुनय ह्याच्छादय स्वान् गुणान्;

कीर्तिं पालय दुःखिते कुरु दयामेतत्सतां लक्षणम् ।।३०।।

હે ભવ્યાત્મન્! તૃષ્ણાનું છેદન કર, ક્ષમાનું સેવન કર, મદનો ત્યાગ કર, પાપમાં રતિ મા રાખ, સત્ય બોલ, સાધુમાર્ગને અનુસર, સુજ્ઞજનોની સેવા કર, પૂજ્યજનોનો સત્કાર કર, શત્રુઓને શિક્ષા આપ, પોતાના ગુણોને ગુપ્ત રાખ, કીર્તિના કામ કર અને દુઃખી જનો પર દયા કર, કારણકે એ સંતજનોનું લક્ષણ છે. ||૩૦||

तुरगशतसहस्रं गोगजानां च लक्षं,

कनकरजतपात्रं मेदिनीं सागरान्ताम् ।

विमलकुलवधूनां कोटिकन्याश्च दद्यान्,

न हि सममेतैरन्नदानं प्रधानम् ।।३१।।

સેંકડો કે હજારો અશ્વો આપો, ગાયો અને લાખો હાથીઓ આપો, સુવર્ણ કે ચાંદીના પાત્રો આપો અથવા સાગર સુધીની ભૂમિ દાનમાં આપો; અગર કોટિ કુલીન કન્યાઓ આપો પરંતુ તે અન્નદાનની તુલના કરી શકે તેમ નથી, કારણકે બધા શાસ્ત્રોમાં અન્નદાનને પ્રધાન કહેલ છે. ||૩૧||

तृणादपि लघुस्तूलस्तूलादपि च याचकः ।
वायुना किं न नीतोऽसौ मामयं प्रार्थयेदिति ।।३२।।

તણખલા કરતાં રૂ હલકું હોય છે, રૂ કરતાં પણ યાચક હલકો ગણાય છે. કારણકે 'આ મારી પાસે કંઇ માગશે' એમ ધારીને જ વાયુ તેને લઈ-ઘસડી જતો નથી. ।।૩૨।।

तृणं चाहं वरं मन्ये नरादनुपकारिणः ।
घासो भूत्वा पशून्पाति भीरून्पाति रणाङ्गणे ।।३३।।

ઉપકાર વિનાના પુરષ કરતાં તણખલું પણ વધારે સારું છે, કારણકે તે ખોરાક થઈને પશુઓનું પાલન કરે છે અને રણસંગ્રામમાં બીકણ જનોનું તે રક્ષણ કરે છે. ।।૩૩।।

ते धन्याः पुण्यभाजस्ते तैस्तीर्णः क्लेशसागरः ।
जगत्संमोहजननी यैराशाशीविषी जिता ।।३४।।

ખરેખર! જગતમાં તે જ પુરુષો ધન્ય, પુણ્યવંત છે તથા તેઓ જ આ સંસારસાગરને તર્યા છે કે જેઓ, જગતને મોહ ઉપજાવનાર એવી આશારૂપ સર્પિણીને જીત્યા છે. ।।૩૪।।

तृष्णा चेह परित्यज्य को दरिद्रः क ईश्वरः ।
तस्याश्चेत्प्रसरो दत्तो दास्यं च शिरसि स्थितम् ।।३५।।

જો તૃષ્ણાનો ત્યાગ કરવામાં આવે તો પછી કોણ દરિદ્ર અને શ્રીમંત છે પરંતુ જો તેને અવકાશ આપવામાં આવે તો સેવકપણું તેના શિર પર જ બેઠેલ છે. ।।૩૫।।

तेनाधीतं श्रुतं तेन तेन सर्वमनुष्ठितम् ।
येनाशां पृष्ठतः कृत्वा नैराश्यमवलम्बितम् ।।३६।।

તેણે જ અધ્યયન કર્યું, શ્રવણ કર્યું અને આચર્યું પ્રમાણ છે કે જેણે, આશાને અલગ કરીને નિરાશાનું અવલંબન કર્યું છે. ।।૩૬।।

त्रिविधाः पुरुषा राजन्नुत्तमाधममध्यमाः ।
नियोजयेत् तथैवैतांस्त्रिविधेष्वपि कर्मसु ।।३७।।

હે રાજન્ ! જગતમાં ઉત્તમ, મધ્યમ અને અધમ, એમ ત્રણ પ્રકારના પુરુષો હોય છે, માટે તેમને અનુકૂળ ત્રણ પ્રકારના કર્મમાં જોડવા તે વધારે ઉચિત છે. ।।૩૭।।

त्यजेत् क्षुधार्त्तो महिलां सपुत्रां खादेत् क्षुधार्त्ता भुजगी स्वमण्डम् ।
बुभुक्षितः किं न करोति पापं क्षीणा नरा निष्करुणा भवन्ति
।।३८।।

ક્ષુધાર્ત્ત પુરુષ પુત્રસહિત પોતાની સ્ત્રીને તજી દે છે, ક્ષુધાર્ત નાગણ પોતાના બચ્ચાનું ભક્ષણ કરી જાય છે. અહો બુભુક્ષિત(ક્ષુધાર્ત્ત) પુરુષ શું પાપ ન કરે ? કારણકે ક્ષીણ પુરુષો નિર્દય(ક્રૂર) બની જાય છે. ।।૩૮।।

त्याज्यं न धैर्यं विधुरेऽपि काले धैर्यात्,
कदाचिद् गतिमाप्नुयात् सः ।
यथा समुद्रेऽपि च पोतभङ्गे;
सांयात्रिको वाञ्छति तर्त्तुमेव [संतरीतुम्] ।।३९।।

સંકટ વખતે પણ પુરુષોએ પોતાનું ધૈર્ય ગુમાવી દેવું ન જોઇએ, કારણકે ધૈર્યથી વખતસર તે પોતાની મૂળ સ્થિતિને પામી શકે છે. જુઓ સમુદ્રમાં વહાણ ભાંગે, ત્યારે નાવિક(ખારવો) તરવાને જ ઇચ્છે છે.।।૩૯।।

तृणानि नोन्मूलयति प्रभञ्जनो मृदूनि नीचैः प्रणतानि सर्वतः ।
समुच्छ्रितानेव तरून्प्रबाधते महान्महत्स्वेव करोति विक्रमम्
।।४०।।

ચારે બાજુ નીચે નમી ગયેલા, અને કોમળ એવા તણખલાંને પવન ઉખેડતો નથી, પરંતુ તે ઊંચા(ઉન્નત) વૃક્ષોને જ નિર્મૂળ કરે છે. મહાન તો મોટાઓની સાથે જ પોતાના પરાક્રમને અજમાવે છે..।।૪૦।।

तावत्कुलस्त्रीमर्यादा यावल्लज्जावगुण्ठनम् ।
हृते तस्मिन्कुलस्त्रीभ्यो वरं वेश्याङ्गनाजनः ।।४१।।

કુલીન કાંતાઓ ત્યાં સુધી જ મર્યાદામાં રહી શકે છે, કે જ્યાં સુધી તેઓ લજ્જારૂપ વસ્ત્રથી આચ્છાદિત છે. જ્યારે તે વસ્ત્ર હરાઈ જાય છે, ત્યારે તેમના કરતાં વેશ્યાઓ સારી સમજવી. ।।૪૧।।

त्यागो गुणो वित्तवतां वित्तं त्यागवतां गुणः ।
परस्परवियुक्तौ तु वित्तत्यागौ विडम्बना ।।४२।।

ધનવંતોનો ગુણ દાન છે, અને દાતારોનો ગુણ તે ધન છે, પરંતુ જો ધન અને દાન, એ બંને વિયુક્ત થાય તો વિડંબના માત્ર જ છે. ।।૪૨।।

# द

द्युताद्राज्यविनाशकं नलनृपः प्राप्तोऽथवा पाण्डवा,
मद्यात्कृष्णनृपश्च राघवपिता पापर्द्धितो दूषितः ।
मांसाच्छ्रेणिकभूपतिश्च नरके चौर्याद्विनष्टा न के;
वेश्यातः कृतपुण्यको गतधनोऽन्यस्त्रीहतो रावणः ।।१।।

જુગારથી નળરાજા તથા પાંડવોએ પોતાનું રાજ્ય ખોયું, મદ્યથી કૃષ્ણરાજા તથા શિકારથી રાઘવ પિતા દૂષિત થયો, માંસથી શ્રેણિકરાજા નરકમાં પડ્યો, ચોરીથી કેટલાયે વિનષ્ટ થયા, વેશ્યાના સંગે કૃતપુણ્ય નિર્ધન બન્યો અને અન્ય સ્ત્રીના સંગથી રાવણ રણમાં રોળાયો. ।।૧।।

देवयात्रा विवादेषु सम्भ्रमे राजदर्शने ।
सङ्ग्रामे हट्टमार्गे च स्पृष्टास्पृष्टिर्न दुष्यति ।।२।।

દેવયાત્રા, વિવાદ, સંભ્રમ(મૂર્ચ્છા), રાજદર્શન, સંગ્રામ અને હાટમાર્ગમાં સ્પર્શાસ્પર્શનો દોષ લાગતો નથી. ।।૨।।

दाने तपसि शौर्ये च विज्ञाने विनये नये ।
विस्मयो न हि कर्त्तव्यो बहुरत्ना वसुन्धरा ।।३।।

દાન, તપ, શૌર્ય, વિજ્ઞાન, વિનય અને નય- એમાં વિસ્મય ન પામવો.

કારણકે બહુરત્ના વસુંધરા કહેવાય છે. ||૩||

**देवो गुरुः पिता माता सखा स्वामी त्वमेव मे ।**
**तत्प्रसद्य विपन्मग्नं मां कृपालय पालय ।।४।।**

હે નાથ ! આપ જ મારા દેવ, ગુરુ, પિતા, માતા, મિત્ર અને સ્વામી છો. હે દયાનિધાન ! આપ પ્રસન્ન થઇને વિપત્તિમાં મગ્ન થયેલ મારા આત્માનું રક્ષણ કરો. ||૪||

**देवता दुर्बला यत्र यत्र कुण्ठाः पराक्रमाः ।**
**मन्त्रादिभिरसाध्यं य-त्तद्धर्मेणाशु साध्यते ।।५।।**

જ્યાં દેવતાઓ પણ દુર્બળ થઈ જાય છે, જ્યાં પરાક્રમો બધા કુંઠિત છે અને જે મંત્રાદિકથી પણ અસાધ્ય છે, તે ધર્મથી સત્વર સાધ્ય થાય છે. ||૫||

**दैवायत्ताः श्रियः सर्वा नूनं गौणो गुणाग्रहः ।**
**कुविन्दाः पतिता गर्त्ते शश्वद् गुणरता अपि ।।६।।**

લક્ષ્મી બધી દૈવાધીન છે અને ગુણો એ તેના કરતાં ગૌણ છે, કારણકે વણકરો સદા ગુણ(તંતુ)રક્ત છતાં ખાડામાં પડ્યા રહે છે. ||૬||

**दोषा योषासु निःशेषा अपि प्राप्तपदाः सदा ।**
**पुनः स्त्रीलिङ्गसाधर्म्या-न्मन्ये मायामहाग्रहाः ।।७।।**

સમસ્ત દોષો સ્ત્રીઓમાં સ્થાન કરીને રહેલા હોય છે, તેમાં પણ વળી સ્ત્રીલિંગના સાધર્મ્યથી હું ધારું છું કે તેઓ(સ્ત્રીઓ) માયારૂપ મહાગ્રહોથી સંયુક્ત હોય છે. ||૭||

**देहच्छाया बिभूषा च स्वामित्वमभिमानिता ।**
**सुखं च पञ्च नारीणा न सन्त्यसति वल्लभे ।।८।।**

પોતાના વલ્લભ(પતિ)ના અભાવે સ્ત્રીઓને દેહકાંતિ, શણગાર, સ્વામિત્વ, અભિમાનિતા અને સુખ, એ પાંચ વાના ન હોય. ||૮||

देशाटनं पण्डितमित्रता च वाराङ्गना राजसभाप्रवेशः ।
अनेकशास्त्राणि विलोकितानि चातुर्यमूलानि भवन्ति पञ्च ॥९॥

દેશાટન, પંડિતો સાથે મિત્રતા, વારાંગનાઓ સાથે પરિચય તથા રાજસભામાં પ્રવેશ અને અનેક શાસ્ત્રોનું અવલોકન, એ પાંચ ચતુરાઇના મૂલ છે.॥૯॥

दुर्जनं सज्जनं कर्त्तु-मुपायो न हि भूतले ।
अपानं शतधा धौतं न श्रेष्ठमिन्द्रियं भवेत् ॥१०॥

દુર્જનને સજ્જન બનાવવાનો ઉપાય કોઇ જગતમાં નથી. અપાન(ગુદાસ્થાન)ને સોવાર ધોયા છતાં તે શ્રેષ્ઠ ઇંદ્રિય થવાની નથી. ॥૧૦॥

दुष्टस्य दण्डं सुजनस्य पूजा न्यायेन कोशस्य च सम्प्रवृद्धिः ।
अपक्षपातो निजराष्ट्रचिन्ता पञ्चापि धर्मा नृपपुङ्गवानाम् ॥११॥

દુષ્ટને દંડ આપવો, સુજનનો સત્કાર કરવો, ન્યાયથી ભંડારની વૃદ્ધિ કરવી, પક્ષપાતનો ત્યાગ અને પોતાના દેશની ચિંતા રાખવી- રાજાઓના એ મુખ્ય પાંચ ધર્મો છે. ॥૧૧॥

दूरस्थं जलमध्यस्थं धावन्तं धनगर्वितम् ।
क्रोधवन्तं मदोन्मत्तं नमस्कारोऽपि वर्जयेत् ॥१२॥

દૂર રહેલ, પાણીના મધ્ય ભાગમાં રહેલ, દોડનાર, ધનથી ગર્વિષ્ઠ થયેલ, ક્રોધી અને મદોન્મત્ત એમને નમસ્કાર પણ ન કરવો. ॥૧૨॥

दानेन पाणिर्न तु कङ्कणेन स्नानेन शुद्धिर्न तु चन्दनेन।
मानेन तृप्तिर्न तु भोजनेन ज्ञानेन मुक्तिर्न तु मुण्डनेन॥१३॥

હસ્ત, કંકણથી નહિ પણ દાનથી જ શોભે છે. શુદ્ધિ, ચંદનથી નહિ

પણ સ્નાનથી થાય છે. તૃપ્તિ, ભોજનથી નહિ પણ માનથી અને મુક્તિ, મુંડનથી નહિ પણ જ્ઞાનથી જ (મળે છે) થાય છે. ।।૧૩।।

दश धर्मं न जानन्ति जीवाः कर्मानुसारतः
तस्मादेतेषु सर्वेषु न प्रसज्जेत पण्डितः ।
मत्तः प्रमत्त उन्मत्तः श्रान्तः क्रोधी बुभुक्षितः ।
त्वरमाणश्च लुब्धश्च भीतः कामी च ते दश ।।१४।।

મત્ત, મદોન્મત્ત, ઉન્મત્ત, શ્રાંત, ક્રોધી, ક્ષુધાતુર, ઉતાવળો(ચપળ) લુબ્ધ, ભીત(બીકણ) અને કામી એ દશ પ્રકારના જીવો કર્મ બહુલતાને લીધે ધર્મને જાણી શકતા નથી, માટે સુજ્ઞજનોએ એ બધાઓને સમજાવવાનો વધારે પરિશ્રમ ન વેઠવો. ।।૧૪।।

दाता न दापयति दापयिता न दत्ते,
यो दानदापनपरो मधुरं न वक्ति ।
दानं च दापनमथो मधुरा च वाणी;
त्रीण्यप्यमूनि खलु सत्पुरुषे वसन्ति ।।१५।।

જે દાતા હોવા છતાં દાન અપાવે નહિ, જે અપાવનાર હોવા છતાં આપે નહિ અને દાન દેવા દેવરાવવામાં જે તત્પર છતાં મધુર બોલતો નથી. દાન આપવું, અપાવવું અને મધુર વાણી બોલવી-એ ત્રણે ગુણો તો માત્ર સત્પુરુષમાં જ વિદ્યમાન હોય છે. ।।૧૫।।

दुर्जनः परिहर्त्तव्यो विद्ययालङ्कृतोऽपि सन् ।
मणिना भूषितः सर्पः किमसौ न भयङ्करः ।।१६।।

વિદ્યાથી અલંકૃત છતાં દુર્જનનો ત્યાગ કરવો ઉચિત છે. મણિથી વિભૂષિત સર્પ શું ભયંકર ન હોય ? ।।૧૬।।

दानं सुपात्रे विशदं च शीलं तपो विचित्रं शुभभावना च।
भवार्णवोत्तारणसत्तरण्डं धर्मं चतुर्धा मुनयो वदन्ति ।।१७।।

સુપાત્રદાન, નિર્મળ શીલ, વિવિધ તપ, શુભ ભાવના, સંસારસાગરનો પાર પામવા શ્રેષ્ઠ નાવસમાન એવા ધર્મને મુનિજનો ચાર પ્રકારે કહે છે. ॥૧૭॥

**देवं श्रेणिकवत्प्रपूजय गुरुं वन्दस्व गोविन्दवद्,**
**दानं शीलतपःप्रसङ्गसुभगां चाभ्यस्य सद्भावनाम्**
**श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा;**
**धर्मे कर्मणि कामदेववदहो चेतश्चिरं स्थापय ॥१८॥**

હે ભવ્યાત્મન્ ! શ્રેણિકરાજાની જેમ દેવની પૂજા કર, ગોવિંદની જેમ ગુરુને વંદન કર, શ્રેયાંસકુમારની જેમ દાન, સુદર્શનની જેમ શીલ, મહાવીર પ્રભુની જેમ તપ અને ભરતચક્રીની જેમ સદ્ભાવનાનો અભ્યાસ કર તથા ધર્મકર્મમાં કામદેવની જેમ મનને ચિરકાળ સુધી સ્થાપન કરી દે. ॥૧૮॥

**दीपो हन्ति तमःस्तोमं, रसो रोगमह्यभरम् ।**
**सुधाबिन्दुर्विषावेगं धर्मः पापभरं तथा ॥१९॥**

જેમ દીપક અંધકારના સમૂહને દૂર કરે છે, રસ રોગના સમૂહને, અમૃતબિંદુ વિષના આવેગને હણે છે, તેમ ધર્મ પાપસમૂહનો નાશ કરે છે. ॥૧૯॥

**दुःखं वरं चैव वरं च भैक्ष्यं वरं च मौर्ख्यं हि वरं रुजोऽपि।**
**मृत्युः प्रवासोऽपि वरं नराणां परं सदाचारविलङ्घनं नो ॥२०॥**

દુઃખ વેઠવું સારું, ભિક્ષાન્નથી ઉદરપોષણ કરવું સારું, મૂર્ખાઇ અને રોગ પણ સારા, મૃત્યુ અને પ્રવાસ(મુશાફરપણું) પણ સારા, પરંતુ પુરુષોએ સદાચારનું ઉલ્લંઘન કરવું, તે સારું નહિ. ॥૨૦॥

**दिनमेकं शशी पूर्णः क्षीणस्तु बहुवासरान् ।**
**सुखाद् दुःखं सुराणाम-प्यधिकं का कथा नृणाम् ॥२१॥**

ચંદ્ર એક દિવસ પૂર્ણ હોય છે અને બહુ દિવસ ક્ષીણ રહે છે, તેમ સુખ થકી દુઃખ દેવતાઓને પણ અધિક હોય છે તો માણસોની શી વાત ? ||૨૧||

**दधत्यार्त्तं सुखाकर्त्तुं सन्तः सन्तापमात्मना ।**
**सुदुःसहं सहन्ते हि तरवस्तपनातपम् ।।२२।।**

સંતજનો આર્ત્તજનોને સુખ પમાડવા પોતે સંતાપને સહન કરે છે. જુઓ, વૃક્ષ અત્યંત દુઃસહ સૂર્યના તાપને સહન કરે છે અને બીજાઓને છાયા કરે છે. ||૨૨||

**दुर्जनः कालकूटं च ज्ञातमेतौ सहोदरौ ।**
**अग्रजन्मानुजन्मा च न विद्मः कतरोऽनयोः ।।२३।।**

એમ લાગે છે કે દુર્જન અને કાલકૂટ-એ બંને સગાભાઈ હોવા જોઇએ; પણ તેમાં મોટો ભાઈ અને નાનો ભાઈ કયો તે અમે જાણતા નથી.

**दुर्जनदूषितमनसां पुंसां सुजनेऽपि नास्ति विश्वासः ।**
**बालः पयसा दग्धो दर्ध्यपि स फूत्कृत्य भक्षयति ।।२४।।**

દુર્જનોથી દૂષિત થયેલા મનવાળા પુરુષોને સુજનમાં પણ વિશ્વાસ રહેતો નથી. દૂધથી દાઝેલ બાળક છાશને પણ ફૂંકીને પીએ છે. ||૨૪||

**दुःखे दुःखांधिकांन्पश्येत् सुखे पश्येत्सुखाधिकान् ।**
**आत्मानं शोकहर्षाभ्यां शत्रुभ्यामिव नार्पयेत् ।।२५।।**

આત્માએ દુઃખમાં પોતાનાથી અધિક દુઃખીને જોવા અને સુખમાં પોતાનાથી અધિક સુખીને જોવા-એ રીતે શત્રુરૂપ હર્ષ અને શોકને પોતાનો આત્મા અર્પણ ન કરવો. ||૨૫||

**ददाति प्रतिगृह्णाति गुह्यमाख्याति पृच्छति ।**
**भुङ्क्ते भोजयते चैवं षड्विधं प्रीतिलक्षणम् ।।२६।।**

આપે અને ગ્રહણ કરે, ગુપ્ત વાત કહે, પૂછે, જમે અને જમાડે-એ છ પ્રીતિના લક્ષણો છે. ||૨૬||

**दानानि शीलानि तपांसि पूजा सत्तीर्थयात्रा प्रवरा दया च।**
**सुश्रावकत्वं व्रतपालनं च सम्यक्त्वपूर्वाणि महाफलानि।।२७।।**

દાન, શીલ, તપ, પૂજા, સુતીર્થયાત્રા, પ્રવર દયા, સુશ્રાવકપણું અને વ્રતપાલન- એ જો સમ્યક્ત્વપૂર્વક આચર્યા હોય તો મહાફળદાયક થાય છે. ॥૨૭॥

**दानं भोगो नाश-स्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।**
**यो न ददाति न भुङ्क्ते तस्य तृतीया गतिर्भवति ।।२८।।**

દાન, ભોગ અને નાશ-ધનની આ ત્રણ જ ગતિ કહેલ છે. જે દાન આપતો નથી અને જે ભોગમાં ભોગવતો નથી, તેની લક્ષ્મીની ત્રીજી ગતિ થાય છે. ॥૨૮॥

**दाता सदैवाक्षयवैभवः स्याद्धनीपकस्तादृश एव निःस्वः ।**
**नद्यो भृता अप्यचिरेण रिक्ताः कूपः पयोभिस्तु तथैव पूर्णः ।।२९।।**

દાતા હમેશાં અક્ષય વૈભવવાળો થાય છે અને ધનને સંઘરી રાખનાર નિર્ધન બની જાય છે. જુઓ, જળથી ભરેલ નદીઓ થોડા વખતમાં ખાલી થઈ જાય છે અને કૂવો પાણીથી પૂર્ણ જ રહે છે. ॥૨૯॥

**दानेन भूतानि वशीभवन्ति दानेन वैराण्यपि यान्ति नाशम्।**
**परोऽपि बन्धुत्वमुपैति दानात् ततः पृथिव्यां प्रवरं हि दानम् ।।३०।।**

દાનથી પ્રાણીઓ વશ થાય છે, દાનથી વૈર શાંત થાય છે અને દાનથી શત્રુ પણ બંધુભાવને પામે છે, માટે જગતમાં દાન એ સર્વોત્તમ ગુણ છે. ॥૩૦॥

**दिवा पश्यति नोलूकः काको नक्तं न पश्यति ।**
**अपूर्वः कोऽपि कामान्धो दिवा नक्तं न पश्यति ।।३१।।**

ઘૂવડપક્ષી દિવસે જોઈ શકતો નથી અને રાત્રે કાગ જોઈ શકતો નથી. પણ કામાંધ પુરુષો તો એ બંનેથી કોઈ અપૂર્વ જ છે કે જે દિવસે કે રાતે જોઈ શકતો જ નથી, સર્વદા અંધ છે. ॥૩૧॥

**देहीति वचनं श्रुत्वा देहस्थाः पञ्च देवताः ।**
**नश्यन्ति तत्क्षणादेव श्रीह्रीधीधृतिकीर्तयः ॥३२॥**

'આપો' એવું વચન સાંભળતાં દેહમાં રહેલ લક્ષ્મી, લજ્જા, બુદ્ધિ, ધૃતિ અને કીર્તિ એ પાંચ દેવતાઓ તરત જ ભાગી જાય છે. ॥૩૨॥

**दुरितवनघनाली शोककासारपाली,**
**भवकमलमराली पापतोयप्रणाली ।**
**विकटकपटपेटी मोहभूपालचेटी;**
**विषयविषभुजङ्गी दुःखसारा कृशाङ्गी ॥३३॥**

પાપ-વનને સિંચવામાં મેઘમાળારૂપ, શોકરૂપ સરોવરની પાળરૂપ, સંસારરૂપ કમળની રાજહંસીરૂપ, પાપરૂપ પાણીની નીકરૂપ, વિકટ-કપટની પેટીરૂપ, મોહરાજાની દૂતીરૂપ અને વિષય-વિષની નાગણરૂપ એવી સ્ત્રી ખરેખર માત્ર દુઃખરૂપ જ છે. ॥૩૩॥

**दर्शनाद्धरते चित्तं स्पर्शनाद्धरते बलम् ।**
**संगमाद्धरते वीर्यं नारी प्रत्यक्षराक्षसी ॥३४॥**

દર્શનથી જે મનને હરે છે, સ્પર્શથી બળને હરે છે, અને સંગમથી વીર્યને હરે છે, માટે અહો ! સ્ત્રી સાક્ષાત્ રાક્ષસી સમાન જ છે. ॥૩૪॥

**दाराः परभवकारा बन्धुजनो बन्धनं विषं विषयाः ।**
**कोऽयं जनस्य मोहो ये रिपवस्तेषु सुहृदाशा ॥३५॥**

સ્ત્રીઓ પરભવના કારાગૃહરૂપ છે, બંધુજનો બંધનરૂપ છે અને વિષયો વિષરૂપ છે. અહો ! તથાપિ લોકોને આ મોહ કેવો છે કે જેઓ શત્રુઓમાં પણ મિત્રની આશા રાખી બેઠા છે. ॥૩૫॥

दानं शीलं तपः संपद्भावना भजते फलम् ।
स्वादः प्रादुर्भवेद् भोज्ये किं नाम लवणं विना ।।३६।।

દાન, શીલ અને તપ -એ ભાવનાથી સફળ થાય છે. શું લવણ વિના ભોજનમાં સ્વાદ આવી શકે ?. ।।૩૬।।

द्यूतं च मांसं च सुरा च वेश्या पापर्द्धि चौर्यं परदारसेवा।
एतानि सप्त व्यसनानि लोके घोरातिघोरं नरकं नयन्ति।।३७।।

દ્યૂત, માંસ, મદિરા, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન-એ સાત વ્યસનોનું સેવન કરવાથી પ્રાણીઓને અત્યંત ભયંકર નરકમાં ધંસડાવું પડે છે. ।।૩૭।।

ददतु ददतु गालीर्गालिमन्तो भवन्तो,
वयमिह तदभावाद् गालिदाने त्वशक्ताः ।
जगति विदितमेतद्दीयते विद्यमानं;
न हि खरविषाणं कोऽपि कस्मै विदत्ते ।।३८।।

સજ્જનપુરુષો કહે છે કે હે દુર્જનો! તમે ગાળો બોલવાવાળા છો-તેથી ભલે અમને ગાળો આપો, પણ દિલગીર છીએ કે અમારી પાસે તે ગાળો ન હોવાથી અમે તમને તે આપી શકતા નથી, વળી જગંતમાં એવો પ્રસિદ્ધ ન્યાય છે કે વિદ્યમાન વસ્તુ જ આપી શકાય, કારણકે ખરશૃંગ કોઇ કોઇને આપી શકતું નથી. ।।૩૮।।

देहिनेह भवारामे विरामभ्रमकारिणा ।
दुःप्रायोऽनल्पसङ्कल्प-कल्पद्रुर्मानवो भवः ।।३९।।

આ સંસારરૂપ બગીચામાં સુખની ભ્રાંતિમાં ભમનાર પ્રાણીને, સમસ્ત સંકલ્પોને પૂરવામાં કલ્પવૃક્ષ સમાન માનવભવ અતિ દુર્લભ છે. ।।૩૯।।

दृढगाढनवब्रह्म-गुप्तिभित्त्यन्तरास्थितम् ।

नारीकटाक्षनाराचै-रविध्यत न तन्मनः ॥४०॥

દૃઢ અને ગાઢ નવ બ્રહ્મગુપ્તિરૂપ ભીંતની અંદર રહેલ તેના મનને સ્ત્રીકટાક્ષરૂપ બાણો વીંધી શક્યા નહિ. ॥૪૦॥

द्राक्षा म्लानमुखी जाता शर्करा चाश्मतां गता ।
सुभाषितरसस्याग्रे सुधा भीता दिवं गता ॥४१॥

સુભાષિતરસની આગળ દ્રાક્ષાનું મુખ મ્લાન(ઝાંખું) થઈ ગયું, સાકર કાંકરા જેવી થઈ ગઈ અને સુધા ભય પામીને સ્વર્ગમાં ભાગી ગઈ.॥૪૧॥

दन्तिदन्तसमानं हि निःसृतं महतां वचः ।
कूर्मग्रीवेव नीचानां पुनरायाति याति च ॥४२॥

મહાપુરુષોનું વચન હાથીઓના દંતસમાન હોય છે અને નીચજનોનું વચન કાચબાની ગ્રીવા(ડોક) જેવું હોય છે-જે વારંવાર ફર્યા કરે છે.॥૪૨॥

दृष्ट्वापि दृश्यते दृश्यं श्रुत्वापि श्रूयते पुनः ।
सत्यं न साधुवृत्तस्य दृश्यते पुनरुक्तता ॥४३॥

એકનું એક દૃશ્ય જોઇને ફરી વાર પણ જોવામાં આવે છે અને સાંભળેલ ફરીવાર સાંભળવામાં પણ આવે છે, પરંતુ ખરેખર! સાધુજનનું સત્ય વચન એકજ રૂપે રહે છે. ॥૪૩॥

दानाय लक्ष्मीः सुकृताय विद्या, चिन्ता परब्रह्मविनिश्चयाय।
परोपकाराय वचांसि यस्य वन्द्यस्त्रिलोकीतिलकः स एकः ॥४४॥

જે પોતાની લક્ષ્મીને દાનમાં વાપરે છે, વિદ્યાને સુકૃતમાં વાપરે છે, પરમ બ્રહ્મનો નિશ્ચય કરવામાં જે પોતાના મનને રોકે છે અને પોતાનાં વચનો જે પરોપકારને માટે વાપરે છે - ત્રણે લોકમાં તિલક સમાન એવા તે એક જ પુરુષ સર્વને વંદનીય છે. ॥૪૪॥

दृश्यन्ते भुवि भूरिनिम्बतरवः कुत्रापि ते चन्दनाः,

पाषाणैः परिपूरिता वसुमती वज्रोमणिर्दुर्लभः ।
श्रूयन्ते करटारवाश्च सततं चैत्रे कुहूकूजितं;
तन्मन्ये खलसङ्कुलं जगदिदं द्वित्राः क्षितौ सज्जनाः ।।४५।।

જગતમાં નીંબડાના વૃક્ષો ઘણા જોવામાં આવે છે, પરંતુ ચંદનવૃક્ષો ક્યાંક જ હશે. સમસ્ત પૃથ્વી પાષાણોથી પરિપૂર્ણ લાગે છે, પણ વજ્રમણિ તો દુર્લભ હોય છે. ચારે બાજુ કાકશબ્દો સાંભળવામાં આવે છે, પણ કોયલના મધુર શબ્દો તો ચૈત્ર મહિનામાં જ સંભળાય છે, તેથી એમ લાગે છે કે આ જગત ખલજનોથી જ વ્યાપ્ત છે, તેમાં માત્ર બે ત્રણ જ સત્પુરુષ હશે. ।।૪૫।।

दुर्जनस्य विशिष्टत्वं परोपद्रवकारणम् ।
व्याघ्रस्योपवासेन पारणं पशुमारणम् ।।४६।।

દુર્જનપુરુષનું વિશિષ્ટપણું પરને ઉપદ્રવના કારણરૂપ થાય છે, કારણકે વાઘ કદાચ ઉપવાસ કરે, તો તે પારણું પશુઓને મારીને જ કરે છે.।।૪૬।।

दुर्जनः सुजनो न स्या-दुपायानां शतैरपि ।
अपानं मृत्सहस्रेण धौतं चास्यं कथं भवेत् ।।४७।।

સેંકડો ઉપાયો કરો, તો પણ દુર્જન, તે કદાપિ સજ્જન થવાનો નથી. કારણકે સેંકડો બલકે હજારો માટીથી ધોવામાં આવે, તથાપિ અપાન(ગુદાસ્થાન) કદાપિ મુખ થઈ શકે જ નહિ. ।।૪૭।।

दुर्जनेन समं सख्यं प्रीतिं चापि न कारयेत् ।
उष्णो दहति चाङ्गारः शीतः कृष्णायते करः ।।४८।।

દુર્જન પુરુષની સાથે મિત્રાઈ કે પ્રીતિ કદાપિ કરવી જ નહિ. જુઓ, અગ્નિ(અંગાર) ગરમ હોય તો હાથને બાળે છે અને શીતલ હોય તો હસ્તને કાળો કરે છે. ।।૪૮।।

दुर्जनः प्रियवादी च नैतद्विश्वासकारणम् ।
मधु तिष्ठति जिह्वाग्रे हृदि हालाहलं विषम् ।।४९।।

દુર્જન અને પ્રિયવાદી એ બંને વિશ્વાસ કરવા લાયક નથી કારણકે તેમની જીભપર તો મધ રહે છે, પરંતુ તેમના હૃદયમાં તો હાલાહલ વિષ વ્યાપી રહેલું હોય છે. ।।૪૯।।

**दानं न दत्तं न तपश्च तप्तं,**

**नाराधितौ शङ्करवासुदेवौ ।**

**अग्नौ रणे वा न हुतश्च कायः;**

**शरीर[रे जीव !] किं प्रार्थयसे सुखानि ।।५०।।**

દાન ન દીધું, તપ ન તપ્યું, શંકર કે વિષ્ણુની આરાધના ન કરી અને અગ્નિ કે રણસંગ્રામમાં કાયાની આહુતિ ન આપી, તો હે શરીર! (હે જીવ!) તું સુખોની પ્રાર્થના શા માટે કરે છે? ।।૫૦।।

**दायादाः स्पृहयन्ति तस्करगणा मुष्णन्ति भूमीभुजो,**

**दूरेणच्छलमाकलय्य हुतभुग्भस्मीकरोति क्षणात् ।**

**अम्भः प्लावयते क्षितौ विनिहितं यक्षा हरन्ति ध्रुवं;**

**दुर्वृत्तास्तनया नयन्ति निधनं धिग्धिग्धनं तद्बहु ।।५१।।**

ભાંગીદારો જેનો ભાગ માગવાને તત્પર થાય છે, તસ્કરો તથા રાજાઓ છળ જોઇને જેનું હરણ કરવા આવે છે, અગ્નિ જેને ક્ષણવારમાં ભસ્મીભૂત કરે છે, જળ જેને તરત પ્રવાહમાં ઘસડી જાય છે, પૃથ્વીમાં જો દાટેલ હોય, તો યક્ષો જેનું હરણ કરી જાય છે અને દુરાચારી પુત્રો જો જાગે તો જેને સદંતર નાશ પમાડે છે, એવા બહુ ધનને પણ વારંવાર ધિક્કાર થાઓ. ।।૫૧।।

**द्वाविमावम्भसि क्षेप्यौ गाढं बद्ध्वा गले शिलाम् ।**

**धनिनं चाप्रदातारं दरिद्रं चातपस्विनम् ।।५२।।**

દરિદ્ર છતાં તપ નહિ કરનાર અને ધનવાન્ છતાં કૃપણ હોય-એ બંનેને ગળામાં ગાઢ શિલા બાંધીને પાણીમાં નાંખી દેવા જોઈએ.।।૫૨।।

**दग्धं खाण्डवमर्जुनेन हि वृथा कल्पद्रुमैर्भूषितं,**

दग्धा वायुसुतेन रावणपुरी लङ्का पुनः स्वर्णभूः ।
दग्धः पञ्चशरः पिनाकपतिना तेनाप्ययुक्तं कृतं;
दारिद्र्यं जनतापकारकमिदं केनापि दग्धं न हि ।।५३।।

અર્જુને કલ્પવૃક્ષોથી વિભૂષિત એવા ખાંડવવનને વૃથા બાળી નાખ્યું, હનુમાને સુવર્ણની લંકાને પણ વ્યર્થ બાળી નાખી, અને શંકરે કામદેવને બાળી નાખ્યો, તે પણ અયુક્ત જ કર્યું, પરંતુ એવો કોઈ ન જાગ્યો કે, લોકોને સંતાપ કરનાર એવા દારિદ્રચને જેણે ભસ્મીભૂત કરી નાખ્યું હોય. ॥૫૩॥

दारिद्र्याद् ह्रियमेति ह्रीपरिगतः सत्त्वात्परिभ्रश्यते,
निःसत्त्वः परिभूयते परिभवान्निर्वेदमापद्यते ।
निर्विण्णः शुचमेति शोकनिहतो बुद्ध्या परित्यज्यते;
निर्बुद्धिः क्षयमेत्यहो निधनता सर्वापदामास्पदम् ।।५४।।

દારિદ્રચથી મનુષ્ય લજ્જાને પામે છે, લજ્જાને લીધે તે સત્ત્વથી ભ્રષ્ટ થાય છે, સત્ત્વહીન થતાં તે પરાભવને પામે છે, પરાભવથી તે ખિન્ન થાય છે, ખિન્ન થતાં તે શોકાકુલ થાય છે, શોકથી તે બુદ્ધિહીન બને છે અને નિર્બુદ્ધિ ક્ષય પામે છે. અહો! નિર્ધનતા-એ સર્વ આપત્તિના સ્થાનરૂપ જ છે. ॥૫૪॥

दानोपभोगवन्ध्याया सुहृद्भिर्या न भुज्यते ।
पुंसां यदि हि सा लक्ष्मी-रलक्ष्मी कतमा भवेत् ।।५५।।

જે લક્ષ્મી દાન અને ઉપભોગથી વંધ્ય(રહિત) છે અથવા જે મિત્રોના ઉપભોગમાં આવતી નથી, તેવી લક્ષ્મીથી જો પુરુષો ધનવાન્ ગણાતા હોય તો પછી અલક્ષ્મી(નિર્ધનતા) કેવી હોય? ॥૫૫॥

दानेन श्लाघ्यतां यान्ति पशुपाषाणपादपाः ।
दानमेव गुणः श्लाघ्यः किमन्यैर्गुणकोटिभिः ।।५६।।

દાનથી તો પશુ, પાષાણ અને વૃક્ષો પણ પ્રશંસાપાત્ર બને છે માટે એક દાનગુણ જ સર્વોત્તમ ગણાય છે, અન્ય કોટિ ગુણોથી પણ શું? ॥૫૬॥

**दातव्यं भोक्तव्यं सति विभवे सञ्चयो न कर्तव्यः**
**पश्येह मधुकरीणां सञ्चितमर्थं हरन्त्यन्ये ॥५७॥**

જો ધન હોય તો ભોગવવું અને દાન આપવું, પરંતુ તેનો સંચય ન કરવો. જુઓ, મધમાખીઓ મધનો સંચય કરે છે, પછી તેનું અન્યજનો હરણ કરી જાય છે. ॥૫૭॥

**देयं भो ह्यधने धनं सुकृतिभिर्नो सञ्चितं सर्वदा,**
**श्रीकर्णस्य बलेश्च विक्रमपतेरद्यापि कीर्तिः स्थिता ।**
**आश्चर्यं मधु दानभोगरहितं नष्टं चिरात्सञ्चितं;**
**निर्वेदादिति पाणिपादयुगलं घर्षन्त्यहो मक्षिकाः ॥५८॥**

સજ્જનોએ ધનનું નિર્ધનજનોને દાન આપવું યુક્ત છે, પણ તેનો સંચય કરતાં તો તે રહેતું જ નથી. જુઓ, કર્ણ, બલિ અને વિક્રમરાજાની કીર્તિ દાનથી અત્યાર સુધી પણ વિદ્યમાન છે. આશ્ચર્યની વાત છે કે દાન કે ભોગમાં ઉપભોગ ન લેતાં ચિરકાળથી સંચિત કરેલ મધુ નષ્ટ થયું, આ કારણથી જં જાણે ખેદ પામીને મક્ષિકાઓ પોતાના હાથ પગ ઘસતી હોય તેમ માલુમ પડે છે. ॥૫૮॥

**द्वारं द्वारं रटन्तीह भिक्षुकाः पात्रपाणयः ।**
**दर्शयन्त्येव लोकाना-मदातुः फलमीदृशम् ॥५९॥**

જુઓ, ભિક્ષુકો હાથમાં પાત્ર લઇને દ્વાર દ્વાર પ્રતિ ભટકે છે અને લોકોને એમ જણાવે છે કે આ અમને દાન ન દેવાનું ફલ પ્રાપ્ત થયું છે, માટે તમે ન આપશો, તો અમારા જેવા થશો. ॥૫૯॥

**देहीति वक्तुकामस्य यद्दुःखमुपजायते ।**
**दाता चेत्तद्विजानीया-द्दद्यात्स्वपिशितान्यपि ॥६०॥**

'આપો' એમ બોલવા જતાં બોલનારને જે દુઃખ થાય છે, તે જો બરાબર જાણવામાં આવે, તો દાતા પોતાનું માંસ પણ આપી દેવાને તૈયાર થઇ જાય. ॥૬૦॥

**दिनयामिन्यौ सायं प्रातः शिशिरवसन्तौ पुनरायातः ।**
**कालः क्रीडति गच्छत्यायु-स्तदपि न मुञ्चत्याशावायुः ॥६१॥**

દિવસ-રાત, સાયંકાલ-પ્રભાત, શિયાળો અને વસંતઋતુ, ગમનાગમન કરતાં કાળ ક્રીડા કર્યા કરે છે, આયુષ્ય વહી જાય છે... તથાપિ આશારૂપ વાયુ મૂકતો નથી.॥૬૧॥

**दन्तैरुच्चलितं धिया तरलितं पाण्यङ्घ्रिणा कम्पितं,**
**दृग्भ्यां कुड्मलितं बलेन गलितं रूपश्रिया प्रोषितम् ।**
**प्राप्तायां यमभूपतेरिह महाघाट्यां धरायामियं;**
**तृष्णा केवलमेकिकैव सुभटी धीरा पुरो नृत्यति ॥६२॥**

અહો! દાંતો શિથિલ થઇ ગયા, બુદ્ધિ ચપળ થવા આવી, હાથ-પગ કંપવા લાગ્યા, નેત્રો સંકુચિત થવા લાગ્યા, બળ ગલિત થવા આવ્યું, રૂપ-લક્ષ્મી દૂર ચાલી ગઇ, એ પ્રમાણે યમરાજાની આ પૃથ્વીપર મહાધાડી(ધાડ) પ્રાપ્ત થતાં શરીરમાં ઉપરના ચિહ્નો જણાવા લાગ્યા, પરંતુ કેવળ એક સુભટી એવી તૃષ્ણા જ ધીર થઇને આગળ આવી નૃત્ય કરી રહી છે. ॥૬૨॥

**द्वाविमौ पुरुषौ लोके सुखिनौ न कदाचन ।**
**यश्चाधनः कामयते यश्च कुप्यत्यनीश्वरः ॥६३॥**

જગતમાં આ બે પુરુષ કદાપિ સુખી થઇ શકતા નથી કે જે ધનહીન છતાં અનેક પ્રકારની ઇચ્છાઓ કરે અને જે ઐશ્વર્ય પુણ્યહીન-રહિત છતાં કોપાયમાન થાય છે. ॥૬૩॥

**द्वाविमौ पुरुषौ लोके स्वर्गस्योपरि तिष्ठतः ।**
**प्रभुश्च क्षमया युक्तो दरिद्रश्च प्रदानवान् ॥६४॥**

જગતમાં આ બે પુરુષો સ્વર્ગની પણ ઉપર રહે તેવા હોય છે કે જે પોતે સત્તાવાન્ છતાં ક્ષમાધારી હોય અને જે પોતે નિર્ધન છતાં દાન આપનાર હોય છે. ॥૬૪॥

**दारिद्र्यान्मरणाद्वा मरणं संरोचते न दारिद्र्यम् ।**
**अल्पक्लेशं मरणं दारिद्र्यमनन्तकं दुःखम् ॥६५॥**

હે મિત્ર! દારિદ્રય અને મરણ બંનેમાંથી મને મરણ વધારે પસંદ છે, પણ દારિદ્રય નથી, કારણકે મરણથી અલ્પ દુ:ખ થાય છે અને દારિદ્રય નિરંતર અનંત દુ:ખને ઉપજાવનાર છે. ॥૬૫॥

**दीपनिर्वाणगन्धं च सुहृद्वाक्यमरुन्धतीम् ।**
**न जिघ्रन्ति न शृण्वन्ति न पश्यन्ति गतायुषः ॥६६॥**

જે પુરુષ દીપનિર્વાણના ગંધને સુંઘી શકતો નથી, જે મિત્રના વચનને સાંભળતો નથી અને જે અરુંધતી(નક્ષત્ર)ને જોઇ શકતો નથી, તેનું આયુષ્ય અલ્પ છે એમ સમજવું. ॥૬૬॥

# ध

धनधान्यप्रयोगेषु विद्यासङ्ग्रहणेषु च ।
आहारे च विहारे च त्यक्तलज्जः सदा भवेत् ।।१।।

ધન-ધાન્યના પ્રયોગમાં, વિદ્યા ગ્રહણ કરવામાં તેમજ આહાર-વિહારમાં સદા લજ્જારહિત રહેવું. ॥૧॥

धिक्प्रदानमसत्कारं पौरुषं धिक्कलङ्कितम् ।
जीवितं मानहीनं धिक् धिक्कन्यां बहुभाषिणीम् ।।२।।

સત્કારરહિત દાનને ધિક્કાર છે, કલંકિત પુરુષાર્થને ધિક્કાર, માનહીન જીવનને ધિક્કાર અને બહુબોલી કન્યાને ધિક્કાર થાઓ. ॥૨॥

धनं सनिधनं प्रान्ते वनिता जनितार्तयः ।
भोगा रोगास्पदं कूट-कोटीकटु कुटुम्बकम् ।।३।।

ધન પ્રાંતે નષ્ટ થાય છે, સ્ત્રીઓ પીડાને ઉત્પન્ન કરે છે, ભોગો રોગોના સ્થાન છે અને કુટુંબ અનેક પ્રપંચકોટીથી કટુ છે. ॥૩॥

धन्यास्ते मुनयो धीराः शीलसन्नाहशालिनः ।
योषावाग्विशिखा येषां हृदयं व्यथयन्ति न ।।४।।

શીલરૂપ બખ્તરથી સુશોભિત એવા ધીર મુનિઓ જ ધન્ય છે, કે જેમના હૃદયને સ્ત્રીના વચનરૂપ બાણો ભેદી શકતા નથી. ॥૪॥

**धर्मः स्वर्मणिसङ्काशो धर्मः शर्मवनीघनः।**
**धर्मो वर्म द्विषां भीतौ धर्मः कर्महतिक्षमः ॥५॥**

ધર્મ એ ચિંતામણિ રત્ન સમાન છે, ધર્મ એ સુખરૂપ વનને મેઘ સમાન છે, ધર્મ એ રિપુસંકટમાં બખ્તર સમાન છે અને બધા અશુભ કર્મોને ચકચૂર કરવાને તે સમર્થ છે. ॥૫॥

**धनं क्वापि यशः क्वापि पुण्यं क्वापि यथाक्रमम् ।**
**नीचमध्यमोत्तमैः प्रार्थ्य-मुपकारतरोः फलम् ॥६॥**

નીચજનો ઉપકારરૂપ વૃક્ષના ફળરૂપ ધનને માગે છે, મધ્યમજનો કંઇ યશને અને ઉત્તમજનો પુણ્યને જ માગે છે, એટલે ઇચ્છે છે. ॥૬॥

**धान्याय भूर्हलैः कृष्टा रत्नेभ्यो मथितोऽम्बुधिः ।**
**परार्थनिरताः सन्तः स्वं दुःखं गणयन्ति न ॥७॥**

ધાન્યની ખાતર પૃથ્વીને હળોથી ખેડવામાં આવે છે અને રત્નોની ખાતર સમુદ્રનું મંથન કરવામાં આવ્યું. પરકાર્ય સાધવામાં તત્પર એવા સત્પુરુષો પોતાના દુઃખને ગણકારતા નથી. ॥૭॥

**ध्रुवं ध्वजगजश्रोत्र-वीचिविद्युद्वनौकसः ।**
**चापल्य-विद्याचार्यस्य विनेया वनिताहृदः ॥८॥**

ધ્વજ, હસ્તીકર્ણ, તરંગ, વીજળી અને વાનર-એ સ્ત્રીહૃદયના ચાપલ્યરૂપ વિદ્યાચાર્યના શિષ્યો છે. ॥૮॥

**धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी,**
**सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनःसंयमः ।**
**शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजन-**
**मेते यस्य कुटुम्बिनो वद सखे कस्माद् भयं योगिनः ॥९॥**

જેને ધૈર્યરૂપ પિતા છે, ક્ષમારૂપ માતા છે, શાંતિરૂપ સ્ત્રી છે, સત્યરૂપ પુત્ર છે, દયારૂપ ભગિની છે, મનોનિગ્રહરૂપ ભ્રાતા છે, ભૂમિતલરૂપ શય્યા છે, દિશાઓરૂપ વસ્ત્ર છે અને જેને જ્ઞાનામૃતરૂપ ભોજન છે. હે મિત્ર! જે યોગિરાજને આવા કુટુંબીઓ છે તેને કોનાથી ભય સંભવે? અર્થાત્ તે સદા નિર્ભય જ હોય છે. ॥૯॥

**ध्यानशस्त्रं बकानां च वेश्यानां मोहशस्त्रकम् ।**

**साधुत्वशस्त्रं धूर्तानां परप्राणार्थहारकम् ॥१०॥**

બગલાઓનું ધ્યાનરૂપ શસ્ત્ર, વેશ્યાઓનું મોહરૂપ શસ્ત્ર અને ધૂર્તજનોનું સાધુત્વરૂપ શસ્ત્ર, એ પરના પ્રાણ અને અર્થને હરનાર હોય છે. ॥૧૦॥

**धनैर्निष्कुलीनाः कुलीना भवन्ति**

**धनैरापदं मानवा निस्तरन्ति ।**

**धनेभ्यः परो बान्धवो नास्ति लोके**

**धनान्यर्जयध्वं धनान्यर्जयध्वम् ॥११॥**

અકુલીનજનો પણ ધનથી કુલીન બને છે, ધનથી માણસો આપત્તિને ઓળંગી જાય છે, જગતમાં ધન કરતાં બીજું કોઇ પરમ બંધુ નથી, માટે ધનને જ મેળવવામાં મચ્યા રહો, મચ્યા રહો. ॥૧૧॥

**धनदो धनमिच्छूनां कामदः काममिच्छताम् ।**

**धर्म एवापवर्गस्य पारम्पर्येण साधकः ॥१२॥**

ધનને ઇચ્છનારા જનોને ધન આપનાર અને કામ-સુખ ઇચ્છનારાઓને કામ આપનાર એવો ધર્મ પરંપરાથી મોક્ષ સાધી આપે છે. ॥૧૨॥

**धर्मो जगतः सारः सर्वसुखानां प्रधानहेतुत्वात् ।**

**तस्योत्पत्तिर्मनुजात् सारं तेनैव मानुष्यम् ॥१३॥**

સર્વ સુખોનો પ્રધાન હેતુ હોવાથી ધર્મ એ જ જગતમાં સાર વસ્તુ છે, તેની ઉત્પત્તિ મનુષ્યભવમાં થતી હોવાથી મનુષ્યપણાને સારરૂપ કહેલ છે. ॥૧૩॥

**धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपि न विद्यते ।**
**अजागलस्तनस्येव तस्य जन्म निरर्थकम् ।।१४।।**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચારમાંનું એક પણ જેની પાસે નથી, તો બકરીના ગળામાં રહેલ સ્તનની જેમ તેનો જન્મ નિરર્થક છે.।।૧૪।।

**धर्मशोकभयाहार-निद्राकामकलिक्रुधः ।**
**यावन्मात्रा विधीयन्ते तावन्मात्रा भवन्त्यमी ।।१५।।**

ધર્મ, શોક, ભય, આહાર, નિદ્રા, કામ, કલહ અને ક્રોધ-એમને જેટલા વધારવા હોય, તેટલા વધી શકે છે અને ઘટાડ્યા ઘટી શકે છે. ।।૧૫।।

**धर्मस्य फलमिच्छन्ति धर्मं नेच्छन्ति मानवाः ।**
**फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति सादराः ।।१६।।**

મનુષ્યો ધર્મના ફળને ઇચ્છે છે, પણ ધર્મને ઇચ્છતા નથી. વળી તેઓ પાપના ફળને ઇચ્છતા નથી, પણ પાપ તો ઉત્સાહથી કર્યા કરે છે.।।૧૬।।

**धर्मज्ञो धर्मकर्त्ता च सदा धर्मप्रवर्तकः ।**
**सत्त्वेभ्यो धर्मशास्त्रार्थ-देशको गुरुरुच्यते ।।१७।।**

ધર્મને જાણનાર, ધર્મને આચરનાર, સદા ધર્મનો પ્રવર્તક તથા પ્રાણીઓને ધર્મ તથા શાસ્ત્રાર્થ સમજાવનારને ગુરુ કહેલ છે. ।।૧૭।।

**धर्मो यशो नयो दाक्ष्यं मनोहारि सुभाषितम् ।**
**इत्यादिगुणरत्नानां सङ्ग्रही नावसीदति ।।१८।।**

ધર્મ, યશ, ન્યાય, દક્ષતા અને મનોહર સુભાષિત-ઇત્યાદિ ગુણોનો સંગ્રહ કરનાર કદાપિ સીદાતો-દુ:ખી થતો નથી. ।।૧૮।।

**धनेषु जीवितव्येषु स्त्रीषु चाहारकर्मसु ।**
**अतृप्ता प्राणिनः सर्वे याता यास्यन्ति यान्ति च ।।१९।।**

ધન, જીવિતવ્ય, સ્ત્રીસેવન અને આહારાદિ કર્મમાં સર્વ પ્રાણીઓ અતૃપ્ત રહીને જ ગયા, જાય છે અને જશે. કોઈ તૃપ્ત થતું જ નથી.।।૧૯।।

धन्ययाऽतिप्रसादेऽपि नावगण्यः पतिः स्त्रिया ।
धान्यं पादेन मृद्नाति नातिघ्रातोऽपि यद् बुधः ।।२०।।

પોતાના પતિનો અત્યંત પ્રસાદ છતાં પણ ભાગ્યવંતી સ્ત્રીએ પતિની કદાપિ અવગણના ન કરવી. અતિ ધરાયા છતાં સુજ્ઞજન પોતાના પગ વડે ધાન્યને મર્દતો નથી. ।।૨૦।।

धर्मो जिनोदितोऽसारे संसारेऽत्र मलीमसे ।
इवावकरके रत्नं सुभाग्यैरेव लभ्यते ।।२१।।

આ અસાર અને મલીન અનેક દુ:ખોની ખાણરૂપ સંસારમાં જિનકથિત ધર્મ ઉકરડામાં રત્નની જેમ સુભાગ્યે જ પ્રાપ્ત થઈ શકે છે. ।।૨૧।।

धन्याः शुचीनि सुरभीणि गुणोम्भितानि,
वाग्वीरुधः स्ववदनोपवनोद्गतायाः ।
उच्चित्य सूक्तिकुसुमानि सतां विविक्त-
वर्णानि कर्णपुलिनेष्ववतंसयन्ति ।।२२।।

તે જ પુરુષો ધન્ય છે કે જેઓ પોતાના મુખરૂપ બગીચામાં ઉત્પન્ન થયેલ એવી વાણીરૂપ લતાના પવિત્ર, સુરભિયુક્ત, વિવિધવર્ણોવાળા તથા ગુણોથી સંયુક્ત એવા સુવચનરૂપ પુષ્પોને એકત્ર કરીને સજ્જનોના કર્ણમાં આભૂષણરૂપ કરે છે. ।।૨૨।।

धनिनोऽपि निरुन्मादा युवानोऽपि न चञ्चलाः ।
प्रभवोऽप्यप्रमत्तास्ते महामहिमशालिनः ।।२३।।

પોતે ધનવંત છતાં જે અભિમાની ન હોય, યુવાન છતાં જે ચંચલ ન હોય અને સત્તાધારી છતાં જે અપ્રમત્ત હોય, એવા પુરુષો જ આ જગતમાં મહામહિમાશાળી હોય છે. ।।૨૩।।

धवलयति समग्रं चन्द्रमा जीवलोकं,
किमिति निजकलङ्कं नात्मसंस्थं प्रमार्ष्टि ।

भवति विदितमेतत्प्रायशः सज्जनानां;

परहितनिरतानामादरो नात्मकार्ये ॥२४॥

જુઓ, ચંદ્રમાં પોતાનામાં રહેલ કલંકને સાફ ન કરતાં સમસ્ત જીવલોકને ધવલિત(શ્વેત) બનાવે છે, માટે પરહિતમાં તત્પર એવા સજ્જનોને પ્રાય: પોતાના કાર્યમાં આદર હોતો નથી, એ વાત સુવિદિત જ છે. ॥૨૪॥

धर्मे तत्परता मुखे मधुरता दाने समुत्साहिता,

मित्रेऽवञ्चकता गुरौ विनयिता चित्तेऽतिगम्भीरता ।

आचारे शुचिता गुणे रसिकता शास्त्रेऽतिविज्ञानिता;

रूपे सुन्दरता हरौ भजनिता सत्स्वेव सन्दृश्यते ॥२५॥

ધર્મમાં તત્પરતા રાખવી, મુખમાં મધુરતા, દાનમાં ઉત્સાહિતા, મિત્ર તરફ અવંચકતા(નિષ્કપટભાવ), ગુરુ તરફ વિનય, અંત:કરણમાં અતિગંભીરતા, આચારમાં પવિત્રતા, ગુણમાં રસિકતા, શાસ્ત્રમાં અત્યંત વિજ્ઞાનિતા, રૂપમાં સુંદરતા અને પ્રભુ તરફ ભક્તિભાવ એ ગુણો તો સત્પુરુષોમાં જ જોવામાં આવે છે. ॥૨૫॥

धनेन किं यो न ददाति याचके,

बलेन किं यश्च रिपुं न बाधते ।

श्रुतेन किं यो न च धर्ममाचरेत्;

किमात्मना यो न जितेन्द्रियो भवेत् ॥२६॥

જો યાચકને આપવામાં ન આવે તો તેવા ધનથી શું? જો શત્રુને નિર્મૂલ કરવામાં ન આવે તો તેવા બળથી પણ શું? અને ધર્મ આચરવામાં ન આવે તો તેવા શ્રુતજ્ઞાનથી શું? અને જો ઇંદ્રિયોનો જય કરવામાં ન આવે તો તેવા આત્માથી પણ શું? ॥૨૬॥

धनानि भूमौ पशवश्च गोष्ठे भार्या गृहद्वारि जनः श्मशाने।

देहश्चितायां परलोकमार्गे कर्मानुगो गच्छति जीव एकः

॥२७॥

ધન જમીનમાં પડ્યું રહેશે, પશુઓ વાડામાં રહેશે, સ્ત્રી ઘરના બારણા પાસે ઉભી રહી જશે, સ્વજનો સ્મશાન સુધી આવશે અને આ દેહ ચિતાપર્યંત આવીને ભસ્મ થઇ જશે, અને જીવ એકલો પોતાના કર્મોને અનુસરીને પરલોકના માર્ગે પ્રયાણ કરશે, ફક્ત પુણ્યને પાપ જ સાથે ચાલશે. ॥૨૭॥

**धनमपि परदत्तं दुःखमौचित्यभाजां,**
**भवति हृदि तदेवानन्दकारीतरेषाम् ।**
**मलयजरसबिन्दुर्बाधते नेत्रमन्त-**
**र्जनयति च स एवाह्लादमन्यत्र गात्रे ॥२८॥**

બીજાએ આપેલ ધનથી પણ કુલીનજનોને અંતરમાં દુઃખ થાય છે, અને સાધારણજનોને તે જ ધનથી આનંદ થાય છે. ચંદનરસનો બિંદુ જો નેત્રમાં નાખીએ તો તે પીડા કરે છે અને તે જ બિંદુ જો અન્ય અવયવોમાં લગાડેલ હોય તો તે આનંદકારી થાય છે. ॥૨૮॥

**धनिनोऽप्यदानभोगा गण्यन्ते धुरि महादरिद्राणाम् ।**
**हन्ति न यतः पिपासामतः समुद्रोऽपि मरुरेव ॥२९॥**

પોતે ધનવંત છતાં જો તે દાન આપતા ન હોય અને ભોગ પણ ભોગવતા ન હોય તો તે મહાદરિદ્રોમાં મુખ્ય શિરોમણિ છે, કારણકે જો પિપાસાને નિવારણ ન કરે તો સમુદ્ર પણ મરુ(મારવાડ) સમાન જ છે. ॥૨૯॥

**धनानि जीवितं चैव परार्थे प्राज्ञ उत्सृजेत् ।**
**तन्निमित्तो वरं त्यागो विनाशे नियते सति ॥३०॥**

સુજ્ઞપુરુષે પોતાના ધન અને જીવિતને પરોપકાર નિમિત્તે વાપરવા એ વધારે ઉચિત છે, કારણકે જો તેનો સદુપયોગ કરવામાં ન આવે તો તેનો વિનાશ તો અવશ્ય થવાનો જ છે. ॥૩૦॥

**धर्मं प्रसङ्गादपि नाचरन्ति पापं प्रयत्नेन समाचरन्ति ।**

**आश्चर्यमेतद्धि मनुष्यलोकेऽमृतं परित्यज्य विषं पिबन्ति ।।३१।।**

અહો! જુઓ તો ખરા, જગતમાં લોકો પ્રસંગોપાત્ત પણ ધર્મનું આચરણ કરતા નથી અને ખાસ પ્રયત્નપૂર્વક પાપનું આચરણ કરે છે, એ જ આશ્ચર્ય છે કે તેઓ અમૃતનો ત્યાગ કરીને વિષપાન કરવા તત્પર થાય છે. ।।૩૧।।

**धर्मार्थौ यत्र न स्यातां शुश्रूषा वापि तद्विधा ।**
**तत्र विद्या न वक्तव्या शुभं बीजमिवोषरे ।।३२।।**

ધર્મ, અર્થ અને તેવા પ્રકારની સેવા પણ જ્યાં નથી, ત્યાં ક્ષારભૂમિમાં સારા બીજની જેમ વિદ્યા ન પ્રકાશવી અર્થાત્ ત્યાં વિદ્યા બિલકુલ નિષ્ફળ થઇ જાય છે. ।।૩૨।।

# न

न निर्वहत्यहङ्कारः पुरुषैः सह योषिताम् ।
सव्यः करः सभूषोऽपि मलस्यैवापनुत्तये ।।१।।

પુરુષોની સાથે સ્ત્રીઓનો અહંકાર નભી શકતો નથી. ડાબો હાથ વિભૂષિત હોય, છતાં પણ તેનાથી જ મળ દૂર કરવામાં આવે છે. ।।૧।।

निर्धनोऽपि कुरूपोऽपि निःश्रीकोऽपि व्यसन्यपि ।
सेव्यो देव इव प्रेयान् रामया शुभकाम्यया ।।२।।

પોતાનો પતિ નિર્ધન, કુરૂપ, શોભાહીન તથા વ્યસની છતાં શુભને ઇચ્છનાર કુલીનસ્ત્રીએ તેની દેવની જેમ સેવા કરવી. ।।૨।।

न भोगैर्भूरिभिर्भुक्तै-रुपर्युपरि तृप्यति ।
संसारी विविधाहारै-र्भस्मकव्याधिमानिव ।।३।।

ઉપરાઉપરી બહુ ભોગો ભોગવ્યા છતાં વિવિધ આહારથી ભસ્મક વ્યાધિવાળાની જેમ સંસારી જીવ કદાપિ તૃપ્ત થઇ શકતો જ નથી. ।।૩।।

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा;
न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ।।४।।

નીતિમાં નિપુણ પુરુષો ભલે નિંદા કે સ્તુતિ કરે, લક્ષ્મી પોતાની ઇચ્છા પ્રમાણે આવે કે ચાલી જાય, અને મરણ કદાચ ભલે આજ આવે યા તો બીજા યુગમાં આવે છતાં ધીરજનો ન્યાયમાર્ગથી એક પગલું પણ ચલાયમાન થતા નથી. ।।૪।।

**नीचाश्रयो न कर्त्तव्यः कर्त्तव्यो महदाश्रयः ।**
**अजा सिंहप्रसादेन आरूढा गजमस्तके ।।५।।**

નીચનો આશ્રય ન કરવો, પણ મોટાનો આશ્રય કરવો. સિંહના પ્રસાદથી બકરી હાથીના મસ્તકપર આરૂઢ થઈ શકી. ।।૫।।

**नास्ति मेघसमं तोयं नास्ति चात्मसमं बलम् ।**
**नास्ति चक्षुःसमं तेजो नास्ति लक्ष्मीसमं प्रियम् ।।६।।**

મેઘ સમાન જળ નહિ, આપ સમાન બળ નહિ, ચક્ષુસમાન તેજ નહિ અને લક્ષ્મીસમાન કંઈ પ્રિય નથી. ।।૬।।

**नागुणी गुणिनं वेत्ति गुणी गुणिषु मत्सरी ।**
**गुणी च गुणरागी च विरलः सरलो जनः ।।७।।**

અગુણી ગુણીને જાણી શકતો નથી અને ગુણી ગુણીજનો પર મત્સર રાખે છે, તેથી એમ લાગે છે કે ગુણીઓમાં તથા ગુણાનુરાગીઓમાં સરલજન તો વિરલા જ હશે. ।।૭।।

**न देवे देवत्वं कपटपटवस्तापसजना,**
**जनो मिथ्यावादी विरलतरवृष्टिर्जलधरः ।**
**प्रसङ्गो नीचानामवनिपतयस्तस्करसमा;**
**जना भ्रष्टा नष्टा अहह कलिकाले प्रभवति ।।८।।**

દેવમાં દેવત્વ રહ્યું નથી, તાપસો બધા પ્રપંચના પૂતળા બનતા જાય છે, લોકો મિથ્યાવાદી થતા જાય છે, મેઘો બહુ જ ઓછા વરસે છે, નીચજનોનો પ્રસંગ વધતો જાય છે, રાજાઓ તસ્કર જેવા બનતા જાય

છે. અહો! કળિકાળનો પ્રભાવ વધી જવાથી લોકો ભ્રષ્ટ-નષ્ટ થઇ ગયા છે. ॥૮॥

**नीचः श्लाध्यपदं प्राप्य स्वामिनं हन्तुमिच्छति**
**मूषको व्याघ्रतां प्राप्य मुनिं हन्तुं गतो यथा ॥९॥**

ઉંદર વ્યાઘ્રપણાને પામતાં જેમ મુનિને હણવા ગયો, તેમ નીચજનો ઊંચ પદવી પામીને પોતાના સ્વામીને જ હણવા ઇચ્છે છે. ॥૯॥

**नैवाकृतिः फलति नैव कुलं च शीलं,**
**विद्यापि नैव न च यत्नकृतापि सेवा ।**
**भाग्यानि पूर्वतपसा खलु सञ्चितानि;**
**काले फलन्ति पुरुषस्य यथैव वृक्षाः ॥१०॥**

આકૃતિ, કુળ કે શીલ ફળતા નથી, વિદ્યા કે યત્નથી કરવામાં આવેલ સેવા પણ ફળતી નથી; પરંતુ અવસરે વૃક્ષોની જેમ પૂર્વતપથી સંચેલ ભાગ્ય જ પુરુષને ફળે છે. ॥૧૦॥

**नरपतिहितकर्ता द्वेष्यतां याति लोके,**
**जनपदहितकर्ता त्यज्यते पार्थिवेन ।**
**इति महति विरोधे वर्तमानेऽसमाने;**
**नृपतिजनपदानां दुर्लभः कार्यकर्ता ॥११॥**

રાજાનો હિતકર્તા લોકોમાં દ્વેષપાત્ર થાય છે, અને દેશનો હિતકર્ત્તા રાજાથી તજાય છે, એ રીતે અસમાન અને મહાન્ વિરોધ વર્ત્તમાનમાં થતાં રાજા અને દેશનું કાર્ય કરનાર પુરુષ દુર્લભ છે. ॥૧૧॥

**नक्रः स्वस्थानमासाद्य गजेन्द्रमपि कर्षति ।**
**स एव प्रच्युतः स्थाना-च्छुनापि परिभूयते ॥१२॥**

નક્ર(જળજંતુવિશેષ) પોતાના સ્થાનમાં રહેતાં ગજેંદ્રને પણ ઘસડી જાય છે, પરંતુ તે જ પોતાના સ્થાનથી ભ્રષ્ટ થતાં એક સામાન્ય કૂતરાથી પણ પરાભવ પામે છે. ॥૧૨॥

न हि जन्मनि ज्येष्ठत्वं ज्येष्ठत्वं गुण उच्यते।
गुणाद् गुरुत्वमायाति दधि दुग्धं घृतं यथा ।।१३।।

જન્મમાં શ્રેષ્ઠતા નથી, પણ ગુણમાં શ્રેષ્ઠતા છે. દહીં, દૂધ અને ઘૃત-એ ગુણથી જ ગુરુત્વ(મોટાઇ)ને પામે છે. ॥૧૩॥

निःस्वो वष्टि शतं शती दश शतं लक्षं सहस्राधिपो,
लक्षेशः क्षितिराजतां क्षितिपतिश्चक्रेशतां वाञ्छति ।
चक्रेशः सुरराजतां सुरपतिर्ब्रह्मास्पदं वाञ्छति;
ब्रह्मा विष्णुपदं हरिः शिवपदं तृष्णावधिं को गतः ।।१४।।

નિર્ધન પુરુષ સોને ઇચ્છે છે, સોવાળો હજારને અને હજારવાળો દશ હજારને, તથા દશ-હજારવાળો લાખને ઇચ્છે છે, લક્ષાધિપતિ રાજ્યને અને રાજા ચક્રવર્તી થવાને ઇચ્છે છે, ચક્રવર્તી ઇંદ્રપદને અને ઇંદ્ર બ્રહ્માની પદવીને ચાહે છે, બ્રહ્મા વિષ્ણુના પદને અને વિષ્ણુ શિવ(શંકર)ના પદને ઇચ્છે છે, એમ તૃષ્ણાનો કોણ પાર પામી શકે? ॥૧૪॥

नान्तकस्य प्रियः कश्चि-न्न लक्ष्म्याः कोऽपि वल्लभः ।
नाप्तो जरायाः कोऽप्यस्ति यूयं तदपि सुस्थिताः ।।१५।।

યમરાજને કોઈ પ્રિય નથી, લક્ષ્મીને કોઇ વલ્લભ નથી અને જરાને કોઈ આપ્ત(પ્રિય) નથી. અહો ! તો પણ તમે સુસ્થિત થઇને બેઠા છો. ॥૧૫॥

न्यग्रोधे दुर्लभं पुष्पं, दुर्लभं स्वातिजं पयः ।
दुर्लभं मानुषं जन्म दुर्लभं देवदर्शनम् ।।१६।।

વટવૃક્ષમાં પુષ્પ દુર્લભ છે, સ્વાતિ નક્ષત્રનું જળ, માનુષજન્મ અને દેવ-દર્શન-એ બધાં પણ દુર્લભ હોય છે. ॥૧૬॥

निद्रा मूलमनर्थानां निद्रा श्रियोविघातिनी ।
निद्रा प्रमादजननी निद्रा संसारवर्द्धिनी ।।१७।।

નિદ્રા-એ અનર્થોનું મૂલ છે, નિદ્રા-લક્ષ્મીનો નાશ કરનારી છે, નિદ્રા-પ્રમાદને જન્મ આપે છે અને સંસારને વધારનારી છે. ॥૧૭॥

**नित्यमित्रसमो देहः स्वजनाः पर्वसन्निभाः ।**

**नमस्कारसमो ज्ञेयो धर्मः परमबान्धवः ॥१८॥**

દેહ-એ નિત્યમિત્ર સમાન છે, સ્વજનો-તે પર્વમિત્ર સમાન અને ધર્મ-એ નમસ્કારમિત્ર સમાન પરમ બાંધવની જેમ સંકટોમાંથી ઉગારનાર છે. ॥૧૮॥

**निदाघे सन्तप्तः प्रचुरतरतृष्णातुरमनाः,**

**सरः पूर्णं दृष्ट्वा त्वरितमुपयातः करिवरः ।**

**तथा पङ्के मग्नस्तटनिकटवर्त्तन्यपि यथा;**

**न नीरं नो तीरं द्वयमपि विनष्टं विधिवशात् ॥१९॥**

ઉનાળામાં સંતપ્ત અને અત્યંત તૃષાતુર થયેલ કોઇ હાથી, પૂર્ણ સરોવરને જોઇને તરત ત્યાં આવ્યો, અને તટની પાસે રહેલા કાદવમાં તે એવી રીતે નિમગ્ન થઇ ગયો કે જેથી દૈવયોગે તે નીર અને તીર-બંનેથી ભ્રષ્ટ થયો.॥૧૯॥

**नाभिषेको न संस्कारः सिंहस्य क्रियते मृगैः ।**

**विक्रमार्जितसत्त्वस्य स्वयमेव मृगेन्द्रता ॥२०॥**

સિંહને મૃગલાઓ અભિષેક કે સંસ્કાર કરતા નથી; પરંતુ પરાક્રમથી પ્રાપ્ત થયેલ સત્ત્વને લીધે તેને પોતાની મેળે જ મૃગેંદ્રતા-સિંહપણું છે. ॥૨૦॥

**नालिकेरसमाकारा दृश्यन्ते केऽपि सज्जनाः ।**

**अन्ये तु बदराकारा बहिरेव मनोरमाः ॥२१॥**

કેટલાક સજ્જનો નાળીયેર સમાન જોવામાં આવે છે. બાકીના તો બોરની જેમ માત્ર બહારથી મનોહર દેખાય છે, અંતરમાં ઘણા દુષ્ટ હોય છે. ॥૨૧॥

नमन्ति फलिता वृक्षा नमन्ति विबुधा जनाः ।
शुष्ककाष्ठं च मूर्खाश्च भज्यन्ते न नमन्ति च ।।२२।।

ફલિત વૃક્ષો અને વિબુધ જનો નમે છે, પરંતુ શુષ્કકાષ્ઠ અને મૂર્ખજનો ભગ્ન થાય(તપાસતાં ભાંગી પડે છે) છતાં નમતા નથી. ।।૨૨।।

नाहं काको महाराज हंसोऽहं विमले जले ।
नीचसङ्गप्रसङ्गेन मृत्युरेव न संशयः ।।२३।।

હે મહારાજ! હું કાગ નથી, પણ નિર્મળ સરોવરમાં રહેનાર હંસ છું. નીચના સંગથી અવશ્ય મરણ જ થાય છે, એવી મને હવે ખાત્રી થઈ. ।।૨૩।।

न हि मे पर्वता भारा न मे भाराश्च सागराः ।
कृतघ्नाश्च महाभारा भारा विश्वासघातकाः ।।२४।।

પૃથ્વી કહે છે કે મને પર્વતોનો ભાર લાગતો નથી, તેમ સાગરોનો પણ ભાર જણાતો નથી. પણ કૃતઘ્ન અને વિશ્વાસઘાતક એ બે પ્રકારના મનુષ્યો જ મને વધારે ભારે લાગે છે. ।।૨૪।।

न विना परवादेन हृष्टो भवति दुर्जनः ।
काकः सर्वरसान् पीत्वा विनाऽमेध्यं न तृप्यति ।।२५।।

દુર્જનપુરુષ પરનિંદા વિના આનંદિત થતો નથી, જુઓ કાગડો સર્વ રસોનું પાન કરતાં પણ વિષ્ટા વિના તે તૃપ્ત થતો નથી. ।।૨૫।।

नारीनुन्नो न कुरुते किमनात्मवशो नरः ।
वात्येरितो दहत्यत्र पावकः पावनं वनम् ।।२६।।

સ્ત્રીથી પ્રેરાઇને પરાધીન થયેલ પુરુષ શું શું અનર્થ કરતો નથી ? કારણકે વંટોળીયાથી પ્રેરાયેલ અગ્નિ પાવન વનને ભસ્મીભૂત કરી દે છે. ।।૨૬।।

निर्हेतुकोपकारी यो भृशं प्रशमवानपि ।

लुप्तसप्तभयभ्रान्ति-रपि प्रतिभयान्वितः ।।२७।।

જે અત્યંત પ્રશમવાન્, નિર્હેતુક ઉપકારી અને સાત ભયની ભ્રાંતિથી જે મુક્ત હોય છે, તે પ્રતિભા(બુદ્ધિ) યુક્ત હોય છે. ||૨૭||

न दानेन न मानेन न कलाभिः कुलेन च ।
एताः कृतान्तवत्क्रूरा भवन्ति स्ववशा वशाः ।।२८।।

કૃતાંત સમાન ક્રૂર સ્ત્રીઓ દાન, માન, કળા કે કુળથી સ્વાધીન કરી શકાતી નથી. ||૨૮||

न जीवहिंसा नासत्य-भाषा न स्तैन्यमैथुने ।
न परिग्रहवैयग्र्यं येषां ते मुनिपुङ्गवाः ।।२९।।

જેઓ જીવહિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહથી મુક્ત છે, તે જ મહાત્માઓ ગણાય છે. ||૨૯||

न प्रेमधाम वनिता न नितान्तपुष्टा,
लक्ष्म्यो न लक्षणलसद्वपुषस्तनूजाः ।
नो वा निरन्तरहृदः सुहृदः कदाचि-
दालंबनं निपततां नरकान्धकूपे ।।३०।।

નરકરૂપ અંધકૂપમાં પડતાં પ્રાણીઓને પ્રેમપાત્ર વનિતા આલંબનરૂપ થતી નથી, અગણિત લક્ષ્મી કે સારા લક્ષણવાળા પુત્રો પણ આલંબનરૂપ થતા નથી, તેમજ એક હૃદયવાળા મિત્રો પણ કોઇવાર આલંબનરૂપ થતા નથી(એક ધર્મ વિના કોઈ આલંબનરૂપ થતું નથી). ||૩૦||

निबद्धं प्राग्भवे कर्म जन्तुना यच्छुभाशुभम् ।
प्रभूयन्ते निरोद्धुं त-द्विपाकं नाकिनोऽपि न ।।३१।।

પૂર્વભવમાં જંતુએ જે શુભાશુભ કર્મ બાંધેલ છે, તેનો વિપાક અટકાવવાને દેવતાઓ પણ સમર્થ થઇ શકતા નથી. ||૩૧||

निविशे वायुविवशे वह्नौ जक्षिमि वा विषम्

म्रिये जिह्वामपि च्छित्त्वा शीलं लुम्पामि नो पुनः ।।३२।।

વાયુથી ઉછળતા અગ્નિમાં હું પડીશ, વિષભક્ષણ કરીશ અને જીભ છેદીને મરણ પામીશ, પરંતુ શીલનો લોપ કદાપિ કરનાર નથી. ।।૩૨।।

न हि स्वगृहविद्यायां शिष्याः प्रायेण सादराः ।
स्वरूपायामपि स्वीय-कामिन्यां कामुका इव ।।३३।।

પોતાની સ્ત્રી રૂપવતી છતાં કામીપુરૂષો જેમ પરસ્ત્રીમાં આસક્ત રહે છે, તેમ પોતાની ગૃહવિદ્યામાં પ્રાયઃ શિષ્યો આદરરહિત હોય છે. ।।૩૩।।

न च राजभयं न च चौरभयं इह लोकसुखं परलोकहितम्।
वरकीर्तिकरं नरदेवनतं श्रमणत्वमिदं रमणीयतरम् ।।३४।।

અહો ! જ્યાં રાજભય કે ચોરભય નથી, જેથી આ લોકમાં સુખ અને પરલોકમાં હિત થાય છે, જે શ્રેષ્ઠ કીર્તિને ઉત્પન્ન કરનાર છે અને જેને દેવો તથા મનુષ્યો નમે છે, એવું શ્રમણત્વ-સાધુપણું અત્યંત રમણીય ગ્રહણ કરવા યોગ્ય છે. ।।૩૪।।

निर्दयत्वमहङ्कार-स्तृष्णा कर्कशभाषणम् ।
नीचपात्रप्रियत्वं च पञ्च श्रीसहचारिणः ।।३५।।

નિર્દયતા, અહંકાર, તૃષ્ણા, કઠોરભાષણ અને નીચપાત્રની પ્રિયતા-એ પાંચ દોષો લક્ષ્મીના સહચારી સર્વદા સાથે જ રહે છે. ।।૩૫।।

नयेन नेता विनयेन शिष्यः शीलेन लिङ्गी प्रशमेन साधुः।
जीवेन देहः सुकृतेन देही वित्तेन गेही रहितो न किञ्चित्
।।३६।।

ન્યાયથી નેતા, વિનયથી શિષ્ય, શીલથી સંન્યાસી(બ્રહ્મચારી), પ્રશમથી સાધુ, જીવથી દેહ, સુકૃતથી આત્મા, અને ધનથી ગૃહસ્થ શોભે છે, પણ જો તેઓ એ ગુણો વિનાના હોય તો કંઈ પણ કામના નથી. ।।૩૬।।

न दातुं नोपभोक्तुं वा शक्नोति कृपणः श्रियम् ।

किं तु स्पृशति हस्तेन नपुंसक इव स्त्रियम् ।।३७।।

કૃપણ પોતાની લક્ષ્મી ભોગવી શકતો નથી, તેમ તે દાન પણ કરી શકતો નથી, પરંતુ તે નપુંસક જેમ સ્ત્રીને હાથથી સ્પર્શ કરે છે તેમ માત્ર તેનો હસ્તથી સ્પર્શ કર્યા કરે છે.(ગણ્યા કરે છે.) ॥૩૭॥

नवगुप्तिसनाथेन ब्रह्मचर्येण भूषिताः ।

दन्तशोधनमात्रेऽपि परस्वे विगतस्पृहाः ।।३८।।

જેઓ નવ ગુપ્તિયુક્ત બ્રહ્મચર્યથી વિભૂષિત હોય છે, જેઓ દંતશોધન નિમિત્તે નજીવી જેવી પરવસ્તુમાં પણ સ્પૃહા રાખતા નથી; તેઓ જ મુનિરાજ છે. ॥૩૮॥

नैव स्त्रीणां प्रियः कोऽपि न चाढ्यो न च रूपवान् ।

गावस्तृणमिवारण्ये आकाङ्क्षन्ते नवं नवम् ।।३९।।

સ્ત્રીઓને ધનવાન્ કે રૂપવાન્ કોઇ પણ પ્રિય ન હોય, તેઓ નવા નવા પુરુષને ઇચ્છતી જાય છે, જેમ જંગલમાં ચરતી ગાય નવા નવા ઘાસને ઈચ્છે છે. ॥૩૯॥

न काष्ठे विद्यते देवो न शिलायां न कर्दमे ।

भावेषु विद्यते देव-स्तस्माद् भावो हि कारणम् ।।४०।।

કાષ્ઠ, પાષાણ કે કાદવમાં કંઇ દેવ નથી, પણ દેવ તો ભાવમાં જ છે, માટે સદ્ગતિ મેળવવાનું ભાવ એ જ મુખ્ય કારણ છે. ॥૪૦॥

न सदश्वाः कशाघातं न सिंहो घनगर्जितम् ।

परैरङ्गुलिनिर्देशं न सहन्ते मनस्विनः ।।४१।।

નામીચો અશ્વ ચાબુકના પ્રહાર તથા સિંહ મેઘના ગર્જારવને સહન કરતો નથી, તેમ સુજ્ઞજનો અન્યના અંગુલિ નિર્દેશને સહન કરતા નથી. ॥૪૧॥

नदीतटेषु ये वृक्षा या च नारी निराश्रया ।

मन्त्रिहीनाश्च राजानो न भवन्ति चिरायुषः ।।४२।।

નદીકિનારાપરના વૃક્ષો, નિરાધાર સ્ત્રી અને પ્રધાન વિનાના રાજાઓનું રાજ્ય એ દીર્ઘાયુષી થઇ શકતા નથી. ॥૪૨॥

**न विना मधुमासेन अन्तरं पिककाकयोः।**
**वसन्ते च पुनः प्राप्ते काकः काकः पिकः पिकः ॥४३॥**

વસંત વિના કોયલ અને કાગડાનું અંતર જાણી શકાતું નથી, પણ જ્યારે વસંતઋતુ આવે છે, ત્યારે કોયલ તે કોયલ અને કાગ તે કાગ-એ ભેદ દેખાઈ આવે છે. ॥૪૩॥

**नास्ति कामसमो व्याधि-र्नास्ति क्रोधसमोऽनलः ।**
**नास्त्यज्ञानसमं दुःखं नास्ति मोहसमो रिपुः ॥४४॥**

કામ સમાન વ્યાધિ નથી, ક્રોધ સમાન અગ્નિ નથી, અજ્ઞાન સમાન દુ:ખ નથી અને મોહ સમાન કોઇ શત્રુ નથી. ॥૪૪॥

**नृपस्य चित्तं कृपणस्य वित्तं मनोरथं मानसदुर्जनं च ।**
**स्त्रियश्चरित्रं पुरुषस्य भाग्यं देवो न जानाति कुतो मनुष्यः ॥४५॥**

રાજાનું ચિત્ત, કૃપણનું ધન, મનોરથ, દુર્જનની દુષ્ટતા, સ્ત્રીનું ચરિત્ર અને પુરુષનું ભાગ્ય-એ દેવ પણ ન જાણી શકે, તો મનુષ્ય ક્યાંથી જાણી શકે? ॥૪૫॥

**नराणां नापितो धूर्त्तः पक्षिणां चैव वायसः ।**
**चतुष्पदां शृगालस्तु स्त्रियां धूर्ता च मालिनी ॥४६॥**

પુરુષોમાં હજામ ધૂર્ત્ત, પક્ષીઓમાં કાગ ધૂર્ત્ત, પશુઓમાં શૃગાલ ધૂર્ત્ત અને સ્ત્રીઓમાં માલણને ધૂર્ત્ત કહેલ છે. ॥૪૬॥

**निर्धनानामनाथानां पीडितानां नियोगिभिः ।**
**वैरिभिश्चाभिभूतानां सर्वेषां शरणं नृपः ॥४७॥**

નિર્ધન, અનાથ, અધિકારીજનોથી ત્રાસ પામેલ તથા વૈરીઓથી પરાભવ

પામેલ એ બધાને રાજા જ શરણ હોય છે. ॥૪૭॥

**नक्षत्रभूषणं चन्द्रो नारीणां भूषणं पतिः ।**
**पृथिवीभूषणं राजा विद्या सर्वस्य भूषणम् ॥४८॥**

નક્ષત્રનું ભૂષણ ચંદ્ર છે, સ્ત્રીઓનું ભૂષણ પતિ છે, રાજા પૃથિવીનું ભૂષણ છે અને વિદ્યા એ સર્વનું ભૂષણ છે. ॥૪૮॥

**न च विद्यासमो बन्धु-र्न च व्याधिसमो रिपुः ।**
**न सौजन्यसमो स्नेहो न च दैवात्परं बलम् ॥४९॥**

વિદ્યા સમાન બંધુ નથી, વ્યાધિ સમાન શત્રુ નથી, સૌજન્ય સમાન સ્નેહ નથી અને દૈવ સમાન ઇતર બળ નથી. ॥૪૯॥

**न ध्यातं पदमीश्वरस्य विधिवत्संसारविच्छित्तये,**
**स्वर्गद्वारकपाटपाटनपटुर्धर्मोऽपि नोपार्जितः ।**
**नारीपीनपयोधरोरुयुगलं स्वप्नेऽपि नालिङ्गितं;**
**मातुः केवलमेव यौवनवनच्छेदे कुठारा वयम् ॥५०॥**

સંસારનો ઉચ્છેદ કરવા વિધિપૂર્વક ઈશ્વરપદનું પણ ધ્યાન ન ધર્યું, સ્વર્ગના દ્વાર ઉઘાડવામાં સમર્થ એવા ધર્મનું પણ ઉપાર્જન ન કર્યું, તેમજ સ્ત્રીના પીન સ્તન તથા ઉરુયુગલનું સ્વપ્નમાં પણ આલિંગન ન કર્યું, તેથી અમે કેવલ માતાના યૌવનરૂપ વનને છેદવામાં માત્ર કુઠારરૂપ જ થયા.॥૫૦॥

**नभोभूषा पूषा कमलवनभूषा मधुकरो,**
**वचोभूषा सत्यं वरविभवभूषा वितरणम् ।**
**मनोभूषा मैत्री मधुसमयभूषा मनसिजः;**
**सदोभूषा सूक्तिः सकलगुणभूषा च विनयः ॥५१॥**

આકાશનું ભૂષણ સૂર્ય છે, કમળવનનું ભૂષણ મધુકર છે, વચનનું ભૂષણ સત્ય છે, મનનું ભૂષણ મૈત્રી, વસંતસમયનું ભૂષણ કામદેવ, સુવચન એ સભાનું ભૂષણ છે અને વિનય એ બધા ગુણોનું ભૂષણ છે. ॥૫૧॥

न निमित्तद्विषां क्षेमो नायुर्वैद्यकविद्विषाम् ।
गुरुद्विषां न हि ज्ञानं न मुक्तिर्देवविद्विषाम् ।।५२।।

કંઈ પણ નિમિત્તને લઇને દ્વેષ કરનારાઓને કુશળ ન હોય, વૈદ્યો પર દ્વેષ કરનારાઓ અલ્પાયુષી હોય, ગુરુના દ્વેષીઓને જ્ઞાન ન મળે અને દેવના દ્વેષીઓને મોક્ષની પ્રાપ્તિ ન થાય. ।।૫૨।।

निर्दन्तः करटी हयो गतजवश्चन्द्रं विना शर्वरी
निर्गंधं कुसुमं सरो गतजलं छायाविहीनस्तरुः ।
सूपो निर्लवणः सुतो गतगुणश्चारित्रहीनो यति-
र्निर्देवं भुवनं न राजति तथा धर्मं विना मानवः ।।५३।।

દંત વિનાનો હસ્તી, વેગ વિનાનો અશ્વ, ચંદ્ર વિનાની રાત્રિ, ગંધ વિનાનું પુષ્પ, જળ વિનાનું સરોવર, છાયા વિનાનું વૃક્ષ, લવણ વિનાનું ભોજન, વિનય વિનાનો પુત્ર, ચારિત્રહીન યતિ, અને દેવ વિનાનું જેમ મંદિર ન શોભે તેમ ધર્મ વિના મનુષ્ય શોભતો નથી. ।।૫૩।।

निर्लेपो निष्कलः शुद्धो निष्पन्नोऽत्यन्तनिर्वृतः ।
निर्विकल्पश्च सिद्धात्मा परमात्मेति वर्णितः ।।५४।।

નિર્લેપ, નિષ્કલ, શુદ્ધ, સંપૂર્ણ, અત્યંત નિર્વૃત, નિર્વિકલ્પ અને સિદ્ધાત્મા, આ વિશેષણોયુક્ત પરમાત્મા કહેલ છે. ।।૫૪।।

निःशेषक्षत्रनक्षत्र-चक्रे चक्रेश्वरः श्रिया ।
यच्चन्द्रमायितं धत्ते तद्धर्मस्य विजृम्भितम् ।।५५।।

સમસ્ત ક્ષત્રિયોરૂપ નક્ષત્રોના સમૂહમાં લક્ષ્મીથી જે ચક્રવર્તી ચંદ્રમાપણાને ધારણ કરે છે, તે ધર્મનું ફળ સમજવું. ।।૫૫।।

निष्कलः कुकलत्रेण मिलितः स्यान्महानपि ।
कलाहीनः कुहूयोगे किं न राजापि जायते ।।५६।।

મહાન્ પુરુષ પણ નઠારી સ્ત્રીના યોગે કળારહિત બને છે. જુઓ,

અમાવાસ્યાના યોગે ચંદ્રમા પણ કળાહીન થઈ જાય છે. ||૫૬||

**निश्चलः स्नेहलः कोऽत्र कः प्रकाशो निरन्तरः ।**

**को वा सर्वोत्तमो लाभः किञ्च रूपमविस्रसम् ।।५७।।**

***निश्चलः स्नेहलो धर्म-श्चित्प्रकाशो निरन्तरः ।***

**विद्या सर्वोत्तमो लाभः शीलं रूपमविस्रसम् ।।५८।।**

આ જગતમાં નિશ્ચલ સ્નેહ ક્યો? નિરંતરનો પ્રકાશ ક્યો? સર્વ કરતાં ઉત્તમ લાભ ક્યો અને અભંગરૂપ ક્યું? એના ઉત્તરમાં જણાવે છે કે- નિશ્ચળ સ્નેહી-તે ધર્મ, નિરંતર પ્રકાશ-તે જ્ઞાન, સર્વોત્તમ લાભ-તે વિદ્યા અને અભંગરૂપ-તે શીલ છે. ||૫૭||. ||૫૮||

**निश्चितं पुण्यवानस्मि यत्प्रापं तव दर्शनम् ।**

**त्वां ह्यपुण्या न वीक्षन्ते कौशिका इव भास्करम् ।।५९।।**

હે ભગવન્ ! હું આપનું દર્શન પામ્યો, તેથી અવશ્ય પુણ્યવાન્ છું. કારણકે ઘૂવડ જેમ સૂર્યને ન જોઈ શકે, તેમ પુણ્યહીનજનો આપને જોઈ શકતા નથી. ||૫૯||

**न जल्पतामपि तथा भिये मम नृणामृणम् ।**

**अजल्पतोऽपि देवस्या-नन्तसंसारकृद्यथा ।।६०।।**

ન બોલતા પણ અનંતસંસારને વધારનાર એવા દેવાના ઋણથી મને જેટલો ભય છે, તેટલો ભય સામે આવીને બોલતા એવા મનુષ્યોના ઋણથી નથી. ||૬૦||

**नारी मृदुः सुखं निन्द्या निपुणैर्न पुनः पुमान् ।**

**हिमो दहति वृन्ताकी यथा न तु तथा वटम् ।।६१।।**

નિપુણજનો જેમ કોમળ એવી સ્ત્રીની સુખે નિંદા કરે છે, પણ તેવી રીતે પુરુષની નિંદા કરતા નથી, કારણકે હિમ રીંગણીને જેમ બાળી શકે છે, તેમ વટવૃક્ષને બાળી શકતો નથી. ||૬૧||

**नायं प्रयाति विकृतिं विरसो न यः स्यां-**

न्न क्षीयते बहुजनैर्नितरां निपीतः ।
जाड्यं निहन्ति रुचिमेति करोति तृप्तिं;
नूनं सुभाषितरसोऽन्यरसातिशायी ।।६२।।

જે કદાપિ વિકૃતિને પામતો નથી, જે વિરસ થતો નથી, બહુજનો અત્યંત જેનું પાન કરે, છતાં જે કદાપિ ક્ષીયમાણ થતો નથી, જે જડતાને દૂર કરે છે, સહુને પસંદ પડે છે અને જે સંપૂર્ણ તૃપ્તિને પમાડે છે, તેથી સુભાષિતરસ ખરેખર! અન્ય સર્વરસો કરતાં ઉત્કૃષ્ટ છે. ।।૬૨।।

नमो नमः काव्यरसाय तस्मै निषिक्तमन्तःपृषतापि यस्य ।
सुवर्णतां वक्त्रमुपैति साधोर्दुर्वर्णतां याति च दुर्जनस्य ।।६३।।

તે કાવ્યરસને વારંવાર નમસ્કાર થાઓ કે જેના એક બિંદુમાત્રથી જે અંતર આર્દ્ર થયેલ હોય તો સાધુપુરુષનું મુખ સુવર્ણતાને પામે છે અને દુર્જનપુરુષનું મુખ દુર્વર્ણતાને પામે છે. ।।૬૩।।

निर्गुणेष्वपि सत्त्वेषु दयां कुर्वन्ति साधवः ।
न हि संहरते ज्योत्स्नां चन्द्रश्चाण्डालवेश्मसु ।।६४।।

સત્પુરુષો, નિર્ગુણી પ્રાણીઓ પર પણ દયા કરે છે, કારણકે ચંદ્રમા પોતાની જ્યોત્સના(ચાંદની) ચંડાલના મકાન પરથી કાંઇ સંહરી લેતો નથી. ।।૬૪।।

न यत्नकोटिशतकै-रपि दुष्टः सुधीर्भवेत् ।
किं मर्दितोऽपि कस्तूर्यां लसुनो याति सौरभम् ।।६५।।

સેંકડો કે કોટિ યત્નો કરવામાં આવે, તો પણ દુષ્ટ કદાપિ સુજ્ઞ થતો નથી. લસણને કસ્તુરી સાથે મર્દન કરીએ, તો પણ તેનામાં કસ્તુરીની સુવાસ આવતી જ નથી. ।।૬૫।।

न वित्तं दर्शयेत्प्राज्ञः कस्यचित्स्वल्पमप्यहो ।
मुनेरपि यतस्तस्य दर्शनाच्चलते मनः ।।६६।।

સુજ્ઞપુરુષે કોઇને સ્વલ્પ પણ ધન બતાવવું નહિ, કારણકે તેમાં એવું કાંઇ વીજળી બળ છે કે તેને જોતાં મુનિનું મન પણ ચલાયમાન થાય છે. ॥૬૬॥

**न नरस्य नरो दासो दासश्चार्थस्य भूपते ।**
**गौरवं लाघवं वापि धनाधननिबन्धनम् ॥६७॥**

હે રાજન્! મનુષ્ય મનુષ્યના દાસ નથી, પરંતુ તે ધનના દાસ છે. ગૌરવ અને લાઘવ પ્રાપ્ત થવું તે ધન અને નિર્ધનતાનું જ કારણ છે. ॥૬૭॥

**न योजनशतं दूरं बाध्यमानस्य तृष्णया ।**
**सन्तुष्यस्य करप्राप्तेऽप्यर्थे भवति नादरः ॥६८॥**

*જે માણસ તૃષ્ણાથી પીડાય છે, તેને સો યોજન પણ દૂર નથી, અને* સંતુષ્ટ પુરુષને દ્રવ્ય પોતાના હાથમાં પ્રાપ્ત થયા છતાં તેમાં તેનો આદર હોતો નથી. ॥૬૮॥

**नास्त्यन्या तृष्णया तुल्या कापि स्त्री सुभगा क्वचित् ।**
**या प्राणानपि मुष्णन्ती भवत्येवाधिकं प्रिया ॥६९॥**

અહો! આ જગતમાં તૃષ્ણા સમાન અન્ય કોઈ સૌભાગ્યવતી સ્ત્રી ભાગ્યે જ હશે. કારણકે જે પ્રાણોને હરણ કરે છે, છતાં લોકોને તે અધિક અધિક પ્રિય થતી જાય છે. ॥૬૯॥

**निरुत्साहं निरानन्दं निर्वीर्यमरिनन्दनम् ।**
**मा स्म सीमन्तिनी काचि-ज्जनयेत्पुत्रमीदृशम् ॥७०॥**

હે જનની! ઉત્સાહરહિત, આનંદરહિત, નિર્વીર્ય અને શત્રુઓને આનંદ પમાડનાર એવા કોઈ પુત્રને જન્મ આપીશ નહિ. ॥૭૦॥

**न तथा शशी न सलिलं न चन्दनरसो न शीतलच्छाया ।**
**आह्लादयति पुरुषं यथा हि मधुराक्षरा वाणी ॥७१॥**

જેવી રીતે પુરુષને મધુરાક્ષરયુક્ત વાણી આનંદ પમાડે છે, તેમ ચંદ્રમા,

જળ, ચંદનરસ કે શીતલ છાયા આનંદ પમાડી શકતી નથી. ||૭૧||

**नरस्याभरणं रूपं, रूपस्याभरणं गुणः ।**
**गुणस्याभरणं ज्ञानं ज्ञानस्याभरणं क्षमा ।।७२।।**

પુરુષનું રૂપ-એ એના આભરણ સમાન છે, રૂપનું આભરણ ગુણ છે, ગુણનું આભરણ જ્ઞાન છે, અને જ્ઞાનનું આભરણ ક્ષમા છે. ||૭૨||

**न चौरचोर्यं न च राजहार्यं न भ्रातुभाज्यं न च भारकारी।**
**व्यये कृते वर्धत एव नित्यं विद्याधनं सर्वधनप्रधानम् ।।७३।।**

જેને ચોર ચોરી શકતો નથી, રાજા હરણ કરી શકતો નથી, જેમાંથી ભાઇઓ ભાગ પડાવી શકતા નથી, જે લેશ પણ ભાર ન કરે અને જેનો વ્યય કરવા જતાં વધ્યા કરે છે એવું વિદ્યારૂપ ધન તે સર્વ પ્રકારના ધન કરતાં શ્રેષ્ઠ છે. ||૭૩||

**न दुर्जनः सज्जनतामुपैति बहुप्रकारैरपि सेव्यमानः ।**
**भूयोऽपि सिक्तः पयसा घृतेन न निम्बवृक्षो मधुरत्वमेति**
**।।७४।।**

અનેક પ્રકારે તેની સેવા કર્યા છતાં દુર્જન પુરુષ કદાપિ સજ્જનતાને ધારણ કરતો નથી. ભલે વારંવાર દૂધ કે ઘૃતથી સિંચન કરવામાં આવે, તથાપિ નિંબવૃક્ષ કદાપિ મધુરપણાને પામતું નથી. ||૭૪||

**नाहं स्वर्गफलोपभोगतृषितो नाभ्यर्थितस्त्वं मया,**
**सन्तुष्टस्तृणभक्षणेन सततं साधो ! न युक्तं तव ।**
**स्वर्गं यान्ति यदि त्वया विनिहता यज्ञे ध्रुवं प्राणिनो;**
**यज्ञं किं न करोषि मातृपितृभिः पुत्रैस्तथा बान्धवैः ।।७५।।**

હે રાજન્! હું સ્વર્ગનું સુખ ભોગવવાને ઇચ્છાતુર નથી, તેમજ મેં તે બાબતને માટે તારી પાસે કંઇ પ્રાર્થના પણ કરી નથી, વળી હે સજ્જન! નિરંતર તૃણભક્ષણ કરવાથી અમે સંતુષ્ટ રહીએ છીએ માટે તને આમ

કરવું યોગ્ય નથી. (યજ્ઞમાં અમને હોમવા તે યોગ્ય નથી) વળી યજ્ઞમાં મરાયેલા પ્રાણીઓ જો અવશ્ય સ્વર્ગે જ જતા હોય, તો તું તારા મા-બાપ, પુત્રો તથા બાંધવોનો યજ્ઞ કેમ કરતો નથી. ॥૭૫॥

**न द्विषन्ति न याचन्ते परनिन्दां न कुर्वते ।**

**अनाहूता न चायान्ति तेनाश्मानोऽपि देवताः ॥७६॥**

જે કોઈની ઉપર દ્વેષ કરતા નથી, કોઈની પાસે જે કંઈ માંગતા નથી, પરનિંદા જે કરતા નથી અને બોલાવ્યા વિના જે આવતા નથી, તેથી તે પાષાણો(પથ્થરાઓ) પણ દેવ કહેવાય છે(મનાય છે). ॥૭૬॥

**नृणां धुरि स एवैको यः कश्चित्त्यागपाणिना ।**

**निर्मार्ष्टि प्रार्थनापांसु-धूसरं मुखमर्थिनाम् ॥७७॥**

જગતમાં સર્વ પુરુષો કરતાં અગ્રેસર તે જ એક પુરુષ છે, કે જે પોતાના દાન દેવાના હાથથી, પ્રાર્થનારૂપ ધૂળથી કંઈક ઝાંખા થયેલ યાચકોના મુખને સાફ કરે છે. ॥૭૭॥

# प

**पदे पदे निधानानि योजने रसकूपिका ।**
**भाग्यहीना न पश्यन्ति बहुरत्ना वसुन्धरा ।।१।।**

પગલે પગલે નિધાનો હોય છે, અને યોજને યોજને રસકુંપિકા હોય છે, પણ ભાગ્યહીનજનો તે જોઈ શકતા નથી, કારણકે બહુરત્ના વસુંધરા કહેવાય છે. ।।૧।।

**प्रथमे नार्जिता विद्या द्वितीये नार्जितं धनम् ।**
**तृतीये नार्जितो धर्म-श्चतुर्थे किं करिष्यति ।।२।।**

જેણે પ્રથમ વયમાં વિદ્યા મેળવી નથી, બીજી અવસ્થામાં ધન મેળવ્યું નથી અને ત્રીજી અવસ્થામાં ધર્મ મેળવ્યો નથી, તે ચોથી અવસ્થામાં શું કરવાનો હતો ? (ત્રણમાંથી એકે નહિ થશે) ।।૨।।

**प्रत्यक्षे गुरवः स्तुत्याः परोक्षे मित्रबान्धवाः ।**
**कर्मान्ते दासभृत्याश्च पुत्रानैव मृताः स्त्रियः ।।३।।**

ગુરુમહારાજની તેમની સામે પ્રત્યક્ષ સ્તુતિ કરવી, મિત્ર કે બાંધવોની પરોક્ષ એટલે તેમની ગેરહાજરીમાં સ્તુતિ કરવી, દાસ કે સેવકોની કાર્ય પૂર્ણ થયે સ્તુતિ કરવી. પુત્રના કાર્યની ક્યારેય સ્તુતિ ન કરવી અને સ્ત્રીઓની તેમના મરણ પછી જ સ્તુતિ કરવી. ।।૩।।

पुष्पैरपि न योद्धव्यं किं पुनर्निशितैः शरैः ।
युद्धे विजयसन्देहः प्रधानपुरुषक्षयः ।।४।।

ફૂલોથી પણ યુદ્ધ ન કરવું, તો પછી તીક્ષ્ણ બાણોથી તો યુદ્ધ થઈ જ કેમ શકે? કારણકે યુદ્ધમાં વિજયનો તો સંદેહ હોય છે, પણ તેમાં પ્રધાન પુરુષોનો ક્ષય તો થાય જ છે. ।।૪।।

पण्डितोऽपि वरं शत्रु-र्न मूर्खो हितकारकः ।
वानरेण हतो राजा विप्रचौरेण रक्षितः ।।५।।

પંડિત શત્રુ પણ સારો અને મૂર્ખ હિત કરનાર પણ સારો નહિ. જુઓ, શાસ્ત્રમાં વાત છે કે વાનરે રાજાનો નાશ કર્યો અને ચોરબ્રાહ્મણે તેને બચાવ્યો. ।।૫।।

प्रमदा मदिरा लक्ष्मी-र्विज्ञेया त्रिविधा सुरा ।
दृष्टैवोन्मादयत्येका पीता चान्यातिसञ्चयात् ।।६।।

સ્ત્રી, મદિરા(દારુ) અને લક્ષ્મી એમ ત્રણ પ્રકારે સુરા(દારુ) કહેલ છે. પ્રથમ માત્ર જોવાથી જ ઉન્માદ ઉપજાવે છે, બીજી પાન કરવાથી અને ત્રીજી અતિસંચયથી ઉન્માદ ઉપજાવે છે. ।।૬।।

परदारं परद्रव्यं परवादं परस्य च ।
परिहासं गुरोः स्थाने चापल्यं च विवर्जयेत् ।।७।।

પરસ્ત્રી, પરદ્રવ્ય, પરનિંદા અને પરપરિહાસ તથા ગુરુની આગળ ચાપલ્ય-એનો સદા ત્યાગ કરવો. ।।૭।।

पुत्रप्रयोजना दाराः पुत्रः पिण्डप्रयोजनम् ।
हितप्रयोजनं मित्रं धनं सर्वप्रयोजनम् ।।८।।

સંતતિ(પુત્ર)ની ખાતર સ્ત્રી કરવામાં આવે છે, પિંડની ખાતર પુત્રની જરૂર છે, હિતની ખાતર મિત્રની જરૂર છે અને સર્વ કાર્યોની ખાતર ધનની જરૂર છે. ।।૮।।

पादपानां भयं वातात् पद्मानां शिशिराद् भयम् ।
पर्वतानां भयं वज्रा-त्साधूनां दुर्जनाद् भयम् ।।९।।

વૃક્ષોને વાયુથી ભય રહે છે, કમળોને શીતઋતુ-હિમથી ભય રહે છે, પર્વતોને વજ્રથી અને સાધુઓને દુર્જનથી ભય રહે છે. ॥૯॥

परीक्षणीयो यत्नेन स्वभावो नेतरे गुणाः ।
व्यतीत्य हि गुणान् सर्वान् स्वभावो मूर्ध्नि वर्तते ।।१०।।

બરાબર યત્નપૂર્વક સ્વભાવની જ પરીક્ષા કરવાની જરૂર છે, અન્ય ગુણોની પરીક્ષા કરવાની જરૂર નથી, કારણકે બધા ગુણોને ઓળંગીને સ્વભાવ મગજમાં રહે છે. ॥૧૦॥

परोपकाराय न कीर्तये न न प्रीतये नो सुकृताय लक्ष्मीः।
सुखाय नोक्तं निजबान्धवानां द्यूताद् हृता केवलपातकाय ।।११।।

જુગારથી ગ્રહણ કરેલ લક્ષ્મી પરોપકારમાં કામ આવતી નથી, તેનાથી કીર્તિનો લાભ થતો નથી, પ્રીતિ કે સુકૃતમાં પણ તે કામ આવતી નથી તેમજ પોતાના સ્વજન સંબંધીઓના સુખ નિમિત્તે પણ તેનો ઉપયોગ થઇ શક્તો નથી, પરંતુ માત્ર તે પાતકના નિમિતે જ થાય છે. ॥૧૧॥

पत्रं नैव यदा करीरविटपे दोषो वसन्तस्य किं,
नोलूकेन विलोक्यते यदि दिवा सूर्यस्य किं दूषणम् ।
धारा नैव पतन्ति चातकमुखे मेघस्य किं दूषणं;
यद् धात्रा निजभालपट्टलिखितं तन्मार्जितुं कः क्षमः ।।१२।।

કેરડાના વૃક્ષમાં મૂળથી પત્ર જ ન થાય તેમાં વસંતઋતુનો શો દોષ ? ઘૂવડ પક્ષી દિવસે જોઇ ન શકે તેમાં સૂર્યનો શો દોષ? ચાતકના મુખમાં ધારા ન પડે તેમાં મેઘનો શો દોષ? વિધાતાએ પોતાના લલાટપર જે લેખ લખ્યા છે તેને ભુંસાડવાને કોણ સમર્થ છે ? ॥૧૨॥

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः,
स्वयं न खादन्ति फलानि वृक्षाः ।
नादन्ति शस्यं खलु वारिवाहाः;
परोपकाराय सतां विभूतयः ।।१३।।

નદીઓ પોતે કંઇ પાણી પીતી નથી, વૃક્ષો પોતે પોતાના ફળો ખાતા નથી, અને જલધરો પોતે(ધાન્ય) મોલનું ભક્ષણ કરતા નથી, તેમ સજ્જનોની સમૃદ્ધિ માત્ર પરોપકાર નિમિત્તે જ હોય છે. ।।૧૩।।

पात्रे धर्मनिबन्धनं परजने प्रोद्यद्दयाख्यापकं,
मित्रे प्रीतिविवर्धनं रिपुजने वैरापहारक्षमम् ।
भृत्ये भक्तिभरावहं नरपतौ सन्मानपूजाप्रदं;
भट्टादौ च यशस्करं वितरणं न क्वाप्यहो निष्फलम् ।।१४।।

અહો! દાન ક્યારેય ક્યાં નિષ્ફળ થતું જ નથી. જુઓ, સુપાત્રે આપવાથી તે ધર્મનું હેતુભૂત થાય છે, પરજનને આપવાથી દયાને સૂચવનાર બને છે, મિત્રને આપતાં પ્રીતિમાં વધારો કરાવે છે, શત્રુજનોને આપવાથી વૈરભાવને શાંત કરે છે, ચાકરને આપતાં તે અધિક ભક્તિશાલી બને છે, રાજાને આપતાં સન્માનને અપાવે છે, અને ભાટ વિગેરેને આપવાથી યશને વિસ્તારે છે, એમ સર્વત્ર ફળીભૂત જ થાય છે. ।।૧૪।।

प्रातर्मूत्रपुरीषाभ्यां मध्याह्ने क्षुत्पिपासया ।
तृप्ताः कामेन बाध्यन्ते प्राणिनो निशि निद्रया ।।१५।।

પ્રાણીઓ પ્રભાતે મળ-મૂત્રથી તથા બપોરે ક્ષુધા-તૃષાથી બાધિત થાય છે, વળી તૃપ્ત થતાં રાત્રે કામ અને નિદ્રાથી બાધિત થાય છે. ।।૧૫।।

परोक्षे कार्यहन्तारं प्रत्यक्षे प्रियवादिनम् ।
वर्जयेत्तादृशं मित्रं विषकुम्भं पयोमुखम् ।।१६।।

પ્રત્યક્ષ પ્રિય બોલનાર અને પરોક્ષમાં કાર્યનો ધ્વંસ કરનાર એવા તે મુખપર દુધ ભરેલ અને અંદર વિષથી ભરેલ ઘડા સમાન મિત્રનો સર્વથા

દૂરથી જ ત્યાગ કરવો યોગ્ય છે. ||૧૬||

पापान्निवारयति योजयते हिताय,
गृह्यं निगूहति गुणान् प्रकटीकरोति ।
आपद्‌गतं च न जहाति ददाति काले;
सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ।।१७।।

જે પાપથી અટકાવે છે, હિતમાં નિયુક્ત કરે છે, ગુહ્યને છુપાવે છે, ગુણોને પ્રગટ કરે છે, આપત્તિ વખતે કદાપિ જે તજે નહિ અને અવસર આવે જે મદદ આપે છે, એ પ્રમાણે સંતજનોએ સન્મિત્રના લક્ષણો કહ્યા છે. ||૧૭||

परैः प्रोक्ता गुणा यस्य निर्गुणोऽपि गुणी भवेत् ।
इन्द्रोऽपि लघुतां याति स्वयं प्रख्यापितैर्गुणैः ।।१८।।

જેના અન્યજનો ગુણ ગાય, તે કદાચ નિર્ગુણી હોય, છતાં પણ ગુણી ગણાય છે, કારણકે ઇંદ્ર પણ જો પોતાના ગુણો પોતે ગાવા બેસે, તો તે લઘુતાને પામે છે. ||૧૮||

परोपकारशून्यस्य धिग्मनुष्यस्य जीवितम् ।
धन्यास्ते पशवो येषां चर्माप्युपकरोति हि ।।१९।।

પરોપકાર વિનાના મનુષ્યના જીવિતને ધિક્કાર છે. અહો! પશુઓ પણ ધન્ય છે કે જેમનું ચામડું પણ લોકોના ઉપયોગમાં આવે છે. ||૧૯||

पूज्यपूजा दया दानं तीर्थयात्रा जपस्तपः ।
श्रुतं परोपकारश्च मर्त्यजन्मफलाष्टकम् ।।२०।।

પૂજ્યજનોની પૂજા કરવી, દયા પાળવી, દાન કરવું, તીર્થયાત્રા કરવી, જપ, તપ, શાસ્ત્રશ્રવણ તથા પરોપકાર-એ મનુષ્યજન્મના અષ્ટ ફળો છે.||૨૦||

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी,
विवेकः सौदर्यः प्रतिदिनमनीहा च भगिनी ।

**प्रिया क्षान्तिः पुत्रो विनय उपकारः प्रियसुहृत्;**
**सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ।।२१।।**

જેને યોગાભ્યાસરૂપ પિતા છે, વિષયવિરતિરૂપ જેને માતા છે, વિવેકરૂપ જેને ભ્રાતા છે, નિરંતરની અનિચ્છારૂપ જેને ભગિની છે, ક્ષમારૂપ પત્ની છે, વિનયરૂપ જેને પુત્ર છે, પર ઉપકારરૂપ જેને પ્રિય મિત્ર છે, વૈરાગ્યરૂપ જેને સહાય છે અને ઉપશમરૂપ જેને ભવન છે, તે જ મહાત્મા પરમ સુખી છે. ॥૨૧॥

**प्रहरद्वयमार्गेऽपि नराः कुर्वन्ति शम्बलम् ।**
**न कुर्वन्ति परत्रार्थे वर्षकोटीप्रयाणके ।।२२।।**

અહો! જુઓ તો ખરા કે બે પહોરની મુસાફરી કરવા જતાં પુરુષો ભાતાની ગોઠવણ કરે છે, અને પરલોકસંબંધી કોટી વર્ષોના પ્રયાણમાં પણ પુણ્યરૂપ ભાતા માટે કાળજી રાખતા નથી. ॥૨૨॥

**प्रमादः परमद्वेषी प्रमादः परमं विषम् ।**
**प्रमादो मुक्तिपूर्दस्युः प्रमादो नरकालयः ।।२३।।**

પ્રમાદ-એ પરમ શત્રુ છે, પ્રમાદ-એ તીવ્ર વિષ છે, પ્રમાદ-એ મુક્તિ-નગરીના ચોરરૂપ છે, અને પ્રમાદ એ નરકનું સ્થાન છે. ॥૨૩॥

**पुमानत्यन्तमेधावी त्रयाणां फलमश्नुते ।**
**अल्पायुरनपत्यो वा दरिद्रो वा न संशयः ।।२४।।**

અત્યંત ધીમાન્(બુદ્ધિશાળી) પુરુષ, અલ્પ આયુષ્યવાળો, સંતાનરહિત અથવા તો દરિદ્ર એ ત્રણનું અવશ્ય ફળ ભોગવે છે. ॥૨૪॥

**पृथ्व्यप्तेजोमरुद्द्रूणां जीवान् श्रद्दध्महे कथम् ।**
**प्रत्यक्षादिप्रमाणाना-मगम्यान् व्योमपुष्पवत् ।।२५।।**

પૃથ્વી, અપ્, તેજસ્, વાયુ અને વનસ્પતિ-એ વિગેરેમાં જીવો છે, એમ અમારાથી કેમ માની શકાય? કારણકે પ્રત્યક્ષાદિ પ્રમાણોને તે અગમ્ય હોવાથી આકાશપુષ્પ સમાન છે, એમ નાસ્તિકજનો કહે છે. ॥૨૫॥

पुष्पोच्चयः पयः क्रीडा दोला स्त्री नाट्यगीतयः ।
हास्यं कौतुकिता चेति यौवनद्रोः फलावली ।।२६।।

પુષ્પો ચૂંટવા, જળક્રીડા કરવી, દોલા(હીંડોળા), સ્ત્રીવિલાસ, નાટક, ગીત, હાસ્ય અને કૌતુકપણું-એ યૌવનરૂપ વૃક્ષના ફળો છે. ॥૨૬॥

परं करोमि किं नारी-वाग्दाक्षिण्यनियन्त्रितः ।
सुवृत्तोऽपि गले बद्धः स्त्रीभिः क्षिप्तोऽवटे घटः ।।२७।।

અહો! શું કરું કે સ્ત્રીના વચનદાક્ષિણ્યથી હું નિયંત્રિત(બદ્ધ) થઈ ગયો છું. જેમ ઘડો સુવૃત્ત(ગોળાકાર) હોય, છતાં સ્ત્રીઓ તેના ગળામાં દોરડી બાંધીને તેને કુવામાં નાખે છે. ॥૨૭॥

पित्रादिषु प्ररूढस्य स्नेहस्यापि न दुर्घटम् ।
धान्यवद्दलनं यत्र स्त्रीघरट्टः स नूतनः ।।२८।।

અહો! આ તો સ્ત્રીરૂપ ઘરટ્ટ(ઘંટી) કોઈ વિચિત્ર પ્રકારનો જ છે, કે જેમાં માતાપિતાદિકનો સ્નેહ પણ ધાન્યની જેમ સત્વર દલિત થઈ જાય છે. ॥૨૮॥

परस्परं विरोधिन्यो यासां चित्तवचःक्रियाः ।
तासु लोभाभिभूतासु विश्रम्भः शम्भीलीषु कः ।।२९।।

જેમની મન, વચન-અને કાયાની ક્રિયાઓ પણ પરસ્પર વિરોધી(ભિન્ન) છે એવી લોભથી પરાભૂત થયેલ કુટણી જેવી સ્ત્રીઓમાં વિશ્વાસ કેવો? ॥૨૯॥

परार्थैकधियो धन्या मध्यास्तु स्वार्थसाधकाः ।
न परार्थं न च स्वार्थं साधयन्त्यधमाः पुनः ।।३०।।

જેઓ સદા પરોપકાર કરવામાં જ તત્પર છે તેઓ ધન્ય છે, મધ્યમપુરુષો સ્વાર્થ સાધવાને તત્પર હોય છે, અને અધમપુરુષો પરમાર્થ કે સ્વાર્થ કંઈ પણ સાધી શકતા નથી. ॥૩૦॥

**प्रिये मम न विश्वासः कोऽपि कालस्य रक्षसः ।**
**क्रीडाकन्दुकवद्यस्य पातोत्पातरतो रविः ।।३१।।**

હે પ્રિયે! મને કાલરૂપ રાક્ષસનો જરા પણ વિશ્વાસ નથી. કેમકે સૂર્ય એની પાસે ખેલવાના દડાની જેમ કુદ્યા કરે છે. ॥૩૧॥

**प्रेयः प्राप्तिमनोरथः खलु रथो हार्दं बलं शम्बलं,**
**तृष्णा दीपधरा पुरः प्रचलितोत्कण्ठा सखी पार्श्वतः।**
**सौभाग्यप्रमदः प्रदत्तशकुनो दोषाश्च सम्प्रेषका;**
**मार्गज्ञः स्मर एव पुङ्खितशरस्तस्याः प्रयाणेऽभवत् ।।३२।।**

અહો! જે કુલટા સ્ત્રી હોય છે, તેને પોતાના જારની પ્રાપ્તિના મનોરથરૂપ રથ હોય છે, અંતરનું બળ-જેનું ભાતું હોય છે, તૃષ્ણા જેની આગળ આગળ દીપક ધરનારી હોય છે, અને બંને બાજુ ઉત્કંઠારૂપ સખી જેની સાથે ચાલે છે, સૌભાગ્યનો સંમદ જેને શકુન બતાવનાર હોય છે, દોષો જેને મોકલનાર હોય છે, અને બાણ સજ્જ કરીને કામદેવ જેની સાથે માર્ગના ભોમીયો બનીને ચાલે છે-આવા સંયોગથી વ્યભિચારિણી સ્ત્રી પોતાના ઇષ્ટ સ્થાન તરફ પ્રયાણ કરે છે. ॥૩૨॥

**प्रजानां धर्मषड्भागो राज्ञो भवति रक्षितुः ।**
**अधर्मस्यापि षड्भागो जायते यो न रक्षति ।।३३।।**

પ્રજાનું રક્ષણ કરનાર રાજાને પ્રજાના ધર્મનો છઠ્ઠો ભાગ મળે છે, તેમ જો રક્ષા ન કરે, તો તેને અધર્મનો પણ છઠ્ઠો ભાગ મળે છે. ॥૩૩॥

**पङ्गुमन्धं च कुब्जं च कुष्टाङ्गं व्याधिपीडितम् ।**
**आपत्सु च गतं नाथं न त्यजेत् सा महासती ।।३४।।**

પોતાનો પતિ કદાચ પાંગળો હોય, આંધળો હોય, કુબળો કે કોઢીયો હોય, વ્યાધિથી પીડાતો હોય, આપત્તિમાં આવી પડ્યો હોય-એવા પણ પોતાના ધણીનો જે સ્ત્રી ત્યાગ કે અનાદર ન કરે-તે મહાસતી જાણવી. ॥૩૪॥

पिता रक्षति कौमारे भर्त्ता रक्षति यौवने ।
पुत्राश्च स्थविरे भावे न स्त्री स्वातन्त्र्यमर्हति ।।३५।।

કૌમાર-અવસ્થામાં પિતા જેનું રક્ષણ કરનાર હોય છે, યૌવનવયમાં પતિ જેનું રક્ષણ કરે છે, અને વૃદ્ધપણામાં પુત્રો જેની રક્ષા કરે છે, પણ સ્ત્રી કદાપિ સ્વતંત્રતાને યોગ્ય નથી. ॥૩૫॥

पूगीफलानि पत्राणि राजहंसास्तुरङ्गमाः ।
स्थानभ्रष्टा न शोभन्ते सिंहाः सत्पुरुषा गजाः ।।३६।।

પૂગીફળો(સોપારી), પાંદડા, રાજહંસો, અશ્વો, સિંહો, સત્પુરુષો અને હાથીઓ, એ સ્થાનથી ભ્રષ્ટ થયા પછી શોભા પામતા નથી. ॥૩૬॥

प्राप्य रत्नत्रयं पुत्रः संयमश्रीसमन्वितः ।
किं दूरादहमायातो न जातो भवतो मुदे ।।३७।।

રત્નત્રય(જ્ઞાન, દર્શન અને ચારિત્ર)ને પ્રાપ્ત કરીને સંયમ-લક્ષ્મીથી સંયુક્ત થયેલ હું તમારો પુત્ર દૂરથી આવ્યા છતાં તમારા હર્ષનિમિત્તે ન થયો. ॥૩૭॥

प्रयाणेऽप्यल्पकालीने जनाः कुर्वन्ति सूत्रणाम् ।
परलोकप्रयाणे किं निश्चिन्ता हन्त जन्तवः ।।३८।।

અલ્પ કાળના પ્રયાણ માટે પણ લોકો તૈયારી કરે(વિચાર કરે) છે, તો પરલોકના પ્રયાણ માટે તેઓ નિશ્ચિંત થઈ બેઠા છે, તે આશ્ચર્યની વાત છે. ॥૩૮॥

पञ्चेन्द्रियहया लोलाः प्रकृत्या दुर्मदा अपि ।
त्याजिता गुरुवाग्वल्गाभियोगात्तेन चापलम् ।।३९।।

સ્વભાવે ચપળ અને દુર્મદ છતાં તેણે પંચેંદ્રિયરૂપ અશ્વોને ગુરુવાણીરૂપ ચાબુકના પ્રયોગથી ચપલતારહિત કર્યા. ॥૩૯॥

प्रकृत्या निम्नगं वारि प्रकृत्या चञ्चलः कपिः ।
भवन्ति विषयासक्ताः प्रकृत्यैव शरीरिणः ।।४०।।

પાણી સ્વભાવે જેમ નીચે ગમન કરનાર હોય છે, અને વાનર સ્વભાવે જેમ ચપળ હોય છે, તેમ પ્રાણીઓ સ્વભાવથી જ વિષયાસક્ત હોય છે. ||૪૦||

**पञ्चाश्रवाद्विरमणं पञ्चेन्द्रियनिग्रहः कषायजयः ।**
**दण्डत्रयविरति-श्चेति संयमः सप्तदश भेदः ।।४१।।**

પાંચ આશ્રવોથી વિરામ પામવું, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ચાર કષાયોનો જય કરવો અને ત્રણ દંડથી વિરમવું-એ રીતે સંયમના સત્તર ભેદ થાય છે. ||૪૧||

**प्रस्तावसदृशं वाक्यं सद्भावसदृशं प्रियम् ।**
**आत्मशक्तिसमं कोपं यो जानाति स पण्डितः ।।४२।।**

અવસરને ઉચિત વાક્ય જે જાણે છે, સદ્ભાવને ઉચિત પ્રિય જે જાણે અને આત્મશક્તિને ઉચિત કોપને જે જાણે છે, તે પંડિત સમજવો. ||૪૨||

**पृथिव्यां त्रीणि रत्नानि जलमन्नं सुभाषितम् ।**
**मूढैः पाषाणखण्डेषु रत्नसञ्ज्ञा निवेशिता ।।४३।।**

પૃથ્વીમાં જળ, અન્ન અને સુભાષિત-એ ત્રણ જ રત્નો છે, પણ મૂઢ-જનોએ વૃથા પાષાણ-પથ્થરને રત્નનું નામ આપેલ છે. ||૪૩||

**परवित्तव्ययं वीक्ष्य खिद्यन्ते नीचजातयः ।**
***यवासको न किं शुष्याद् वारि व्ययति वारिदे ।।४४।।***

નીચજનો બીજાના ધનનો વ્યય થતો જોઇને અંતરમાં બહુ જ ખેદ પામે છે. મેઘના પાણીનો વ્યય થતો જોઇને શું જવાસીઓ સુકાઇ જતો નથી? અર્થાત્ સુકાઇ જાય છે. ||૪૪||

**पश्चाद्दत्तं परैर्दत्तं लभ्यते वा न लभ्यते ।**
**स्वहस्तेन च यद्दत्तं लभ्यते तन्न संशयः ।।४५।।**

મરણ પછી આપવામાં આવેલ યા તો બીજાઓએ જે આપેલ(દાન કરેલ) હોય, તો તેનું ફળ પ્રાપ્ત થાય અથવા ન પણ થાય, પણ પોતાના

હાથે જે દાન કરેલ હોય, તેનું ફલ તો અવશ્ય મળે જ છે. ॥૪૫॥

**पृथिव्यामम्बुपूर्णायां चातकस्य मरुस्थली ।**
**सत्यमेतद् ऋषेर्वाक्य-मदत्तं नैव लभ्यते ॥४६॥**

પૃથ્વી જળથી પૂર્ણ છતાં ચાતકને તે મારવાડની ભૂમિ સમાન જ છે, કારણકે પૂર્વના મહર્ષિઓ સત્ય કહી ગયા છે કે તે અદત્ત કદાપિ લેતો નથી. ॥૪૬॥

**पञ्च नश्यन्ति पद्माक्षि क्षुधार्त्तस्य न संशयः ।**
**तेजो लज्जा मतिर्ज्ञानं मदनश्चापि पञ्चमः ॥४ ।**

હે કમલાક્ષી! ક્ષુધાર્ત્ત(ભૂખથી પીડાતા)ને લજ્જા, તેજ, મતિ, જ્ઞાન અને કામ-એ પાંચ વાના અવશ્ય નષ્ટ થાય છે. ॥૪૭॥

**प्रायः पुमांसः सरलस्वभावा रण्डास्तु कौटिल्यकलावरण्डाः**
**भर्तुर्ययाचे कथमन्यथास्मिन् काले वरं केकयनन्दनेयम् ॥४८॥**

પ્રાયઃ પુરુષો બધા સરલસ્વભાવી હોય છે અને સ્ત્રીઓ કૌટિલ્યકળાથી ભરપૂર હોય છે, જો એમ ન હોય તો વખત આવતાં કૈકેયીએ દશરથ રાજા પાસે કેમ વરદાન માગ્યું. ॥૪૮॥

**प्राप्य चलानधिकारान् शत्रौ मित्रे च बन्धुवर्गे च ।**
**नापकृतं नोपकृतं न सत्कृतं किं कृतं तेन ॥४९॥**

ચલિત અધિકાર પામીને જેણે શત્રુને હરાવ્યો નહિ, મિત્રો પર ઉપકાર ન કર્યો અને બંધુઓનો સારી રાતે સત્કાર ન કર્યો, તો પછી તેણે શું કર્યું ? ॥૪૯॥

**पितृभिस्ताडितः पुत्रः शिष्यस्तु गुरुशिक्षितः ।**
**घनाहतं सुवर्णं च जायते जनमण्डनम् ॥५०॥**

પિતા કે પોતાના વડિલોથી તાડન પામેલ પુત્ર, ગુરુથી શિક્ષા પામેલ

શિષ્ય અને હથોડાથી આઘાત પામેલ સુવર્ણ-એ ત્રણે લોકોના મંડનરૂપ થાય છે. ।।૫૦।।

**प्रारम्भे गर्भगण्डोला बाल्ये विड्गर्तशूकराः ।**

**तारुण्ये च मदाच्छौण्डाः प्रायः पुत्राः सहस्त्रशः ।।५१।।**

પ્રારંભમાં જે ગર્ભના કીડા જેવા હોય છે, બાલ્યાવસ્થામાં જે વિષ્ટાના ડુક્કર જેવા અને તરુણાવસ્થામાં જે મદથી મદોન્મત્ત હોય છે, તે પુત્રો તો પ્રાયઃ હજારો મળી શકે તેમ છે. ।।૫૧।।

**परस्त्रीसङ्गतिर्मानभङ्गाय महतामपि ।**

**ऋषिपत्नीरतेराप किं फलं नाकिनायकः ।।५२।।**

પરસ્ત્રીના સંગથી મોટા પુરુષોનો પણ માનભંગ થાય છે. ઋષિપત્ની સાથે રતિવિલાસ કરતાં ઇંદ્ર શું ફલ'પામ્યો? ।।૫૨।।

**प्रत्युत विकारकारणमुपदेशो विषयकलुषिते मनसि ।**

**अश्मनि हुतवहदीप्ते धूमोद्गाराय जलसेकः ।।५३।।**

જ્યાં સુધી મન વિષયથી કલુષિત હોય, ત્યાં સુધી ઉપદેશ ઊલટો વિકારના કારણરૂપ થાય છે. અગ્નિથી દીપ્ત થયેલ પાષાણપર પાણી છાંટતાં ઊલટા તેમાંથી ધુમાડો નીકળે છે. ।।૫૩।।

**प्रायः परः शताः सन्ति भुवि शूराः सहस्त्रशः ।**

**जयत्यक्षाणि यः पञ्च स वीरोऽतिबलः सुधीः ।।५४।।**

પૃથ્વીપર બહુધા હજારો શૂરાજનો હશે, પરંતુ જે પાંચ ઇંદ્રિયોને જીતે તે જ સુજ્ઞ, અતિબલિષ્ઠ અને વીર છે. ।।૫૪।।

**प्राज्याः प्रीतिभिदः सन्ति केऽपि प्रीतिकरा अपि ।**

**भग्नां सन्दधति प्रीतिं ये स्वल्पा जगतीह ते ।।५५।।**

ઘણા લોકો પ્રીતિને તોડનારા હોય છે, કેટલાક પ્રીતિ કરનારા હોય છે અને જેઓ ભગ્ન પ્રીતિને સાંધનાર હોય તેવા જનો તો જગતમાં ખરેખર વિરલા જ હશે. ।।૫૫।।

पदेनैकेन मेधावी पदानां विन्दते शतम् ।
मूर्खः पदसहस्रेण पदमेकं न विन्दते ।।५६।।

પંડિત પુરુષ માત્ર એક પદથી સેંકડો પદોનો બોધ મેળવી લે છે અને મૂર્ખ પુરુષ હજારો પદોથી એક પદનું પણ જ્ઞાન મેળવી શકતો નથી. ।।૫૬।।

पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।
अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ।।५७।।

અહિંસા, સત્ય, અસ્તેય(ચોરી ન કરવી તે), બ્રહ્મચર્ય(સ્ત્રીસંગનો ત્યાગ) અને અપરિગ્રહ એ પાંચ મહાનિયમોને તો સર્વ ધર્મોવાળા એકસરખી રીતે પવિત્ર જ માને છે. ।।૫૭।।

प्रयातु लक्ष्मीश्चपलस्वभावा,
गुणा विवेकप्रमुखाः प्रयान्तु ।
प्राणाश्च गच्छन्तु कृतप्रयाणा;
मा यातु सत्त्वं तु नृणां कदाचित् ।।५८।।

ચપલ સ્વભાવવાળી લક્ષ્મી ભલે ચાલી જાય, વિવેક વિગેરે ગુણો પણ ભલે ચાલ્યા જાય, એટલું જ નહિ, પ્રાણો પણ ભલે પ્રયાણ કરીને ચાલતા થાય, પરંતુ પુરુષોમાંથી એક સત્ત્વગુણનો કદાપિ લોપ ન થજો. ।।૫૮।।

पात्रे दानं गुरुषु विनयः सर्वसत्त्वानुकम्पा,
न्याय्या वृत्तिः परहितविधावादरः सर्वकालम् ।
कार्यो न श्रीमदपरिचयः सङ्गतिः सत्सु सम्यग्;
राजन् ! सेव्यो विशदमतिना सैष सामान्यधर्मः ।।५९।।

સુપાત્રે દાન આપવું, વડીલોનો વિનય સાચવવો, સર્વ પ્રાણીઓ પર દયા રાખવી, ન્યાયપૂર્વક પોતાનું વર્તન રાખવું, સદા કાળ પરોપકારમાં આદર રાખવો, લક્ષ્મીનો મદ કદાપિ ન કરવો અને સત્પુરુષોની સંગતિ

કરવી- હે રાજન્! આ સામાન્ય ધર્મ સુજ્ઞજનોને નિરંતર સેવનીય છે. ||૫૯||

**पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।**
**युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ।।६०।।**

(શ્રીહરિભદ્રસૂરિમહારાજે કહ્યું છે કે) વીરપરમાત્મા ઉપર મારો પક્ષપાત નથી અને બીજા કપિલાદિક ઉપર મારે દ્વેષભાવ નથી, પરંતુ જેમનું વચન યુક્તિવાળું છે-તેનો આદર કરવો એ મારું કર્તવ્ય છે. ||૬૦||

**प्रत्यक्षतो न भगवानृषभो न विष्णु-**
**रालोक्यते न च हरो न हिरण्यगर्भः ।**
**तेषां स्वरूपगुणमागमसम्प्रभावाज्-**
**ज्ञात्वा विचारयथ कोऽत्र परापवादः ।।६१।।**

હમણા વિષ્ણુ, શંકર, બ્રહ્મા કે ભગવાન્ ઋષભ કોઈ સાક્ષાત્ નથી, પરંતુ શાસ્ત્રના પ્રભાવથી તેમના ગુણ અને સ્વરૂપ જાણીને વિચાર કરો કે તેમાં શું ન્યૂનાધિકતા છે? ||૬૧||

**पण्डिते हि गुणाः सर्वे मूर्खे दोषाश्च केवलाः ।**
**तस्मान्मूर्खसहस्रेभ्यः प्राज्ञ एको विशिष्यते ।।६२।।**

પંડિતમાં બધા ગુણો રહેલા છે અને મૂર્ખજનમાં કેવલ દોષો જ રહેલા હોય છે, માટે હજારો મૂર્ખજનો કરતાં સુજ્ઞપુરુષ એક પણ વિશેષ(શ્રેષ્ઠ) છે. ||૬૨||

**परोपदेशे पाण्डित्यं सर्वेषां सुकरं नृणाम् ।**
**धर्मे स्वीयमनुष्ठानं कस्यचित्सुमहात्मनः ।।६३।।**

બીજાને ઉપદેશ આપવામાં પોતાની પંડિતાઇ વાપરવી-એ તો બધા માણસોને સુલભ જ છે, પરંતુ પોતે તે પ્રમાણે ધર્માચરણ કરવું-એ તો કોઇ મહાત્માથી જ બની શકતું હશે. ||૬૩||

**परदुःखं समाकर्ण्य स्वभावसरलो जनः ।**

उपकारासमर्थत्वात्प्राप्नोति हृदये व्यथाम् ।।६४।।

પરનું દુઃખ સાંભળીને સ્વભાવે સરળ માણસો તેના પર ઉપકાર કરવાને અસમર્થ હોવાથી પોતાના અંતરમાં ખેદ પામે છે. ।।૬૪।।

पात्रं पवित्रयति नैव गुणान् क्षिणोति,
स्नेहं न संहरति नापि मलं प्रसूते ।
दोषावसानरुचिरश्चलतां न धत्ते;
सत्सङ्गमः सुकृतसद्मनि कोऽपि दीपः ।।६५।।

સુકૃતરૂપ ભવનમાં સત્સંગમરૂપ દીવો કોઇ વિચિત્ર પ્રકારનો જ છે કે જે પોતાના પાત્રને પવિત્ર કરે છે, ગુણો(વાટ)ને કદાપિ ક્ષીણ કરતો નથી, સ્નેહને સંહરતો નથી, વળી જે મલ(મસ)ને પ્રગટાવતો નથી, પ્રભાતે પણ જે તેવોને તેવો જ તેજસ્વી રહે છે અને જે ચંચલપણાને ધારણ કરતો નથી. ।।૬૫।।

प्रथमवयसि पीतं तोयमल्पं स्मरन्तः,
शिरसि निहितभारा नालिकेरा नराणाम् ।
ददति जलमनल्पास्वादमाजीवितान्तं;
न हि कृतमुपकारं साधवो विस्मरन्ति ।।६६।।

પ્રથમ અવસ્થામાં પાન કરેલ અલ્પ જળનું સ્મરણ કરતા નાળીયેરો પોતાના શિરપર ભાર સહન કરીને તેના બદલામાં પોતાના જીવનનો અંત લાવીને પણ મનુષ્યોને અત્યંત સ્વાદિષ્ટ જળ આપે છે, માટે સત્પુરુષો કરેલા ઉપકારને કદાપિ ભૂલી જતા નથી. ।।૬૬।।

प्रिया न्याय्या वृत्तिर्मलिनमसुभङ्गेऽप्यसुकरं,
त्वसन्तो नाभ्यर्थ्याः सुहृदपि न याच्यः कृशधनः ।
विपद्युच्चैः स्थेयं पदमनुविधेयं च महतां;
सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम् ।।६७।।

ન્યાયનું વર્ત્તન જ જેમને અત્યંત પ્રિય છે, પ્રાણાંત કષ્ટ આવી પડતાં પણ જેઓ મલિન વાસનાને કદાપિ ધારણ કરતા નથી, દુર્જનોની જેઓ ક્યારે પણ અભ્યર્થના કરતા નથી, ક્ષીણધનવાળા મિત્રની પાસે જેઓ કંઇ પણ યાચના કરતા નથી, વિપત્તિમાં પણ જેઓ ઉચ્ચ સ્થિતિએ રહે છે અને મહાપુરુષોના માર્ગને જેઓ અનુસરે છે-અહો! વિષમ અસિધારા સમાન સજ્જનોના આવા પ્રકારના વ્રતનો કોણે ઉપદેશ આપ્યો છે? ॥૬૭॥

**पोतो दुस्तरवारिराशितरणे दीपोऽन्धकारागमे,**
**निर्वाते व्यजनं मदान्धकरिणां दर्पोपशान्त्यै सृणिः ।**
**इत्थं तद् भुवि नास्ति यस्य विधिना नोपायचिन्ता कृता;**
**मन्ये दुर्जनचितवृत्तिहरणे धातापि भग्नोद्यमः ॥६८॥**

દુસ્તર સાગર તરવાને માટે નાવ બનાવી છે, અંધકારનો પ્રતીકાર કરવા દીવા બનાવ્યા છે, પવનના અભાવે પવન લેવા માટે પંખા બનાવ્યા છે તથા મદોન્મત્ત હાથીઓના દર્પને શાંત કરવા જેણે અંકુશ બનાવ્યા છે-એ પ્રમાણે જગતમાં એવું કાંઇ નથી, કે જેને માટે વિધાતાએ ચિંતા કરી ન હોય. પરંતુ હું ધારું છું કે દુર્જન પુરુષની ચિત્તવૃત્તિને કાબૂમાં લાવવા વિધાતાનો પરિશ્રમ પણ નિષ્ફળ થઇ ગયો. ॥૬૮॥

**पद्मे मूढजने ददासि द्रविणं विद्वत्सु किं मत्सरो,**
**नाहं मत्सरिणी न चापि चपला नैवास्ति मूर्खे रतिः ।**
**मूर्खेभ्यो द्रविणं ददामि नितरां तत्कारणं श्रूयतां;**
**विद्वन्सर्वगुणेषु पूजिततनुर्मूर्खस्य नान्या गतिः ॥६९॥**

હે લક્ષ્મી! તું મૂઢજનોને ધનવંત બનાવે છે અને વિદ્વાનો પર મત્સર ધારણ કરે છે તેનું કારણ શું? લક્ષ્મી કહે છે કે હું વિદ્વાનો પર મત્સર ધારણ કરતી નથી અને ચંચલ પણ નથી, તેમ જ મૂર્ખજનો ઉપર મારે પ્રીતિ નથી, પરંતુ મૂર્ખજનોને ધન આપું છું, તેનું કારણ સાંભળો-વિદ્વાન્

સર્વ ગુણોને લીધે સર્વત્ર માનનીય છે, પરંતુ મૂર્ખને અન્ય કંઇ ગતિ જ નથી. ॥૬૯॥

**प्रीतिं न प्रकटीकरोति सुहृदि द्रव्यव्ययाशङ्कया,**

**भीतः प्रत्युपकारकारणभयान्नाकृष्यते सेवया ।**

**मिथ्या जल्पति वित्तमार्गणभयात् स्तुत्यापि न प्रीयते;**

**कीनाशो विभवव्ययव्यतिकरत्रस्तः कथं प्राणिति? ॥७०॥**

જે દ્રવ્યવ્યયની શંકાથી મિત્ર તરફ પ્રીતિને પ્રગટાવતો નથી, પ્રત્યુપકાર કરવાના કારણે ભય પામીને જે સેવાથી આકર્ષાતો નથી, ધન માગવાના ભયથી જે મિથ્યા બકવાસ કરે છે તથા સ્તુતિ કરતાં પણ જે પ્રસન્ન થતો નથી. અહો! ધનવ્યયના વ્યતિકરથી ત્રાસ પામેલ કૃપણ પુરુષ કેમ જીવે છે? તે સમજાતું નથી. ॥૭૦॥

**पङ्गो वन्द्यस्त्वमसि न गृहं यासि योऽर्थी परेषां,**

**धन्योऽन्धस्त्वं धनमदवतां नेक्षसे यन्मुखानि ।**

**श्लाघ्यो मूक त्वमपि कृपणं स्तौषि नार्थाशया यः;**

**स्तोतव्यस्त्वं बधिर न गिरं यः खलानां शृणोषि ॥७१॥**

હે પંગુ! તું પણ ખરેખર વંદનીય છે, કારણકે યાચક થઈને તું બીજાઓના ઘરે જઈ શકતો નથી. હે અંધ! તું પણ ધન્ય છે કે ધનથી મદોન્મત્ત થયેલાઓના મુખને તું જોઈ શકતો નથી. હે મુંગા! તું પણ શ્લાઘનીય છે કે ધનની આશાથી તું કૃપણની સ્તુતિ કરી શકતો નથી અને હે બધિર(બ્હેરા)! તું પણ પ્રશંસાપાત્ર છે કે તું ખલજનોની વાણી સાંભળી શકતો નથી. ॥૭૧॥

**परोपकारः कर्त्तव्यः प्राणैरपि धनैरपि**

**परोपकारजं पुण्यं न स्यात्क्रतुशतैरपि ॥७२॥**

પોતાના પ્રાણો અને ધનનો ભોગ આપીને પણ પરોપકાર કરવો, કારણકે પરોપકારથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તેટલું પુણ્ય સેંકડો યજ્ઞોથી

પણ મળી શકતું નથી. ॥૭૨॥

परोपकृतिकैवल्ये तोलयित्वा जनार्दनः ।
गुर्वीमुपकृतिं मत्वा ह्यवतारान् दशाग्रहीत् ।।७३।।

પરોપકાર અને મોક્ષ એ-બંનેને તોળતાં પરોપકારને મહાન્ માનીને વિષ્ણુભગવાને દશ અવતારો ધારણ કર્યા. ॥૭૩॥

परोपकाराय फलन्ति वृक्षाः परोपकाराय वहन्ति नद्यः ।
परोपकाराय दुहन्ति गावः परोपकारार्थमिदं शरीरम् ।।७४।।

જુઓ, પરોપકારની ખાતર વૃક્ષો જગતમાં ફળે છે, પરોપકારની ખાતર નદીઓ વહે છે, પરોપકારની ખાતર ગાયો દૂજે છે, માટે આ શરીર પરોપકાર માટે જ પેદા થયેલ છે. ॥૭૪॥

पद्माकरं दिनकरो विकचीकरोति,
चन्द्रो विकासयति कैरवचक्रवालम् ।
नाभ्यर्थितो जलधरोऽपि जलं ददाति;
सन्तः स्वयं परहितेषु कृताभियोगाः ।।७५।।

સૂર્ય પદ્મોને વિકસિત બનાવે છે, ચંદ્રમા કૈરવો(કમળો)ને વિકસ્વર કરે છે, મેઘ પ્રાર્થના વિના જગતને જળ આપે છે, તેમ સંતજનો સ્વયમેવ પરોપકાર કરવામાં તત્પર હોય છે. ॥૭૫॥

पात्रमपात्रीकुरुते दहति गुणं स्नेहमाशु नाशयति ।
अमले मलं नियच्छति दीपज्वालेव खलमैत्री ।।७६।।

અહો ! ખલપુરુષની સાથે કરવામાં આવેલ મૈત્રી ખરેખર દીપજ્વાળાની જેમ પાત્રને મલિન કરે છે, ગુણને ભસ્મીભૂત બનાવે છે, સ્નેહનો તરત નાશ કરે છે, અને નિર્મળને અપવિત્ર બનાવે છે. ॥૭૬॥

पिबन्ति मधु पद्मेषु भृङ्गाः केसरधूसराः ।
हंसाः शैवालमश्नन्ति धिग्दैवमसमञ्जसम् ।।७७।।

કમળરજથી મલિન થઈને ભમરાઓ કમળોમાં મધુપાન કરે છે અને હંસો શૈવાલનું ભક્ષણ કરે છે, આવા દૈવના અસમંજસપણાને(અયોગ્યપણાને) ધિક્કાર થાઓ. ॥૭૭॥

**पिता रत्नाकरो यस्य लक्ष्मीर्यस्य सहोदरी ।**

**शङ्खो रोदिति भिक्षार्थी फलं भाग्यानुसारतः ॥७८॥**

રત્નાકર જેનો પિતા છે અને લક્ષ્મી જેની સગી બ્હેન છે, એવો શંખ ભિક્ષાર્થી થઈને રોયા કરે છે, માટે ભાગ્યાનુસારે જ ફળ મળે છે. ॥૭૮॥

**पर्जन्य इव भूताना-माधारः पृथिवीपतिः ।**

**विकलेऽपि हि पर्जन्ये जीव्यते न तु भूपतौ ॥७९॥**

મેઘની જેમ પ્રાણીઓના આધારભૂત રાજા કહેલ છે. કદાચ મેઘ વિકળ(કોપાયમાન) થાય તો જીવી શકાય, પરંતુ રાજા કોપાયમાન થાય તો જીવવું મુશ્કેલ જ થઈ પડે. ॥૭૯॥

# फ

**फलं प्रलम्बद्रुशिरोऽधिरोहि निरीक्ष्य ताम्यन्त्यलसाः प्रकृत्या।**
**तदेव कृत्वा कुटिकाप्रयोगं गृह्णन्ति ये वीर्यधना जनाः स्युः ॥१॥**

લાંબા(ઉંચા) વૃક્ષના શિખરપર લટકતા ફળને જોઇને સ્વભાવે આલસુ પુરુષો મનમાં બહુ જ ખેદ પામે છે, અને તેજસ્વી તથા ધીરજનો પોતાની બુદ્ધિનો પ્રયોગ કરીને તે ફળને ગ્રહણ કરી લે છે. ॥૧॥

**फलं स्वेच्छालभ्यं प्रतिवनमखेदं क्षितिरुहां,**
**पयः स्थाने स्थाने शिशिरमधुरं पुण्यसरिताम् ।**
**मृदुस्पर्शा शय्या सुललितलतापल्लवमयी;**
**सहन्ते सन्तापं तदपि धनिनां द्वारि कृपणाः ॥२॥**

દરેક વનમાં વિના કષ્ટે વૃક્ષોના ફળો સ્વેચ્છાથી મળી શકે તેમ છે, દરેક સ્થાને પવિત્ર નદીઓનું શીતલ અને મધુર જળ પણ સુલભ્ય છે, તેમજ કોમળ સ્પર્શયુક્ત સુલલિત લતા અને પલ્લવમય શય્યા પણ મળી શકે તેમ છે, છતાં કૃપણજનો ધનવંતોના દ્વાર આગળ વૃથા સંતાપને સહન કરી રહ્યા છે. ॥૨॥

फलहीनं नृपं भृत्याः कुलीनमपि चोन्नतम् ।
सन्त्यज्यान्यत्र गच्छन्ति शुष्कं वृक्षमिवाण्डजाः ।।३।।

રાજા કુલીન તથા ઉન્નત છતાં જો ફળહીન હોય તો સેવકો તેનો ત્યાગ કરીને અન્યત્ર ચાલ્યા જાય છે. જેમ પક્ષીઓ શુષ્ક વૃક્ષનો ત્યાગ કરીને બીજે જાય છે. ।।૩।।

फलार्थी नृपतिर्लोकान् पालयेद्यत्नमास्थितः ।
दानमानादितोयेन मालाकारोऽङ्कुरानिव ।।४।।

માળી જેમ અંકુરોને પાળે, તેમ ફલના અર્થી રાજાએ દાન અને માનપૂર્વક યત્નથી લોકોનું પાલન કરવું. ।।૪।।

फलाशिनो मूलतृणाम्बुभक्षा विवासतो निस्तरशायिनश्च ।
गृहे विमूढा मुनिवच्चरन्ति तुल्यं तपः किं तु फलेन हीनम्
।।५।।

કંદમૂળ, ફળ તથા તૃણ-જળનું ભક્ષણ કરનાર, વસ્ત્રરહિત(મલિન વસ્ત્રધારી) અને જમીનપર શયન કરતા મૂઢજનો પોતાના ઘરે મુનિની જેમ આચરણ કરે છે, એટલે તેટલું જ કષ્ટ સહન કરતા હોવા છતાં તેઓને તેનું કંઈ પણ ફળ તો મળતું જ નથી. ।।૫।।

फणीन्द्रस्ते गुणान्वक्तुं लिखितुं हैहयाधिपः ।
द्रष्टुमाखण्डलः शक्तः क्वाहमेष क्व ते गुणाः ।।६।।

હે વિભો! શેષનાગ તમારા ગુણો કહેવાને સમર્થ છે, તમારા ગુણો લખવાને સહસ્રબાહુ(હજારહાથવાળો-અર્જુન) સમર્થ છે અને જોવાને ઇંદ્ર જ સમર્થ છે, તો તમારા ગુણો ક્યાં અને હું પામર ક્યાં? ।।૬।।

# ब

**बालानामबलानां च नृपाणां च विशेषतः ।**
**तथा च पापसक्तानां दुर्निवार्यः कदाग्रहः ॥१॥**

બાલકો, સ્ત્રીઓ, પાપીઓ અને વિશેષથી રાજાઓનો કદાગ્રહ દુર્નિવાર્ય(દુઃખે વારી શકાય તેવો) હોય છે. ॥૧॥

**बलादसौ मोहरिपुर्जनानां ज्ञानं विवेकं च निराकरोति ।**
**मोहाभिभूतं हि जगद्विनष्टं तत्त्वार्थबोधादपयाति मोहः ॥२॥**

અહો! આ મોહરિપુ બલાત્કારથી લોકોના જ્ઞાન અને વિવેકને વિનષ્ટ કરે છે. મોહથી પરાભૂત થતાં જગત્ વિનષ્ટ થતું જાય છે, છતાં તત્ત્વાર્થના બોધથી મોહ દૂર થઈ શકે છે. ॥૨॥

**ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्माण्डभाण्डोदरे,**
**विष्णुर्येन दशावतारगहने क्षिप्तः सदा सङ्कटे ।**
**रूद्रो येन कपालपाणिपुटके भिक्षाटनं कारितः;**
**सूर्यो भ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ॥३॥**

બ્રહ્માને જેણે જગતમાં કુંભારની જેમ નિયમિત કર્યો(નીમ્યો), વિષ્ણુને જેણે દશ અવતારથી ગહન એવા સદા સંકટમાં નાખ્યો, શંકરને જેણે હાથમાં ખોપરી લેવરાવીને ભિક્ષાને માટે ભટકતો કર્યો અને સૂર્યને જે

નિરંતર આકાશમાં ભ્રમણ કરાવે છે એવા કર્મને નમસ્કાર થાઓ. ॥૩॥

**बालको दुर्जनश्चौरो वैद्यो विप्राश्च पुत्रिकाः ।**

**अर्थी नृपोऽतिथिर्वेश्या न विदुः सदृशां दशाम् ॥४॥**

બાલક, દુર્જન, ચોર, વૈદ્ય, બ્રાહ્મણ, પુત્રી, રાજા, અતિથિ અને વેશ્યા - એ સદશ(સમાન) અવસ્થાને જાણતા નથી. ॥૪॥

**बुभुक्षितैर्व्याकरणं न भुज्यते पिपासितैः काव्यरसो न पीयते।**

***न छन्दसा केनचिदुद्धृतं कुलं हिरण्यमेवार्जय निष्फला गुणाः***

**॥५॥**

ક્ષુધાતુર માણસોને વ્યાકરણ ખાવામાં કામ આવતું નથી, પિપાસિત જનો કાવ્યરસથી પોતાની પિપાસા છુપાવી શકતા નથી, તેમજ છંદથી કોઈએ પોતાના કુળનો ઉદ્ધાર કર્યો નથી. માટે હે ભદ્ર! દ્રવ્ય ઉપાર્જન કર, કારણકે તે વિના બધા ગુણો નિષ્ફળ છે. ॥૫॥

**बुद्धेः फलं तत्त्वविचारणं च देहस्य सारं व्रतधारणं च ।**

**अर्थस्य सारं किल पात्रदानं वाचः फलं प्रीतिकरं नराणाम्**

**॥६॥**

તત્ત્વનો વિચાર કરવો એ બુદ્ધિનું ફળ છે, વ્રત ધારણ કરવું - એ દેહનો સાર છે, સુપાત્રે દાન આપવું એ- દ્રવ્યનો સાર છે અને મનુષ્યોને પ્રીતિકર થવું-એ વાણીનું ફળ છે. ॥૬॥

**बालः प्रायो रमणासक्त-स्तरुणः प्रायो रमणीरक्तः ।**

**वृद्धः प्रायश्चिन्तामग्न-स्तदहो धर्मे कोऽपि न लग्नः ॥७॥**

અહો! બાલક હોય ત્યાં સુધી પ્રાયઃ રમવામાં આસક્ત હોય છે, તરુણ થતાં તે રમણીમાં આસક્ત બને છે, અને વૃદ્ધ થતાં ચિંતામાં મગ્ન થાય છે, તો પણ બહુ આશ્ચર્યની વાત છે કે કોઈ ધર્મમાં પ્રવૃત્ત થતું નથી. ॥૭॥

**बहूनामप्यसाराणां समुदायो जयावहः ।**

**तृणैः सञ्जायते रज्जु-र्बध्यन्ते येन दन्तिनः ॥८॥**

બહુ અસાર વસ્તુઓનો પણ સમુદાય જયાવહ(બલિષ્ઠ) થાય છે. જુઓ, તરણાથી બનાવવામાં આવેલ દોરડાથી મોટા હાથીઓ બંધાઇ જાય છે. ॥૮॥

**बालस्त्रीमन्दमूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम् ।**
**अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ॥९॥**

બાળ, સ્ત્રી, મંદ અને મૂર્ખ એવા ચારિત્રને ઇચ્છતા જનોના અનુગ્રહ નિમિત્તે તત્ત્વજ્ઞજનોએ સિદ્ધાંતો બધા પ્રાકૃતમાં બનાવ્યા છે. ॥૯॥

**बलं मूर्खस्य मौनत्वं तस्करस्यानृतं बलम् ।**
**दुर्बलस्य बलं राजा बालस्य रुदितं बलम् ॥१०॥**

મૂર્ખજનનું મૌન-એ બળ છે, ચોરનું અસત્ય-એ બળ છે, દુર્બળનું રાજા-એ બળ છે અને રુદન-એ બાળકનું બળ છે. ॥૧૦॥

**ब्राह्मणजातिरद्विष्टो वणिग्जातिरवञ्चकः ।**
**प्रियाजातिर्निरीर्ष्यालुः शरीरी न निरामयः ॥११॥**

બ્રાહ્મણ જાતિ દ્વેષરહિત હોતી નથી, વણિગ્જાતિ અવંચક હોતી નથી, સ્ત્રીજાતિ ઇર્ષ્યારહિત ન હોય અને શરીરધારી રોગરહિત ન હોય. ॥૧૧॥

**बालसखीत्वमकारणहास्यं स्त्रीषु वादमसज्जनसेवा ।**
**गर्दभयानमसंस्कृतवाणी षट्सु नरो लघुतामुपयाति ॥१२॥**

બાળકોની સાથે મિત્રતા કરવાથી, અકારણ હાસ્ય કરવાથી, સ્ત્રીઓની સાથે વાદ કરવાથી, દુર્જનજનોની સેવા કરવાથી, ગધેડાનું વાહન કરવાથી અને સંસ્કાર વિનાની વાણી બોલવાથી પુરુષ લઘુતાને પામે છે. ॥૧૨॥

**बालादपि हितं ग्राह्य-ममेध्यादपि काञ्चनम् ।**
**नीचादप्युत्तमां विद्यां स्त्रीरत्नं दुष्कुलादपि ॥१३॥**

બાળક પાસેથી પણ હિતવચન ગ્રહણ કરવું, અશુચિ પદાર્થમાંથી પણ કાંચન ગ્રહણ કરવું, નીચ પાસેથી ઉત્તમ વિદ્યા અને નીચ કુળમાંથી સ્ત્રીરત્નનો સ્વીકાર કરવો. ॥૧૩॥

बहिर्भावानतिक्रम्य यस्यात्मन्यात्मनिश्चयः ।
सोऽन्तरात्मा मतस्तज्ज्ञै-र्विभ्रमध्वान्तभास्करैः ।।१४।।

બાહ્યભાવનો ત્યાગ કરીને જેનો આત્મામાં આત્મનિશ્ચય છે, વિભ્રમરૂપ અંધકારને દૂર કરવામાં ભાસ્કર સમાન એવા આધ્યાત્મિકજનો તેને અંતરાત્મા કહે છે. ।।૧૪।।

बोधिर्मूलं कृपा स्कन्धः शाखा दानादयो गुणाः ।
पत्राणि सम्पदः कीर्त्तिः पुष्पं यस्य फलं शिवम् ।।१५।।

જે ધર્મરૂપ વૃક્ષનું મૂલ સમ્યક્ત્વ છે, દયા જેનો સ્કંધ છે, દાનાદિક ગુ ।। જેની શાખાંઓ છે, સંપત્તિરૂપ જેના પત્રો છે, કીર્તિરૂપ જેનું પુષ્પ છે અને મોક્ષરૂપ જેનું ફળ છે. ।।૧૫।।

बन्धवो बन्धनं योषा सदोषा विषया विषम् ।
जानन्तोऽपीत्यनार्या हि स्वकार्याय पराङ्मुखाः ।।१६।।

બાંધવો બંધન સમાન છે, સ્ત્રીઓ સદોષ(દોષસહિત) અને વિષયો વિષ સમાન છે-એમ જાણતા છતાં અનાર્યજનો પોતાનું હિત સાધવાને વિમુખ રહે છે. ।।૧૬।।

बहुप्रिया च या नारी यो भृत्यो बहुनायकः ।
बहूच्छिष्टं च यद् भैक्ष्यं तद् बुधः परिवर्जयेत् ।।१७।।

બહુજનોને પ્રિય સ્ત્રી, બહુ નાયકોવાળો સેવક અને ઘણાનું એઠું ભોજન, એ ત્રણનો સુજ્ઞજનોએ ત્યાગ કરવો. ।।૧૭।।

बिभराञ्चक्रिरे स्नेहाद् या निजाङ्गवदङ्गनाः ।
पत्युर्मृत्युक्षणे ताः स्युः स्वस्वार्थप्राप्तितत्पराः ।।१८।।

જે સ્ત્રીઓને સ્નેહથી પોતાના શરીરની જેમ સંભાળવામાં આવે છે, તે સ્ત્રીઓ પોતાના પતિના મરણસમયે પોતાનો સ્વાર્થ સાધવાને તત્પર થઇ જાય છે. ।।૧૮।।

बधिरयति कर्णविवरं वाचं मूकयति नयनमन्धयति ।

विकृतयति गात्रयष्टिं सम्पद्रोगोऽयमद्भुतो राजन् ।।१९।।

હે રાજન્! આ સંપત્તિરૂપ રોગ ખરેખર અદ્ભુત જ છે કે જે કર્ણને બધિર(બહેરા) બનાવે છે, વાણીને બંધ કરે છે, લોચનને અંધ બનાવે છે તથા શરીરના અવયવોને જે વિકારમય બનાવી દે છે. ।।૧૯।।

ब्रह्मघ्ने च सुरापे च चौरे भग्नव्रते तथा ।

निष्कृतिर्विहिता लोके कृतघ्ने नास्ति निष्कृतिः ।।२०।।

બ્રહ્મહત્યા કરનાર, મદ્યપાન કરનાર, ચોરી કરનાર અને વ્રતનો ભંગ કરનાર-એમનો દુનિયામાં હજી છૂટકો થઈ શકે, પરંતુ કૃતઘ્ન(કર્યા ગુણને હણનાર) નો છૂટકારો કદાપિ થઈ શકતો નથી. ।।૨૦।।

बहवः पङ्गवोऽपीह नराः शास्त्राण्यधीयते ।

विरला रिपुखड्गाग्र - धारापातसहिष्णवः ।।२१।।

આ જગતમાં એવા પંગુ(પાંગળા)જનો પણ ઘણા હશે કે જેઓ શાસ્ત્રોનો અભ્યાસ કરે છે, પરંતુ શત્રુની તલવારના ઝપાટા સહન કરનારા તો વિરલજનો જ હશે. ।।૨૧।।

बालस्यापि रवेः पादाः पतन्त्युपरि भूभृताम् ।

तेजसा सह जातानां वयः कुत्रोपयुज्यते ।।२२।।

બાલરવિના કિરણો પણ પર્વત ઉપર પડે છે, કારણકે જેઓ તેજની સાથે જન્મ પામે છે, તેમના વયનું કાંઈ પ્રમાણ રહેતું નથી. ।।૨૨।।

बन्धनस्थो हि मातङ्गः सहस्रभरणक्षमः।

अपि स्वच्छन्दचारी श्वा स्वोदरेणापि दुःखितः ।।२३।।

હાથીને બંધનમાં રહેવું પડે છે, છતાં તે હજારોનું ભરણ પોષણ કરવાને સમર્થ છે અને શ્વાન(કુતરો) સ્વચ્છંદચારી છતાં તે પોતાના ઉદરના નિમિત્તે પણ દુઃખી થાય છે. ।।૨૩।।

# भ

**भव्या मानुष्यतां भाग्यैः प्राप्य रत्नखनीमिव ।**
**विषयाश्मविवेकेन कार्यो रत्नत्रयाग्रहः ।।१।।**

હે ભવ્યજનો! ભાગ્યયોગે રત્નોની ખાણની જેમ મનુષ્યજન્મ પામીને વિષયરૂપી પથરાઓનો ત્યાગ કરીને રત્નત્રય(જ્ઞાન, દર્શન, ચારિત્ર)નો આદર કરવો ઉચિત છે. ।।૧।।

**भुञ्जते स्वकृतं कर्म विश्वे विश्वेऽपि जन्तवः ।**
**शोकमात्रफला ह्येते पितृभ्रातृसुतादयः ।।२।।**

જગતમાં સમસ્ત જંતુઓ માત્ર પોતાના કરેલાં કર્મ જ ભોગવે છે, અને પિતા, ભ્રાંતા તથા સુતાદિક છે, એ તો કેવળ શોક ઉત્પન્ન કરાવનારા જ છે. ।।૨।।

**भवलक्षसुखं शीलं विषयाः क्षणसौख्यदाः ।**
**विचक्षणः क्षणार्थं को भवानेकान् विनाशयेत् ।।३।।**

શીલ લાખો ભવના સુખને આપનાર છે અને વિષયો એક ક્ષણમાત્રના સુખને આપનાર છે, તો એક ક્ષણવારના સુખોની ખાતર કયો વિચક્ષણ પુરુષ અનેક ભવોને બગાડે છે. ।।૩।।

**भेदाः पञ्च प्रमादस्य मदनस्येव सायकाः ।**

व्यामोह्य सर्वं कुर्वन्ति ही जनं नरकाध्वगम् ॥४॥

કામદેવના પંચ બાણોની જેમ પ્રમાદના પાંચ ભેદો કહેલા છે, કે જે સર્વજનોને વ્યામોહ પમાડીને નરકના પથિક બનાવે છે. ॥૪॥

भगिनीत्युच्यमानापि सपत्नी न शुभा भवेत् ।
ख्यातापि शर्कराख्यातो व्यथयत्येव वालुका ॥५॥

સપત્ની(શોક્ય)ને ભગિનીના નામથી બોલાવતાં પણ તે શુભ ન થાય, કારણકે વાલુકાને શર્કરાના નામથી બોલાવતાં પણ તે અવશ્ય વ્યથા તો કરે જ છે. ॥૫॥

भोगान्न कामये तस्मा-न्न भूषां न पुनः श्रियम् ।
*एतदिच्छामि यच्चात्म-चित्तादुत्तारयेन्न माम् ॥६॥*

હું ભોગોને ઇચ્છતી નથી અને તેટલા માટે અલંકાર કે શોભાને પણ હું ચાહતી નથી, પરંતુ હું એટલું જ ઇચ્છું છું કે મને મારો સ્વામી પોતાના મનથી દૂર ન કરે. ॥૬॥

भिक्षाशनं तदपि नीरसमेकवारं,
शय्या च भूः परिजनो निजदेहमात्रम् ।
वस्त्रं च जीर्णशतखण्डमयी च कन्था;
हा हा तथापि विषयान्न परित्यजन्ति ॥७॥

એક તો નીરસ ભિક્ષાભોજન અને તે પણ એકવાર, ભૂમિરૂપ શય્યા, વળી પોતાના માત્ર દેહરૂપ પરિજન, જીર્ણ વસ્ત્ર અને અત્યંત ખંડિત ગોદડી હોવા છતાં અહા! બહુ ખેદની વાત છે કે વિષયોને તેઓ તજતા નથી. ॥૭॥

भोगे रोगभयं सुखे क्षयभयं वित्ते नृपालाद् भयं,
मौने दैन्यभयं बले रिपुभयं रूपे जराया भयम् ।
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद् भयं;

सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ।।८।।

ભોગમાં રોગનો ભય છે, સુખમાં ક્ષયનો ભય છે, શરીરને યમનો ભય છે, મૌનમાં ગરીબાઈનો ભય છે, ધનને રાજાનો ભય છે, બળને શત્રુનો ભય છે, રૂપમાં જરાનો ભય છે, શાસ્ત્રમાં વાદનો ભય છે, ગુણોને ખલોનો ભય છે. અહો! જગતમાં જ્યાં જુઓ ત્યાં તમામ વસ્તુઓ ભયથી ભરેલી છે, માત્ર એક વૈરાગ્ય જ અભય(ભયરહિત) છે.।।૮।।

भोगा न भुक्ता वयमेव भुक्तास्तपो न तप्तं वयमेव तप्ताः।
कालो न यातो वयमेव यातास्तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ।।९।।

અહો! ભોગો તો ભોગવાયા નહિ, પણ અમે પોતે જ ભોગવાઈ ગયા, તપ તો તપ્યું નહિ, પણ અમે પોતે જ તપ્ત થઈ ગયા, કાલ તો ન ગયો, પણ અમે પોતે જ ચાલતા થયા અને તૃષ્ણા તો જીર્ણ ન થઈ, પણ અમે પોતે જ જીર્ણ થઈ ગયાં. ।।૯।।

भवकोटीदुःप्रापामवाप्य नृभवादिसकलसामग्रीम् ।
भवजलधियानपात्रे धर्मे यत्नः सदा कार्यः ।।१०।।

કરોડો ભવો ભમતાં પણ અત્યંત દુર્લભ એવી નરજન્માદિક બધી સામગ્રી પામીને સંસારસાગરમાં નાવ સમાન એવા ધર્મને માટે સદા અસ્ખલિત પ્રયત્ન કરવો ભવ્યજનોને ઉચિત છે. ।।૧૦।।

भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ।।११।।

સંસારરૂપ બીજના અંકુરને ઉત્પન્ન કરનારા એવા રાગાદિક જેમનો ક્ષય થયા છે એવા બ્રહ્મા હો, વિષ્ણુ હો, શિવ કે જિનેશ્વર હોય-તેમને નમસ્કાર છે. ।।૧૧।।

भवेत् त्रिदशकोटीर-कोटीरत्नाञ्चितक्रमः ।
प्रभुस्त्रिभुवनस्यापि प्राक्कृतैः सुकृतैर्जिनः ।।१२।।

ઇંદ્રોએ પોતાના મુગટ જેમના ચરણમાં મૂકેલ છે તથા ત્રણ ભુવનના સ્વામી એવા જિનેશ્વર પણ પૂર્વકૃત પુણ્યોને લીધે જ જિન થઈ શકે છે.॥૧૨॥

**भवाम्भोधौ विपद्वारि-पूरभाजि निमज्जताम् ।**

**नरजन्मतरीलाभे भवान्निर्यामकायते ॥१३॥**

વિપત્તિરૂપ જળપ્રવાહયુક્ત એવા ભવસાગરમાં મનુષ્યજન્મરૂપ નાવની પ્રાપ્તિ થતાં ડૂબતા પ્રાણીઓ માટે હે ભગવન્! આપ નિર્યામિક(નાવિક) સમાન છો. ॥૧૩॥

**भक्तिर्दूरेऽस्तु चैत्यस्य कुसुमाभरणादिका ।**

**गतरोगेव (रोग इव?) वैद्यस्य नासौ नतिमपि व्यधात् ॥१४॥**

કુસુમ અને આભરણાદિક ચૈત્યની ભક્તિ તો દૂર રહો, પરંતુ રોગરહિત પુરુષ જેમ વૈદ્યને નમે તેમ તે ભગવંતને નમસ્કાર પણ કરતો ન હતો. ॥૧૪॥

**भर्त्ता यद्यपि नीतिशास्त्रनिपुणो विद्वान्कुलीनो युवा,**

**दाता कर्णसमः प्रसिद्धविभवः स्त्रीसंगदक्षो गुरुः ।**

**स्वप्राणाधिककल्पिता स्ववनिता स्नेहात्सदा पालिता;**

**कान्ता तं पशुवद्विहाय तरुणी जारं पतिं वाञ्छति ॥१५॥**

કદાચ પોતાનો પતિ નીતિશાસ્ત્રમાં કુશળ હોય, વિદ્વાન, કુલીન અને યુવાન હોય, કર્ણ સમાન દાતાર હોય, પ્રસિદ્ધ વૈભવવાળો હોય, સ્ત્રીસમાગમમાં દક્ષ હોય, ઘણા જનોને માનનીય હોય, તથા પોતાની સ્ત્રીને નિરંતર પોતાના પ્રાણ કરતાં પણ અધિક ગણીને સ્નેહથી તેનું પાલન કરતો હોય, તથાપિ તરુણી કાંતા પશુની જેમ તેનો ત્યાગ કરીને જાર પતિને ઇચ્છે છે. ॥૧૫॥

**भीमं वनं भवति तस्य पुरं प्रधानं,**

**सर्वो जनः सुजनतामुपयाति तस्य ।**

कृत्स्ना च भूर्भवति सन्निधिरत्नपूर्णा;

यस्यास्ति पूर्वसुकृतं विपुलं जनस्य ॥१६॥

જે પુરુષના પૂર્વ સુકૃત વિપુલ છે, તેને ભયંકર વન તે એક સારા નગર સમાન થઈ જાય છે, સર્વ લોકો તેની સાથે સુજનતા રાખે છે અને સમસ્ત પૃથ્વી નિધાન અને રત્નોથી પૂર્ણ તેના જોવામાં આવે છે. ॥૧૬॥

भग्नाशस्य करण्डपीडिततनोर्म्लानेन्द्रियस्य क्षुधा,

कृत्वाखुर्विवरं स्वयं निपतितो नक्तं मुखे भोगिनः ।

तृप्तस्तत्पिशितेन सत्वरमसौ तेनैव यातः पथा;

लोकः पश्यतु दैवमेव हि नृणां वृद्धौ क्षये कारणम् ॥१७॥

જેની આશા ભગ્ન થયેલ છે, કરંડીયામાં જેનું શરીર પીડાય છે અને ક્ષુધાથી જેની ઇંદ્રિયો ગ્લાનિ પામેલ છે એવા સર્પના મુખમાં રાત્રે ઉંદર કાણું કરીને પોતે પડ્યો, તેના માંસથી તે સર્પ તૃપ્ત થયો અને તે જ માર્ગે પેલો સર્પ સત્વર બહાર ચાલ્યો ગયો, માટે હે લોકો! તમે જુઓ કે માણસોની વૃદ્ધિ(સમૃદ્ધિ) અને ક્ષયમાં દૈવ જ મુખ્ય કારણ છે. ॥૧૭॥

भग्ना हि शाखा न विलम्बनीया भग्नेषु चित्तेषु कुतः प्रपञ्चः।

गन्तव्यमन्यत्र विचक्षणेन पूर्णा मही सुन्दरि सुन्दरेति ॥१८॥

ભગ્ન શાખાનું અવલંબન ન કરવું. જ્યાં ચિત્ત જ ભગ્ન હોય, ત્યાં કોઈ પણ કાર્યની વિચારણા ક્યાંથી હોઈ શકે? માટે હે સુંદરી! આ પૃથ્વી સુંદર અને પૂર્ણ છે, તો અન્યત્ર જવું યોગ્ય છે. ॥૧૮॥

भो भो भव्या भवारण्ये भ्रमता भविना भृशम् ।

आसाद्यतेऽमृतरस-समानो मानवो भवः ॥१९॥

હે ભવ્યજનો ! આ ભવઅરણ્યમાં ભમતાં ભવ્યજનો અમૃતરસ સમાન માનવભવ મહામુશ્કેલીથી પામી શકે છે. ॥૧૯॥

भूर्जलं ज्वलनो वायु-स्तरवश्चेति पञ्चधा ।

भवन्त्येकेन्द्रिया जीवा-स्ते ह्यसङ्ख्या दृगध्वगाः ॥२०॥

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ પ્રકારના જીવો એકેંદ્રિય ગણાય છે, તે અસંખ્ય અને દૃષ્ટિને અગોચર છે. ।।૨૦।।

**भो भो केलिप्रियाः केऽपि कारयन्ति वधं सुराः ।**
**केलिमात्रं भवेत्तेषा-मन्येषां जीवितत्रुटिः ।।२१।।**

હે લોકો! કેટલાક ક્રીડામાં આસક્ત થયેલા દેવતાઓ વધ કરાવે છે, એટલે જો કે તેમને તો એક ખેલમાત્ર થાય છે, પણ અન્ય જીવોના જીવનનો અંત આવી જાય છે. ।।૨૧।।

**भद्रे वाणि ममानने कुरु दयां वर्णानुपूर्व्या चिरं,**
**चेतं स्वास्थ्यमुपैहि याहि करुणे प्रज्ञे स्थिरत्वं व्रज ।**
**लज्जे तिष्ठ पराङ्मुखी क्षणमहो तृष्णे पुरः स्थीयतां;**
**पापो यावदहं ब्रवीमि धनिनां देहीति दीनं वचः ।।२२।।**

હે ભલી વાણી! અક્ષરાનુક્રમથી જરાવાર તું મારા મુખપર દયા કર, હે ચિત્ત! તું જરા શાંત થઈ જા, હે કરુણા! તું દૂર ચાલી જા, હે પ્રજ્ઞા! તું હવે જરા સ્થિર થઈ જા, હે લજ્જા! તું તારું મુખ ફેરવીને બેસી રહે, અને હે તૃષ્ણા! તું જરા મારી આગળ આવીને ઉભી રહે કે જ્યાંસુધી પાપી એવો હું 'આપો' એ પ્રમાણે ધનવંતો પાસે દીન વચન બોલવાને તત્પર થાઉં. ।।૨૨।।

**भवन्ति नरकाः पापात् पापं दारिद्र्यसम्भवम् ।**
**दारिद्र्यमप्रदानेन तस्माद्दानपरो भवेत् ।।२३।।**

પાપ કરવાથી પ્રાણીઓ નરકમાં જઈને ઉત્પન્ન થાય છે, તે પાપ દરિદ્રતાને લીધે તેમને કરવું પડે છે અને દારિદ્ર્ય-તે દાન ન આપવાનું ફળ છે, માટે દાન આપવા સદા તત્પર રહેવું-એ ઉત્તમ છે. ।।૨૩।।

**भ्रातर्धातरशेषयाचकजने वैरायसे सर्वदा,**
**यस्माद्विक्रमशालिवाहनमहीभृन्मुञ्जभोजादयः ।**
**अत्यन्तं चिरजीविनो न विहितास्ते विश्वजीवातवो;**

मार्कण्डध्रुवलोमशप्रभृतयः सृष्टाः प्रभूतायुषः ।।२४।।

હે વિધાતા બંધુ! તું ખરેખર! બધા યાચકજનો સાથે સદા વૈરભાવ રાખે છે, કારણકે જગતના જીવનરૂપ એવા વિક્રમ, શાલિવાહન, મુંજ અને ભોજ વિગેરે રાજાઓને તેં અત્યંત લાંબી આવરદાવાળા ન બનાવ્યા અને માર્કંડ, ધ્રુવ, લોમશ વિગેરેને લાંબી આવરદાવાળા બનાવ્યા. ॥૨૪॥

भवन्ति नम्रास्तरवः फलोद्गमैर्नवाम्बुभिर्भूरिविलम्बिनो घनाः।
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः स्वभाव एवैष परोपकारिणाम्
।।२५।।

ફળોની ઉત્પત્તિ થતાં વૃક્ષો નમ્ર બને છે, નવીન જળથી મેઘ અત્યંત નીચે નમી જાય છે, સમૃદ્ધિથી સત્પુરુષો સદા અનુદ્ધત(નમ્ર) રહે છે, એ પ્રમાણે પરોપકારી પુરુષોનો આ સ્વભાવ જ છે. ॥૨૫॥

भ्रान्तं देशमनेकदुर्गविषमं प्राप्तं न किञ्चित्फलम्,
त्यक्त्वा जातिकुलाभिमानमुचितं सेवा कृता निष्फला ।
भुक्तं मानविवर्जितं परगृहेष्वाशङ्कया काकवत्;
तृष्णे जृम्भसि पापकर्मनिरते नाद्यापि सन्तुष्यसि ।।२६।।

અનેક કિલ્લાઓથી વિષમ એવા દેશમાં ભ્રમણ કર્યું છતાં કંઈ ફળ પ્રાપ્ત ન થયું, પોતાની જાતિ અને કુલાભિમાન તજી દઈને સેવા કરી તે પણ નિષ્ફળ નિવડી, પારકા ઘરે કાગડાની જેમ માનરહિત થઈને આશંકાથી ભોજન કર્યું છતાં પણ પાપકર્મમાં આસક્ત એવી હે તૃષ્ણા ! તું અદ્યાપિ સંતુષ્ટ ન થઈ. ॥૨૬॥

भाग्यवन्तं प्रसूयेथा मा शूरं मा च पण्डितम् ।
शूराश्च कृतविद्याश्च वने सीदन्ति पाण्डवाः ।।२७।।

હે જનની! તું કોઈ ભાગ્યવંતને જન્મ આપજે, પરંતુ શૂરવીર કે પંડિતને જન્મ આપીશ નહિ. જુઓ, શૂરવીર અને વિદ્વાન પાંડવો વનમાં સીદાય છે. ॥૨૭॥

भगवन्तौ जगन्नेत्रे सूर्याचन्द्रमसावपि ।
पश्य गच्छत एवास्तं नियतिः केन लङ्घ्यते ।।२८।।

જગતના નેત્રરૂપ એવા ભગવાન્ સૂર્ય અને ચંદ્રમા પણ જુઓ, દરરોજ અસ્તદશાને પામે છે, માટે દૈવને કોણ ઓળંગી શકે? ।।૨૮।।

भ्रमन्वनान्ते नवमञ्जरीषु,
न षट्पदो गन्धफलीमजिघ्रत् ।
सा किं न रम्या स च किं न रन्ता;
बलीयसी केवलमीश्वरेच्छा ।।२९।।

સમસ્ત વનમાં નવીન મંજરીઓ પર ફરતો ભ્રમર ચંપકકલિકાને સુંઘી ન શક્યો તો શું તે રમ્ય નથી? અથવા ભ્રમર પોતે રમણ કરનાર નથી ? પરંતુ અહીં ઈશ્વરેચ્છા જ બલવાન્ છે. ।।૨૯।।

भूशय्या ब्रह्मचर्यं च कृशत्वं लघु भोजनम् ।
सेवकस्य यतेर्यद्वद्विशेषः पापधर्मजः ।।३०।।

પૃથ્વી પર શયન કરવું, બ્રહ્મચર્ય પાળવું, કૃશતા અને લઘુ(શુષ્ક) ભોજન-એ સેવક અને અને યતિને યોગ્ય છે, તેમાં તફાવત એ છે કે તે બધું સેવકને પાપથી છે, યતિને ધર્મથી છે.

# म

मंत्राणां परमेष्ठिमंत्रमहिमा तीर्थेषु शत्रुंजयो
दाने प्राणिदया गुणेषु विनयो ब्रह्म व्रतेषु व्रतम्।
संतोषो नियमे तपस्सु च शमस्तत्त्वेषु सद्दर्शनं
सर्वज्ञोदितसर्वपर्वसु परं स्याद्वार्षिकं पर्व च।।१।।

સર્વ મંત્રોમાં પંચપરમેષ્ઠી મંત્રનો મહિમા ઉત્કૃષ્ટ છે, સર્વ તીર્થોમાં શત્રુંજય તીર્થ ઉત્કૃષ્ટ છે, ગુણોમાં વિનય, વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત, દાનમાં અભયદાન, નિયમમાં સંતોષ, તપમાં સમતા, તત્ત્વોમાં સમ્યકત્વ, અને સર્વજ્ઞકથિત સર્વ પર્વોમાં વાર્ષિક(સાંવત્સરિક) પર્વ ઉત્તમ છે.।।૧।।

मुंडे मुंडे मतिर्भिन्ना कुंडे कुंडे नवं पयः।
तुंडे तुंडे नवा वाणी बहूनां नैकरुपता।।२।।

કપાળે કપાળે ભિન્ન મતિ હોય છે, દરેક કુંડમાં નવું(ભિન્ન) પાણી હોય છે, દરેક મુખમાં નવીન વાણી હોય છે-એમ બધાની એકરૂપતા હોતી નથી.।।૨।।

महतामापदं दृष्ट्वा को न नीचोऽपि तप्यते।
काकोऽप्यंधत्वमायाति गच्छत्यस्तं दिवाकरे।।३।।

મહાપુરુષોની આપત્તિ જોઈને કયો નીચ જન પણ સંતાપ ન પામે?

કારણકે દિવાકર (સૂર્ય) અસ્ત થતાં કાગ પણ અંધત્વને પામે છે.॥૩॥

**मक्षिकाः क्षतमिच्छंति क्षतमिच्छंति पार्थिवाः।**
**दुर्जनाः क्षतमिच्छंति शांतिमिच्छंति सज्जनाः।।४।।**

મક્ષિકાઓ ક્ષત(ગુમડાં)ને ઈચ્છે છે, રાજાઓ ક્ષત(ભંગાણ)ને ઈચ્છે છે, દુર્જનો ક્ષત(વિઘ્ન)ને ઈચ્છે, પણ સજ્જનો તો શાંતિને જ ઈચ્છે છે.॥૪॥

**मूर्खत्वं च सखे ममापि रुचिरं यस्मिन्यदष्टौ गुणा**
**निश्चिंतो बहुभोजनोऽत्रपमना नक्तं दिवा शायिकः।**
**कार्याकार्यविचारणांधबधिरो मानापमाने समः**
**प्रायेणामयवर्जितो दृढवपुर्मूर्खः सुखं जीवति।।५।।**

હે મિત્ર! મૂર્ખપણું મને પણ સારું લાગે છે. કારણકે જેમાં આઠ ગુણો બરાબર જોવામાં આવે છે-તે એ કે-એક તો તે નિશ્ચિંત રહે, બહુ ખાનાર હશે, નિર્લજ્જ મનવાળો હશે, રાતદિવસ સુનાર હશે, કાર્યાકાર્યનો વિચાર કરવામાં તે અંધ અને બહેરો હશે. માન કે અપમાનમાં સમાન હશે, બહુધા રોગરહિત હશે, અને શરીરે મજબૂત હશે. અહો ! આ ગુણો યુક્ત મૂર્ખ સુખે પોતાનું જીવન ગુજારે છે.॥૫॥

**मत्तेभकुम्भदलने भुवि सन्ति शूराः**
**केचित्प्रचण्डमृगराजवधेऽपि दक्षाः ।**
**किं तु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य**
**कन्दर्पदर्पदलने विरला मनुष्याः ।।६।।**

જગતમાં મદોન્મત્ત હાથીઓના કુંભસ્થલને ભેદવામાં શૂરવીર પુરુષો ઘણા હશે, વળી પ્રચંડ સિંહનો વધ કરવામાં પણ કેટલાક દક્ષજનો હશે, પરંતુ હું છાતી ઠોકીને બલવંતજનોને કહું છું કે, કંદર્પ(કામદેવ)ના દર્પ(ગર્વ)ને ગાળનારા(દળનારા) એવા પુરુષો તો વિરલા જ હશે.॥૬॥

**माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः ।**
**न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ।।७।।**

જે પોતાના બાળકને ભણાવતા નથી તે માતા શત્રુ સમાન છે અને પિતા વૈરી સમાન છે. કારણકે હંસોના ટોળામાં બગલાની જેમ તે મૂર્ખ પુત્ર પંડિતોની સભામાં શોભા પામતો નથી. ॥૭॥

**मूर्खनिर्धनदूरस्थ-शूरमोक्षाभिलाषिणाम् ।**

**त्रिगुणाधिकवर्षाणां चापि देया न कन्यका ।।८।।**

મૂર્ખ, નિર્ધન, દૂર રહેનાર, શૂરવીર, મોક્ષાભિલાષી અને ત્રણગણા વરસ મોટો એવા વરને કન્યા ન આપવી. ॥૮॥

**माता यदि विषं दद्यात् पिता विक्रयते(विक्रीणाति ?) सुतम् ।**

**राजा हरति सर्वस्वं का तत्र परिदेवना ।।९।।**

જો માતા પોતે પોતાના પુત્રને વિષ આપે, પિતા પુત્રને વેચે અને રાજા લૂંટ ચલાવે, તેમાં વિલાપ શું કરવાના હોય? ॥૯॥

**मही रम्या शय्या विपुलमुपधानं भुजलता,**

**वितानं चाकाशं व्यजनमनुकूलोऽयमनिलः ।**

**स्फुरद्दीपश्चन्द्रो विरतिवनितासङ्गमुदितः;**

**सुखं शान्त शेते मुनिरतनुभूतिर्नृप इव ।।१०।।**

જેને ભૂમિરૂપ રમ્ય શય્યા છે, જેને ભુજલતા વિપુલ ઓશીકું છે, જેને આકાશ વિતાન(ચંદરવો) છે, જેને અનુકૂળ પવન પંખો છે, જેને સ્ફુરાયમાન ચંદ્ર દીપક છે, અને જે વિરતિ-વનિતાના સંગથી પ્રમુદિત થયેલ છે એવા અતુલ સમૃદ્ધિમાન્ શાંત મુનિ, રાજાની જેમ સુખે શયન કરે છે. ॥૧૦॥

**मक्षिका मशको वेश्या मूषको याचकस्तथा ।**

**ग्रामणीर्गणिका चैव सप्तैते परभक्षकाः ।।११।।**

મક્ષિકા(માખી), ઉંદર, વેશ્યા, મચ્છર, યાચક, ગામનો મુખી અને ગણિકા-એ સાતે પરને ખાનાર હોય છે. ॥૧૧॥

**मित्रवदुद्यमा ज्ञेया आलस्यं मित्रवद्रिपुः ।**

**विषवच्चामृता विद्या परस्त्री चामृतं विषम् ।।१२।।**

ઉદ્યમ એ મિત્ર સમાન છે, આલસ્ય એ મિત્રવત્ છતાં શત્રુ છે, વિદ્યા એ વિષવત્ છતાં અમૃત સમાન છે અને પરસ્ત્રી એ અમૃત છતાં વિષસમાન છે. ॥૧૨॥

**मुक्तस्य(मौक्तिक) हारो न च मर्कटस्य,**
**मिष्टान्नहारो न च गर्दभस्य।**
**अन्धस्य दीपो बधिरस्य गीतं,**
**मूर्खस्य किं ज्ञानकथाप्रसङ्गः ।।१३।।**

મર્કટ(વાનર)ને મોતીનો હાર ન શોભે, ગર્દભને મિષ્ટાન્નનો આહાર ન હોય, અંધને દીપક, બધિર(બહેરા)ની આગળ ગીતગાન અને મૂર્ખની સાથે જ્ઞાનકથાનો પ્રસંગ કેવો? ॥૧૩॥

**मनो मधुकरो मेघो मानिनी मदनो मरूत् ।**
**मा मदो मर्कटो मत्स्यो मकारा दश चञ्चलाः ।।१४।।**

મન, મધુકર(ભમરો), મેઘ, સ્ત્રી, કામદેવ, પવન, લક્ષ્મી, મદ, વાનર અને મત્સ્ય - એ દશ મકાર ચંચલ હોય છે. ॥૧૪॥

**मा जीवतु परावज्ञो दुःखदग्धस्तु यो जनः ।**
**तस्याजननी चैवास्तु जननी क्लेशकारिणी ।।१५।।**

પરની અવજ્ઞા કરનાર પુરુષ આ જગતમાં ન જીવો. જે દુઃખદગ્ધ માણસ છે, તે પણ આ જગતમાં ન જીવો અને જેના જન્મ વખતે માતાને ક્લેશ થાય તેનો પણ જન્મ જ ન થાઓ. ॥૧૫॥

**मौनान्मूकः प्रवचनपटुर्वातुलो जल्पको वा,**
**धृष्टः पार्श्वे वसति च तदा दूरतश्चाप्रगल्भः ।**
**क्षान्त्या भीरुर्यदि न सहते प्रायशो नाभिजातः;**
**सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ।।१६।।**

અહો! સેવાધર્મ કેટલો બધો ગહન છે કે જે યોગીઓને પણ અગમ્ય છે. મૌન ધરતાં તેને મૂંગો કહેવામાં આવશે, જો તે બોલવામાં પોતાની ચાલાકી

વાપરે તો તે વાતુલ અથવા બહુ બોલકો છે એમ કહેવામાં આવશે, પાસે આવીને બેસે તો તે ધૃષ્ટ છે અને દૂર જઇ બેસે તો તેને ગાફિલ કહેવામાં આવશે, ક્ષમા કરશે તો તે બીકણ અને સહન નહિ કરે તો તે અકુલીન છે એમ કહેવામાં આવશે, સેવા સાધવા જતાં ગુણ તે દોષરૂપ ગણાઈ જાય છે. ॥૧૬॥

**मृत्योर्बिभेपि किं मूढ भीते मुञ्चति किं यमः ।**
**अजातं नैव गृह्णाति कुरु यत्नमजन्मनि ॥१७॥**

હે મૂઢ! મરણથી તું શા માટે ભય પામે છે, શું તું ભય પામીશ તેથી તને યમ મૂકી દેશે? જો તું જન્મ્યો ન હોત, તો તને યમ લઈ શકત નહિ, માટે તું જન્મ ન પામે એવો રસ્તો શોધી લે. ॥૧૭॥

**माता तीर्थं पिता तीर्थं तीर्थं च ज्येष्ठबान्धवाः ।**
**वाक्ये वाक्ये गुरुस्तीर्थं सर्वतीर्थं जनार्दनः ॥१८॥**

માતા અને પિતા એ તીર્થ છે, વડીલો અને બંધુઓ તીર્થરૂપ છે, વાક્ય વાક્યમાં ગુરુ તીર્થ છે અને વિષ્ણુ એ સર્વતીર્થરૂપ છે. ॥૧૮॥

**महानुभावसंसर्गः कस्य नोन्नतिकारकः ।**
**रथ्याम्बु जाह्नवीसङ्गात् त्रिदशैरपि वन्द्यते ॥१९॥**

અહો! મહાપુરુષોના સંસર્ગથી કોની ઉન્નતિ ન થાય? ગંગાના સંગથી સાધારણ શેરીનું જળ પણ દેવોને વંદનીય થાય છે. ॥૧૯॥

**मुखं वलिभिराक्रान्तं पलितैरङ्कितं शिरः ।**
**गात्राणि शिथिलायन्ते तृष्णैका तरुणायते ॥२०॥**

મુખમાં કરચલી પડી, માથે ધોળા વાળ ફરી વળ્યા અને શરીરના અવયવો બધા શિથિલ થઈ ગયા, છતાં તૃષ્ણા તરુણીની જેમ તરુણ થતી જાય છે. ॥૨૦॥

**मानं मुञ्चति गौरवं परिहरत्यायाति दीनात्मतां,**
**लज्जामुत्सृजति श्रयत्यकरुणां नीचत्वमालम्बते ।**

भार्याबन्धुसुहृत्सुतेष्वपकृतीर्नानाविधाश्चेष्टते;
किं किं यन्न करोति निन्दितमपि प्राणी क्षुधापीडितः ।।२१।।

અહો! એવું શું છે કે જે ક્ષુધાથી પીડાયેલ પ્રાણી નિંદિતાચરણ કરે છે, માનનો તે ત્યાગ કરે છે, ગૌરવને તે તજી દે છે, તે એકદમ દીન બની જાય છે, લજ્જાને તે તિલાંજલિ આપે છે, ક્રૂરતાનો આશ્રય કરે છે, નીચપણાનું તે અવલંબન કરે છે, સ્ત્રી, બંધુ, મિત્ર અને સુતાદિક ઉપર તે અપકાર કરવા તત્પર થઈ જાય છે, એવી રીતે ક્ષુધાક્રાંત પ્રાણી વિવિધ પ્રકારની ચેષ્ટા કરે છે. ॥૨૧॥

मया श्रियोऽर्जनाद् भोगा-दर्थकामौ कृतार्थितौ ।
अथैतद्द्वयमूलस्य धर्मस्यावसरो मम ।।२२।।

લક્ષ્મીને ઉપાર્જન કરતાં અને ભોગવતાં મેં અર્થ અને કામને કૃતાર્થ કર્યા છે, માટે હવે એ બંને પુરુષાર્થના મૂલરૂપ એવા ધર્મનો મારે અવસર છે. ॥૨૨॥

मिथ्यात्वतिमिरध्वस्त-विवेकमयलोचनाः ।
दूरीभवन्ति किंपाक-बुद्ध्या तस्मात्सुबुद्धयः ।।२३।।

મિથ્યાત્વરૂપ અંધકારથી વિવેકરૂપ લોચનનો લોપ થતાં કિંપાક-ફળની બુદ્ધિથી સુબુદ્ધિ અત્યંત દૂર જાય છે. ॥૨૩॥

मोहावर्त्तममानमानमकरं रागोर्मिसंवर्मितं,
तृष्णावेगमनङ्गसङ्गसलिलं पापौघपङ्काकुलम् ।
ये क्वापि स्खलिता न यौवनसरित्पूरं तरन्तो महा-
सत्त्वास्ते खलु तारकाः किमितरैर्वंध्यावतारैर्नरैः ।।२४।।

જ્યાં મોહરૂપ આવર્ત(ઘુમરી) છે, અપરિમિત માનરૂપ જ્યાં મગર છે, રાગરૂપ જ્યાં તરંગો ઉછળી રહ્યા છે, તૃષ્ણારૂપ જ્યાં વેગ છે, અનંગ(કામદેવ)ના સંગરૂપ જ્યાં પાણી છે અને પાપનો સમૂહરૂપ જ્યાં બહુ કાદવ છે એવા યૌવનરૂપ નદીના પૂરને તરતાં જેઓ સ્ખલના પામ્યા

નથી, ખરેખર! તે મહાસત્ત્વશાળી પુરુષો જ તારક છે, બીજા વંધ્ય-અવતારવાળા પુરુષોથી શું? ॥૨૪॥

**मार्यिचित्त इवागाधे निर्ममज्ज ह्रदे ततः ।**
**देवतातिशयात्तत्र तरति स्म तरण्डवत् ॥२५॥**

કપટીજનના અંતરની જેમ અગાધ એવા હ્રદમાં તે નિમગ્ન થઇ ગયો, પરંતુ ત્યાં દેવતાના અતિશયથી તે નાવની જેમ તરવા લાગ્યો. ॥૨૫॥

**मातृकुक्षिदरीसिंहा बाल्ये बन्धुदृशां सुधा ।**
**यौवने कुलधौरेया द्वित्रा एव सुताः पुनः ॥२६॥**

પોતાની માતાની કુક્ષિરૂપ ગુફામાં સિંહ સમાન, બાલ્યાવસ્થામાં પોતાના બાંધવોની દૃષ્ટિને અમૃત સમાન તથા યૌવનાવસ્થામાં કુળનો ભાર ઉપાડવામાં ધુરંધર, એવા તો માત્ર કુળદીપક બે ત્રણ પુત્રો જ હશે. ॥૨૬॥

**माधुर्यं लवणे सारं रम्भायां सुस्वरः खरे ।**
**पावित्र्यं वर्चसो गेहे स्वादु पानीयमूषरे ॥२७॥**
**स्नेहो भस्मनि वैशद्यं मष्यां शैत्यमिवानले ।**
**सौम्य क्वापि सुखं नास्ति व्यापकापद्भरे भवे ॥२८॥**

હે સૌમ્ય! લવણ(લૂણ)માં માધુર્ય(મીઠાશ), રંભા(કંદલી)માં સાર, ગધેડામાં સુસ્વર, ચમારના ઘરમાં પવિત્રતા, ખારી જમીનમાં મધુર જળ, ભસ્મ(રાખ)માં સ્નેહ(ચીકાશ), મસીમાં ઉજ્જલતા અને અગ્નિમાં શીતલતા મળવી મુશ્કેલ છે, તેમ આપત્તિથી વ્યાપ્ત એવા આ સંસારમાં ક્યાંય પણ સુખ છે જ નહિ. ॥૨૭-૨૮॥

**मुखे मधुरमन्ते च कुपथ्यमिव दारुणम् ।**
**ये स्त्रीणां बहुमन्यन्ते वचस्तेषां कुतः सुखम् ॥२९॥**

મુખ(પ્રારંભ)માં મધુર પણ પ્રાંતે કુપથ્યની જેમ દારુણ(ભયંકર) એવા સ્ત્રીઓના વચનને જેઓ બહુમાન આપે છે, તેમને સુખ ક્યાંથી હોય ? ॥૨૯॥

मौनमूनोदरत्वं वा ज्ञानं दानं जपस्तपः ।
मोघं दयां विना सर्व-मेतत् कृषिरिवाम्बुदम् ।।३०।।

મૌન, ઉણોદરી તપ, જ્ઞાન, દાન, જપ અને બાહ્ય તથા આભ્યંતર તપસ્યા એ બધા દયા વિના, વરસાદ વિનાની ખેતીની જેમ નકામા છે. ||૩૦||

मायाखानिर्मृषासत्रं, वैरस्योत्पत्तिभूमिका ।
कुसङ्गरङ्गो दुर्बुद्धि-सीमा सीमन्तिनीजनः ।।३१।।

સ્ત્રીઓ, માયા(કપટ)ની એક ખાણરુપ હોય છે, અસત્યની દાનશાળારૂપ, વૈરની ઉત્પત્તિભૂમિકા, કુસંગમાં આસક્ત અને દુર્બુદ્ધિની સીમા હોય છે. ||૩૧||

महिलास्नेहमग्नानां मक्षिकाणामिवाङ्गिनाम् ।
सत्पक्षबलहीनानां मृत्युः सन्निहितो ध्रुवम् ।।३२।।

સ્ત્રીઓના સ્નેહમાં(પક્ષે તેલમાં) નિમગ્ન થયેલા સત્પક્ષના બળ વગરના પ્રાણીઓને પાંખના બળથી હીન મક્ષિકાઓની જેમ મૃત્યુ ખરેખર સત્વર પકડે છે.(અર્થાત્ મરણ તેમની બહુજ નજીક હોય છે.) ||૩૨||

महात्मन्नेकरूपाः स्युः किं समस्ता अपि स्त्रियः ।
समाः समग्रा नाङ्गुल्योऽपि हि पाणौ नृणां यतः ।।३३।।

હે મહાત્મન્! બધી સ્ત્રીઓ શું એકસરખી હોય છે? શું માણસોના હાથની બધી આંગળીઓ એકસરખી હોય છે? ||૩૩||

मार्गभ्रंशे मृतौ पत्यु-र्वियोगे तनुजन्मनाम् ।
सरित् प्लावे दृढं बन्धे जीविताद्येन नाच्यवम् ।।३४।।

કોઈ દુ:ખ દગ્ધ સ્ત્રી વિચાર કરે છે કે માર્ગથી ભ્રષ્ટ થતાં, પતિનું મરણ થતાં,પુત્રોનો વિયોગ થતાં, નદીમાં ડૂબતાં અને દઢ બંધનમાં બંધાયા છતાં હું જીવિતથી કેમ મુક્ત ન થઈ? ||૩૪||

महेला अवहीलन्ति मार्दवभ्राजिनं जनम् ।
आरोहन्ति तरोर्मूर्ध्नि पश्य वल्ल्यः क्षमाभुवः ।।३५।।

સ્ત્રીઓ સરળ માણસની અવહીલના કરે છે. જુઓ, જમીનમાંથી ઉત્પન્ન થયેલ લતાઓ વૃક્ષના શિરપર આરૂઢ થઈ જાય છે. ।।૩૫।।

मृत्युरत्युत्तमो वक्र-नवक्रकचदारणैः ।
न तु सापत्न्यदुःखेन जीवितव्यमपि स्त्रियाम् ।।३६।।

વક્ર અને નવીન કરવત મૂકાવીને ગુજરી જવું-એ વધારે સારું છે, પણ સ્ત્રીઓને સપત્ની(શોક્ય)ના દુઃખમાં જીવન ગુજારવું-તે સારું નથી. ।।૩૬।।

मातेव रक्षति पितेव हिते नियुङ्क्ते,
कान्तेव चापि रमयत्यपनीय खेदम् ।
लक्ष्मीं तनोति वितनोति च दिक्षु कीर्तिं;
किं किं न साधयति कल्पलतेव विद्या ।।३७।।

જે માતાની જેમ માણસનું રક્ષણ કરે છે, પિતાની જેમ હિતમાં જોડે છે, કાંતા(વ્હાલી સ્ત્રી)ની જેમ ખેદને દૂર કરીને આનંદ પમાડે છે, લક્ષ્મીને વિસ્તારે છે, કીર્તિને ચારે દિશામાં ફેલાવે છે-એમ કલ્પલતાની જેમ વિદ્યા શું શું સાધી શકતી નથી. ।।૩૭।।

मूर्खचिह्नानि षडिति गर्वो दुर्वचनं मुखे ।
विरोधी विषवादी च कृत्याकृत्यं न मन्यते ।।३८।।

મૂર્ખજનના મૂખ્ય છ લક્ષણો કહેલા છે-તે આ પ્રમાણે-તેમાં પ્રથમ પોતે ગર્વ રાખે,-દુર્વચન બોલે, વિરોધ રાખે, અપ્રિય બોલે અને કૃત્યાકૃત્યને ન માને, એ મૂર્ખના છ લક્ષણો છે. ।।૩૮।।

मूर्खो हि जल्पतां पुंसां श्रुत्वा वाचः शुभाशुभाः ।
अशुभं वाक्यमादत्ते पुरीषमिव शूकरः ।।३९।।

શુભાશુભ બોલનારા પુરુષોની વાણી સાંભળીને મૂર્ખજનો તેમાંથી

શૂકર(ભૂંડ) જેમ વિષ્ટાને ગ્રહણ કરે તેમ અશુભ વાક્યને ગ્રહણ કરી લે છે. ॥૩૯॥

**मूर्खोऽपि मूर्खं दृष्ट्वा च चन्दनादपि शीतलः ।**
**यदि पश्यति विद्वांसं मन्यते पितृघातकम् ॥४०॥**

મૂર્ખજનો મૂર્ખને જોઈને ચંદન કરતાં પણ શીતલ બની જાય છે અને જો વિદ્વાન્ કોઈ તેના જોવામાં આવે, તો તેને પોતાના પિતાના ઘાતક જેવો માને છે. ॥૪૦॥

**महोपशमनं शास्त्रं खलानां कुरुते मदम् ।**
**चक्षुःप्रकाशकं तेज उलूकानामिवान्धताम् ॥४१॥**

મદને શાંત કરનાર શાસ્ત્ર પણ ખલજનોને મદ ઉત્પન્ન કરે છે. જુઓ, તેજ ચક્ષુને પ્રકાશ કરનાર છે, છતાં ઘૂવડ પક્ષીઓને તે અંધ બનાવી દે છે. ॥૪૧॥

**महतां प्रार्थनेनैव विपत्तिरपि शोभते ।**
**दन्तभङ्गो हि नागानां श्लाघ्यो गिरिविदारणे ॥४२॥**

મહાપુરુષો પાસે પ્રાર્થના કરતાં કદાચ વિપત્તિ આવે, તો પણ સારી, કારણકે પર્વતને ફાડવા જતાં હસ્તીઓના દાંત ભાંગે, તો તે પ્રશંસનીય ગણાય છે. ॥૪૨॥

**मुखेन नोद्गिरत्यूर्ध्वं हृदये न नयत्यधः ।**
**जरयत्यन्तरे साधु-र्दोषं विषमिवेश्वरः ॥४३॥**

સત્પુરુષ, શંકર જેમ વિષને તેમ દોષને બહાર પ્રકાશતો નથી, અંતરમાં ઉતારીને તે વારંવાર સંભારતો નથી, પરંતુ તે પેલા દોષને પોતાના હૃદયમાં જ જીર્ણ કરી દે છે. ॥૪૩॥

**मान्या एव हि मान्यानां मानं कुर्वन्ति नेतरे ।**
**शम्भुर्बिभर्ति मूर्ध्नेन्दुं स्वर्भानुस्तं जिघृक्षति ॥४४॥**

સારા પુરુષો જ માનનીયજનોનો સત્કાર કરે છે, ઇતરજનો તેમ કરતા

નથી. જુઓ, શંભુ-શંકર ચંદ્રમાને પોતાના મસ્તકપર ધારણ કરે છે અને રાહુ તેને ગ્રહણ કરવાને ઇચ્છે છે. ।।૪૪।।

**महतां तादृशं तेजो यत्र शाम्यन्त्यनौजसः ।**
**अस्तं यान्ति प्रकाशेन तारका हि विवस्वतः ।।४५।।**

મોટાજનોમાં એવા પ્રકારનું કાંઈ અસાધારણ તેજ હોય છે કે જેમાં બળહીનજનો અંજાઈ જાય છે. જુઓ સૂર્યના તેજથી તારાઓ અસ્ત થઈ જાય છે. ।।૪૫।।

**मूकः परापवादे परदारनिरीक्षणेह्यश्चान्धः ।**
**पङ्गुः परधनहरणे स जयति लोकत्रये पुरुषः ।।४६।।**

જે પરાપવાદ બોલવામાં મુંગો છે, પરસ્ત્રીને જોવામાં જે અંધ સમાન છે અને પરદ્રવ્યનું હરણ કરવામાં જે પાંગળો છે, તે પુરુષ ત્રણે લોકમાં જયવંત રહો. ।।૪૬।।

**मा भूत्सज्जनयोगो यदि योगो मा पुनः स्नेहः ।**
**यदि स्नेहो विरहो मा यदि विरहो जीविताशा का ।।४७।।**

સજ્જનપુરુષનો યોગ કદાપિ ન થજો, કદાચ યોગ થાય તો ત્યાં સ્નેહ ન થશો, વળી સ્નેહ થાય તો તેનો વિરહ ન થજો અને જો વિરહ થયો, તો પછી જીવિતની આશા કેવી? ।।૪૭।।

**मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा,**
**स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।**
**परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं;**
**निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ।।४८।।**

મન, વચન અને કાયા એ ત્રણે યોગમાં જે પુણ્યરૂપ અમૃતથી પરિપૂર્ણ છે, ઉપકારોની શ્રેણિથી જે ત્રણે ભુવનને પ્રસન્ન કરે છે અને પરના પરમાણુમાત્ર ગુણને પર્વત સમાન ગણીને જે નિરંતર પોતાના અંતરમાં

આનંદ પામનારા છે-એવા સંતજનો જગતમાં ખરેખર બહુ થોડા જ હશે. ।।૪૮।।

मुखं पद्मदलाकारं वाचा चन्दनशीतला ।
हृदयं क्रोधसंयुक्तं त्रिविधं धूर्त्तलक्षणम् ।।४९।।

જેનું મુખ પદ્મના દળ સમાન લાગે છે, વાણી ચંદન સમાન શીતલ ભાસે છે અને હૃદયમાં ક્રોધ ભરેલો હોય, એ ત્રણ ધૂર્ત્તના લક્ષણ છે. ।।૪૯।।

मालिन्यमवलम्बेत यदा दर्पणवत् खलः ।
तदैव तन्मुखे देयं रजो माऽन्या प्रतिक्रिया ।।५०।।

દર્પણની જેમ ખલપુરુષ જ્યારે મલિનતાને ધારણ કરે, ત્યારે તેના મુખમાં ધૂળ જ નાખવી, કારણકે તેની અન્ય કાંઇ પ્રતિક્રિયા નથી. ।।૫૦।।

मायामयः प्रकृत्यैव रागद्वेषमदाकुलः ।
महतामपि मोहाय संसार इव दुर्जनः ।।५१।।

દુર્જનની જેમ આ સંસાર સ્વભાવથી જ માયામય, રાગ, દ્વેષ અને મદથી ભરેલ હોવાથી મહાપુરુષોને પણ તે મોહ ઉપજાવે છે. ।।૫૧।।

मृद्घटवत् सुखभेद्यो दुःसन्धानश्च दुर्जनो भवति ।
सुजनस्तु कनकघटवद् दुर्भेद्यश्चाशु सन्धेयः ।।५२।।

દુર્જનપુરુષ, માટીના ઘટની જેમ સુખે ભેદી શકાય અને દુ:ખે સાંધી શકાય તેવો હોય છે અને સજ્જનપુરુષ, સુવર્ણના ઘટની જેમ દુ:ખે ભેદી શકાય અને સુખે સાંધી શકાય તેવા હોય છે. ।।૫૨।।

माता निन्दति नाभिनन्दति पिता भ्राता न सम्भाषते,
भृत्यः कुप्यति नानुगच्छति सुतः कांता च नालिङ्गते ।
अर्थप्रार्थनशङ्कया न कुरुते सम्भाषणं वै सुहृत्;
तस्माद् द्रव्यमुपार्जयस्व सुमते द्रव्येण सर्वे वशाः ।।५३।।

હે ભદ્ર! જો દ્રવ્ય ન હશે, તો માતા નિંદા કરવા માંડશે, પિતા પ્રેમનો ત્યાગ કરશે, ભાઈ બોલાવશે પણ નહિ, સેવક કોપ કરશે, પુત્ર અનુકૂળ નહિ ચાલે, સ્ત્રી પ્રેમ તજી દેશે અને દ્રવ્ય માગવાની શંકાથી મિત્ર પણ બોલાવશે નહિ, માટે દ્રવ્યનું ઉપાર્જન કરો, કારણકે દ્રવ્યથી બધા વશવર્તી થાય છે. ॥૫૩॥

**मातरं पितरं पुत्रं भ्रातरं वा सुहृत्तमम् ।**
**लोभाविष्टो नरो हन्ति स्वामिनं वा सहोदरम् ॥५४॥**

લોભની લાલચમાં લપટાઈ ગયેલ પુરુષ પોતાના મા-બાપ, પુત્ર, ભ્રાતા, પ્રિય મિત્ર, સ્વામી અથવા સહોદરનો પણ નાશ કરે છે. ॥૫૪॥

**मा धनानि कृपणः खलु जीवंस्तृष्णयार्पयतु जातु परस्मै।**
**तत्र नैष कुरुते मम चित्रं यत्तु नार्पयति तानि मृतोऽपि ॥५५॥**

કૃપણપુરુષ તૃષ્ણાને લીધે કદાચ જીવતાં અન્યને ધન ન આપે, તો તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથી, પરંતુ જે મરણ પામતાં છતાં તે પોતાનું ધન પરને આપતો નથી-એ જ આશ્ચર્ય છે. ॥૫૫॥

**मन्निन्दया यदि जनः परितोषमेति,**
**नन्वप्रयत्नसुलभोऽयमनुग्रहो मे ।**
**श्रेयोऽर्थिनोऽपि पुरुषः परतुष्टिहेतो-**
**र्दुःखार्जितान्यपि धनानि परित्यजन्ति ॥५६॥**

જો મારી નિંદાથી જ લોકોને આનંદ થતો હોય, તો વિના પ્રયત્ને લભ્ય એવો મારા પર એક પ્રકારનો તેઓ અનુગ્રહ(ઉપકાર) કરે છે. કારણકે કલ્યાણના અભિલાષીજનો અન્યને સંતોષ પમાડવા, દુઃખે પ્રાપ્ત થઇ શકે એવા ધનનો પણ પરિત્યાગ કરી દે છે. ॥૫૬॥

**मदसिक्तमुखैर्मृगाधिपः करिभिर्वर्तयते स्वयं हतैः ।**
**लघयन् खलु तेजसा जगन्न महानिच्छति भूतिमन्यतः ॥५७॥**

વનરાજ(સિંહ) પોતે મારેલ અને મદજળથી આર્દ્ર થયેલ હસ્તીઓથી જ પોતાનું ગુજરાન ચલાવે છે, તેમ પોતાના તેજથી જગતને અંજાવનાર મહાપુરુષો અન્ય પાસેથી પોતાનો ઉત્કર્ષ ઇચ્છતા નથી. ।।૫૭।।

**मज्जन्तोऽपि विपत्पयोधिगहने निःशङ्कधैर्यावृताः,**
**कुर्वन्त्येव परोपकारमनिशं सन्तो यथाशक्ति वै ।**
**राहोरुग्रकरालवक्त्रकुहरग्रासाभिभूतोऽप्यलं;**
**चन्द्रः किं न जनं करोति सुखिनं ग्रासावशेषैः करैः ।।५८।।**

વિપત્તિના અગાધ સમુદ્રમાં ડુબવા છતાં નિ:શંક ધૈર્યને ધારણ કરનારા સંતજનો તો નિરંતર યથાશક્તિ પરોપકાર કર્યા જ કરે છે. જુઓ, રાહુના ભયંકર મુખમાં સપડાયા છતાં ચંદ્રમા પોતાના શેષ કિરણોથી જગતજનોને અત્યંત આનંદ પમાડે છે. ।।૫૮।।

**महीपतेः सन्ति न यस्य पार्श्वे,**
**कवीश्वरास्तस्य कुतो यशांसि ।**
**भूपाः कियन्तो न बभूवुरुर्व्यां;**
**नामापि जानाति न कोऽपि तेषाम् ।।५९।।**

જે રાજાની આગળ કવીશ્વરો હાજર નથી, તેનો યશોવાદ ક્યાંથી ? કારણકે પૂર્વે આ પૃથ્વી ઉપર કેટલાએ રાજાઓ થઈ ગયા છે કે જેનું નામમાત્ર પણ હાલમાં કોઈ જાણતું નથી. ।।૫૯।।

**मुक्ताफलैः किं मृगपक्षिणां च मिष्टान्नपानं किमु गर्दभानाम्।**
**अन्धस्य दीपो बधिरस्य गीतं मूर्खस्य किं धर्मकथाप्रसङ्गः**
**।।६०।।**

મૃગલા અને પક્ષીઓને મુક્તાફળોથી શું? ગધેડાઓને મિષ્ટાન્નપાનથી શું? અંધને દીપકથી શો ફાયદો? અને બહેરાને ગીતથી શું? તેમ મૂર્ખજનને ધર્મકથાથી શો ફાયદો થવાનો હતો? ।।૬૦।।

मनस्वी म्रियते कामं कार्पण्यं न तु गच्छति ।
अपि निर्वाणमायाति नानलो याति शीतताम् ।।६१।।

મનસ્વી(પંડિત) પુરુષ બિલકુલ મરવું કબૂલ કરશે, પરંતુ તે કૃપણતાને કદાપિ ધારણ કરશે નહિ. અગ્નિ નિર્વાણ પામશે(બુઝાઈ જશે) તે ભલે પણ તે શીતલ કદી પણ થશે નહિ. ।।૬૧।।

मा धाव मा धाव विनैव दैवं,
नो धावनं साधनमस्ति लक्ष्म्याः।
चेद्धावनं साधनमस्ति लक्ष्म्याः;
श्वा धावमानोऽपि लभेत लक्ष्मीम् ।।६२।।

અરે! લક્ષ્મીલુબ્ધ! ભાગ્ય વિના લક્ષ્મીની ખાતર તું આમ દોડાદોડી ન કર, કારણકે તે દોડાદોડી કાંઈ લક્ષ્મી મેળવવાનું ખાસ સાધન નથી. જો તે ધનનું સાધન હોત, તો શ્વાન બહુ દોડે છે, છતાં લક્ષ્મીને પામી શકતો નથી. ।।૬૨।।

मलयाचलगन्धेन त्विन्धनं चन्दनायते ।
तथा सज्जनसङ्गेन दुर्जनः सज्जनायते ।।६३।।

મલયાચલપર્વતના ગંધને લીધે અન્ય કાષ્ઠ જેમ ચંદનના ભાવમાં ખપે છે, તેમ સજ્જનના સંગથી દુર્જન પણ સજ્જન સમાન થઈ જાય છે. ।।૬૩।।

# य

**यस्य नार्था न वा कामो न वा प्रणयिपोषणम् ।**
**द्विपदस्य पशोस्तस्य व्यसनं शास्त्रसङ्ग्रहः ।।१।।**

જેની પાસે દ્રવ્ય નથી, જે કામનો ઉપભોગ અથવા તો પોતાના સ્નેહીઓનું પોષણ કરી શકતો નથી એવા દ્વિપદ(બે પગવાળા) પશુને શાસ્ત્રસંગ્રહ કરવો એ તેને કેવળ દુઃખરૂપ છે. ।।૧।।

**यौवने नीचसंसर्गात् कालुष्यं निर्मले कुले ।**
**के के नो जनयन्ति न पटे पङ्कलवा इव ।।२।।**

યૌવનાવસ્થામાં નીચજનોના સંસર્ગથી વસ્ત્રમાં કાદવના છાંટા જેમ કલુષતા કરે, તેમ કયા પુરુષો પોતાના નિર્મળ કુળને ડાઘ લગાડતા નથી? ।।૨।।

**यज्जराजर्जरो यूना दृढमुष्ट्या हतोऽश्नुते ।**
**कष्टं सङ्घटनेनापि तस्मादेकेन्द्रियोऽधिकम् ।।३।।**

એક યુવાન પુરુષ, દઢ મુષ્ટિથી જરાજર્જરિત થયેલ માણસને મારે અને તેને જે દુઃખ ઉપજે, તે કરતાં માણસના સંઘટાથી એકેંદ્રિયને અધિક દુઃખ થાય છે. ।।૩।।

**यत्कर्माऽदीर्घदृश्वानः कुर्वन्ति कुमतीरिताः ।**

कालेऽनुशेरते तेन तेऽनिशं स इव द्विजः ।।४।।

લાંબો વિચાર કર્યા વિના કુમતિથી પ્રેરાઇને જેઓ કાર્ય કરવાને તત્પર થાય છે, તેઓ પેલા બ્રાહ્મણની જેમ અવસર આવે અતિશય સંતાપ પામે છે. ।।૪।।

यः शास्त्रे पारगः प्रेक्षा-पूर्वकारी कलास्पदम् ।
सोऽपि लीलायितं वेत्ति नहि धातुरिव द्विजः ।।५।।

જે શાસ્ત્રમાં પારંગત છે, વિચારપૂર્વક કામ કરનાર છે, તથા જે કળાઓનું સ્થાન છે, એવો પુરુષ પણ પેલા બ્રાહ્મણની જેમ વિધાતાની લીલાને જાણી શકતો નથી. ।।૫।।

यथा गुणकरं वैद्यो-पदेशात्कृतमौषधम् ।
तथा गुरूपदेशेन स्मृतो मन्त्रः फलप्रदः ।।६।।

જેમ વૈદ્યના ઉપદેશ પ્રમાણે કરવામાં આવેલ ઔષધ ગુણકારી થાય છે, તેમ ગુરુમહારાજના ઉપદેશથી સ્મરણ કરવામાં આવેલ મંત્ર ફળને આપનાર થાય છે. ।।૬।।

यथा कृषिः कृता काले चैव शस्यस्य वृद्धये ।
तथा फलति धर्मोऽपि काले गुर्वाज्ञया कृतः ।।७।।

અવસરે આવે ખેતી કરવાથી જેમ ધાન્યની વૃદ્ધિ થાય છે, તેમ ગુરુ આજ્ઞાથી અવસરે આરાધવામાં આવેલ ધર્મ અવશ્યમેવ ફળીભૂત થાય છે. ।।૭।।

यदि त्रिलोकी गणनापरा स्यात्,
तस्याः समाप्तिर्यदि नायुषः स्यात् ।
पारे परार्धं गणितं यदि स्याद्;
गणेम निःशेषगुणोऽपि स स्यात् ।।८।।

જો ત્રણે લોક ગણના કરવા તત્પર થાય, વળી તેના આયુષ્યની કદાપિ સમાપ્તિ ન થાય અને પરાર્ધ કરતાં વધારે ગણિતશાસ્ત્ર હોય, તોજ

તેમના(ભગવંતના) ગુણો સમસ્ત પ્રકારે ગણી શકાય. ॥૮॥

**या त्रिलोकेऽपि धीराणां चरत्यस्खलिता मतिः ।**

**सापि न स्त्रीमनोवल्लीवनं गाहितुमीश्वरी ॥९॥**

જે ધીરપુરુષોની મતિ ત્રણે લોકમાં અસ્ખલિત થઈને ચાલી શકે છે, તે મતિ પણ સ્ત્રીના મનરૂપ લતાવનનું અવગાહન કરવાને સમર્થ નથી અર્થાત્ ધીરજનો પણ સ્ત્રીચરિત્રનો પાર પામી શકતા નથી. ॥૯॥

**यच्चेतसि न तद्वाचि वाचि यत्तन्न कर्मणि ।**

**स्वात्मन्येव कलिः स्त्रीणां कथं ताः परशर्मणे ॥१०॥**

જે મનમાં છે તે વચનમાં નથી અને વચનમાં છે, તે કર્મમાં નથી-આમ જે સ્ત્રીઓ પોતાના આત્મામાં જ ભિન્નતાને ધારણ કરે છે, તેઓ બીજાને શી રીતે સુખ આપે? ॥૧૦॥

**यदीयं हृदयं मुक्तास्रक् सिषेव सुसंहिता ।**

**अध्येतुमिव नैर्मल्यं सद्गुणानां ह्यसौ स्थितिः ॥११॥**

નિર્મળતાનો અભ્યાસ કરવા તે સતીના હૃદયનું સેવન મોતીની માલા કરતી હતી. ખરેખર! સદ્ગુણોની આ જ સ્થિતિ છે. ॥૧૧॥

**ये बहिर्महिमाधारा उदारा राजपूजिताः ।**

**गृहायाताः कुभार्यातो दासवत्तेऽपि बिभ्यति ॥१२॥**

જેઓ બહાર મોટા મહિમાવાળા, ઉદાર અને રાજાઓને પણ માનનીય ગણાય છે, તેવા પુરુષો પણ પોતાના ઘરે આવતાં કુભાર્યાથી એક દાસની જેમ ભય પામતા રહે છે. ॥૧૨॥

**यथा सरो विना नीरं विना वीरं वरूथिनी,**

**प्रासादश्च विना केतुं विना हेतुं यथा वचः ॥१३॥**

**यथा भूपो विना न्यायं विना चायं यथा व्ययः;**

**चक्षुर्विना यथैवास्यं लास्यं तूर्यं विना यथा ॥१४॥**

**यथा वक्षो विना हारं सदाचारं विना गुरुः ।**
**तथा न मे गृहं चित्ता-नन्दनं नन्दनं विना ।।१५।।**

જેમ પાણી વિના સરોવર, સુભટ(વીર) વિના સેના, ધ્વજા વિના પ્રાસાદ, અને વિના કારણ વચન શોભતું નથી, જેમ ન્યાય વિના રાજા, આવક વિના ખરચ, ચક્ષુ વિના મુખ અને વાદ્ય વિના નૃત્ય શોભતું નથી, વળી જેમ હાર વિના વક્ષસ્થળ અને સદાચાર વિના ગુરુ શોભતા નથી, તેમ અંતરને આનંદ આપનાર એવા નંદન(પુત્ર) વિના મારું ઘર શોભતું નથી. ॥૧૩॥૧૪॥૧૫॥

**यदशक्यप्रतीकारं देवैः किमुत मानवैः ।**
**श्रोतुर्वृथा व्यथाकारि तद्दुःखं किं प्रकाश्यते ।।१६।।**

મનુષ્યો તો શું પણ દેવતાઓ પણ જે દુ:ખનો પ્રતીકાર કરવાને અસમર્થ છે, અને શ્રોતાને વૃથા સંતાપ કરનાર એવું દુ:ખ, શા માટે કોઈની પાસે પ્રકાશિત કરવું?॥૧૬॥

**ये सुखानि समीहन्ते नरा धर्मप्रमद्वराः ।**
**जड़ा बीजमनूपानाः फलाय स्पृहयन्ति ते ।।१७।।**

જે પુરુષો ધર્મ કરવામાં અત્યંત પ્રમાદી હોવા છતાં સુખને તો ઇચ્છે જ છે, તે મૂર્ખજનો બીજને વાવ્યા સિવાય ફળની ઇચ્છા રાખે છે. ॥૧૭॥

**योधं विना न सङ्ग्रामो न ग्रामो मानुषं विना ।**
**न सद्भावं विना सख्यं न सौख्यं सुकृतं विना ।।१८।।**

સુભટ વિના સંગ્રામ ન થાય, મનુષ્યો વિના ગામ ન વસે, સદ્ભાવ વિના મિત્રાઇ ન બને અને સુકૃત વિના સુખની પ્રાપ્તિ ન થાય. ॥૧૮॥

**यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ।**
**लोचनाभ्यां विहीनस्य दर्पणः किं करिष्यति ।।१९।।**

જેને પોતાને જ પ્રજ્ઞા(બુદ્ધિ) નથી, તેને શાસ્ત્રથી શો લાભ થવાનો હતો ? જે લોચનહીન(અંધ) છે, તેને દર્પણ બતાવવાથી શો ફાયદો ? ॥૧૯॥

यस्यास्ति वित्तं स नरः कुलीनः,
स पण्डितः स श्रुतिमान् गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः;
सर्वे गुणाः काञ्चनमाश्रयन्ति ॥२०॥

જેની પાસે ધન છે, તેજ માણસ કુલીન, પંડિત, શાસ્ત્રજ્ઞ, ગુણજ્ઞ, વક્તા અને દર્શનીય(રૂપાળા) પણ તે જ છે, કારણકે બધા ગુણો સુવર્ણને(ધનને) અનુસરીને રહેલા છે. ॥૨૦॥

यस्यार्थास्तस्य मित्राणि यस्यार्थास्तस्य बान्धवाः ।
यस्यार्थः स पुमाँल्लोके यस्यार्थः स च पण्डितः ॥२१॥

જેની પાસે ધન છે, તેના ઘણા મિત્રો થાય છે, તેના ઘણા બાંધવો થાય છે, વળી જેને ધન છે, તે જ લોકમાં પ્રતિષ્ઠિત પુરુષ ગણાય છે અને પંડિત પણ ધનવાન્ જ ગણાય છે. ॥૨૧॥

यथा धेनुसहस्त्रेषु वत्सो विन्दति मातरम् ।
तथा पूर्वकृतं कर्म कर्त्तारमनुगच्छति ॥२२॥

જેમ વાછરડું, હજારો ગાયોમાં પોતાની માતાને શોધી લે છે, તેમ પૂર્વે કરવામાં આવેલ કર્મ, કર્તાને શોધી લે છે(અનુસરે છે). ॥૨૨॥

यावन्ति पशुरोमाणि पशुगात्रेषु भारत ।
तावद्वर्षसहस्राणि पच्यते पशुघातकः ॥२३॥

હે ભારત! પશુના શરીરપર જેટલા રોમ(કેશ) હોય છે, તેટલા હજાર વરસ સુધી પશુઘાતક પાપથી નરકમાં દુ:ખ ભોગવે છે. ॥૨૩॥

यद्धात्रा निजभालपट्टलिखितं स्तोकं महद्वा धनं,
तत्प्राप्नोति मरुस्थलेऽपि नितरां मेरौ ततो नाधिकम् ।
तद्धीरो भव वित्तवत्सु कृपणां वृत्तिं वृथा मा कृथाः;
कूपे पश्य पयोनिधावपि घटो गृह्णाति तुल्यं जलम् ॥२४॥

પોતાના લલાટપટ્ટપર વિધાતાએ જે ઓછું કે વધારે ધન લખેલ છે, તેટલું ધન તો કદાચ મારવાડમાં જાઓ, તો પણ અવશ્ય મળવાનું જ છે, તેમજ મેરુપર્વત પર જતાં તેથી અધિક લેશ પણ મળવાનું નથી, માટે હે ભદ્ર! તું ધનવંતોમાં ધીર બની જા, વૃથા કૃપણવૃત્તિને ધારણ ન કર. જુઓ, કુવામાં કે સમુદ્રમાં ઘટ તો સમાન જળને જ ગ્રહણ કરે છે. ॥૨૪॥

**यत्रात्मीयो जनो नास्ति भेदस्तत्र न विद्यते ।**
**कुठारैर्दण्डनिर्मुक्तै-र्भिद्यन्ते तरवः कथम् ॥२५॥**

જ્યાં આત્મીય(સંબંધી)જન નથી ત્યાં ભેદ થઈ શકતો નથી, કારણકે દંડ વિનાના કુહાડા વૃક્ષને ભેદી શકતા નથી. ॥૨૫॥

**यदा किञ्चिज्ज्ञोऽहं द्विप इव मदान्धः समभवं,**
**तदा सर्वज्ञोऽस्मीत्यभवदवलिप्तं मम मनः ।**
**यदा किञ्चित्किञ्चिद् बुधजनसकाशादवगतं;**
**तदा मूर्खोऽस्मीर्ति ज्वर इव मदो मे व्यपगतः ॥२६॥**

જ્યારે હું કંઈક લેશમાત્ર જાણતો હતો, ત્યારે હાથીની જેમ મદાંધ બની ગયો હતો, અને હું સર્વજ્ઞ છું, એમ માની મારું મન અત્યંત ગર્વિષ્ઠ થઈ ગયું હતું; પણ જ્યારે સુજ્ઞજનોના સંગથી કંઈ કંઈ મારા જાણવામાં આવ્યું, ત્યારે મને લાગ્યું કે 'હું મૂર્ખ છું' એમ મારા મનમાંથી જ્વરની જેમ મદ દૂર થઈ ગયો. ॥૨૬॥

**यावत्स्वस्थमिदं शरीरमरुजं यावच्च दूरे जरा,**
**यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ।**
**आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्;**
**सन्दीप्ते भवने हि कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥२७॥**

જ્યાં સુધી આ શરીર નિરોગી છે, જ્યાં સુધી જરા દૂર છે, જ્યાં સુધી ઇંદ્રિયોની શક્તિ અપ્રતિહત(સહીસલામત) છે અને જ્યાં સુધી આયુષ્યનો

ક્ષય થયો નથી, ત્યાં સુધીમાં જ સુજ્ઞપુરુષે આત્મકલ્યાણને માટે પ્રયત્ન કરવો સમુચિત છે, કારણકે આગ લાગે, ત્યારે કુવો ખોદવાના પ્રયત્ન કરવો, તે શા કામનો? ।।૨૭।।

**यत्नेन पापानि समाचरन्ति धर्मं प्रसङ्गादपि नाचरन्ति ।**
**आश्चर्यमेतद्धि मनुष्यलोके क्षीरं परित्यज्य विषं पिबन्ति ।।२८।।**

અહો! લોકો પાપને તો પ્રયત્નપૂર્વક આચરે છે અને ધર્મનું તો પ્રસંગે પણ આચરણ કરતા નથી. ખરેખર! જગતમાં બહુ આશ્ચર્યની વાત છે કે પ્રાણીઓ ક્ષીરનો ત્યાગ કરીને વિષ પીવા જાય છે. ।।૨૮।।

**यौवनं धनसम्पत्तिः प्रभुत्वमविवेकिता ।**
**एकैकमप्यनर्थाय किमु यत्र चतुष्टयम् ।।२९।।**

યૌવન, ધનસંપત્તિ, પ્રભુત્વ(મોટાઈ) અને અવિવેકિતા-એમાંનું એક એક પણ અનર્થકારી થાય છે, તો જ્યાં ચાર હોય, ત્યાં કહેવું જ શું ? ।।૨૯।।

**यदकार्यं न कर्त्तव्यं प्राणैः कण्ठगतैरपि ।**
**कार्यं यदेव कर्त्तव्यं प्राणैः कण्ठगतैरपि ।।३०।।**

જીવ જાય તો પણ અકાર્ય કદી ન કરવું અને જે કરવાનું છે, તે પ્રાણો કંઠે આવતાં પણ અવશ્ય કરવું જ. ।।૩૦।।

**यं दृष्ट्वा वर्धते क्रोधः स्नेहश्च परिहीयते ।**
**सुविज्ञेयो मनुष्येण एष मे पूर्ववैरिकः ।।३१।।**

જેને જોવાથી ક્રોધ વધે અને સ્નેહ પરિક્ષીણ થાય, તો 'આ મારો પૂર્વનો વૈરી છે' એમ પુરુષે નિશ્ચય સમજી લેવું. ।।૩૧।।

**यदि सन्ति गुणाः पुसां विकसन्त्येव ते स्वयम् ।**
**न हि कस्तूरिकामोदः शपथेन निवार्यते ।।३२।।**

જો માણસોમાં ગુણો હોય, તો તે પોતાની મેળે જ વિકસિત થાય છે.

કસ્તૂરીની સુગંધ કાંઇ શપથ(સમ) આપવાથી અટકાવી શકાતી નથી. ||૩૨||

**यथा चतुर्भिः कनकं परीक्ष्यते निघर्षणच्छेदनतापताडनैः ।**
**तथा चतुर्भिः पुरुषः परीक्ष्यते श्रुतेन शीलेन गुणेन कर्मणा ॥३३॥**

નિઘર્ષણ, તાપ, છેદન અને તાડન-એ ચાર પ્રકારથી જેમ સુવર્ણની પરીક્ષા થઈ શકે છે, તેમ શ્રુત, શીલ, ગુણ અને કર્મ એ ચાર પ્રકારથી પુરુષની પરીક્ષા થઈ શકે છે. ||૩૩||

**येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्मः ।**
**ते मर्त्यलोके भुवि भारभूता मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥३४॥**

જેમને વિદ્યા, તપ, દાન, જ્ઞાન, શીલ, ગુણ કે ધર્મ નથી, તે લોકો આ ભૂમિપર ભારરૂપ છે. ખરેખર! તેઓ મનુષ્યરૂપધારી મૃગલાઓ જ છે. ||૩૪||

**यज्जीवस्योपकारि स्यात् तद्देहस्यापकारकृत् ।**
**यच्छरीरोपकारि स्यात् तज्जीवस्यापकारकृत् ॥३५॥**

જે જીવને ઉપકાર કરનાર છે, તે દેહનો અપકાર કરનાર છે અને જે શરીરનો ઉપકાર કરનાર છે, તે જીવનો અપકાર કરનાર છે. ||૩૫||

**यदत्र क्रियते कर्म तत्परत्रोपभुज्यते ।**
**मूलसिक्तेषु वृक्षेषु फलं शाखासु जायते ॥३६॥**

જે આ લોકમાં કર્મ કરવામાં આવે છે, તે પરભવમાં જીવને ભોગવવું પડે છે, કારણકે વૃક્ષોને મૂળમાં પાણી સીંચવામાં આવતાં ફળો તો શાખાઓમાં જ ઉત્પન્ન થાય છે. ||૩૬||

**यत्नानुसारिणी विद्या लक्ष्मीः पुण्यानुसारिणी ।**
**दानानुसारिणी कीर्त्तिर्बुद्धिः कर्मानुसारिणी ॥३७॥**

યત્નાનુસારે વિદ્યા પ્રાપ્ત થાય છે, પુણ્યાનુસારે લક્ષ્મી મળે છે, દાનાનુસારે યશ અને કર્માનુસારે બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ॥૩૭॥

**यथा गजपतिः श्रान्त-श्छायार्थी वृक्षमाश्रितः ।**
**विश्रम्य तं द्रुमं हन्ति तथा नीचः स्वमाश्रयम् ॥३८॥**

જેમ શ્રમિત થયેલ ગજપતિ છાયાની ઇચ્છાથી વૃક્ષનો આશ્રય કરે છે, અને વિશ્રામ પામીને તે વૃક્ષનો નાશ કરે છે, તેમ નીચજનો પોતાના આશ્રયનો નાશ કરે છે. ॥૩૮॥

**यौवनं जरया ग्रस्तं शरीरं व्याधिपीडितम् ।**
**मृत्युराकाङ्क्षति प्राणां-स्तृष्णैका निरुपद्रवा ॥३९॥**

યૌવન જરાથી ગ્રસ્ત છે, શરીર વ્યાધિથી પીડિત છે અને મૃત્યુ પ્રાણો લેવાને તત્પર છે, પણ એક તૃષ્ણા ઉપદ્રવરહિત છે. ॥૩૯॥

**ये मज्जन्ति निमज्जयन्ति च परांस्ते प्रस्तरा दुस्तरा,**
**वार्धौ वारि तरन्ति वानरभटान् सन्तारयन्तेऽपि च ।**
**नैते ग्रावगुणा न वारिधिगुणा नो वानराणां गुणाः;**
**श्रीमद्दाशरथेः प्रतापमहिमा सोऽयं समुज्जृम्भते ॥४०॥**

જે દુસ્તર શિલાઓ પોતે ડૂબે અને બીજાને ડૂબાડે છે, તે શિલાઓ સમુદ્રના જળમાં તરે અને વાનર સુભટોને તારે; એ કાંઇ પત્થરના ગુણો, સમુદ્રના ગુણો કે વાનરોના ગુણો સમજવાના નથી, પરંતુ તે સમુજ્જવલ મહિમા શ્રીમાન્ રામચંદ્રજીનો સમજવો. ॥૪૦॥

**यास्याम्यायतनं जिनस्य लभते ध्यायंश्चतुर्थं फलं,**
**षष्ठं चोत्थितुमुद्यतोऽष्टममथो गन्तुं प्रवृत्तोऽध्वनि ।**
**श्रद्धालुर्दशमं बहिर्जिनगृहात्प्राप्तस्ततो द्वादशं;**
**मध्ये पाक्षिकमीक्षिते जिनपतौ मासोपवासं फलम् ॥४१॥**

'હું ભગવંતના મંદિરમાં જઇશ' એવો સંકલ્પ કરવાથી એક ઉપવાસનો

લાભ થાય, તે નિમિત્તે ઉઠવાને તૈયાર થતાં બે ઉપવાસનો લાભ અને માર્ગે ચાલતાં ત્રણ ઉપવાસનો લાભ મળે છે, શ્રદ્ધા કરતાં ચાર ઉપવાસ અને જિનમંદિરની બહાર આવતાં પાંચ ઉપવાસનો લાભ થાય, ગભારામાં દાખલ થતાં પંદર ઉપવાસનો લાભ અને, ભગવંતને સાક્ષાત્ જોતાં(નિહાળતાં) એક માસના ઉપવાસનો લાભ થાય છે. ||૪૧||

**यदि वहति त्रिदण्डं नग्नमुण्डं जटां वा,**

**यदि वसति गुहायां वृक्षमूले शिलायाम् ।**

**यदि पठति पुराणं वेदसिद्धान्ततत्त्वे;**

**यदि हृदयमशुद्धं सर्वमेतन्न किञ्चित् ।।४२।।**

ભલે ત્રિદંડને ધારણ કરો, શિર નગ્ન રાખીને મુંડાવો અથવા તો માથે જટા ધારણ કરો, ગુફામાં અગર વૃક્ષના મૂળમાં શિલાપર વાસ કરો, પુરાણ અથવા વેદ કે સિદ્ધાંત તત્ત્વનો અભ્યાસ કરો, તથાપિ જો હૃદય અશુદ્ધ છે, તો તે બધું નકામું છે. ||૪૨||

**यदेव रोचते यस्य तदेव तस्य सुन्दरम् ।**

**श्रीखण्डे न तथा प्रीति-र्यथा रुद्रस्य भस्मनि ।।४३।।**

જે વસ્તુ જેને રુચે, તેના મનને તેજ વસ્તુ સુંદર છે. શંકરની પ્રીતિ જેવી ભસ્મ(રાખ)માં છે, તેવી ચંદનમાં નથી. ||૪૩||

**यत्रोदकं तत्र वसन्ति हंसा यत्रामिषं तत्र पतन्ति गृध्राः ।**

**यत्रार्थिनस्तत्र रमन्ति (रमन्ते ?) वेश्या यत्राकृतिस्तत्र गुणा वसन्ति ।।४४।।**

જ્યાં પાણી હોય, ત્યાં હંસો રહે છે, જ્યાં માંસ હોય ત્યાં ગીધ પક્ષીઓ આવીને પડે છે, જ્યાં ધનવંતો હોય છે ત્યાં વેશ્યાઓ રમણ કરે છે, અને જ્યાં સુરમ્ય આકૃતિ હોય ત્યા ગુણો રહેલા હોય છે. ||૪૪||

**यदि स्थिरा भवेद्विद्युत्तिष्ठन्ति यदि वायवः ।**

**दैवात्तथापि नारीणां न स्थेम्ना स्थीयते मनः ।।४५।।**

કદાચ વીજળી સ્થિર થઇ જાય અને દૈવયોગે કદાચ વાયુ પણ સ્થિર સ્તંભી રહે, તથાપિ સ્ત્રીઓનું મન કોઈ રીતે સ્થિર રહી જ ન શકે.॥૪૫॥

**यथा मौलिः प्रतीकेषु हृषीकेषु यथेक्षणम्,**
**यथा सुरद्रुः सालेसु विशालेषु यथा नभः ॥४६॥**
**यथा हरिरमर्त्येषु मर्त्येषु च यथा नृपः;**
**दयाधर्मस्तथा धर्म-कृत्येषु स्यात्पुरस्सरः ॥४७॥**

જેમ અંગના અવયવોમાં મસ્તક, ઇંદ્રિયોમાં જેમ ચક્ષુ, વૃક્ષોમાં જેમ કલ્પવૃક્ષ, વિશાલ પદાર્થોમાં જેમ આકાશ, દેવતાઓમાં જેમ ઇંદ્ર, અને મનુષ્યોમાં જેમ રાજા ઉત્કૃષ્ટ છે, તેમ સર્વ ધર્મકૃત્યોમાં દયાધર્મ સર્વોત્કૃષ્ટ(અગ્રેસર) છે. ॥૪૬-૪૭॥

**युवानो यत्र खेलन्ति विमानेष्वेव वेश्मसु,**
**मेषोन्मेषादिचेष्टाभि-र्मन्यन्ते मानवा इति ॥४८॥**
**यत्र जैनगृहाग्रस्थ-कल्याणकलशोद्भवैः;**
**गभस्त्यगस्तिभिर्ग्रस्ताः पौराणां दुरितार्णवाः ॥४९॥**

જાણે વિમાનો હોય તેવા ભવનોમાં જ્યાં યુવાન પુરુષો ક્રીડા કરતા હતા, પણ તેઓ ચક્ષુના મેષોન્મેષમાત્રથી જ આ મનુષ્યો છે, એમ જાણી શકાતા હતા, વળી જ્યાં જિનમંદિરોના શિખર પર રહેલ સુવર્ણકલશથી પ્રગટ થતા કિરણરૂપ અગસ્તિ(ઋષિ)ઓ નાગરિકજનોના પાપરૂપ સમુદ્રનું પાન કરી જતા હતા. ॥૪૮-૪૯॥

**ये संयोगास्तनुमता-माद्यमुन्मादकारणम् ।**
**तेषां निष्ठा वियोगो हि व्यापाराणां विपद्यथा ॥५०॥**

જે સંયોગો છે તે પ્રાણીઓને મુખ્ય ઉન્માદના કારણ છે, વળી વેપાર કરતાં જેમ વિપત્તિ આવી પડે, તેમ તે સંયોગો વિયોગના રૂપમાં તો અવશ્યમેવ બદલાઈ જવાના જ છે. ॥૫૦॥

**यो मित्रामित्रयोः शक्तो नोपकारापकारयोः ।**
**धत्ते तस्या यशोवल्ली-बीजतां दीर्घजीविता ।।५१।।**

જે પુરુષ મિત્રો પર ઉપકાર કરવાને સમર્થ નથી અને શત્રુઓ પર અપકાર કરવાને સમર્થ નથી, તેનું દીર્ઘ જીવન માત્ર અપયશરૂપ લતાને ધારણ કરે છે(વૃદ્ધિ પમાડે છે). ।।૫૧।।

**यासां कुक्षिमुरीचक्रु-र्जिनचक्रधरादयः ।**
**जङ्गमा रत्नखनय-स्ता निन्द्याः किमु योषितः ।।५२।।**

જિનેશ્વરો અને ચક્રવર્તીઓને પણ જેમના ઉદરમાં અવતાર લેવો પડ્યો તથા જે જંગમ રત્નખાણ સમાન ગણાય છે, એવી સ્ત્રીઓ શું કદાપિ નિંદનીય હોઇ શકે? ।।૫૨।।

**ये दृप्ता ये सदाचारा ये च भारक्षमा भुवि ।**
**स्त्रीभिस्तेऽप्यभिभूयन्ते रश्मिभिर्वृषभा इव ।।५३।।**

જેઓ સદાચારી, સમર્થ અને રાજ્યનો ભાર ઉપાડવાને સમર્થ છે, તેવા પુરુષો પણ દોરડીઓથી જેમ બળદો પરાભવ પામે તેમ સ્ત્રીઓથી અત્યંત પરાભવ પામે છે. ।।૫૩।।

**ये स्वतोऽप्यधिकं स्निग्धैः कवलैः पोषिताः सुताः।**
**तेऽपि दारुणि दत्वान्ते दुःखानि भुञ्जते धनम् ।।५४।।**

પોતાના કરતાં પણ અધિક સ્નિગ્ધ(કોમળ) એવા કોળીયા ખવરાવીને જે પુત્રોને સારી રીતે પોષ્યા, તેઓ પણ પ્રાંતે દારુણ દુ:ખો આપીને ધનનો ઉપભોગ લેવા તત્પર થઇ જાય છે. ।।૫૪।।

**यस्य वक्त्रकुहरे सुभाषितं नास्ति नाप्यवसरे प्रजल्पति ।**
**आगतः सदसि धीमतामसौ लेप्यनिर्मित इवावभासते ।।५५।।**

જેના મુખમાં સુભાષિત નથી તેમજ જે અવસરે ધીમંતો(વિદ્વાનો)ની સભામાં આવીને કંઈ બોલી શકતો નથી, તે માટીથી બનાવવામાં આવેલ પુતળા જેવો છે. ।।૫૫।।

यत्र विद्वज्जनो नास्ति श्लाघ्यस्तत्राल्पधीरपि ।
निरस्तपादपे देशे एरण्डोऽपि द्रुमायते ।।५६।।

જ્યાં વિદ્વાન્‌જનોનો અભાવ હોય છે ત્યાં અલ્પ બુદ્ધિમાન્ પણ વખણાય છે. કારણકે વૃક્ષ વિનાના દેશમાં એરંડો પણ વૃક્ષસમાન ગણાય છે.।।૫૬।।

यस्य नास्ति विवेकस्तु केवलं यो बहुश्रुतः ।
न स जानाति शास्त्रार्थान् दर्वी पाकरसानिव ।।५७।।

જેને વિવેક નથી, પરંતુ કેવળ જે બહુશ્રુત છે, તે ચાટવો (ચમચો) જેમ રસોઇના સ્વાદને જાણી ન શકે, તેમ શાસ્ત્રાર્થને જાણી શકતો નથી. ।।૫૭।।

ये संसत्सु विवादिनः परयशःशूलेन शल्याकुलाः,
कुर्वन्ति स्वगुणस्तवेन गुणिनां यत्नाद् गुणाच्छादनम् ।
तेषां रोषकषायितोदरदृशां कोपोष्णनिःश्वासिनां;
दीप्ता रत्नशिखेव कृष्णफणिनां विद्या जनोद्वेजिनी ।।५८।।

જેઓ વિદ્વાનોની સભાઓમાં વિવાદ કરવા તત્પર થઈ જાય છે, જેઓ પરના યશરૂપ શૂળથી શલ્યયુક્ત બની વ્યાકુળ થાય છે, વળી પોતાના ગુણોના સ્તવનથી જેઓ ગુણીજનોના ગુણોને યત્નપૂર્વક આચ્છાદિત કરે છે, રોષ અને કષાયથી જેમના હૃદય અને દૃષ્ટિ વ્યાપ્ત છે તથા કોપથી જેમના શ્વાસોચ્છ્‌વાસ પણ ગરમ થઈ ગયા છે એવા જનોને પ્રાપ્ત થયેલ વિદ્યા તે કાળા સર્પોની દેદીપ્યમાન મણિની જેમ લોકોને ભયંકર થઈ પડે છે. ।।૫૮।।

यद्यपि बहु नाधीषे तथापि पठ पुत्र व्याकरणम् ।
स्वजनः श्वजनो माभूत् सकलं शकलं सकृच्छकृत् ।।५९।।

હે વ્હાલા વત્સ! જો તારે વધારે ન ભણવું હોય, તથાપિ તું વ્યાકરણનો અભ્યાસ તો જરૂર કરજે, કારણકે તે વિના સ્વજન-તે શ્વજનં(શ્વાન), સકલ-તે શકલ(એક વિભાગ) અને સકૃત્(એકવાર) તે-શકૃત્(વિષ્ટા) થઇ

જશે.(બોલાઈ જશે.) ||૫૯||

यथा चित्तं तथा वाचो यथा वाचस्तथा क्रिया ।
चित्ते वाचि क्रियायां च साधूनामेकरूपता ।।६०।।

જેવું મનમાં તેવું વાણીમાં અને જેવું વાણીમાં તેવું ક્રિયામાં એમ મન, વચન અને ક્રિયામાં સત્પુરુષોની એકરૂપતા હોય છે. ||૬૦||

यः प्रीणयेत्सुचरितैः पितरं स पुत्रो
यद् भर्त्तुरेव हितमिच्छति तत्कलत्रम् ।
तन्मित्रमापदि सुखे च समक्रियं य-
देतत्त्रयं जगति पुण्यकृतो लभन्ते ।।६१।।

જે પોતાના સદાચારથી મા-બાપને પ્રસન્ન રાખે તે પુત્ર સમજવો, જે પોતાના સ્વામીનું હિત જ ઇચ્છે તે સ્ત્રી અને સુખ દુ:ખમાં જે સમાનપણે વર્તે તે મિત્ર સમજવો, એ ત્રણે વસ્તુને જગતમાં પુણ્યવંત પ્રાણીઓ જ પામી શકે છે. ||૬૧||

ये जाते व्यसने निराकुलधियः सम्पत्सु नाभ्युन्नताः,
प्राप्ते नैव पराङ्मुखा प्रंणयिनि प्राणोपयोगैरपि
ह्रीमन्तः स्वगुणप्रकाशनविधावन्यस्तुतौ पण्डिता-
स्ते भूमण्डलमण्डनैकतिलकाः सन्तः कियन्तो जनाः ।।६२।।

જેઓ સંકટ વખતે ધીર થઇને મનમાં લેશ પણ આકુલ વ્યાકુલ થતા નથી, સંપત્તિમાં જેઓ ગર્વિષ્ઠ બનતા નથી, પોતાના સ્નેહી કે સ્વજનોને વિપત્તિ વખતે જેઓ પોતાના પ્રાણો પણ અર્પણ કરવા અચકાતા નથી, પોતાના ગુણો પ્રકાશવામાં જેઓ લજ્જા પામે છે અને અન્યના ગુણો પ્રકાશવા કે ગાવામાં જેઓ પોતાની પંડિતાઇ વાપરે છે એવા ભૂમંડલના અલંકારરૂપ સંતજનો જગતમાં ખરેખર વિરલા જ હશે. ||૬૨||

ये दीनेषु दयालवः स्पृशति यानल्पोऽपि न श्रीमदो,
व्यग्रा ये च परोपकारकरणे हृष्यन्ति ये याचिताः ।

स्वस्थाः सन्ति च यौवनोन्मदमहाव्याधिप्रकोपेऽपि ये;
तैः स्तम्भैरिव सुस्थितैः कलिभरक्लान्ता धरा धार्यते ।।६३।।

દીનજનોપર જેઓ સદા દયાભાવથી વર્તે છે, જેઓ લક્ષ્મીનો લેશ પણ મદ કરતા નથી, પરોપકાર કરવામાં જેઓ સદા તત્પર રહે છે, કોઇ યાચના કરવા આવે ત્યારે જેઓ હર્ષિત થાય છે, યૌવનમાં જેઓ ઉન્મત્ત થતા નથી અને મહાવ્યાધિનો પ્રકોપ થતાં પણ જેઓ સ્વસ્થ રહે છે તેવા અચલ સ્તંભ સમાન નરરત્નો, કળિકાળના ભારથી શ્રાંત થયેલ(થાકી ગયેલ) આ પૃથ્વીને ધારણ કરી રહ્યા છે. ।।૬૩।।

यथा वृष्टिः समुद्रेषु भुक्तस्योपरि भोजनम् ।
एवं प्रीतिः खलैः सार्ध-मुत्पन्नेऽर्थेऽवसीदति ।।६४।।

જેમ સમુદ્રમાં વરસાદ અને જમ્યા ઉપર ભોજન વૃથા છે, તેમ ખલ જનો સાથે પ્રીતિ કરવાથી અવસર આવે તે નકામી થઇ જાય છે. ।।૬૪।।

ये श्रमं हर्त्तुमीहन्ते महतां चिरसम्भृतम् ।
वन्द्यास्तेऽसरलात्मानो दुर्जनाः सज्जना इव ।।६५।।

જેઓ મહાપુરુષોના ચિરકાલના શ્રમને દૂર કરવા ઇચ્છે છે, તે અસરલ(વક્ર) આશયવાળા દુર્જનો પણ સજ્જનોની જેમ વંદનીય છે. ।।૬૫।।

यत्स्मृत्यैवं परां यान्ति सन्तः सन्तापसन्ततिम् ।
तदसन्तो हसन्तोऽपि हेलयैव हि कुर्वते ।।६६।।

જે કર્મનું સ્મરણમાત્ર કરતાં પણ સંતજનો અતિશય સંતાપને પામે છે, તેવું કર્મ દુર્જનો હસતાં હસતાં એક લીલામાત્રમાં કરી નાખે છે. ।।૬૬।।

येषां प्राणिवधः क्रीडा नर्म मर्मच्छिदो गिरः ।
कार्यं परोपतापित्वं ते मृत्योरपि मृत्यवः ।।६७।।

પ્રાણીઓનો વધ કરવો એ જ જેમની ક્રીડા છે, અન્યના મર્મને ભેદનાર જેમની નર્મવાણી(મશ્કરી) છે, અને અન્યને સંતાપ ઉપજાવનાર જેમનું

કાર્ય છે તેવા પુરુષો યમ કરતાં પણ વધારે ભયંકર સમજવા. ॥૬૭॥

**यथा परोपकारेषु नित्यं जागर्ति सज्जनः ।**
**तथा परोपकारेषु जागर्ति सततं खलः ॥६८॥**

જેમ સજ્જનો પરોપકાર કરવાને સદા તત્પર છે, તેમ ખલ પુરુષ અન્યનો અપકાર(હાનિ) કરવામાં સદા તૈયાર રહે છે. ॥૬૮॥

**यद्यदिष्टतमं तत्तद्देयं गुणवते किल ।**
**अत एव खलो दोषान् साधुभ्यः सम्प्रयच्छति ॥६९॥**

જે જે અત્યંત ઇષ્ટ છે, તે તે ગુણવંતને આપવું, એટલા માટેજ ખલજનો સંત પુરુષોને દૂષણો આપે છે. ॥૬૯॥

**यद् वदन्ति चपलेत्यपवादं नैव दूषणमिदं कमलायाः ।**
**दूषणं जलनिधेर्हि भवेत्तद्यत्पुराणपुरुषाय ददौ ताम् ॥७०॥**

'લક્ષ્મી ચપળ છે' એમ લોકો જે લક્ષ્મીને દૂષણ આપે છે, તેમાં લક્ષ્મીનો દોષ જરા પણ નથી, પરંતુ તેના પિતા સમુદ્રનો દોષ છે, કે જેણે પુરાણપુરુષ(કૃષ્ણ-વૃદ્ધ)ને તે પરણાવી. ॥૭૦॥

**यत्राभ्यागतदानमानचरणप्रक्षालनं भोजनं,**
**सत्सेवा पितृदेवतार्चनविधिः सत्यं गवां पालनम् ।**
**धान्यानामपि सङ्ग्रहो न कलहश्चित्तानुरूपा प्रिया;**
**हृष्टा प्राह हरिं वसामि कमला तस्मिन् गृहे निश्चला ॥७१॥**

એકદા લક્ષ્મી વિષ્ણુને કહેવા લાગી કે હે સ્વામિનાથ! જ્યાં અતિથિઓને દાન માન સાથે ચરણ પ્રક્ષાલન કરીને ભોજન આપવામાં આવે છે, જ્યાં સત્સેવા થાય છે, જ્યાં મા-બાપ અને દેવતાઓની પૂજા કરવામાં આવે છે, જ્યાં સત્ય છે અને જ્યાં પોતાના વચનનું પાલન કરવામાં આવે છે, જ્યાં ધાન્યનો સંગ્રહ કરવામાં આવે છે, જ્યાં કલહનું નામ પણ નથી તથા જ્યાં પતિના મનને અનુકૂળ સ્ત્રી છે એવા ભવનમાં હે નાથ! હું નિશ્ચળ થઇને નિવાસ કરું છું. ॥૭૧॥

यदा तु भाग्यक्षयपीडितां दशां,
नरः कृतान्तोपहितां प्रपद्यते ।
तदास्य मित्राण्यपि यान्त्यमित्रतां;
चिरानुरक्तोऽपि विरज्यते जनः ।।७२।।

જ્યારે ભાગ્યનો ક્ષય થતાં પુરુષ યમ સમાન ભયંકર દશાને પ્રાપ્ત થાય છે, ત્યારે તેના મિત્રો પણ શત્રુ જેવા બની જાય છે અને ચિરકાળના અનુરક્ત જનો પણ વિરક્ત બની જાય છે. ।।૭૨।।

यैः कारुण्यपरिग्रहान्न गणितः स्वार्थं परार्थं प्रति
यैश्चात्यन्तदयापरैर्न विहिता वन्ध्यार्थिनां प्रार्थना ।
ये चासन् परदुःखदुःखितधियस्ते साधवोऽस्तं गता-
श्चक्षुः संहर बाष्पवेगमधुना कस्याग्रतो रुद्यते ।।७३।।

દયાની લાગણીથી પરમાર્થ કરવા જતાં જેઓ પોતાના સ્વાર્થને ગણતા ન હતા, અત્યંત કરુણાદૃષ્ટિને લીધે જેમણે અર્થીજનોની પ્રાર્થનાનો કદાપિ ભંગ ન કર્યો, તથા પરના દુ:ખને જોઇને જેઓ અતિ દુ:ખી થતા હતા, અહો! એવા પરોપકારી સજ્જનો બધા અસ્ત થયા. તો હે ચક્ષુ ! હવે તારા અશ્રુવેગને અટકાવી રાખ, કારણકે અત્યારે કોઇની પાસે રુદન કરવાનો વખત નથી. ।।૭૩।।

यद्ददाति यदश्नाति तदेव धनिनो धनम् ।
अन्ये मृतस्य क्रीडन्ति दारैरपि धनैरपि ।।७४।।

જે દાન કરવામાં આવે છે અને જે ભોગવવામાં આવે છે તે જ ધનવંતોનું ધન છે. મરણ પછી તો તે ધન અને સ્ત્રીઓ સાથે અન્યજનો ક્રીડા કરતા જોવામાં આવે છે. ।।૭૪।।

यद्दुर्गामटवीमटन्ति विकटं क्रामन्ति देशान्तरं,
गाहन्ते गहनं समुद्रमथनक्लेशं कृषिं कुर्वते ।

सेवन्ते कृपणं पतिं गजघटासङ्घट्टदुःसञ्चरं;
सर्पन्ति प्रधनं धनान्धितधियस्तल्लोभविस्फूर्जितम् ।।७५।।

લક્ષ્મીની લાલચમાં લપટાઇને જેઓ ભયંકર અટવીમાં ભટકે છે, વિકટ દેશાંતરમાં ભ્રમણ કરે છે, સમુદ્રમંથનના ગહન ક્લેશને સહન કરે છે, ખેતીવાડી કરે છે, કૃપણ સ્વામી(શેઠ)ની સેવા કરે છે, તથા હાથીઓની ઘટાથી જ્યાં બહુ જ મુશ્કેલીથી સંચાર થઇ શકે તેવી રણભૂમિમાં જેઓ પ્રવેશ કરે છે - આ બધો લોભનો પ્રતાપ સમજવો. ॥૭૫॥

याचितो यः प्रहृष्येत दत्त्वा च प्रीतिमान् भवेत् ।
तं दृष्ट्वाप्यथवा श्रुत्वा नरः स्वर्गमवाप्नुयात् ।।७६।।

જેની પાસે યાચના કરતાં હર્ષ પામે છે અને આપીને જે અતિ પ્રેમાળ બને છે તેવા પુરુષને જોઇને અગર સાંભળીને ભવ્ય જીવો સ્વર્ગને પ્રાપ્ત કરી શકે છે. ॥૭૬॥

युध्यन्ते पक्षिपशवः पठन्ति शुकसारिकाः ।
दातुं शक्नोति यो वित्तं स शूरः स च पण्डितः ।।७७।।

યુદ્ધ તો પક્ષી અને પશુઓ પણ કરે છે તથા શુક અને સારિકા(મેના) ભણે છે, પરંતુ જે દાન આપવાને શક્તિમાન્ છે તે જ શૂરવીર અને પંડિત છે. ॥૭૭॥

याचना हि पुरुषस्य महत्त्वं नाशयत्यखिलमेव तथा हि ।
सद्य एव भगवानपि विष्णुर्वामनो भवति याचितुमिच्छन्
।।७८।।

કોઇની પાસે યાચના કરવી-તે પુરુષના સમસ્ત મહત્ત્વનો તરતમાં નાશ જ કરે છે, જુઓ, યાચના કરવા જતાં વિષ્ણુ ભગવાનને પણ તરત વામનનું રૂપ કરવું પડ્યું છે. ॥૭૮॥

यथा ह्येकेन चक्रेण न रथस्य गतिर्भवेत् ।
एवं पुरुषकोरण विना दैवं न सिध्यति ।।७९।।

જેમ એક ચક્ર(પૈડા)થી રથની ગતિ થઇ શકતી નથી-તેમ ઉદ્યમ વિના દૈવ સિદ્ધ થતું નથી. ॥૭૯॥

**यत्र नास्ति दधिमन्थनघोषो यत्र नो लघुलघूनि शिशूनि ।**
**यत्र नास्ति गुरुगौरवपूजा तानि किं बत गृहाणि वनानि ॥८०॥**

જ્યાં દધિ વલોવવાનો ઘોષ થતો નથી, જ્યાં નાના નાના બાળકો રમતા નથી અને વડીલોનો સત્કાર કરવામાં આવતો નથી, તે ઘરો નહિ પણ વનો સમજવા. ॥૮૦॥

**यः सुन्दरस्तद्वनिता कुरूपा या सुन्दरी सा पतिरूपहीना ।**
**यत्रोभयं तत्र दरिद्रता च विधेर्विचित्राणि विचेष्टितानि ॥८१॥**

જો પુરુષ સુંદર હશે, તો તેની સ્ત્રી રૂપાળી નહિ હોય અને જો સ્ત્રી સુંદર હશે, તો તેનો પતિ કદરૂપો હશે. કદાચ બંને રૂપાળા હશે, તો ત્યાં દરિદ્રતા હશે. અહો! વિધાતાની ચેષ્ટાઓ બધી વિચિત્ર પ્રકારની જ લાગે છે. ॥૮૧॥

# र

**रे जिह्वे ! कुरु मर्यादां भोजने वचने तथा ।**

**वचने प्राणसन्देहो भोजने च ह्यजीर्णता ।।१।।**

હે જીભલડી! તું ભોજન અને વચનમાં મર્યાદા રાખ, કારણકે વચનમાં મર્યાદા ન રાખવાથી પ્રાણનો સંદેહ ઉપસ્થિત થાય છે અને ભોજનમાં મર્યાદા ન રાખવાથી અજીર્ણ-દોષ ઉત્પન્ન થાય છે. ।।૧।।

**राजा वेश्या यमो वह्नि-स्तस्करो बालयाचकः ।**

**परदुःखं न जानाति ह्यष्टमो ग्रामकण्टकः ।।२।।**

રાજા, વેશ્યા, યમ, અગ્નિ, તસ્કર(ચોર), બાળક, યાચક અને ગામનો મુખી પટેલીઓ એ આઠ પરના દુ:ખને જાણતા નથી. ।।૨।।

**राजपत्नी गुरोः पत्नी मित्रपत्नी तथैव च।**

**पत्नीमाता स्वमाता च पञ्चैता मातरः स्मृताः ।।३।।**

રાજપત્ની, ગુરુની પત્ની, મિત્રની પત્ની, પોતાની સ્ત્રીની માતા તથા પોતાની માતા- એ પાંચ માતાસમાન કહેલ છે. ।।૩।।

**रथस्यैकं चक्रं भुजगयमिताः सप्त तुरगा,**

**निरालम्बो मार्गश्चरणविकलः सारथिरपि ।**

**रविः पारं याति प्रतिदिनमपारस्य नभसः;**

**क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ।।४।।**

પોતાના રથનું એક જ ચક્ર છતાં, સાત અશ્વો પણ સર્પોથી નિયંત્રિત છતા અને નિરાલંબ માર્ગ તથા સારથિ પણ ચરણરહિત(પંગુ) હોવા છતાં સૂર્ય પ્રતિદિન અપાર આકાશનો પાર પામે છે. ખરેખર! મહાપુરુષોના સત્ત્વ(પરાક્રમ)માં જ ક્રિયાની સિદ્ધિ રહેલ છે, પણ તેમના ઉપકરણોમાં નથી. ।।૪।।

**राज्ञि धर्मिणि धर्मिष्ठाः पापे पापाः समे समाः ।**
**लोकास्तमनुवर्तन्ते यथा राजा तथा प्रजा ।।५।।**

જો રાજા ધર્મિષ્ઠ હોય તો પ્રજા ધર્મી બને છે, રાજા પાપી હોય તો તે પાપિષ્ઠ અને રાજા બંનેમાં સમાન હોય તો તે સમાન થાય છે, લોકો રાજાનું જ અનુકરણ કરે છે, એટલે જેવો રાજા હોય તેવી પ્રજા થાય છે. ।।૫।।

**रत्नैर्महार्हैस्तुतुषुर्न देवा न भेजिरे भीमविषेण भीतिम् ।**
**सुधां विना न प्रययुर्विरामं न निश्चितार्थाद् विरमन्ति धीराः ।।६।।**

કિંમતી રત્નોથી દેવો સંતુષ્ટ ન થયા, અને ભયંકર વિષથી તેઓ ભય ન પામ્યા. તેમ છતાં સુધા(અમૃત) વિના તેઓ પાછા ન હઠ્યા, કારણકે ધીરજનો પોતાના નિશ્ચયથી પાછા હઠતા નથી. ।।૬।।

**राज्यं सुसम्पदो भोगाः कुले जन्म सुरूपता ।**
**पाण्डित्यमायुरारोग्यं धर्मस्यैतत्फलं विदुः ।।७।।**

રાજ્ય, સુસંપત્તિ, સારા કુળમાં જન્મ, પાંડિત્ય, દીર્ઘ આયુ અને આરોગ્ય- આ બધું ધર્મનું ફલ સમજવું. ।।૭।।

**राज्यं निःसचिवं गतप्रहरणं सैन्यं विनेत्रं मुखं,**
**वर्षा निर्जलदा धनी च कृपणो भोज्यं तथाज्यं विना ।**
**दुःशीला दयिता सुहृन्निकृतिमान् राजा प्रतापोज्झितः;**

**शिष्यो भक्तिविवर्जितो न हि विना धर्मं नरः शस्यते ।।८।।**

પ્રધાન વિનાનું રાજ્ય અને હથીયાર વિનાનું સૈન્ય જેમ શોભતું નથી. નેત્ર વિનાનું મુખ, જળ વિનાની વર્ષાઋતુ તથા કૃપણ ધનિક જેમ વખણાતો નથી. ઘૃત વિનાનું ભોજન, શીલરહિત સ્ત્રી અને કપટી મિત્ર જેમ શોભતો નથી. પ્રતાપહીન રાજા, ભક્તિરહિત શિષ્ય જેમ શોભતા નથી તેમ ધર્મ વિના પુરુષ શોભતો નથી. ॥૮॥

**राजदण्डभयात्पापं नाचरत्यधमो जनः ।**
**परलोकभयान्मध्यः स्वभावादेव चोत्तमः ।।९।।**

અધમજનો રાજદંડના ભયથી પાપ આચરતા નથી, મધ્યમજનો પરલોકના ભયથી પાપ આચરતા નથી અને ઉત્તમજનો સ્વભાવથી જ પાપાચરણ કરતા નથી. ॥૯॥

**रूपयौवनसम्पन्ना विशालकुलसम्भवाः ।**
**विद्याहीना न शोभन्ते निर्गन्धा इव किंशुकाः ।।१०।।**

ભલે રૂપ અને યૌવન સંપન્ન હોય, તથા વિશાળ કુલમાં જન્મ પામ્યા હોય.છતાં ગંધ વિનાના કેશુડાંના પુષ્પોની જેમ વિદ્યારહિત જનો શોભતા નથી. ॥૧૦॥

**रागद्वेषौ यदि स्यातां तपसा किं प्रयोजनम् ।**
**तावेव यदि न स्यातां तपसा किं प्रयोजनम् ।।११।।**

જો રાગ અને દ્વેષ વિદ્યમાન હોય તો તપનું શું પ્રયોજન છે? અને કદાચ તે બંને નષ્ટ થયા હોય તો પણ તપસ્યાનું શું પ્રયોજન છે ?॥૧૧॥

**रिक्तपाणिर्न पश्येयू राजानं देवतां गुरुम् ।**
**नैमित्तिकं स्वप्नविदं फलेन फलमादिशेत् ।।१२।।**

રાજા, દેવ, ગુરુ, નિમિત્તને જાણનાર તથા સ્વપ્નપાઠક-એટલા પાસે ખાલી હાથે ન જવું. કારણકે ફળથી ફળની પ્રાપ્તિ થાય-એમ કહેલ છે. ॥૧૨॥

राजा कुलवधूर्विप्रा नियोगी मन्त्रिणस्तथा ।
स्थानभ्रष्टा न शोभन्ते दन्ताः केशा नखा नराः ।।१३।।

રાજા, કુલીન કાંતાઓ, અધિકારી, મંત્રીઓ, દાંત, કેશ, નખ તથા પુરુષો-એ બધા સ્થાનભ્રષ્ટ થતાં શોભતા નથી. ।।૧૩।।

रसाय पीडितोऽपीक्षु-र्बद्धमप्यम्बु शस्यकृत् ।
भृशं कुसुम्भमञ्जिष्ठे रङ्गाय क्षुण्णखण्डिते ।।१४।।

શેલડીને બહુ પીડતાં પણ તે મધુર રસ આપે છે, પાણીને બાંધામાં બાંધી મૂકતાં તે ધાન્યને નીપજાવે છે, કસુંબાને વધારે ઘુંટતાં અને મજીઠને વધારે ખાંડતાં-તે રંગ આપે છે. ।।૧૪।।

रहो हुतवहोदर्चि-करालां वीक्ष्य योषितम् ।
नृणां द्रवीभवत्येव मनो मदनवन्मृदु ।।१५।।

અગ્નિની ઉછળતી જ્વાળાઓને જોઇને જેમ કોમળ મીણ પીગળી જાય છે, તેમ એકાંતમાં સ્ત્રીને જોતાં માણસોનું મન અવશ્ય દ્રવીભૂત જ થઇ જાય છે. ।।૧૫।।

रुष्टा तुष्टा च जाताहं स तु तुष्टः सदाभवत् ।
रात्रिः श्वेता च कृष्णा च दिवसस्त्वेकरूपभाक् ।।१६।।

અહો! હું તો રુષ્ટમાન અને તુષ્ટમાન થઇ અને તે મારો સ્વામી તો સદા સંતુષ્ટ જ રહ્યો. રાત્રિ શ્વેત અને કૃષ્ણ હોય છે, પણ દિવસ તો સદા એક રૂપવાળો જ હોય છે-(આ એક સ્ત્રીના વિચારો છે.) ।।૧૬।।

रुद्रोऽद्रिं जलधिं हरिर्दिविषदो दूरं विहाय श्रिता,
भोगीन्द्राः प्रबला अपि प्रथमतः पातालमूले स्थिताः ।
लीना पद्मवने सरोजनिलया मन्येऽर्थिसार्थाद्भिया;
दीनोद्धारपरायणाः कलियुगे सत्पुरुषा केवलम् ।।१७।।

શંકર હિમાલયમાં છુપાઇ ગયો, વિષ્ણુ સમુદ્રમાં જઇને સુઇ ગયો,

દેવતાઓ દૂર આકાશમાં ચાલ્યા ગયા, નાગેંદ્રો તો પોતે પ્રબલ છતાં પ્રથમથી જ પાતાળમાં પેસી ગયા અને કમલાસના લક્ષ્મી પદ્મવનમાં લીન થઇ ગઇ, આથી એમ લાગે છે કે યાચકજનોના ભયથી જ આ બધા ઉક્ત સ્થાનોમાં ચાલ્યા ગયા હશે, પરંતુ આ કલિયુગમાં દીનજનોનો ઉદ્ધાર કરનારા એવા કેવલ સત્પુરુષો જ મોજુદ છે. ॥૧૭॥

**रविश्चन्द्रो घना वृक्षा नदी गावश्च सज्जनाः ।**
**एते परोपकाराय युगे दैवेन निर्मिताः ॥१८॥**

સૂર્ય, ચંદ્ર, મેઘ, વૃક્ષો, નદી, ગાયો અને સજ્જનો -એમને માત્ર પરોપકાર કરવાની ખાતર જ જગતમાં વિધાતાએ નિર્માણ કર્યા છે. ॥૧૮॥

**रक्तत्वं कमलानां सत्पुरुषाणां परोपकारित्वम् ।**
**असतां च निर्दयत्वं स्वभावसिद्धं त्रिषु त्रितयम् ॥१९॥**

કમળોમાં રક્તત્વ(રતાશ) સત્પુરુષોમાં પરોપકારીપણું અને દુર્જનોમાં નિર્દયતા-એ ત્રણમાં ત્રણ ગુણ સ્વભાવથી જ સિદ્ધ હોય છે. ॥૧૯॥

# ल

लालयेत् पञ्च वर्षाणि दश वर्षाणि ताडयेत् ।
प्राप्ते तु षोडशे वर्षे, पुत्रं मित्रवदाचरेत् ।।१।।

પુત્ર પાંચ વરસનો થાય ત્યાં સુધી તેનું લાલન-પાલન કરવું, ત્યાર પછી દશ વરસ સુધી તેનો વાંક આવે તો તેને તાડન કરવું, પણ સોળમા વરસ પછી તો પુત્રની સાથે મિત્રની જેમ જ વર્ત્તવું. ।।૧।।

लिखिता चित्रगुप्तेन ललाटेऽक्षमालिका ।
तां देवोऽपि न शक्नोति उल्लिख्य लिखितुं पुनः ।।२।।

વિધાતાએ લલાટપટ પર જે અક્ષરમાળા લખી છે, તેને ઉત્થાપન કરીને બદલાવવાને કોઈ દેવ પણ શક્તિમાન્ નથી. ।।૨।।

लक्ष्मीर्दानविवेकसङ्गममयी श्रद्धामयं मानसं,
धर्मः शीलदयामयः सुचरितश्रेणीमयं जीवितम् ।
बुद्धिः शास्त्रमयी सुधारसमयं वाग्वैभवोज्जृम्भितं;
व्यापारश्च परार्थनिर्मितिमयः पुण्यैः परं प्राप्यते ।।३।।

દાન અને વિવેકના વિલાસમય લક્ષ્મી, શ્રદ્ધાયુક્ત મનોભાવ, શીલ અને દયામય ધર્મ, સદાચારની પરંપરામય જીવન, શાસ્ત્રના વિચારમય

બુદ્ધિ, સુધારસ-સમાન વચનનો વિલાસ અને પરોપકારમય વ્યાપાર-એ પરમપુણ્યથી જ પ્રાપ્ત થઈ શકે છે. ॥૩॥

**लोकः पृच्छति मे वार्त्तां शरीरे कुशलं तव ।**
**कुतः कुशलस्माक-मायुर्याति दिने दिने ॥४॥**

લોકો મને સમાચાર પૂછે છે કે તમારા શરીરે કુશળ છે? પણ અમને કુશળ ક્યાંથી હોય? કારણકે દિવસે દિવસે અમારું આયુષ્ય ઓછું થતું જાય છે. ॥૪॥

**लोभमूलानि पापानि रसमूलाश्च व्याधयः ।**
**स्नेहमूलानि दुःखानि त्रीणि त्यक्त्वा सुखी भव ॥५॥**

પાપો બધાં લોભથી; વ્યાધિઓ બધી રસથી અને દુ:ખો બધાં સ્નેહથી ઉત્પન્ન થાય છે, માટે એ ત્રણેનો ત્યાગ કરીને હે મિત્ર! તું સુખી થા.॥૫॥

**लालनाद् बहवो दोषा-स्ताडनाद् बहवो गुणाः ।**
**तस्मात् पुत्रं च शिष्यं च ताडयेन्न च लालयेत् ॥६॥**

પુત્રને લાડ લડાવવાથી તેમાં ઘણા દૂષણો જન્મ પામે છે અને તેને શિક્ષા કરવાથી ઘણા ગુણો ઉત્પન્ન થાય છે, માટે પુત્રને કે શિષ્યને લાડ લડાવવા કરતાં તેને તાડન કરવું-એ વધારે સારું છે. ॥૬॥

**लोभोऽयं भापितो वीत-रागैः क्वास्थामलप्स्यत ।**
**नाभविष्यन्महास्थान-स्वरूपा यदमी द्विजाः ॥७॥**

વીતરાગોએ ભય પમાડેલ આ લોભ, જો તેના મહાસ્થાનરૂપ આ બ્રાહ્મણો ન હોત, તો ક્યાં સ્થાન પામી શકત? ॥૭॥

**लभते निर्मलात्मापि नीचसङ्गाद् गुणच्युतिम् ।**
**पश्य क्षारीभवेन्मेघ-पयः पतितमूखरे ॥८॥**

નીચજનોના સંગથી નિર્મલાત્મા પણ ગુણોથી ભ્રષ્ટ થાય છે. જુઓ, મેઘનું પાણી ખારી ભૂમિમાં પડતાં તે ખારું થઈ જાય છે. ॥૮॥

लभेत सिकतासु तैलमपि यत्नतः पीडयन्,
पिबेच्च मृगतृष्णिकासु सलिलं पिपासार्दितः ।
कदाचिदपि पर्यटञ्शशविषाणमासादये-
न्न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत् ।।९।।

કદાચ યત્નથી પીલતાં વેળુ(રેતી)માંથી પણ તેલ નીકળે, પિપાસાથી આર્ત્ત થયેલ કદાચ મૃગતૃષ્ણિકા(ઝાંઝવા)માંથી જળપાન કરી શકે અને વસુધાતલ પર ભ્રમણ કરતાં કદાચિત શશલાનું શૃંગ પણ ક્યાંક પ્રાપ્ત થઈ જાય, તથાપિ કદાગ્રહથી ગ્રસ્ત થયેલ મૂર્ખજનનું મન કદાપિ આરાધી ન શકાય(વશ ન થાય). ||૯||

लक्ष्मीमन्तो न जानन्ति प्रायेण परवेदनाम् ।
शेषे धराभरक्लान्ते शेते नारायणः सुखम् ।।१०।।

ધનવંતજનો પ્રાયે પરની પીડા જાણતા નથી. જુઓ, શેષનાગ પૃથ્વીના ભારતળે દબાય છે અને વિષ્ણુ સુખે આરામ કરે છે. ||૧૦||

लक्ष्म्या परिपूर्णोऽहं न भयं मेऽस्तीति मोहनिद्रैषा ।
परिपूर्णस्यैवेन्दोर्भवति भयं सिंहिकासूनोः ।।११।।

'હું લક્ષ્મીથી ભરપૂર છું, તેથી મને હવે કોઇ પ્રકારનો ભય નથી' એ વિચાર માત્ર મોહનિદ્રા જ છે, કારણકે જુઓ, પરિપૂર્ણ ચંદ્રમાને પણ રાહુથી ભય પ્રાપ્ત થાય જ છે. ||૧૧||

लोभाविष्टो नरो वित्तं वीक्षते न स चापदम् ।
दुग्धं पश्यति मार्जारो यथा न लगुडाहतिम् ।।१२।।

લોભથી વ્યાકુલ થયેલ પુરુષ ધનને જુએ છે, પણ તે ભવિષ્યની આપદાને જોઇ શકતો નથી. જુઓ, બિલાડો દુધને જુએ છે પરંતુ તે લાકડીના મારને જોઇ શકતો નથી. ||૧૨||

लोकयात्राभयं लज्जा दाक्षिण्यं त्यागशीलता ।

पञ्च यत्र न विद्यन्ते न कुर्यात्तत्र संस्थितिम् ।।१३।।

લોકયાત્રા, અભય, લજ્જા, દાક્ષિણ્ય અને દાન-એ પાંચ જ્યાં ન હોય-ત્યાં નિવાસ કરવો ઉચિત નથી. ॥૧૩॥

लुब्धानां याचकः शत्रु-श्चौराणां चन्द्रमा रिपुः ।
जारस्त्रीणां पतिः शत्रु-र्मूर्खाणां बोधको रिपुः ।।१४।।

લોભીજનોને યાચક શત્રુ સમાન લાગે છે, ચોરજનોને ચંદ્રમા શત્રુ જેવો લાગે છે, કુલટા સ્ત્રીઓ પોતાના પતિને શત્રુ સમાન ગણે છે અને મૂર્ખજનોને બોધ આપનાર(ઉપદેશક) તે કટ્ટર શત્રુ સમાન ભાસે છે.॥૧૪॥

# व

**व्यवसायं विना नार्थो न श्रुतार्थो धियं विना ।**
**न वारिदं विना वृष्टि-र्न पुष्टिर्भोजनं विना ।।१।।**

વ્યવસાય વિના દ્રવ્યનો લાભ ન થાય, બુદ્ધિ વિના શાસ્ત્રાર્થનો બોધ ન થાય, મેઘ વિના વૃષ્ટિ ન થાય અને ભોજન વિના પુષ્ટિ ન થાય. ।।૧।।

**वध्वालानं विना जात-तारुण्यारण्यचारिणः ।**
**गजा इव भवंत्येवाङ्गजा न्यायद्रुमद्रुहः ।।२।।**

તારુણ્યરૂપ અરણ્યમાં સંચરનારા પુત્રો, સ્ત્રીરૂપ આલાનસ્તંભ વિના હાથીઓની જેમ ન્યાયરૂપ વૃક્ષનું ઉન્મૂલન કરનારા નીવડે છે. ।।૨।।

**विचारपयसां कामगवी-र्वाचो महात्मनाम् ।**
**दूषयन्त्यो न मे नार्यो मार्जार्य इव सम्मताः ।।३।।**

વિચારરૂપ દૂધને પેદા કરવામાં કામધેનુ સમાન મહાત્માઓની વાણીને પણ દૂષિત કરનાર એવી માર્જારી(બિલાડી) સમાન સ્ત્રીઓ મને સંમત નથી. ।।૩।।

**व्यवहारपरिज्ञान-मन्तरेण पुमान्न तु ।**
**पठितोऽपि भवेन्मूर्खः प्रियश्रोत्रियविप्रवत् ।।४।।**

વ્યવહારના પરિજ્ઞાન વિના પુરુષ ભણેલ હોય તો પણ તે પ્રિય શ્રોત્રિય

બ્રાહ્મણની જેમ મૂર્ખ-ગણાય છે. ॥૪॥

**वरं वज्रनिपातेन शतधा चूर्णितं शिरः ।**

**न तु निर्धर्मनारीवाग्विश्वासोपहतं मनः ॥५॥**

વજ્રના પડવાથી શિરના સેંકડો કટકા થઈ જાય તે સારા, પણ અધર્મી સ્ત્રીના વચન પરના વિશ્વાસથી જો મન હણાયેલ હોય તો તે ખરાબ છે. ॥૫॥

**वनितावाक्यजम्बाले विघ्ने पुण्याध्वचार्यपि ।**

**स्खलित्वा निपतत्येव बुद्धिमान् बलवानपि ॥६॥**

પુણ્યના માર્ગે જ સદા ચાલનાર એવો બુદ્ધિમાન્ યા બલવાન્ પુરુષ હોય, છતાં તે સ્ત્રીવાક્યરૂપ કાદવના વિઘ્નમાં સ્ખલના પામીને અવશ્ય પતિત થાય જ છે. ॥૬॥

**विषवृक्ष इवापास्यो भ्रष्टशीलः पुमानपि ।**

**कल्पवल्ल्य इवोपास्याः सुशीला महिला अपि ॥७॥**

પોતાના સદાચારથી ભ્રષ્ટ થયેલ એવા પુરુષનો પણ વિષવૃક્ષની જેમ ત્યાગ કરવો અને જો સ્ત્રી સુશીલ હોય તો તેનો કલ્પલતાની જેમ સદા આદર કરવો. ॥૭॥

**विजेतव्या लङ्का चरणतरणीयो जलनिधि-**
**विपक्षः पौलस्त्यो रणभुवि सहायाश्च कपयः ।**
**तथाप्याजौ रामः सकलमवधीद्राक्षसकुलं;**
**क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे ॥९॥**

લંકાને જીતવી, પગે સમુદ્ર તરવો, રાવણ જેવો શત્રુ અને રણસંગ્રામમાં સહાયકરનારા વાનરો હતા તથાપિ રામચંદ્રે બધા રાક્ષસકુળનો નાશ કરી દીધો. આ પરથી એમ સાબિત થાય છે કે ક્રિયાસિદ્ધિ-તો મહાપુરુષોના સત્ત્વમાં જ રહેલ છે, પણ તેમના સાધનોમાં નથી. ॥૯॥

**वैद्या वदन्ति कफपित्तमरुद्विकारं,**

ज्योतिर्विदो ग्रहगतिं परिकल्पयन्ति ।
भूतोपसर्गमिति मन्त्रविदो वदन्ति;
प्राचीनकर्म बलवन्मुनयो वदन्ति ।।१०।।

વૈદ્યોને જ્યારે વ્યાધિસંબંધી કાંઇ કારણ પૂછવામાં આવે ત્યારે તેઓ કફ, પિત્ત અને વાયુનો વિકાર બતાવે છે, જ્યોતિષિઓ ગ્રહની વક્રતા બતાવે છે, ભુવાઓને પૂછવામાં આવતાં તેઓ ભૂતનો વળગાડ બતાવે છે અને મહાત્માઓને પૂછતાં તેઓ પ્રાચીન કર્મ બળવાન્ છે-એમ બતાવે છે. ।।૧૦।।

विना गुरुभ्यो गुणनीरधिभ्यो जानाति तत्त्वं न विचक्षणोऽपि।
आकर्णदीर्घोज्ज्वललोचनोऽपि दीपं विना पश्यति नान्धकारे ।।११।।

ગુણોના નિધાન એવા ગુરુમહારાજ વિના વિચક્ષણ પુરુષ પણ તત્ત્વને જાણી શકતો નથી, કારણકે કાન સુધી લાંબા લોચન હોવા છતાં તે દીપક વિના અંધકારમાં જોઇ શકતો નથી. ।।૧૧।।

वेश्या रागवती सदा तदनुगा षड्भी रसैर्भोजनं,
शुभ्रं धाम मनोहरं वपुरहो नव्यो वयःसङ्गमः ।
कालोऽयं जलदाविलस्तदपि यः कामं जिगायादरात्;
तं वन्दे युवतिप्रबोधकुशलं श्रीस्थूलिभद्रं मुनिम् ।।१२।।

અહો! જ્યાં વેશ્યા સદા અનુરૂપ અને રાગવતી હતી, જ્યાં ષડ્રસ-ભોજન અને રમણીય ભવન, મનોહર શરીર અને યૌવનાવસ્થાનો યોગ, તથા વર્ષાઋતુ એ પ્રમાણે અનુકૂળ સંયોગો હોવા છતાં કામદેવને જેણે લીલામાત્રથી જીતી લીધો, એવા યુવતિજનને પ્રતિબોધ પમાડનાર શ્રીસ્થૂલિભદ્ર મહામુનિને નમસ્કાર થાઓ. ।।૧૨।।

वृतिश्चेत्खादति क्षेत्रं चेन्निहन्ति पिता सुतम् ।
जलं चेज्ज्वालयत्यङ्गं दीपः किरति चेत्तमः ।।१३।।

જો વાડ પોતે જ ખેતરને ગળી જવા તત્પર થાય, પિતા પોતે જ પોતાના પુત્રનો ઘાત કરવા તૈયાર થાય, પાણી જો અંગને બાળે અને દીપક જો અંધકારને ફેંકે તો ક્યાં પોકાર કરવો? ॥૧૩॥

**वरं बुभुक्षासहनं गहनं सेवितं वनम् ।**
**न तृप्तिरपि दुःकर्म-प्रभवैर्विभवैः पुनः ॥१४॥**

ક્ષુધા સહન કરવી અથવા તો ભયંકર વનમાં જઇને વસવું તે સારું છે, પરંતુ દુષ્કર્મથી પેદા થતા વૈભવથી તૃપ્તિ કરવી તે સારી નથી.॥૧૪॥

**वायुना यत्र नीयन्ते कुञ्जराः षष्ठिहायनाः ।**
**गावस्तत्र न गण्यन्ते मशकस्य च का कथा ॥१५॥**

જ્યાં સાઈઠ વરસના હાથીઓને વાયુ ઘસડી જાય છે અને ગાયોની જ્યાં ગણના જ નથી, ત્યાં મશકં(મચ્છર)ની તો વાત જ શી કરવી ?॥૧૫॥

**वने रतिर्विरक्तानां रक्तानां च जने रतिः ।**
**अनवस्थितचित्तानां न वने न जने रतिः ॥१६॥**

વિરક્તજનોને વનમાં આનંદ મળે છે અને સંસારીજનોને માણસોમાં આનંદ ઉપજે છે, પણ જેઓ અનવસ્થિત મનવાળા છે, તેઓ તો વનમાં કે જનમાં ક્યાંય પણ આનંદ પામી શકતા નથી. ॥૧૬॥

**वृश्चिके मान्त्रिका भग्नाः क्षये भग्ना भिषग्वराः ।**
**स्वभावे तार्किका भग्नाः स्त्रीषु भग्नं जगत्त्रयम् ॥१७॥**

માંત્રિકો વીંછીના વેણ ઉતારતાં થાક્યા, વૈદ્યો ક્ષયરોગનો પ્રતીકાર કરતાં કરતાં ભાંગ્યા અને તાર્કિકજનો સ્વાભાવિક પદાર્થને સિદ્ધ કરતાં થાક્યા જ્યારે સ્ત્રીઓમાં તો ત્રણે જગત ભગ્ન થયું. ॥૧૭॥

**विग्रहमिच्छन्ति भटा वैद्याश्च व्याधिपीडितं लोकम्।**
**मृतकबहुलं च विप्राः क्षेमकसुभिक्षं च निर्ग्रन्थाः ॥१८॥**

સુભટજનો લડાઇને ઇચ્છે છે, વૈદ્યો વ્યાધિથી પીડાતા લોકોને ઇચ્છે છે,

બ્રાહ્મણો ઘણાના મરણને ઇચ્છે છે અને નિર્ગ્રંથો સુભિક્ષ(સુકાળ) અને કુશળને ઇચ્છે છે. ॥૧૮॥

**वैद्यो हि नीरुजं दत्ते गीः प्रज्ञां भूपतिर्धनम् ।**
**त्वमेकः सर्वकार्येषु प्रभुः केनोपमीयसे ॥१९॥**

વૈદ્ય કદાચ પ્રસન્ન થાય તો તે આરોગ્ય આપે છે, વાણી(સરસ્વતી) પ્રજ્ઞા(બુદ્ધિ)ને આપે છે, અને રાજા સંતુષ્ટ થાય તો ધન આપે છે, પણ હે નાથ! આપ એકલા સર્વ કાર્યોમાં સમર્થ છો, એટલે આપને કોઇની સાથે ઉપમા આપવી ઘટતી નથી. ॥૧૯॥

**विषवल्ली विनाशाय प्रायः पार्श्वे निषेदुषाम् ।**
**भवद्वयविनाशाय ध्यातमात्रा अपि स्त्रियः ॥२०॥**

વિષલતા જેમ પાસે બેસનારાઓનો પ્રાયઃ વિનાશ કરે છે, તેમ સ્ત્રીઓનું ચિંતનમાત્ર કરતાં તે બંને ભવોનો નાશ કરે છે. ॥૨૦॥

**विद्यमानापि विद्या चेद्दुःखिनां नोपयुज्यते ।**
**समानेऽनुपकारित्वे तत्ते मे च किमन्तरम् ॥२१॥**

વિદ્યા હોવા છતાં તે જો દુઃખીજનોના ઉપયોગમાં ન આવે તો તે અનુપકારિત્વ(ઉપકારાભાવ) સમાન હોવાથી તારામાં અને મારામાં અંતર શું છે? ॥૨૧॥

**व्याजे स्याद् द्विगुणं वित्तं व्यवसाये चतुर्गुणम् ।**
**कृषौ दशगुणं प्रोक्तं पात्रेऽनन्तगुणं भवेत् ॥२२॥**

વ્યાજમાં ધન બમણું થાય છે, વ્યાપારમાં ચારગણું થાય, ખેતીમાં દશગણું થાય અને સુપાત્રે અનંતગણુ થાય એમ કહેવામાં આવેલ છે. ॥૨૨॥

**विहाय पौरुषं यो हि दैवमेवावलम्बते ।**
**प्रासादसिंहवत्तस्य मूर्ध्नि तिष्ठन्ति वायसाः ॥२३॥**

જે લોકો પૌરુષ(પુરુષાર્થ)નો ત્યાગ કરીને માત્ર દૈવનું જ આલંબન

લેવા જાય છે, પ્રાસાદના શિખર પર જેમ સિંહ રહે છે તેમ તેમના મસ્તક પર કાગડા બેસે છે. ॥૨૩॥

**व्याधितस्यार्थहीनस्य देशान्तरगतस्य च ।**
**नरस्य शोकदग्धस्य सुहृद्दर्शनमौषधम् ॥२४॥**

વ્યાધિગ્રસ્ત, ધનહીન, દેશાંતર ગયેલ અને શોકદગ્ધ-એવા પુરુષને મિત્રનું દર્શન-તે ઔષધરૂપ છે. ॥૨૪॥

**वरं वनं व्याघ्रगजेन्द्रसेवितं द्रुमालयः पक्वफलाम्बुभोजनम्।**
**तृणानि शय्या परिधानवल्कलं न बन्धुमध्ये धनहीनजीवितम्॥२५॥**

વ્યાઘ્ર અને ગજેંદ્રોથી સેવિત એવા વનમાં વાસ કરવો તે સારું છે, વૃક્ષોમાં ઘર કરી રહેવું સારું, પાકા ફળ અને જંગલના જળનું ભોજન કરવું-તે સારું, તણખલાની શય્યામાં શયન કરવું સારું અને વલ્કલના વસ્ત્રો પહેરવાં સારાં પણ પોતાના બંધુઓમાં ધનહીન થઈને રહેવું તે સારું નહિ. ॥૨૫॥

**विद्या विवादाय धनं मदाय शक्तिः परेषां परपीडनाय।**
**खलस्य साधोर्विपरीतमेतद् ज्ञानाय दानाय च रक्षणाय॥२६॥**

દુર્જનપુરુષ પોતાની વિદ્યાનો વિવાદમાં ઉપયોગ કરે છે, ધન પ્રાપ્ત થતાં મદોન્મત્ત બને છે અને શક્તિ મળતાં તે બીજાઓને સતાવે છે, જ્યારે સત્પુરુષ વિદ્યાને જ્ઞાનમાં વાપરે છે, ધનને દાનમાં અને શક્તિને પરના રક્ષણમાં વાપરે છે-એમ બંનેમાં વિપરીતતા રહેલ છે. ॥૨૬॥

**विरला जानन्ति गुणान् विरलाः कुर्वन्ति निर्धने स्नेहम्।**
**विरलाः परकार्यरताः परदुःखेनातिदुःखिता विरलाः॥२७॥**

જગતમાં ગુણોને જાણનારા પુરુષો વિરલા હોય છે, નિર્ધન પર સ્નેહ કરનારા વિરલા હોય છે, પરકાર્ય કરનારા વિરલા હોય છે, અને પરદુ:ખથી દુ:ખિત થનારા તો વિરલા જ હોય છે. ॥૨૭॥

वृक्षेषु कल्पविटपी मनुजेषु चक्री,
शैलेषु काञ्चनगिरिस्त्रिदशेषु शक्रः ।
सञ्जीवनेषु जलदः सुभगेषु लक्ष्मीः;
कृत्येषु धर्ममयकृत्यमपि प्रधानम् ॥२८॥

વૃક્ષોમાં જેમ કલ્પવૃક્ષ, માણસોમાં જેમ ચક્રવર્તી, પર્વતોમાં જેમ મેરુપર્વત, દેવતાઓમાં જેમ ઇંદ્ર, સંજીવનોમાં જેમ મેઘ અને સુભગ(ભાગ્યવંત)જનોમાં જેમ લક્ષ્મી-તેમ સર્વ કૃત્યોમાં ધર્મકૃત્ય સર્વોત્કૃષ્ટ છે. ॥૨૮॥

व्याकुलेनापि मनसा धर्मः कार्यो निरन्तरम् ।
मेढीबद्धोऽपि हि भ्राम्यन् घासग्रासं करोति गौः ॥२९॥

વ્યાકુલ મનથી પણ ધર્મ તો નિરંતર કરવો જ, કારણકે ખીલે બાંધેલ બળદ પણ ફરતો ફરતો તે ઘાસચારો ચર્યા કરે છે. ॥૨૯॥

विशिष्टकुलजातोऽपि यः खलः खल एव सः ।
चन्दनादपि सम्भूतो दहत्येव हुताशनः ॥३०॥

વિશિષ્ટ કુળમાં જન્મ પામ્યા છતાં જે દુર્જન છે તે તો દુર્જન જ રહેવાનો, કારણકે ચંદનથી ઉત્પન્ન થયેલ અગ્નિ પણ બાળે તો છે જ. ॥૩૦॥

वासो बहूनां कलहो वार्त्ता चैव द्वयोरपि ।
एक एव चरेद्योगी कुमार्या इव कङ्कणम् ॥३१॥

ઘણાજનોનો એકીસાથે નિવાસ-તે કલહરૂપ છે, જ્યાં બે હોય ત્યાં વાતો થાય, માટે કુમારીના કંકણની જેમ યોગીએ એકલા જ રહેવું વધારે સારું છે. ॥૩૧॥

व्यादीर्घेण चलेन वक्रगतिना तेजस्विना भोगिना,
नीलाब्जद्युतिनाहिना वरमहं दष्टो न तच्चक्षुषा ।
दृष्टः सन्ति चिकित्सका दिशि दिशि प्रायेण धर्मार्थिनो;

**मुग्धाक्षीक्षणवीक्षितस्य न हि मे मन्त्रो नवाप्यौषधम् ।।३२ ।।**

લાંબો, ચલાયમાન, વાંકી ગતિથી ચાલનાર, તેજસ્વી અને નીલકમળ સમાન શ્યામ એવો કદાચ સર્પ મને દંશે તો ઠીક, પણ સ્ત્રીની નજર મારા પર ન પડે તો સારું, કારણકે સર્પના વૈદ્યો તો ચારે દિશામાં ધર્મની ખાતર મને મળી શકશે, પરંતુ પેલી મુગ્ધાક્ષીના લોચનનો જો વિકાર લાગ્યો, તો તેથી બચાવનાર મને મંત્ર કે ઔષધ ક્યાં મળનાર નથી.।।૩૨।।

**वरं प्राणपरित्यागो न तु व्रतस्य खण्डनम् ।**

**प्राणत्यागे क्षणं दुःखं नरकं व्रतखण्डने ।।३३ ।।**

પ્રાણનો ત્યાગ કરી દેવો તે સારું છે પણ વ્રતનો ભંગ કરવો તે સારું નહિ, કારણકે પ્રાણનો ત્યાગ કરતાં માત્ર એક ક્ષણવાર દુઃખ થાય છે અને વ્રતનો ભંગ કરતાં નરકનું દુઃખ ભોગવવું પડે છે.।।૩૩।।

**वरं प्रज्वलिते वह्ना-वह्नाय निहितं वपुः ।**

**न पुनर्गुणसम्पन्ने कृतः स्वल्पोऽपि मत्सरः ।।३४ ।।**

પ્રજ્વલિત અગ્નિમાં શરીરને તરત ઝંપલાવી દેવું તે સારું છે. પણ ગુણસંપન્ન પુરુષનો લેશ પણ મત્સર કરવો, તે સારું નથી. ।।૩૪।।

**वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः शुष्कं सरः सारसा,**

**निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका भ्रष्टं नृपं मन्त्रिणः।**

**पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा दग्धं वनान्तं मृगाः;**

**सर्वे कार्यवशाज्जनोऽभिरमते तत्कस्य को वल्लभः ।।३५ ।।**

વૃક્ષને ફળહીન જોઇને પક્ષીઓ તેનો ત્યાગ કરે છે, શુષ્ક સરોવરને જોઈને હંસો તેનો ત્યાગ કરે છે, દ્રવ્યહીન પુરુષનો ગણિકાઓ તથા ભ્રષ્ટ રાજાનો મંત્રીઓ ત્યાગ કરે છે, ગંધ વિનાના પુષ્પનો મધુકરો અને દગ્ધ વનનો મૃગલાઓ- ત્યાગ કરે છે. અહો! ખરેખર બધા લોકો પોતાના સ્વાર્થને લીધે જ પાસે આવે છે, તેથી એમ જણાય છે કે કોઇ કોઇને વલ્લભ નથી. ।।૩૫।।

वस्त्रहीनस्त्वलङ्कारो घृतहीनं च भोजनम् ।
स्तनहीना च या नारी विद्याहीनं च जीवनम् ।।३६।।

વસ્ત્રહીન અલંકાર, ઘી વિનાનું ભોજન, સ્તન વિનાની સ્ત્રી અને વિદ્યા વિનાનું જીવન ખરેખર! વૃથા છે. ॥૩૬॥

विद्या शस्त्रं च शास्त्रं च द्वे विद्ये प्रतिपत्तये ।
आद्या हास्याय वृद्धत्वे द्वितीयाद्रियते सदा ।।३७।।

શસ્ત્રવિદ્યા અને શાસ્ત્રવિદ્યા એ બે વિદ્યા જગતમાં વધારે ઉપયોગની છે, તેમાં શસ્ત્રવિદ્યા તો વૃદ્ધાવસ્થામાં હાંસી કરાવે છે જ અને શાસ્ત્રવિદ્યા સદા ઉપયોગમાં આવે છે. ॥૩૭॥

वित्तेन किं वितरणं यदि नास्ति दीने,
किं सेवया यदि परोपकृतौ न यत्नः ।
किं सङ्गमेन तनयो यदि नेक्षणीयः,
किं यौवनेन विरहो यदि वल्लभायाः ।।३८।।

જો દીનજનોને દાન આપવામાં ન આવે તેવા ધનથી શું? જો પરોપકારમાં પ્રયત્ન કરવામાં ન આવે તો સેવાથી શું? જો દર્શનીય(દેખાવડો)પુત્ર ન થાય તો સ્ત્રીસંગથી શુ? અને જો વ્હાલીનો વિરહ હોય તો તેવા યૌવનથી શું? ॥૩૮॥

विद्यातीर्थे जगति विबुधाः साधवः सत्यतीर्थे,
गंगातीर्थे मलिनमनसो योगिनो ध्यानतीर्थे ।
धारातीर्थे धरणिपतयो दानतीर्थे धनाढया;
लज्जातीर्थे कुलयुवतयः पातकं क्षालयन्ति ।।३९।।

જગતમાં સુજ્ઞજનો વિદ્યારૂપ તીર્થમાં પોતાના પાતકને ધુએ છે, સાધુઓ સત્ય-તીર્થમાં, મલિનમનવાળા ગંગા-તીર્થમાં, યોગીઓ ધ્યાન-તીર્થમાં, રાજાઓ ધારા-તીર્થમાં, ધનવંતો દાન-તીર્થમાં, અને કુલીન કાંતાઓ લજ્જા-તીર્થમાં પોતાના પાતકને પ્રક્ષાલે છે. ॥૩૯॥

**विद्यार्थी च धनार्थी च स्त्रियोऽर्थी च विशेषतः ।**
**अलसा न भवन्त्येते तथैवं कौतुकप्रियाः ।।४०।।**

વિદ્યાર્થી, ધનાર્થી, કૌતુકાર્થી અને વિશેષથી સ્ત્રીનો અર્થી-એટલા પ્રકારના પુરુષો આળસુ હોતા નથી. ।।૪૦।।

**विषस्य विषयस्यैव दृश्यते महदन्तरम् ।**
**उपभुक्तं विषं हन्ति विषयः स्मरणादपि ।।४१।।**

વિષ અને વિષયમાં બહુ જ મોટું અંતર જોવામાં આવે છે, કારણકે વિષ તો ઉપભોગથી મારે છે અને વિષય તો સ્મરણમાત્રથી પણ મારે છે. ।।૪૧।।

**विदुषां च कुलीनानां धनिनां धर्मिणामपि ।**
**ततस्तद्विपरीतानां प्रीतिः सादृश्यतो भवेत् ।।४२।।**

વિદ્વાનો, કુલીનજનો, ધનવંતો, ધર્મીજનો અને તેમનાથી વિપરીત એટલે મૂર્ખ, અકુલીન વિગેરે-એમની પરસ્પર પ્રીતિ સમાનતાથી થાય છે. ।।૪૨।।

**वने रणे शत्रुजलाग्निमध्ये महार्णवे पर्वतमस्तके वा ।**
**सुप्तं प्रमत्तं विषमस्थितं वा रक्षन्ति पुण्यानि पुराकृतानि ।।४३।।**

વનમાં, રણસંગ્રામમાં, શત્રુ, જળ કે અગ્નિના મધ્યભાગમાં, મહાસાગરમાં અથવા તો પર્વતના મસ્તકપર પ્રાણી સુતેલ હોય, પ્રમત્ત કે બુરી અવસ્થામાં પડેલ હોય, છતાં પૂર્વે કરેલ પુણ્યો તેની રક્ષા કરે છે. ।।૪૩।।

**वैरूप्यं व्याजपिण्डः स्वजनपरिभवः कार्यकालानिपातो,**
**विद्वेषो ज्ञाननाशः स्मृतिमतिहरणं विप्रयोगश्च सद्भिः ।**
**पारुष्यं तीर्थसेवा कुलगुरुचलना धर्मकामार्थहानिः;**
**कष्टं भो षोडशैते निरुपचयकरा मद्यपानस्य दोषाः ।।४४।।**

વિરુપતા, કપટભાવ, સ્વજનથી પરિભવ, કાર્યકાલની ભ્રષ્ટતા, વિદ્વેષ, જ્ઞાનનો નાશ, સ્મરણ અને મતિનો ભ્રંશ, સંતજનો સાથે વિયોગ, કઠોરતા, તીર્થસેવા તથા કુલગુરુથી વિમુખતા, તથા ધર્મ, કામ અને અર્થની હાનિ, અહો! બહુ ખેદની વાત છે કે મદ્યપાનથી થતા આ સોળ પ્રકારના દૂષણો છે. ॥૪૪॥

**वनेऽपि सिंहा मृगमांसभक्षिणो बुभुक्षिता नैव तृणं चरन्ति।**
**एवं कुलीना व्यसनाभिभूता न नीचकर्माणि समाचरन्ति ॥४५॥**

મૃગના માંસનું ભક્ષણ કરનારા સિંહો ક્ષુધાતુર થતાં વનમાં તેઓ કદાપિ ઘાસનું ભક્ષણ કરતા નથી. તેમ કુલીનજનો સંકટમાં આવ્યા છતાં તેઓ કદાપિ નીચ કર્મો કરતા નથી. ॥૪૫॥

**व्यापारान्तरमुत्सृज्य वीक्षमाणो वधूमुखम् ।**
**यो गृहेष्वेव निद्राति दरिद्राति स दुर्मतिः ॥४६॥**

જે અન્ય પ્રવૃત્તિનો ત્યાગ કરી માત્ર પોતાની સ્ત્રીના મુખને જોતાં જોતાં ઘરમાં જ આળસુ થઇને પડયો રહે છે, તે દુર્મતિ તરતમાં દરિદ્ર થઈ જાય છે. ॥૪૬॥

**विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम् ।**
**नहि वन्ध्या विजानाति गुर्वीप्रसववेदनाम् ॥४७॥**

વિદ્વાનોના પરિશ્રમને તો જે વિદ્વાન હોય તે જ જાણી શકે છે. વંધ્યા સ્ત્રી કાંઈ સગર્ભા સ્ત્રીના પ્રસવની વેદનાને જાણતી નથી. ॥૪૭॥

**वह्निस्तस्य जलायते जलनिधिः कुल्यायते तत्क्षणान्,**
**मेरुः स्वल्पशिलायते मृगपतिः सद्यः कुरङ्गायते ।**
**व्यालो माल्यगुणायते विषरसः पीयूषवर्षायते;**
**यस्याङ्गेऽखिललोकवल्लभतमं शीलं समुन्मीलति ॥४८॥**

સમસ્ત લોકોને વલ્લભ એવું શીયળ જેના શરીરમાં ઉલ્લાસમાન છે

તેને અગ્નિ જળસમાન ભાસે છે, સમુદ્ર એક નીક સમાન લાગે છે, મેરુપર્વત એક નાની શિલાસમાન લાગે છે, સિંહ ગરીબ હરિણ સમાન ભાસે છે, ભયંકર સર્પ પુષ્પમાળા સમાન લાગે છે, અને વિષ તેને અમૃતની ધારા સમાન લાગે છે. ॥૪૮॥

**वृक्षाग्रवासी न च पक्षिराजस्त्रिनेत्रधारी न च शूलपाणिः ।**
**त्वग्वस्त्रधारी न च सिद्धयोगी जलं च बिभ्रन्न घटो न मेघः ॥४९॥**

જે વૃક્ષના અગ્રભાગ પર રહેનાર છતાં પક્ષિરાજ નથી, ત્રણ નેત્રવાળો છતાં(શંકર) નથી, વલ્કલવસ્ત્રને ધારણ કરનાર હોવા છતાં સિદ્ધયોગી નથી અને પાણીને ધારણ કરનાર હોવા છતાં ઘટ કે મેઘ નથી. ખરેખર! તે કોણ હશે. (જવાબઃ નાળીયેર) ॥૪૯॥

**वरं करीरो मरुमार्गवर्त्ती यः पान्थसार्थं कुरुते कृतार्थम् ।**
**कल्पद्रुमैः किं कनकाचलस्थैः परोपकारप्रतिलम्भदुःस्थैः ॥५०॥**

મારવાડની ભૂમિમાં રહેલ કેરડાનું વૃક્ષ સારું કે જે મુસાફરોને કૃતાર્થ કરે છે, પરંતુ મેરુપર્વત પર આવેલ કલ્પવૃક્ષોથી શું? કે જેઓ કંઈ પણ પરોપકાર કરતા નથી. ॥૫૦॥

**वरं पर्वतदुर्गेषु भ्रान्तं वनचरैः सह ।**
**न मूर्खजनसंसर्गः सुरेन्द्रभवनेष्वपि ॥५१॥**

ભયંકર પર્વતો અને વનોમાં જંગલી પ્રાણીઓ સાથે ભ્રમણ કરવું તે સારું છે, પણ ઇંદ્ર મહારાજના ભવનમાં પણ મૂર્ખજન સાથે સંસર્ગ કરવો-તે સારું નથી. ॥૫૧॥

**विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं,**
**विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणां गुरुः ।**
**विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतं;**
**विद्या राजसु पूजिता न हि धनं विद्याविहीनः पशुः ॥५२॥**

વિદ્યા-એ પુરુષનું અધિક રૂપ છે, તે પ્રચ્છન્ન અને ગુપ્ત ધન છે, વિદ્યા-ભોગ, યશ અને સુખને આપનાર છે, તે ગુરુની પણ ગુરુ છે, પરદેશગમનમાં તે બંધુજનોની ગરજ સારે છે, વિદ્યા-એ પરમ દૈવત છે, ધન નહિ પણ વિદ્યા- રાજાઓમાં પણ પૂજાય છે, માટે જે વિદ્યાહીન છે, તે સાક્ષાત્ પશુસમાન છે. ।।૫૨।।

**विद्वत्त्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।**
**स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ।।५३।।**

વિદ્વાનપણું અને રાજાપણું-એ કદાપિ સમાન તો ગણી શકાય જ નહિ, કારણ કે રાજા પોતાના દેશમાં જ માત્ર પૂજાય છે, અને વિદ્વાન્ સર્વત્ર પૂજાય છે. ।।૫૩।।

**वपुः पवित्रीकुरु तीर्थयात्रया चित्तं पवित्रीकुरु धर्मवाञ्छया।**
**वित्तं पवित्रीकुरु पात्रदानतः कुलं पवित्रीकुरु सच्चरित्रतः ।।५४।।**

હે ભદ્ર! તું તીર્થયાત્રાથી તારા દેહને પાવન કર, ધર્મની વાંછનાથી તારા ચિત્તને પવિત્ર કર, સુપાત્રદાનથી તારા ધનને પવિત્ર કર અને સદાચારથી તારા કુળને પવિત્ર કર. ।।૫૪।।

**वृद्धस्य मृतभार्यस्य पुत्राधीनधनस्य च ।**
**स्नुषावचनदग्धस्य जीवितान्मरणं वरम् ।।५५।।**

વૃદ્ધ, જેની સ્ત્રી મરણ પામેલ છે, જેનું ધન પુત્રાધીન છે અને જે સ્ત્રીના વચનથી દગ્ધ થયેલ છે-તેવા પુરુષને જીવવા કરતાં મરવું તે વધારે સારું છે. ।।૫૫।।

**विश्वासायतनं विपत्तिदलनं देवैः कृताराधनं,**
**मुक्तेः पथ्यदनं जलाग्निशमनं व्याघ्रोरगस्तम्भनम् ।**
**श्रेयः संवननं समृद्धिजननं सौजन्यसञ्जीवनं;**
**कीर्त्तेः केलिवनं प्रभाववभवनं सत्यं वचः पावनम् ।।५६।।**

પવિત્ર એવું સત્યવચન તે વિશ્વાસના સ્થાનરૂપ છે, વિપત્તિને તે દળનાર છે, દેવોને તે આરાધવા લાયક છે, મુક્તિમાર્ગમાં તે એક ભાતારૂપ છે, જળ અને અગ્નિના ઉપદ્રવને તે દૂર કરનાર છે, વાઘ અને સર્પને તે સ્તંભનાર છે કલ્યાણ તથા સમૃદ્ધિને તે ઉત્પન્ન કરનાર છે, સૌજન્યના તે જીવનરૂપ છે, કીર્તિના કેલિવન સમાન અને પ્રભાવના તે ભવનરૂપ છે. ॥૫૬॥

**वन्द्यते यदवन्द्योऽपि यदपूज्योऽपि पूज्यते ।**
**गम्यते यदगम्योऽपि स प्रभावो धनस्य तु ॥५७॥**

અવંદ્ય પણ વંદાય, અપૂજ્ય પણ પૂજાય અને અગમ્ય પણ ગમ્ય થાય-તે માત્ર ધનનો જ પ્રભાવ સમજવો. ॥૫૭॥

**वरं रेणुर्वरं भस्म नष्टश्रीर्न पुनर्नरः ।**
**मुक्त्वैनं दृश्यते पूजा क्वापि पर्वणि पूर्वयोः ॥५८॥**

રજ અને ભસ્મ સારાં, પરંતુ ધનહીન પુરુષ સારો નહિ, રજ અને ભસ્મ તો કોઈ પર્વના દિવસે ય પૂજાય છે, પણ ધનહીન તો નકામો જ છે. ॥૫૮॥

**वेश्यासौ मदनज्वाला रूपेन्धनसमन्विता ।**
**कामिभिर्यत्र हूयन्ते यौवनानि धनानि च ॥५९॥**

વેશ્યા-એ મદનની જ્વાલા છે, તથા તે રૂપ-ઇંધનથી યુક્ત છે, જ્યાં કામીજનો બિચારા પોતાના યૌવન અને ધનને હોમ્યા કરે છે. ॥૫૯॥

**विषयगणः कापुरुषं करोति वशवर्त्तिनं न सत्पुरुषम् ।**
**बध्नाति मशकमेव लूतातन्तुर्न मातङ्गम् ॥६०॥**

વિષયો માત્ર કાયર પુરુષોને જ વશ કરે છે, પરંતુ સત્પુરુષને તે વશ કરી શકતા નથી, કારણકે કરોળીયાના તંતુ મચ્છરને બાંધી શકે છે, પણ માતંગ(હસ્તી)ને તે બાંધી શકતા નથી. ॥૬૦॥

**वैद्यराज ! नमस्तुभ्यं यमराजसहोदर ।**

यमस्तु हरति प्राणान् वैद्यः प्राणान् धनानि च ॥६१॥

હે વૈદ્યરાજ! તને નમસ્કાર છે. ખરેખર! તું યમરાજનો ભાઈ લાગે છે. યમ તો માત્ર પ્રાણોને જ હરે છે અને વૈદ્ય તો પ્રાણ અને ધન- બંનેનુ હરણ કરે છે. ॥૬૧॥

वैरवैश्वानरव्याधि-वादव्यसनलक्षणाः ।
महानर्थाय जायन्ते वकाराः पञ्च वर्धिताः ॥६२॥

વૈર, અગ્નિ, વ્યાધિ, વાદ અને વ્યસન-એ પાંચ વકાર વધારવામાં આવે-તો તે મહા અનર્થકારી થાય છે. ॥૬૨॥

वक्रत्वेन यथा लोके गौरवं नार्जवे तथा ।
द्वितीयायां शशी वन्द्यः पूर्णिमायां यतो न हि ॥६३॥

વક્રપણાથી લોકોમાં જેવું ગૌરવ પ્રાપ્ત થાય છે, તેવું સરલતામાં ગૌરવ નથી. જુઓ, બીજનો ચંદ્ર વંદનીય ગણાય છે, તેમ પૂર્ણિમાનો ચંદ્ર વંદ્ય ગણાતો નથી. ॥૬૩॥

वरं कारागृहक्षिप्तो वरं देशान्तरभ्रमी ।
वरं नरकसञ्चारी न द्विभार्यः पुनः पुमान् ॥६४॥

કેદખાનામાં પડ્યા રહેવું-તે સારું, પરદેશમાં ભમવું તે પણ સારું અને નરકમાં સંચાર કરવો -તે સારું, પણ પુરુષે બે સ્ત્રી કરવી સારી નહિ. ॥૬૪॥

विपदि धैर्यमथाभ्युदये क्षमा सदसि वाक्पटुता युधि विक्रमः।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ प्रकृतिसिद्धमिदं हि महात्मनाम्
॥६५॥

વિપત્તિ આવે ત્યારે ધૈર્ય ધારણ કરવું, અભ્યુદયમાં ક્ષમા, સભામાં વાણીની પટુતા, રણસંગ્રામમાં પરાક્રમ, યશમાં અભિરુચિ, તથા શાસ્ત્રમાં વ્યસન-આ ગુણો મહાત્માઓમાં સ્વભાવથી જ સિદ્ધ હોય છે. ॥૬૫॥

विद्या नाम नरस्य कीर्त्तिरतुला भाग्यक्षये चाश्रयो,

धेनुः कामदुधा रतिश्च विरहे नेत्रं तृतीयं च सा ।
सत्कारायतनं कुलस्य महिमा रत्नैर्विना भूषणं;
तस्मादन्यमुपेक्ष्य सर्वविषयं विद्याधिकारं कुरु ।।६६।।

વિદ્યા એ પુરુષની અતુલ કીર્તિરૂપ છે, ભાગ્યનો ક્ષય થતાં તે આશ્રયરૂપ છે, તે કામધેનુ સમાન છે, વિરહમાં તે રતિરૂપ છે, તે તૃતીય નેત્ર સમાન છે, તે સત્કારના સ્થાનરૂપ છે, પોતાના કુળના તે મહિમારૂપ છે, અને રત્ન વિના તે ભૂષણરૂપ છે-માટે હે મિત્ર! અન્ય સર્વ બાબતની ઉપેક્ષા કરીને માત્ર વિદ્યાની જ ઉપાસના કર.।।૬૬।।

वेश्यानामिव विद्यानां मुखं कैः कैर्न चुम्बितम् ।
हृदयग्राहिणस्तासां द्वित्राः सन्ति न सन्ति वा ।।६७।।

વેશ્યાઓની જેમ વિદ્યાઓના મુખનું પણ કોણે કોણે ચુંબન કરેલ નથી? પરંતુ તેને હૃદયથી ગ્રહણ કરનારા તો માત્ર બે ત્રણ જ હશે, અથવા તો તે પણ નહિ હોય. ।।૬૭।।

विदुषां वदनाद्वाचः सहसा यान्ति नो बहिः ।
याताश्चेन्न पराञ्चन्ति द्विरदानां रदा इव ।।६८।।

વિદ્વાનજનોના મુખથી વિચાર વિના વાણી બહાર નીકળતી નથી અને બહાર નીકળ્યા પછી તે હાથીઓના દાંતની જેમ પાછી ફરતી નથી. ।।૬૮।।

विद्या विनयोपेता हरति न चेतांसि कस्य मनुजस्य ।
काञ्चनमणिसंयोगो नो जनयति कस्य लोचनानन्दम् ।।६९।।

વિનયયુક્ત વિદ્યા કયા મનુષ્યના મનનું હરણ કરતી નથી? કારણકે કાંચન અને મણિનો સંયોગ કોના લોચનને આનંદ ન પમાડે? ।।૬૯।।

वरं दरिद्रः श्रुतिशास्त्रपारगो न चापि मूर्खो बहुरत्नसंयुतः ।
सुलोचना जीर्णपटाऽपि शोभते न नेत्रहीना कनकैरलङ्कृता
।।७०।।

દરિદ્ર છતાં જો શાસ્ત્રનો પારંગત હોય તો તે સારો પરંતુ બહુ ધનયુક્ત મૂર્ખ સારો નહિ. સારા લોચનવાળી સ્ત્રી જીર્ણવસ્ત્રથી પણ શોભે છે પરંતુ તે નેત્રહીન હોય અને આભૂષણોથી અલંકૃત કરવામાં આવેલ હોય છતાં તે શોભતી નથી. ॥૭૦॥

**व्यालं बालमृणालतन्तुभिरसौ रोद्धुं समुज्जृम्भते,**
**छेत्तुं वज्रमणीञ्शिरीषकुसुमप्रान्तेन सन्नह्यते ।**
**माधुर्यं मधुबिन्दुना रचयितुं क्षाराम्बुधेरीहते;**
**नेतुं वाञ्छति यः खलान् पथि सतां सूक्तैः सुधास्यन्दिभिः ।।७१।।**

જે પુરુષ અમૃત સમાન મધુર વચનોથી ખલપુરુષોને સન્માર્ગે લાવવાનો પ્રયત્ન કરે છે, તે કોમળ મૃણાલ(તંતુ)થી મદોન્મત્ત હાથીને બાંધવાની કોશિશ કરે છે, કુસુમના કોમળપત્રથી વજ્રમણિને ભેદવાનો પ્રયત્ન કરે છે અને તે એક મધના બિંદુથી લવણસમુદ્રને મધુર કરવા જેવું કરે છે. ॥૭૧॥

**विकृतिं नैव गच्छन्ति सङ्गदोषेण साधवः ।**
**आवेष्टितं महासर्पै-श्चन्दनं न विषायते ।।७२।।**

સાધુજનો સંગના દોષથી વિકાર પામતા નથી. જુઓ, ચંદન મહાસર્પોથી વીંટાયેલ છતાં તે કાંઇ વિષમય બની જતું નથી. ॥૭૨॥

**वित्ते त्यागः क्षमा शक्तौ दुःखे दैन्यविहीनता ।**
**निर्दम्भता सदाचारे स्वभावोऽयं महात्मनाम् ।।७३।।**

ધન છતાં દાન આપવું, શક્તિમાં ક્ષમા, દુ:ખમાં પ્રસન્નતા અને સદાચારમાં નિષ્કપટતા -એ મહાત્માઓનો સ્વભાવ જ છે. ॥૭૩॥

**वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः ।**
**करणं परोपकरणं येषां केषां न ते वन्द्याः ।।७४।।**

જેમનું મુખ સદા પ્રસન્ન છે, હૃદય દયામય છે અને જેમની વાણીમાંથી

સદા અમૃત ઝરે છે તથા જેમના કાર્યો માત્ર પરોપકારની ખાતર જ છે, તે કોને વંદનીય ન હોઈ શકે? ॥૭૪॥

**विषमगता अपि न बुधाः परिभवमिश्रां श्रियं हि वाञ्छन्ति।**
**न पिबन्ति भौममम्भः सरजसमिति चातका एते ॥७५॥**

બુધજનો સંકટમાં આવ્યા છતાં પરાભવ મિશ્ર લક્ષ્મીને ઇચ્છતા નથી, કારણકે ચાતકો તરસ્યા છતાં રજસહિત એવું ભૂમિનું પાણી પીતા નથી. ॥૭૫॥

**व्रते विवादं विमतिं विवेके सत्येऽतिशङ्कां विनये विकारम्।**
**गुणेऽवमानं कुशले निषेधं धर्मे विरोधं न करोति साधुः ॥७६॥**

સાધુપુરુષ વ્રતમાં વિવાદ, વિવેકમાં વિકળતા, સત્યમાં શંકા, વિનયમાં વિકાર, ગુણમાં અવજ્ઞા, શુભમાં નિષેધ અને ધર્મમાં વિરોધ કરતા નથી. ॥૭૬॥

**वन्द्यः स पुंसां त्रिदशाभिनन्द्यः कारुण्यपुण्योपचयक्रियाभिः।**
**संसारसारत्वमुपैति यस्य परोपकाराभरणं शरीरम् ॥७७॥**

કારુણ્યરૂપ પુણ્યના સમૂહયુક્ત ક્રિયાઓથી જેનું શરીર પરોપકારરૂપ ભૂષણસહિત થઈને સંસારના સારપણાને પામ્યું છે, તે પુરષોને તેમજ દેવોને વંદનીય કેમ ન હોય? ॥૭૭॥

**वाञ्छा सज्जनसङ्गमे परगुणे प्रीतिर्गुरौ नम्रता**
**विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयम् ।**
**भक्तिः शूलिनि शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले-**
**ष्वेते येषु वसन्ति निर्मलगुणास्तेभ्यो नरेभ्यो नमः ॥७८॥**

જેઓ સત્સમાગમની સદા ઇચ્છા રાખે છે, પરગુણમાં પ્રેમ ધરાવે છે, ગુરુતરફ જેઓ વિનય દર્શાવે છે, વિદ્યામાં જેઓ સદા શોખીન છે, સ્વદારામાં જ જેઓ સંતોષી છે, લોકાપવાદથી જેઓ ભય રાખે

છે, ભગવંત પર જેઓ ભક્તિ ધરાવે છે, ઇંદ્રિયદમનમાં જેઓ શક્તિ ધરાવે છે અને જેઓ દુર્જનોના સંગથી સદા વિમુખ રહે છે, તથા જેઓ નિર્મળ ગુણોને ધારણ કરે છે તેવા નરરત્નોને નમસ્કાર છે. ॥૭૮॥

**वर्जनीयो मतिमता दुर्जनः सख्यवैरयोः ।**

**श्वा भवत्यपकाराय लिहन्नपि दशन्नपि ।।७९।।**

મતિમાન્ પુરુષે દુર્જન સાથે મિત્રાઈ અને વૈરભાવ પણ ન રાખવો, કારણકે શ્વાન ચાટે અથવા કરડે તો પણ તેથી અનર્થ જ થાય છે. ॥૭૯॥

**वृथा ज्वलितकोपाग्नेः परुषाक्षरवादिनः ।**

**दुर्जनस्यौषधं नास्ति किञ्चिदन्यदनुत्तरात् ।।८०।।**

ક્રોધાગ્નિને વૃથા પ્રજ્વલિત કરનાર તથા કઠોર વાક્ય બોલનાર એવા દુર્જનને અનુત્તર(જવાબ) ન આપવા શિવાય બીજું કંઇ ઔષધ નથી. ॥૮૦॥

**वरमत्यन्तविफलः सुखसेव्यो हि सज्जनः ।**

**न तु प्राणहरस्तीक्ष्णः शरवत् सफलः खलः ।।८१।।**

કંઈ પણ ફળ પ્રાપ્ત ન થાય છતાં સજ્જનપુરુષની સેવા કરવી તે સારી છે, પરંતુ તીક્ષ્ણ બાણની જેમ પ્રાણનું હરણ કરનાર એવા ખલ પુરુષની સેવા કરવી તે ફલસહિત હોય તો પણ તે ખરાબ છે.॥૮૧॥

**विद्यया विमलयाप्यलङ्कृतो दुर्जनः सदसि मास्तु कश्चन।**

**साक्षरा हि विपरीततां गताः केवलं जगति तेऽपि राक्षसाः ।।८२।।**

નિર્મળ વિદ્યાથી અલંકૃત છતાં કોઈ દુર્જન સભામાં દાખલ ન થજો. કારણકે સાક્ષર એ શબ્દને પલટાવતાં તે કેવળ જગતમાં રાક્ષસતરીકે વપરાય છે. ॥૮૨॥

**विद्वानुपालम्भमवाप्य दोषान्निवर्ततेऽसौ परितप्यते च ।**

ज्ञातस्तु दोषो मम सर्वथेति पापो जनः पापतरं करोति ।।८३।।

વિદ્વાન પુરુષ અવગણના પામીને તે પોતાના દોષથી નિવૃત્ત થાય છે એટલું જ નહિ પરંતુ તે દોષને માટે પશ્ચાત્તાપ કરે છે અને પાપી જન 'આ મારો દોષ સર્વથા જાણવામાં તો આવી ગયો છે જ' એમ ધારીને તે વધારે ને વધારે પાપમાં આસક્ત થાય છે. ॥૮૩॥

वन्द्यान् निन्दति दुःखितानुपहसत्याबाधते बान्धवाञ्-
छूरान्द्वेष्टि धनच्युतान् परिभवत्याज्ञापयत्याश्रितान्।
गुह्यानि प्रकटीकरोति घटयन्यत्नेन वैराशयं;
ब्रूते शीघ्रमवाच्यमुज्झति गुणान् गृह्णाति दोषान् खलः।।८४।।

ખલ પુરુષ વંદનીયજંનોની નિંદા કરે છે, દુઃખીજનો પર હસે છે, પોતાના બાંધવોને તે સતાવે છે, શૂર-બલવંતજનો પર દ્વેષ ધરે છે, નિર્ધનોને હેરાન કરે છે, આશ્રિતો પર હુકમ ચલાવે છે, ગુપ્ત વાતને પ્રગટ કરે છે, ખાસ પ્રયત્નપૂર્વક વૈરભાવને જાગ્રત કરે છે, તરત અકથ્ય(ન બોલવા લાયક) બોલે છે, ગુણોનો ત્યાગ કરે છે અને દોષોનો તે સ્વીકાર કરે છે. ॥૮૪॥

वरमसिधारा तरुतलवासो वरमिह भिक्षा वरमुपवासः ।
वरमपि घोरे नरके पतनं न च धनगर्वितबान्धवशरणम्
।।८५।।

તલવારની ધારનો ઝાટકો સારો, વૃક્ષતળે વાસ કરવો સારો, ભિક્ષા માગવી સારી, અથવા ઉપવાસ કરવો સારો અને છેવટે ઘોર નરકમાં પડવું સારું-પરંતુ ધનથી ગર્વિષ્ઠ થયેલા બાંધવોનું શરણ લેવું-તે સારું નથી. ॥૮૫॥

वाणी दरिद्रस्य शुभा हितापि ह्यर्थेन शब्देन च सम्प्रयुक्ता।
न शोभते वित्तवतां समीपे भेरीनिनादोपहतेव वीणा ।।८६।।

દરિદ્ર પુરુષની વાણી શુભ, હિતકારી તથા અર્થ શબ્દોથી વિભૂષિત છતાં તે ધનવંતોની પાસે આદરપાત્ર થતી નથી, કારણકે ભેરીના નાદ પાસે વીણાનો અવાજ શું કામ આવે? ॥૮૬॥

**वासश्चर्म विभूषणं शवशिरो भस्माङ्गलेपः सदा,**
**ह्येको गौः स च लाङ्गलाद्यकुशलः सम्पत्तिरेतादृशी ।**
**इत्यालोच्य विमुच्य शङ्करमगाद्रत्नाकरं जाह्नवी;**
**कष्टं निर्धनिकस्य जीवितमहोदारैरपि त्यज्यते ॥८७॥**

જેને માત્ર ચર્મરૂપ વસ્ત્ર છે, મુડદાંના મુંડ(મસ્તક) રૂપ જેને ભૂષણ છે, સદા ભસ્મરૂપ જેને અંગલેપ છે, જેને એક પોઠીઓ(બળદ) છે અને તે પણ હળ વિગેરેમાં કામ ન આવે તેવો છે, આવા પ્રકારની સંપત્તિ જોઈ વિચારી ગંગા શંકરનો ત્યાગ કરીને રત્નાકર પાસે ગઈ. અહો! નિર્ધનપુરુષનું જીવન ખરેખર અત્યંત કષ્ટરૂપ છે કે જે પોતાની સ્ત્રીથી પણ તજાય છે. ॥૮૭॥

**विना कार्येण ये मूढा गच्छन्ति परमन्दिरम् ।**
**अवश्यं लघुतां यान्ति कृष्णपक्षे यथा शशी ॥८८॥**

જે મૂર્ખજનો પ્રયોજન વિના અન્યના ઘરે જાય છે, તેઓ કૃષ્ણપક્ષના ચંદ્રમાની જેમ અવશ્યમેવ લઘુતાને પામે છે. ॥૮૮॥

**वाणी रसवती यस्य भार्या पुत्रवती सती ।**
**लक्ष्मीर्दानवती यस्य सफलं तस्य जीवितम् ॥८९॥**

જેની વાણી મીઠાશભરી છે, જેની સ્ત્રી સતી અને પુત્રવતી છે તથા જેની લક્ષ્મી-દાનયુક્ત છે તેનું જીવિત સફળ છે. ॥૮૯॥

**विद्या मित्रं प्रवासेषु भार्या मित्रं गृहेषु च ।**
**व्याधितस्यौषधं मित्रं धर्मो मित्रं मृतस्य च ॥९०॥**

પ્રવાસ(મુસાફરી)માં વિદ્યા મિત્રની ગરજ સારે છે, ઘરમાં સ્ત્રી-મિત્ર સમાન છે રોગીને ઔષધ મિત્ર સમાન છે અને પરલોકમાં ધર્મ મિત્ર

સમાન છે. ॥૯૦॥

**विश्वासप्रतिपन्नानां वञ्चने का विदग्धता ।**

**अङ्कमारुह्य सुप्तानां हन्तुः किं नाम पौरुषम् ।।९१।।**

જે પોતાને વિશ્વાસે રહેલા છે-તેમને છેતરવામાં કોઈ પ્રકારની ચાલાકીની જરૂર પડતી નથી, કારણકે જેઓ પોતાના ઉત્સંગ(ખોળા)માં સુતેલા છે, તેમનો ઘાત કરનાર શું શૂરવીર ગણાય? ॥૯૧॥

**वारिजेनेव सरसी शशिनेव निशीथिनी ।**

**यौवनेनेव वनिता नयेन श्रीर्मनोहरा ।।९२।।**

સરોવર કમળોથી શોભે છે, રાત્રિ ચંદ્રમાથી શોભે છે, સ્ત્રી યૌવન(લાવણ્ય)થી શોભે છે અને લક્ષ્મી ન્યાયથી અધિક શોભે છે. ॥૯૨॥

# श

**श्रीशान्तिनाथादपरो न दानी दशार्णभद्रादपरो न मानी ।**
**श्रीशालिभद्रादपरो न भोगी श्रीस्थूलिभद्रादपरो न योगी ।।१।।**

શ્રીશાંતિનાથ કરતા બીજો કોઈ દાતા નથી, શ્રીદશાર્ણભદ્ર સમાન કોઈ માની નથી, શ્રીશાલિભદ્ર સમાન કોઈ ભોગી નથી અને શ્રીસ્થૂલીભદ્ર સમાન કોઈ યોગી નથી. ।।૧।।

**श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः ।**
**परोपकारः पुण्याय पापाय परपीडनम् ।।२।।**

જે તત્ત્વ કોટી ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે તે હું તમને માત્ર અર્ધશ્લોકમાં કહી બતાવું છું, તે એ કે પરોપકાર કરવાથી પુણ્ય ઉપાર્જન થાય છે અને પરને દુ:ખ દેવાથી પાપ બંધાય છે. ।।૨।।

**शतं विहाय भोक्तव्यं सहस्रं स्नानमाचरेत् ।**
**लक्षं विहाय दातव्यं कोटिं त्यक्त्वा जिनं भजेत् ।।३।।**

સો કામ તજીને ભોજન કરી લેવું, હજાર કામ તજીને સ્નાન કરવું, લાખ કામ તજીને દાન આપવું અને કોટિ કામ તજીને અરિહંતની સેવા કરવી. ।।૩।।

**शतेषु जायते शूरः सहस्रेषु च पण्डितः ।**

वक्ता दशसहस्त्रेषु दाता भवति वा न वा ।।४।।

સેંકડો પુરુષોમાં એકાદ જ શૂરવીર થાય છે, હજારોમાં એકાદ પંડિત થાય છે, દશહજારમાં એકાદ વક્તા થાય છે અને દાતા તો થાય કે ન પણ થાય. ।।૪।।

शरदि न वर्षति गर्जति, वर्षति वर्षासु निःस्वनो मेघः ।
नीचो वदति न कुरुते; न वदति सुजनः करोत्येव ।।५।।

શરદઋતુમાં મેઘ ગાજે છે પણ વરસતો નથી અને વર્ષાઋતુમાં ગાજ્યા વિના તે વરસે છે. નીચ પુરુષ બોલે છે પણ કરતો નથી અને સુજન બોલતો નથી છતાં કરી બતાવે છે. ।।૫।

शैले शैले न माणिक्यं मौक्तिकं न गजे गजे ।
साधवो न हि सर्वत्र चन्दनं न वने वने ।।६।।

દરેક પર્વતમાં માણિક્ય ન હોય, દરેક હાથીના કુંભસ્થળમાં મોતી હોતા નથી અને જેમ દરેક વનમાં ચંદન હોતું નથી તેમ સાધુપુરુષો પણ સર્વત્ર હોતા નથી. ।।૬।।

शुचिर्भूमिगतं तोयं शुचिर्नारी पतिव्रता ।
शुचिर्धर्मपरो राजा ब्रह्मचारी सदा शुचिः ।।७।।

ભૂમિમાં રહેલ પાણી પવિત્ર ગણાય છે તેમ પતિવ્રતા સ્ત્રી, ધર્મ તત્પર રાજા તથા બ્રહ્મચારી એ સદા પવિત્ર ગણાય છે. ।।૭।।

शिष्टे सङ्गः श्रुतौ रङ्गः सद्ध्याने धीर्धृतौ मतिः ।
दाने शक्तिर्गुरौ भक्तिः षडेते सुकृताकराः ।।८।।

સજ્જન પુરુષનો સંગ કરવો, શાસ્ત્રમાં સદ્ભાવના, ધ્યાન તથા ધીરજમાં બુદ્ધિને સ્થાપન કરવી, દાનમાં શક્તિ અને ગુરુમાં ભક્તિ-એ છ પુણ્યના સ્થાન છે. ।।૮।।

श्रीमज्जिनेशनमनं तिलकत्यलीके,
वक्षःस्थले विमलमालति सद्विवेकः ।

ताडङ्कति श्रवणयोः सुगुरूपदेश-

स्त्यागस्तु कङ्कणति पाणितले सतां हि ।।९।।

સજ્જન પુરુષો પોતાના લલાટપર શ્રીમાન્ જિનેશ્વરપ્રભુને નમન કરવારૂપ તિલકને ધારણ કરે છે, વક્ષસ્થળમાં તેઓ સદ્વિવેકરૂપ માળાને ધારણ કરે છે, કર્ણમાં સુગુરુના ઉપદેશરૂપ કુંડલને ધારણ કરે છે અને હસ્તમાં દાનરૂપ કંકણને તેઓ ધારણ કરે છે. ॥૯॥

शशिनि खलु कलङ्कः कण्टकाः पद्मनाले,

जलधिजलमपेयं पण्डिते निर्धनत्वम् ।

स्वजनजनवियोगो दुर्भगत्वं सुरूपे;

धनवति कृपणत्वं रत्नद्वेषी विधाता ।।१०।।

જેણે ચંદ્રમાં કલંકનો આરોપ કર્યો, કમળમાં કાંટા બનાવ્યા, સમુદ્રનું પાણી જેણે ખારું બનાવ્યું, પંડિતમાં જેણે નિર્ધનતા આરોપી, સ્વજન જનનો વિયોગ, સુરૂપમાં દુર્ભગત્વ અને ધનવંતને જેણે કૃપણો બનાવ્યા, તે વિધાતા ખરેખર રત્નદ્વેષી લાગે છે. ॥૧૦॥

शुनः पुच्छमिव व्यर्थं विना ज्ञानं हि जीवितम् ।

न गुह्यरक्षणे दक्षं न दंशमशकापहम् ।।११।।

જ્ઞાન વિનાનું જીવિત કુતરાની પૂંછડીની જેમ વૃથા છે, કારણકે તે ગુપ્ત ભાગને છુપાવવામાં તથા દંશ કે મચ્છરને દૂર કરવામાં [illegible]યોગી છે. ॥૧૧॥

शक्यो वारयितुं जलेन दहनश्छत्रेण सूर्यातपो-

नागेन्द्रो निशिताङ्कुशेन समदी दण्डेन गोगर्दभो ।

व्याधिर्भेषजसङ्ग्रहेण विविधैर्मंत्रप्रयोगैर्विषं;

सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौपधम् ।।१२।।

પાણીથી અગ્નિનું નિવારણ થઇ શકે છે, છત્રથી સૂર્યનો તાપ નિવારી શકાય છે, તીક્ષ્ણ અંકુશથી મદોન્મત્ત હાથી કબજામાં લાવી શકાય છે,

દંડવતી ગાય, બળદ કે ગર્દભ તાબામાં રહી શકે છે, ઔષધથી વ્યાધિ અટકાવી શકાય છે. તેમજ વિવિધ મંત્રપ્રયોગથી વિષ વારી શકાય-એ બધાને માટે શાસ્ત્રવિહિત ઔષધ બતાવવામાં આવેલ છે, પણ મૂર્ખને માટે શાસ્ત્રમાં પણ કોઈ ઔષધ બતાવેલ નથી. ।।૧૨।।

**शैशवेऽभ्यस्तविद्यानां यौवने विषयैषिणाम् ।**
**वार्द्धके मुनिवृत्तानां योगेनान्ते तनुत्यजाम् ।।१३।।**

બાલ્યાવસ્થામાં વિદ્યાભ્યાસ કરનારા, યૌવનાવસ્થામાં વિષય સેવનાર વૃદ્ધાવસ્થામાં મુનિસમાન વ્રત આચરનાર તથા પ્રાંતે યોગસાધનાથી દેહમુક્ત થનાર એવા પ્રાચીન આર્યજનો હતા. ।।૧૩।।

**श्रीमद्वीरजिनो दृढप्रहरपाः स्वीयप्रतिज्ञादृढः,**
**श्लाध्यो बाहुबली बलोऽप्यविचलः सन्नन्दिषेणो व्रती ।**
**आनन्दः सदुपासको व्रतरुचिः सा सुन्दरीत्यादयः;**
**कर्मोन्मूलनकोविदेन तपसा देवासुरैर्वन्दिताः ।।१४।।**

શ્રીમાન્ વીરપ્રભુ, પોતાની પ્રતિજ્ઞામાં દઢ એવા દઢપ્રહારી, પ્રશંસનીય બાહુબલી, અવિચલ બળરાજા, વ્રતી નંદીષેણ, સદ્દુપાસક આનંદ તથા વ્રતની રુચિવાળી એવી સુંદરી વિગેરે બધા કર્મનો નાશ કરવામાં સમર્થ એવા તપને લીધે દેવોને પણ વંદનીય થયા છે. ।।૧૪।।

**शिरसा धार्यमाणोऽपि सोमः सौम्येन शम्भुना ।**
**तथापि कृशतां धत्ते कष्टं खलु पराश्रयः ।।१५।।**

સૌમ્ય એવા શંકર, ચંદ્રને પોતાના મસ્તક પર ધારણ કરે છે, છતાં તે કૃશતાને પામે છે. અહો! ખરેખર! પરાધીનતા એ મહાકષ્ટ છે. ।।૧૫।।

**शर्वरीदीपकश्चन्द्रः प्रभाते रविदीपकः ।**
**त्रैलोक्यदीपको धर्मः सुपुत्रः कुलदीपकः ।।१६।।**

ચંદ્રમા-એ રાત્રિનો દીવો છે, સૂર્ય એ પ્રભાતનો દીવો, ધર્મ એ ત્રણે

લોકના દીપરૂપ છે અને સુપુત્ર એ કુળના દીપકરૂપ છે. ||૧૬||

**शकटं पञ्चहस्तेन दशहस्तेन वाजिनम् ।**

**हस्तिनं शतहस्तेन देशत्यागेन दुर्जनम् ।।१७।।**

ગાડાથી પાંચ હાથ દૂર રહેવું, અશ્વથી દશ હાથ દૂર, હાથીથી સો હાથ દૂર અને દુર્જનથી દેશનો ત્યાગ કરીને પણ દૂર રહેવું. ||૧૭||

**शीतमन्नं सुताजन्म दुर्वातैर्दूषिता कृषिः ।**

**स्वजनैः सह मालिन्यं स्वादहीनं चतुष्टयम् ।।१८।।**

શીતલ ભોજન, પુત્રીનો જન્મ, ખરાબ વાયુથી દૂષિત થયેલ ખેતી, અને સ્વજનો સાથે કુસંપ એ ચાર સ્વાદ વિનાના છે. ||૧૮||

**शौर्येण वा तपोभिर्वा विषया वा धनेन वा ।**

**अत्यन्तमकुलीनोऽपि कुलीनो भवति क्षणात् ।।१९।।**

અત્યંત અકુલીન છતાં પુરુષ, શૌર્ય, તપ, વિદ્યા અથવા ધનથી તરત તે કુલીન થઈ શકે છે. ||૧૯||

**शीतार्तानामिवार्चिष्मान् दिग्मूढानामिवांशुमान् ।**

**आतुराणामिव भिषग् दुःखिनां त्वं गतिर्जिन !।।२०।।**

ટાઢથી પીડાતા પ્રાણીઓને અગ્નિ જેમ પ્રિય લાગે, દિગ્મૂઢ થયેલાને સૂર્ય જેમ સમજ પાડે અને વ્યાધિગ્રસ્ત જનોને વૈદ્ય જેમ પ્રિય લાગે, તેમ હે નાથ(વીતરાગ)! જગતમાં દુઃખી થતા પ્રાણીઓના તમે એક આધારરૂપ છો. ||૨૦||

**शैत्यं नाम गुणस्तवैव तदनु स्वाभाविकी स्वच्छता,**

**किं ब्रूमः शुचितां व्रजन्ति सुधियः स्पर्शेन यस्यापरे ।**

**किं वाऽतःपरमस्ति ते स्तुतिपदं यज्जीवितं देहिनां;**

**त्वं चेन्नीचपथेन गच्छसि पयः कस्त्वां निरोद्धुं क्षमः ।।२१।।**

હે જળ! તારામાં નામ પ્રમાણે શૈત્ય ગુણ રહેલ છે, સ્વાભાવિકી સ્વચ્છતા છે, વળી વધારે કહીએ તો તારા સ્પર્શથી અન્ય અશુચિ

પદાર્થો પણ પવિત્ર થાય છે, વળી તે કરતાં આગળ વધીને કહેવા જઇએ તો તું પ્રાણીઓના એક જીવનરૂપ છે, એ કાંઇ ઓછું સ્તુતિપદ નથી. આટલું છતાં જો તું નીચ માર્ગે ગમન કરીશ, તો પછી તને અટકાવવાને કોણ સમર્થ છે? ॥૨૧॥

**शिरःशून्याः कलाः सर्वा एकां धर्मकलां विना ।**
**इति तं धर्मबोधाय श्रेष्ठी साध्वन्तिकेऽमुचत् ॥२२॥**

એક ધર્મકળા વિના બીજી બધી કળાઓ મસ્તક વિનાની છે-એમ ધારીને શ્રેષ્ઠીએ પોતાના પુત્રને ધર્મબોધ પમાડવા સાધુ પાસે મૂક્યો. ॥૨૨॥

**श्यामताभिमता देहे पाण्डुजन्मा न गौरता ।**
**तमः सर्वोत्तमं मन्ये न प्रदीपनजं महः ॥२३॥**

પાંડુરોગથી પેદા થયેલ ગૌરતા કરતાં તો શરીરે શ્યામતા શ્રેષ્ઠ છે, આગના પ્રકાશ કરતાં તો અંધકાર સર્વોત્તમ છે. ॥૨૩॥

**श्रेयांसि बहुविघ्नानि भवन्ति महतामपि ।**
**श्रेयोविधौ विलम्बन्ते तत एव न धीधनाः ॥२४॥**

મહાપુરુષોને પણ સારા કામમાં સો વિઘ્નો નડે છે, તે કારણથી ધીમંતજનો સારું કામ કરવામાં વિલંબ કરતા નથી. ॥૨૪॥

**श्रस्तं रूपं बलं लुप्तं रूद्धः कण्ठो हृता रदाः ।**
**जरेयताप्यतुष्टा मे चेतनामपि लिप्सते ॥२५॥**

અહો! જરા-રાક્ષસીએ મારું રૂપ, બળ અને દાંત હરી લીધા અને કંઠ નિરુદ્ધ કરી મૂક્યો. આટલેથી તે સંતુષ્ટ ન થઇ, તેથી તે હજી મારી ચેતનાને પણ લઇ લેવાને ઇચ્છે છે. ॥૨૫॥

**शोभते विदुषां मध्ये नैव निर्गुणमानसः ।**
**अन्तरे तमसां दीपः शोभते नार्कतेजसाम् ॥२६॥**

નિર્ગુણી પુરુષ વિદ્વાનોની સભામાં શોભતો નથી, કારણકે દીવો તો અંધકારમાં શોભે, પરંતુ તે સૂર્યના તેજ આગળ શોભા પામતો નથી.॥૨૬॥

शुद्धः स एव कुलजश्च स एव धीरः,
श्लाघ्यो विपत्स्वपि न मुञ्चति यः स्वभावम् ।
तप्तं यथा दिनकरस्य मरीचिजालै-
र्देहं त्यजेदपि हिमं न तु शीतलत्वम् ।।२७।।

તે જ પુરુષ શુદ્ધ, કુલીન, ધીર અને પ્રશંસનીય છે કે જે વિપત્તિ પડતાં પણ પોતાના સ્વભાવને મૂકતો નથી. જુઓ, સૂર્યના કિરણોથી અત્યંત તપ્ત થઈને હિમ પોતાના દેહને ગાળી મૂકશે, પરંતુ તે પોતાનું શીતલપણું કદી પણ મૂકશે નહિ. ।।૨૭।।

शूराः सन्ति सहस्रशः प्रतिपदं विद्याविदोऽनेकशः,
सन्ति श्रीपतयो निरस्तधनदास्तेऽपि क्षितौ भूरिशः ।
ये कर्माण्यनिरीक्ष्य वान्यमनुजं दुःखार्दितं यन्मनस्-
ताद्रूप्यं प्रतिपद्यते जगति ते सत्पुरुषाः पञ्चषाः ।।२८।।

જગતમાં પગલે પગલે હજારો શૂરવીર પુરુષો હશે, અનેક વિદ્વાનો હશે, કુબેરને પણ પરાસ્ત કરનાર એવા શ્રીમંતો પણ સંખ્યાબંધ હશે, પરંતુ અન્ય પુરુષને દુઃખથી આકુળ-વ્યાકુળ જોઈને તેના કર્મ તરફ નજર ન કરતાં જેમનું મન તદ્રૂપ બની જાય છે, તેવા સત્પુરુષો તો જગતમાં માત્ર પાંચ છ જ હશે. ।।૨૮।।

शमयति यशः क्लेशं सूते दिशत्यशिवां गतिं,
जनयति जनोद्वेगायासं नयत्युपहास्यताम् ।
भ्रमयति मतिं मानं हन्ति क्षिणोति च जीवितं;
क्षिपति सकलं कल्याणानां कुलं खलसङ्गमः ।।२९।।

ખલપુરુષનો સંગ કરવાથી યશનો નાશ થાય છે, ક્લેશનો જન્મ થાય છે, દુર્ગતિ પ્રાપ્ત થાય છે, લોકોને તે ઉદ્વેગ ઉત્પન્ન કરે છે, હાંસીપાત્ર બનાવે છે, મતિમાં ભ્રમ પેદા કરે છે, માન(સત્કાર)ને હણે છે, જીવિતને ક્ષીણ કરે છે અને સમસ્ત કલ્યાણને અસ્ત કરી દે છે.।।૨૯।।

**शीलं शातयति श्रुतं शमयति प्रज्ञां निहन्त्यादरं,**
**दैन्यं दीपयति क्षमां क्षपयति व्रीडामपि ह्रस्यति ।**
**तेजो जर्जरयत्यपास्यति मतिं विस्तारयत्यर्थितां;**
**पुंसः क्षीणधनस्य किं न कुरुते वैरं कुटुम्बग्रहः ।।३०।।**

જ્યારે પુરુષ નિર્ધન થાય છે, ત્યારે તેનું શીલ તથા શ્રુત ક્ષીણ થાય છે, પ્રજ્ઞા(બુદ્ધિ) હણાઇ જાય છે, દીનતા વધે છે, ક્ષમા અને લજ્જા દૂર થઈ જાય છે, તેજ જર્જરિત બને છે, મતિ ભ્રમિત થાય છે, યાચકતા વધે છે અને વધારામાં તેનું કુટુંબ પણ તેની સાથે વિરોધ કરવા તત્પર થાય છે. ॥૩૦॥

**शीलं रक्षतु मेधावी प्राप्तुमिच्छुः सुखत्रयम् ।**
**प्रशंसां वित्तलाभं च प्रेत्य स्वर्गे च मोदनम् ।।३१।।**

પ્રશંસા, ધનલાભ અને પરભવમાં સ્વર્ગના સુખો-એ ત્રણ પ્રકારના સુખને જો પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો ધીમાન્ પુરુષોએ પોતાના શીલનું બરાબર સંરક્ષણ કરવું. ॥૩૧॥

**शशिनीव हिमार्त्तानां घर्मार्त्तानां रवाविव ।**
**मनो न रमते स्त्रीणां जराजीर्णेन्द्रिये पतौ ।।३२।।**

શીતથી અકળાયેલા પુરુષોને જેમ ચંદ્રમા પર આદર ન હોય અને ગરમીથી અકળાયેલા પુરુષોને જેમ સૂર્ય પર આદર ન હોય, તેમ જરાથી જીર્ણ અને ક્ષીણ થયેલા પતિ પર સ્ત્રીઓ અનુરાગ ધરાવતી નથી. ॥૩૨॥

**शीततापादिकष्टानि सहते यानि सेवकः ।**
**धनाय तानि चाल्पानि यदि धर्माय मुच्यते ।।३३।।**

નોકર પુરુષ ધનની ખાતર જે શીત, તાપાદિક કષ્ટો સહન કરે છે, તે કરતાં અલ્પ કષ્ટ પણ જો તે ધર્મની ખાતર સહન કરે તો દુઃખમુક્ત થઈ જાય. ॥૩૩॥

शत्रुर्दहति संयोगे वियोगे मित्रमप्यहो ।
उभयोर्दुःखदायित्वं को भेदः शत्रुमित्रयोः ॥३४॥

શત્રુ જ્યારે સંયોગ થાય(મળે) ત્યારે બાળે અને મિત્ર વિયોગ થતાં બળતરા કરે, એમ બંને શત્રુ અને મિત્ર દુ:ખદાયક છે-તો એ બંનેમાં ભેદ શો? ॥૩૪॥

शूराश्च कृतविद्याश्च रूपवत्यश्च योषितः ।
यत्र यत्र गमिष्यन्ति तत्र तत्र कृतादराः ॥३५॥

શૂરવીર પુરુષો, વિદ્વાનો અને રૂપવતી સ્ત્રીઓ જ્યાં જાય ત્યાં આદર(સત્કાર) પામે છે. ॥૩૫॥

शाठ्येन धर्मं कपटेन मित्रं परोपतापेन समृद्धिभावम् ।
सुखेन विद्यां परुषेण नारीं वाञ्छन्ति ये व्यक्तमपण्डितास्ते ॥३६॥

જેઓ શઠતાથી ધર્મને ઇચ્છે, કપટથી મિત્રને, પરને સતાવીને સમૃદ્ધિને, સુખથી વિદ્યાને અને કઠોર બોલથી જેઓ સ્ત્રીને વશ કરવા ઇચ્છે છે-તેઓ દેખીતી રીતે જ મૂર્ખ છે. ॥૩૬॥

शोभन्ते विद्यया विप्राः क्षत्रिया विजयश्रिया ।
श्रियोऽनुकूलदानेन लज्जया च कुलाङ्गनाः ॥३७॥

વિદ્યાથી બ્રાહ્મણો શોભે છે, ક્ષત્રિયો વિજયલક્ષ્મીથી શોભે છે, અનુકૂળ દાનથી લક્ષ્મી શોભે છે અને લજ્જાથી કુલીન કાંતાઓ શોભે છે. ॥૩૭॥

# ष

षट्कर्णो भिद्यते मन्त्र-श्चतुःकर्णश्च धार्यते ।
द्विकर्णस्य तु मन्त्रस्यं ब्रह्माप्यन्तं न गच्छति ॥१॥

કોઇ પણ છાની વાત છ કાને પડતાં તે ફેલાઈ જાય છે, અને ચાર કાને હોય ત્યાં સુધી કદાચ તે વધારે બહાર ન પડે, પરંતુ જો બે કાને હોય તો સાક્ષાત્ બ્રહ્મા પણ તેનો અંત ન લાવી શકે. ॥૧॥

षड्दोषाः पुरुषेणेह हातव्या भूतिमिच्छता ।
निद्रा तन्द्रा भयं क्रोध आलस्यं दीर्घसूत्रता ॥२॥

પોતાની આબાદી ઇચ્છનાર પુરુષે નિદ્રા, તંદ્રા(સુસ્તી), ભય, ક્રોધ, આલસ્ય અને દીર્ઘસૂત્રતા એ છ દોષોનો અવશ્યમેવ ત્યાગ કરવો જ જોઇએ. ॥૨॥

# स

**स्वतो वा परतो वापि यस्य नास्ति विवेकदृक् ।**
**अस्तोकतोयकूपान्तःपातस्तस्य न चित्रकृत् ।।१।।**

પોતાની અથવા તો બીજાની સહાયથી જેનામાં વિવેકદૃષ્ટિ નથી, તે ઘણા જળવાળા કુવામાં પડે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. ।।૧।।

**साम्यमेति श्रिया हीनो नरो निर्वारमवह्निना ।**
**यथा तथा वा श्रीरर्ज्या जातिकर्मकुलैरलम् ।।२।।**

લક્ષ્મી વિનાનો પુરુષ ભસ્મના ઢગ સમાન છે, માટે ગમે તે રીતે લક્ષ્મી ઉપાર્જન કરવી. જાતિ, કર્મ કે કુળથી શું? ।।૨।।

**स्वां कीर्त्तिमपि शृण्वन्तो लज्जन्ते केचिदुत्तमाः ।**
**स्वामकीर्तिं स्वकर्णाभ्यां शृण्वतोऽपि न मे त्रपा ।।३।।**

કેટલાક ઉત્તમજનો પોતાની કીર્તિ સાંભળ્યા છતાં તેઓ લજ્જા પામે છે અને પોતાની અપકીર્તિ સાક્ષાત્ શ્રવણે સાંભળતાં પણ મને લજ્જા થતી નથી. ।।૩।।

**सुलभा कलभाश्वादि-सम्पत्तिरपि देहिनाम् ।**
**वल्लभो धीमतामेक एव धर्मः सुदुर्लभः ।।४।।**

આ જગતમાં પ્રાણીઓને હાથી, ઘોડા વિગેરેની સંપત્તિ સુલભ છે,

પરંતુ ધીમંતજનોને અત્યંત વલ્લભ એવો એક ધર્મ જ દુર્લભ છે.॥૪॥

स्नेहो भस्मनि वैशद्यं मष्यां शैत्यमिवानले ।
सौम्य क्वापि सुखं नास्ति व्यापकापद्भरे भवे ।।५।।

હે સૌમ્ય! ભસ્મમાં જેમ સ્નેહ(ચીકાશ), મષીમાં જેમ શ્વેતતા અને અગ્નિમાં જેમ શીતલતા નથી, તેમ આપત્તિથી વ્યાપ્ત એવા આ સંસારમાં સુખ ક્યાંય પણ નથી. ॥૫॥

सरितः सिकता बिन्दू-नब्धेर्व्योम्नि च तारकाः ।
सङ्ख्यातुमीशते दक्षा न दोषान् योषितां पुनः ।।६।।

કેટલાક દક્ષજનો નદીઓની રેતી(વેળુ), સમુદ્રના બિંદુઓ અને આકાશના તારા માપી શકશે, પરંતુ સ્ત્રીઓના દોષોની ગણત્રી કરવાને કોઈ સમર્થ નથી. ॥૬॥

समानयोनी वनवृक्षवासिनौ सितच्छवी व्योमगती उभावपि।
तथापि दुर्वागिति निन्दितो जनैर्ध्विकः पिकस्तु प्रियवागिति स्तुतः ।।७।।

સમાન યોનિવાળા, એક વનમાં એકજ વૃક્ષમાં વસનાર, શ્યામ અને આકાશગામી, એ રીતે બંને સમાન છતાં દુર્વચનના યોગે કાગ નિંદા પામે છે અને પ્રિય વચનના યોગે કોયલ પ્રશંસા પામે છે. ॥૭॥

सद्भावो नास्ति वेश्यायां स्थिरता नास्ति सम्पदाम् ।
विवेको नास्ति मूर्खाणां विनाशो नास्ति कर्मणाम् ।।८।।

વેશ્યાઓમાં સદ્ભાવ હોતો નથી, સંપત્તિમાં સ્થિરતા ન હોય, મૂર્ખ જનોમાં વિવેક ન હોય તથા કર્મનો નાશ નથી. ॥૮॥

स्थिरा कीर्तिरकीर्त्तिश्च स्थिरं कर्म शुभाशुभम् ।
स्थिरं दानं सुपात्रेषु स्थिरा मैत्री सतां जने ।।९।।

લોકમાં કીર્તિ કે અકીર્ત્તિ સ્થિર થઈ જાય છે, શુભાશુભ કર્મ સ્થિર

થાય છે, સુપાત્રે દાન અચળ રહે છે અને સજ્જનોની મૈત્રી અચળ હોય છે. ॥૯॥

**सुखी न जानाति परस्य दुःखं न यौवनस्था गणयन्ति शीलम्।**
**आपद्द्रुता निष्करुणा भवन्ति आर्त्ता नरा धर्मपरा भवन्ति ॥१०॥**

સુખી મનુષ્ય પરના દુ:ખને જાણતો નથી, યુવકજનો શીલની દરકાર કરતા નથી, આપત્તિમાં આવેલા જનો કરુણાહીન થઇ જાય છે અને દુ:ખીજનો ધર્મપરાયણ થતા જોવામાં આવે છે. ॥૧૦॥

**सत्यं चेत्तपसा च किं शुचि मनो यद्यस्ति तीर्थेन किं,**
**सद्विद्या यदि किं धनैः सुमहिमा यद्यस्ति किं मण्डनैः।**
**लोभश्चेदगुणेन किं पिशुनतां यद्यस्ति किं पातकैः;**
**सौजन्यं यदि किं निजैरपयशो यद्यस्ति किं मृत्युना ॥११॥**

જો સત્ય હોય તો તપથી શું? જો મન પવિત્ર હોય તો તીર્થયાત્રા કરવાથી શું? સદ્વિદ્યા હોય તો ધનથી શું? સારો મહિમા હોય તો આચરણોથી શું? લોભ હોય તો દુર્ગુણથી શું? પિશુનતા હોય તો પાતકથી શું? સુજનતા હોય તો સ્વજનોથી શું? અને જો અપયશ છે તો મરણથી શું? ॥૧૧॥

**सर्वस्य गात्रस्य शिरः प्रधानं सर्वेन्द्रियाणां नयनं प्रधानम्।**
**सर्वौषधीनामशनं प्रधानं सर्वेषु पेयेषु पयः प्रधानम् ॥१२॥**

શરીરના બધા અવયવોમાં મસ્તક શ્રેષ્ઠ છે, સર્વ ઇંદ્રિયોમાં લોચન શ્રેષ્ઠ છે, સર્વ ઔષધિઓમાં અશન(ભોજન) પ્રધાન છે અને સર્વ પેય(પાન કરવાલાયક) પદાર્થોમાં પય(દુધ અથવા પાણી) પ્રધાન છે. ॥૧૨॥

**सत्यशीलतपोऽस्तेय-पाण्डित्यप्रमुखोऽखिलः ।**
**गुणग्रामः कृपाहीनो निर्नाथनगरोपमः ॥१३॥**

સત્ય, શીલ, તપં, અસ્તેય અને પાંડિત્ય વિગેરે ગુણો છે- પણ જો દયા નથી તો તે નાથ વિનાના નગર સમાન સમજવા. ॥૧૩॥

**सुकृतस्यात्र किं सारं किं सारं नरजन्मनः ।**
**विद्यायाश्चापि किं सारं किं सारं शर्मणां पुनः ॥१४॥**

આ જગતમાં સુકૃતનું સાર શું? મનુષ્યજન્મનું સાર શું? વિદ્યાનું સાર શું? અને સુખોનું સાર શું? ॥૧૪॥

**सन्तप्तायसि संस्थितस्य पयसो नामापि न ज्ञायते,**
**मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ।**
**स्वात्यां सागरशुक्तिमध्यपतितं तन्मौक्तिकं जायते;**
**प्रायेणाधममध्यमोत्तमगुणः संसर्गतो जायते ॥१५॥**

તપ્ત લોખંડની ઉપર જળબિંદુ પડવાથી તેનું નામ પણ જણાતું નથી, તે જ જળબિંદુ જ્યારે કમળના પત્રપર જો રહેલ હોય તો તે મોતી સમાન શોભે છે, અને તે જ બિંદુ સ્વાતિનક્ષત્રમાં સમુદ્રની છીપમાં પડે તો તેનું મોતી બંધાય છે, માટે પ્રાયઃ અધમ, મધ્યમ અને ઉત્તમ ગુણ સંસર્ગથી જ થવા પામે છે. ॥૧૫॥

**सन्मार्गस्खलनं विवेकदलनं प्रज्ञालतोन्मूलनं,**
**गांभीर्योद्वहनं धृतेश्च शमनं नीचत्वसम्पादनम् ।**
**सद्ध्यानावरणं त्रपापहरणं पापप्रपापूरणं;**
**धिक्कष्टं परदारवीक्षणमपि त्याज्यं कुलीनेन तत् ॥१६॥**

અહો ! પરસ્ત્રીને જોવા માત્રથી પણ પુરુષ સન્માર્ગથી સ્ખલના પામે છે, વિવેકથી તે ભ્રષ્ટ થાય છે, પ્રજ્ઞારૂપ લતાને તે છેદી નાખે છે, ગાંભીર્ય અને ધૈર્યનો તે લોપ કરે છે, નીચપણાને ઉત્પન્ન કરે છે, સુધ્યાનને આચ્છાદિત કરે છે, લજ્જાને દૂર કરે છે, પાપરૂપ પરબને તે પૂરણ કરે છે, માટે કુલીનજનને તે સદા ત્યાગવા યોગ્ય છે. ॥૧૬॥

**स्वस्तुतेः परनिन्दायाः कर्त्ता लोकः पदे पदे ।**

परस्तुतेः स्वनिन्दायाः कर्त्ता कोऽपि न विद्यते ।।१७।।

પોતાના વખાણ અને પરની નિંદા કરનારા લોકો પગલે પગલે જોવામાં આવશે, પણ પરની સ્તુતિ અને પોતાની નિંદા કરનાર કોઇ એકાદ મળવો પણ દુર્લભ છે. ।।૧૭।।

सुतीक्ष्णापि कृपाणिर्या स्वकायं न छिनत्ति सा ।

यो जैनो जैनविद्वेषी स तस्या अतिरिच्यते ।।१८।।

અત્યંત તીક્ષ્ણ તલવાર પણ પોતાના અવયવોને છેદતી નથી, તો જે પોતે જૈન છતાં જૈનનો દ્વેષી છે, તે તલવાર કરતાં પણ વધારે ભયંકર છે.।।૧૮।।

स्वयं महेशः श्वशुरो नगेशः सखा धनेशस्तनयो गणेशः ।

तथापि भिक्षाटनमेव शम्भोर्बलीयसी केवलमीश्वरेच्छा ।।१९।।

પોતે મહેશ છે, જેનો સસરો હિમાલય છે, જેનો મિત્ર કુબેર છે, જેનો પુત્ર ગણેશ છે, આમ હોવા છતાં શંકરને ભિક્ષાટન કરવું પડે છે, માટે ખરેખર! ઇશ્વરેચ્છા બલિષ્ઠ છે. ।।૧૯।।

सम्पत्सरस्वती सत्यं सन्तानः सदनुग्रहः ।

सन्तः सुकृतसम्भारः सकाराः सप्त दुर्लभाः ।।२०।।

સંપત્તિ, સરસ્વતી, સત્ય, સંતાન, સારો અનુગ્રહ, સજ્જનસંગ અને સુકૃત સમૂહ- એ સાત સકાર દુર્લભ છે. ।।૨૦।।

सत्यं रूपं श्रुतं विद्या कौल्यं शीलं बलं धनम् ।

शौर्यं च चित्रभाष्यं च दशैते स्वर्गयोनयः ।।२१।।

સત્ય, રૂપ, શ્રુત, વિદ્યા, કુલીનતા, શીલ, બલ, ધન, શૌર્ય અને વિચિત્ર ભાષણ- એ દશ સ્વર્ગયોનિને સૂચવનાર છે. ।।૨૧।।

सुखस्य दुःखस्य न कोऽपि दाता परो ददातीति कुबुद्धिरेषा।

अहं करोमीति वृथाभिमानः स्वकर्मसूत्रग्रथितो हि लोकः ।।२२।।

સુખ કે દુઃખ કોઈ આપનાર નથી, તે અન્ય કોઈ આપે છે, એ માત્ર ભ્રાંતિ છે. વળી આ હું કરું છું, એ અભિમાન પણ વૃથા છે, કારણકે લોકો પોતાના કર્મરૂપ તંતુથી ગ્રથિત થયેલા જ છે. ॥૨૨।

**सुलभाः पुरुषा राजन् सततं प्रियवादिनः ।**

**अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ॥२३॥**

હે રાજન્! નિરંતર મીઠું બોલનારા પુરુષો મળવા સુલભ છે, પણ અપ્રિય છતાં પથ્ય બોલનાર તથા સાંભળનાર પુરુષ મળવો દુર્લભ છે.॥૨૩॥

**साधुरेवार्थिभिर्याच्यः क्षीणवित्तोऽपि सर्वदा ।**

**शुष्कोऽपि हि नदीमार्गः खन्यते सलिलार्थिभिः ॥२४॥**

સર્વદા ધનહીન છતાં યાચકોએ સજ્જન પાસે યાચના કરવી-તે અનુચિત નથી, કારણકે નદીનો માર્ગ શુષ્ક છતાં જળના અભિલાષીજનો તેને ખોદે છે. ॥૨૪॥

**स्मितेन भावेन मदेन लज्जया,**

**पराङ्मुखैरर्द्धकटाक्षवीक्षितैः ।**

**वचोभिरीर्ष्याकलहेन लीलया;**

**समस्तपार्श्वैः खलु बन्धनं स्त्रियः ॥२५॥**

હાસ્યતરંગથી, મદથી, લજ્જાથી, સિંહાવલોકનની જેમ આડી નજરથી કટાક્ષપાત કરતાં વચનથી, ઇર્ષ્યા અને કલહથી તેમ જ લીલાથી-એમ બધી રીતે વિચાર કરતાં સ્ત્રીઓ સમસ્ત પ્રકારે બંધનરૂપ જ છે.॥૨૫॥

**स्मृता भवति तापाय दृष्ट्वा तून्मादकारिणी ।**

**स्पृष्ट्वा भवति मोहाय सा नाम दयिता कथम् ॥२६॥**

જેને સંભારતાં સંતાપ થાય, જોતાં ઉન્માદ થાય અને જેનો સ્પર્શ કરતાં મોહ ઉત્પન્ન થાય-તે દયિતા શી રીતે હોઈ શકે? ॥૨૬॥

**सत्यपूतं वदेद्वाक्यं वस्त्रपूतं पिबेज्जलम् ।**

**दृष्टिपूतं न्यसेत् पादं मनःपूतं समाचरेत् ।।२७।।**

સત્યથી પાવન થયેલ વચન બોલવું, વસ્ત્રથી ગળેલ પાણી પીવું, દૃષ્ટિથી જોઇને પગ મૂકવો અને પવિત્ર મનથી આચરણ કરવું. ॥૨૭॥

**स्वाधीनेऽपि कलत्रे नीचः परदारलम्पटो भवति ।**

**सम्पूर्णेऽपि तडागे काकः कुम्भोदकं पिबति ।।२८।।**

સ્ત્રી પોતાને સ્વાધીન હોવા છતાં નીચજન પરસ્ત્રીમાં આસક્ત થાય છે, જેમ તળાવ પાણીથી પૂર્ણ હોવા છતાં કાગડો કુંભનું જળ પીવા જાય છે. ॥૨૮॥

**सुरूपं पुरुषं दृष्ट्वा पितरं भ्रातरं सुतम् ।**

**देहः क्लिन्दति नारीणा-मामपात्रमिवाम्भसा ।।२९।।**

રૂપવાન્ પુરુષને જોતાં-પછી તે પોતાના પિતા, ભ્રાતા કે પુત્ર હોય-જળથી કાચા કુંભની જેમ સ્ત્રીઓનું શરીર વિશેષ આર્દ્ર બનતું જાય છે. ॥૨૯॥

**स पण्डितो यः करणैरखण्डितः,**

**स तापसो यो निजपापतापकः ।**

**स दीक्षितो यः सकलं समीक्षते;**

**स धार्मिको यः परमर्म न स्पृशेत् ।।३०।।**

તે જ પંડિત છે કે જે જિતેંદ્રિય છે, તે જ તાપસ કે જે પોતાના પાપને નષ્ટ કરનાર છે, તે જ દીક્ષિત કે જે બધું જોઇ શકે છે અને તે જ ધાર્મિક કે જે પરના મર્મને પ્રગટ કરતો નથી. ॥૩૦॥

**सुकरं मलधारित्वं सुकरं दुस्तरं तपः ।**

**सुकरोऽक्षनिरोधश्च दुष्करं चित्तरोधनम् ।।३१।।**

મેલને ધારણ કરવું તે સુગમ છે, દુસ્તર તપ તપવું-તે પણ સુગમ છે, ઇંદ્રિયોને તાબામાં રાખવી તે પણ સુગમ છે, પણ મનને વશ રાખવું તે દુષ્કર છે. ॥૩૧॥

सुकृतस्य कृपा सारं सत्कर्म नरजन्मनः ।
विद्यायास्तत्त्वधीः सारं सन्तोषः शर्मणां पुनः ।।३२।।

સુકૃતનું સાર કૃપા છે, નરજન્મનું સાર સત્કર્મ છે, વિદ્યાનું સાર તત્ત્વબુદ્ધિ છે અને સુખનું સાર સંતોષ છે. ॥૩૨॥

सा ममापदपि प्रीत्यै यथा त्वं ध्यायसेऽनिशम् ।
साम्राज्येनापि तेनालं यत्र त्वं न प्रपद्यसे ।।३३।।

હે ભગવન્! જ્યાં આપનું નિરંતર ધ્યાન થઇ શકે એવી આપત્તિ પણ મને પસંદ છે અને જ્યાં આપનું નામ યાદ કરવામાં ન આવે તો તેવા સામ્રાજ્યથી પણ શું કામ છે? ॥૩૩॥

सद्वंश्या सगुणा नम्रा स्मर्त्तव्या सङ्कटे दृढा ।
अभङ्गुरैश्च भाग्यैः स्याद् धनुर्यष्टिरिवाङ्गना ।।३४।।

શ્રેષ્ઠ વંશ(વાંસ)થી ઉત્પન્ન થયેલ, ગુણ(દોરી) યુક્ત, નમ્ર, સંકટમાં સ્મરણ કરવા લાયક અને દૃઢ-એવી ધનુર્યષ્ટિ સમાન અંગના(સ્ત્રી) ઘણા ભાગ્યયોગે જ પ્રાપ્ત થઇ શકે. ॥૩૪॥

सामान्यरिपुभीत्यापि न निद्रान्ति सुखं जनाः ।
नित्यं मृत्युरिपुः पार्श्वे मूढाः स्वस्थास्तथाप्यहो ।।३५।।

એક સામાન્ય શત્રુની ધાસ્તીમાં પણ લોકો સુખે નિદ્રા કરી શકતા નથી, તો મૃત્યુરૂપ શત્રુ નિરંતર પાસે હોવા છતાં, અહો! મૂઢ જનો સ્વસ્થ થઇ બેઠા છે. ॥૩૫॥

साधवः शमयन्त्यर्ति-मिति सत्यैव वाग्यतः ।
एषा सा क्वापि शिक्षा या लोकद्वैताधिबाधिता ।।३६।।

સંતજનો પીડાને શમાવે છે એ વચન બિલકુલ સત્ય છે, કારણકે એમની કોઈ એવા પ્રકારની શિક્ષા(બોધ) છે, કે જેથી ઉભયલોકની આધિનું નિવારણ થાય છે. ॥૩૬॥

सत्काव्येभ्योऽपि भूपानां प्रायो नीचोक्तयः प्रियाः ।

दुर्वृत्ता दयिता दास्यः कुलस्त्रीभ्योऽपि कामिनाम् ।।३७।।

રાજાઓને પ્રાયઃ સારા કાવ્યો કરતાં નીચોક્તિઓ વધારે પ્રિય હોય છે, કારણકે પોતાની કુલીન કાંતાઓ કરતાં દુષ્ટ દાસીઓ વધારે પસંદ હોય છે. ॥૩૭॥

स्वयमेव कृतं सरस्त्वया तरवश्च स्वयमेव रोपिताः ।
विधृताः स्वकृतोपयाचिते छगल त्वं विविवीति रौषि किम्
।।३८।।

તેં પોતે સરોવર કરાવ્યું, પોતે વૃક્ષો રોપ્યા અને પોતે કરેલ માનતામાં હમણાં તું પોતે જ પકડાયો છે-તો હે છગલ! હવે વી-વી-વી.. કરતો શા માટે રોવે છે ? ॥૩૮॥

सर्वे यत्र विनेतारः सर्वे पण्डितमानिनः ।
सर्वे महत्त्वमिच्छन्ति कुलं तच्चावसीदति ।।३९।।

જ્યાં સર્વ નેતા થઇ બેસે, જ્યાં સર્વ પોતાને પંડિત માનનાર બને અને જ્યાં બધા મહત્ત્વને ઇચ્છે -તેઓનું કુળ ખરેખર! સીદાય છે.॥૩૯॥

सेवा श्ववृत्ति यैरुक्ता न तैः सम्यगुदीरितम् ।
स्वच्छन्दचारी कुत्र श्वा विक्रीतासुः क्व सेवकः ।।४०।।

સેવાને શ્વાનવૃત્તિ સમાન કહેનારાઓએ મોટી ભૂલ કરી છે, કારણકે સ્વેચ્છાચારી શ્વાન ક્યાં અને પોતાના જીવિતને વેચનાર સેવક ક્યાં ? ॥૪૦॥

सीदन्ति सन्तो विलसन्त्यसन्तः पुत्रा म्रियन्ते जनकश्चिरायुः।
परेषु मैत्री स्वजनेषु वैरं पश्यन्तु लोकाः कलिकौतुकानि
।।४१।।

અહો! જ્યાં સંતજનો સીદાય છે અને દુર્જનો વિલાસ કરે છે, પુત્રો ગુજરી જાય છે અને પિતા વૃદ્ધ છતાં જીવે છે, સ્વજનો સાથે વૈરભાવ ચાલે અને ઇતરજનો સાથે મિત્રાઈ થતી જોવામાં આવે છે. હે લોકો! તમે જુઓ

તો ખરા કે આ કળિકાળમાં આજકાલ કેવાં કૌતુક ચાલે છે. ॥૪૧॥

**सेवकः स्वामिनं द्वेष्टि कृपणं परुषाक्षरम् ।**
**आत्मानं किं न स द्वेष्टि सेव्यासेव्यं न वेत्ति यः ॥४२॥**

સેવક પોતાના કૃપણ અને કર્કશ બોલનાર સ્વામી ઉપર દ્વેષ કરે છે, પરંતુ જે સેવ્યાસેવ્યને જાણતો નથી તે પોતાના આત્મા ઉપર કેમ દ્વેષ કરતો નથી? ॥૪૨॥

**स्वायत्तमेकान्तगुणं विधात्रा विनिर्मितं छादनमज्ञतायाः ।**
**विशेषतः सत्त्वविदां समाजे विभूषणं मौनमपण्डितानाम् ॥४३॥**

વિધાતાએ અજ્ઞાનતાને આચ્છાદિત કરવા એક સ્વાધીન અને એકાંત ગુણકારી ગુણ બનાવેલ છે-તે એ કે સુજ્ઞજનોની સભામાં મૂર્ખજનોએ વિશેષથી મૌન ધરી રહેવું એ જ ભૂષણ છે. ॥૪૩॥

**स्थानभ्रष्टा न शोभन्ते दन्ताः केशा नखा नराः ।**
**इति सञ्चिन्त्य मतिमान् स्वस्थानं न परित्यजेत् ॥४४॥**

દંત, કેશ, નખ કે પુરુષો એ સ્થાનભ્રષ્ટ થવાથી શોભતા નથી. એમ ધારીને ધીમાન્પુરુષે પોતાના સ્થાનનો ત્યાગ કરવો નહિ. ॥૪૪॥

**सभायां व्यवहारे च वैरिषु श्वशुरौकसि ।**
**आडम्बराणि पूज्यन्ते स्त्रीषु राजकुलेषु च ॥४५॥**

સભામાં, વ્યવહારમાં, શત્રુઓમાં, સસરાના ઘરે, સ્ત્રીઓમાં અને રાજભવનમાં આડંબર પૂજાય છે. ॥૪૫॥

**सुवंशो योऽप्यकृत्यानि कुरुते प्रेरितः स्त्रिया ।**
**स्नेहलं दधि मथ्नाति पश्य मन्थानको न किम् ॥४६॥**

કુલીન પુરષ પણ સ્ત્રીથી પ્રેરાઇને અકૃત્યો કરવા તત્પર થઇ જાય છે. જુઓ! રવૈયો સ્નિગ્ધ દધિનું મથન નથી કરતી શું? ॥૪૬॥

सर्पाः पिबन्ति पवनं न च दुर्बलास्ते,
शुष्कैस्तृणैर्वनगजा बलिनो भवन्ति ।
कन्दैः फलैर्मुनिवराः क्षपयन्ति कालं;
सन्तोष एव पुरुषस्य परं निधानम् ।।४७।।

સર્પો પવનનું પાન કરે છે છતાં દુર્બળ નથી, શુષ્ક ઘાસને ભક્ષણ કરનારા વનહાથીઓ સદા બલિષ્ઠ રહે છે અને મુનિવરો(તાપસો) કંદમૂળ કે ફળોથી ગુજરાન ચલાવે છે, માટે સંતોષ-એ જ પુરુષનું પરમ નિધાન છે. ॥૪૭॥

स्वस्त्यस्ति सज्जनेभ्यो येषां हृदयानि दर्पणनिभानि ।
दुर्वचनभस्मसङ्गादधिकतरं यान्ति निर्मलताम् ।।४८।।

સજ્જનોને સદા સ્વસ્તિ છે કે જેમના હૃદયો દર્પણ સમાન છે, વળી દુર્વચનરૂપ ભસ્મના સંગથી જે અધિકાધિક નિર્મળ થતા જાય છે.॥૪૮॥

सर्पाणां च खलानां च चौराणां च विशेषतः ।
अभिप्राया न सिध्यन्ति तेनेदं वर्तते जगत् ।।४९।।

સર્પો, દુર્જનો અને વિશેષથી ચોર લોકના અભિપ્રાયો સિદ્ધ થતા નથી, તેથી આ જગત્ ચાલી રહ્યું છે. ॥૪૯॥

स्वभावो नोपदेशेन शक्यते कर्त्तुमन्यथा ।
वक्रमेव शुनः पुच्छं षण्मासनलिकाधृतम् ।।५०।।

પડેલ સ્વભાવ ઉપદેશથી પણ અન્યથા કરવો શક્ય નથી. કુતરાની પૂંછડીને છ માસ નળીમાં નાખો તો પણ તે વક્રની વક્ર જ રહેવાની. ॥૫૦॥

सन्तोषस्त्रिषु कर्त्तव्यः स्वदारे भोजने धने ।
त्रिषु चैव न कर्त्तव्यो दाने चाध्ययने तपे ।।५१।।

સ્વદારા, ભોજન અને ધન-એ ત્રણ વસ્તુમાં સંતોષ કરવો અને

દાન, અભ્યાસ તથા તપમાં સંતોષ ન કરવો. ॥૫૧॥

**स्थाने निवासः सकलं कलत्रं पुत्रः पवित्रः स्वजनानुरागः।**
**न्यायान्न वित्तं स्वहितं च चित्तं निर्दम्भधर्मस्य सुखानि सप्त ॥५२॥**

પોતાના સ્થાને નિવાસ, સદ્‌ગુણી સ્ત્રી, પવિત્ર પુત્ર, સ્વજનો પર અનુરાગ, ન્યાયયુક્ત ભોજન અને ધન તથા જેમાં પોતાનું હિત સમાયેલું છે એવું ચિત્ત, એ નિર્દંભ(નિષ્કપટ) ધર્મના સાત સુખો છે.(દંભરહિત ધર્મ કરવાથી એ સાત સુખો પ્રાપ્ત થાય છે). ॥૫૨॥

**सुभाषितेन गीतेन युवतीनां च लीलया ।**
**मनो न भिद्यते यस्य स योगी ह्यथवा पशुः ॥५३॥**

સુભાષિત સંગીત અને સ્ત્રીઓની લીલાથી જેના મનને લેશ પણ અસર થતી નથી તે યોગી છે અથવા તો તે પશુ જ સમજવો. ॥૫૩॥

**सर्वासामपि नारीणां मध्ये श्रीः सुभगा खलु ।**
**स्पृहयन्ति महान्तोऽपि यां स्वेच्छाचारिणीमपि ॥५४॥**

સર્વ સ્ત્રીઓમાં લક્ષ્મી એ ખરેખર! ભાગ્યવતી છે, કે જે સ્વેચ્છાચારિણી છે છતાં તેને મહાત્માઓ પણ ચાહે છે. ॥૫૪॥

**सत्यैकभूषणा वाणी विद्या विरतिभूषणा ।**
**धर्मैकभूषणा मूर्त्ति-र्लक्ष्मीः सद्दानभूषणा ॥५५॥**

વાણીનું ભૂષણ સત્ય જ છે, વિદ્યાનું ભૂષણ વિરતિ છે, ધર્મનું ભૂષણ મૂર્ત્તિ છે અને સુપાત્રદાનનું ભૂષણ લક્ષ્મી છે. ॥૫૫॥

**सम्यग्दर्शनवन्तस्तु देशचारित्रयोगिनः ।**
**यतिधर्मेच्छवः पात्रं मध्यमं गृहमेधिनः ॥५६॥**

સમ્યગ્દર્શનવંત, દેશવિરતિયુક્ત તથા યતિધર્મને ઇચ્છનાર એવા ગૃહસ્થો મધ્યમ પાત્ર કહેવાય છે. ॥૫૬॥

सम्यक्त्वमात्रसन्तुष्टा व्रतशीलेषु सस्पृहाः ।
तीर्थप्रभावनोद्युक्ता-स्तृतीयं पात्रमुच्यते ।।५७।।

સમ્યક્ત્વમાત્રમાં સંતુષ્ટ, વ્રત અને શીલમાં સ્પૃહાવાળા તથા તીર્થની પ્રભાવના કરવામાં તત્પર એવા ભવ્યજીવો તૃતીય પાત્ર ગણાય છે.।।૫૭।।

सैव भूमिस्तदेवाम्भः पश्य पात्रविशेषतः ।
आम्रे मधुरतामेति कटुत्वं निम्बपादपे ।।५८।।

તે જ ભૂમિ પર તે જ પાણી... છતાં જુઓ, પાત્રના ભેદથી આમ્રમાં મધુરતાને પામે છે અને નિંબમાં કડવાશને પામે છે. ।।૫૮।।

स्वस्थानादधिकं मानं दूरेऽपि लभते गुणी ।
यथा विदेशे न तथा महार्घो मणिरम्बुधौ ।।५९।।

ગુણીજન પોતાના સ્થાન કરતાં દૂર પણ અધિક માનને જ પામે છે. જુઓ, કિંમતિ મણિ સમુદ્ર કરતાં વિદેશમાં વધારે આદરને પામે છે. ।।૫૯।।

स्वाधिकैः सह सम्बन्धं न बध्नन्ति सुबुद्धयः ।
पल्वलं विपुलस्रोतः स्रोतसा दीर्यते न किम् ।।६०।।

ચતુરજનો પોતાના કરતાં ચડીયાતા માણસો સાથે સંબંધ બાંધતા નથી. જુઓ, ખાબોચીયું પાણીના વિશાળ પ્રવાહથી શું વિદીર્ણ થઈ જતું નથી? ।।૬૦।।

सुखं दुःखं भवेन्नृणां भवे कर्मविपाकतः ।
अपि पाकरिपुः कर्म-विपाकाच्च न मुच्यते ।।६१।।

સંસારમાં સુખ કે દુ:ખ એ પુરુષોને કર્મના વિપાકથી જ પ્રાપ્ત થાય છે. ઇંદ્ર પણ કર્મના વિપાકથી મુક્ત થઈ શકતો નથી. ।।૬૧।।

संसारकटुवृक्षस्य द्वे फले ह्यमृतोपमे ।
सुभाषितरसास्वादः सङ्गतिः सुजने जने ।।६२।।

સંસારરૂપ કટુવૃક્ષના બે ફળ અમૃતસમાન છે, તેમાં પ્રથમ સુભાષિત રસનો આસ્વાદ અને બીજું સત્સંગ. ।।૬૨।।

**सर्वद्रव्येषु विद्यैव द्रव्यमाहुरनुत्तमम् ।**

**अहार्यत्वादनर्घत्वा-दक्षयत्वाच्च सर्वदा ।।६३।।**

સર્વ દ્રવ્યોમાં વિદ્યાને જ અનુપમ દ્રવ્ય કહેલ છે, કારણકે તે કોઇનાથી હરણ ન થઈ શકે, અમૂલ્ય અને સર્વદા અક્ષય છે. ।।૬૩।।

**सद्विद्या यदि का चिन्ता वराकोदरपूरणे ।**

**शुकोऽप्यशनमाप्नोति राम रामेति च ब्रुवन् ।।६४।।**

જો સદ્વિદ્યા પોતાની પાસે મોજુદ છે, તો પછી બિચારા પેટને પૂરવાની શી ચિંતા? કારણકે રામનામનું ઉચ્ચારણ કરતાં શુક(પોપટ) પણ પોતાના ઉદરનું પોષણ કરે છે. ।।૬૪।।

**सुकवेः शब्दसौभाग्यं सुकविर्वेत्ति नापरः ।**

**कलादवन्न जानाति परः कङ्कणचित्रताम् ।।६५।।**

સુકવિના શબ્દસૌભાગ્યને સુકવિ વિના અન્ય કોઈ જાણી શકતું નથી, કારણકે કંકણની કારીગીરીને સુવર્ણકાર વિના અન્ય કોણ જાણી શકે ? ।।૬૫।।

**सत्यं तपो ज्ञानमहिंसता च विद्वत्प्रणामं च सुशीलता च।**

**एतानि यो धारयते स विद्वान्न केवलं यः पठते स विद्वान्**

**।।६६।।**

સત્ય, તપ, જ્ઞાન, દયા, સુજ્ઞજનોને પ્રણામ અને સુશીલતા-એ ગુણોને જે ધારણ કરે છે-તે વિદ્વાન્ સમજવો. કેવળ જે મુખપાઠ માત્ર જ કરે છે, તે વિદ્વાન્ નથી. ।।૬૬।।

**सम्पदो महतामेव महतामेव चापदः ।**

**वर्धते क्षीयते चन्द्रो न तु तारागणः क्वचित् । ६७।।**

સંપત્તિ કે આપત્તિ પણ મહાપુરુષોને જ પ્રાપ્ત થાય છે. જુઓ, ચંદ્રમા વધે છે અને ક્ષય પામે છે, પરંતુ તારાઓ કંઈ વૃદ્ધિ કે ક્ષય પામતા નથી. ।।૬૭।।

संपत्सु महतां चित्तं भवत्युत्पलकोमलम् ।
आपत्सु च महाशैल-शिलासङ्घातकर्कशम् ।।६८।।

સંપત્તિ વખતે મહાપુરુષોનું મન કમળસમાન કોમળ રહે છે અને વિપત્તિ વખતે તે મહાપર્વતની શિલા સમાન કર્કશ બની જાય છે, નહિ તો આપત્તિ સહન કેમ થઈ શકે? ।।૬૮।।

सज्जनस्य हृदयं नवनीतं यद् वदन्ति कवयस्तदलीकम् ।
अन्यदेहविलसत्परितापात् सज्जनो द्रवति नो नवनीतम्
।।६९।।

સજ્જનપુરુષોનું હૃદય નવનીત(માખણ) જેવું મૃદુ હોય છે એમ જે કવિઓ બોલી ગયા છે, તે મિથ્યા છે. જુઓ, બીજાના દેહને પરિતાપ થવાથી સજ્જનપુરુષનું અંતર પીગળી જાય છે, પરંતુ માખણ પીગળતું નથી. ।।૬૯।।

सौजन्यधन्यजनुषः पुरुषाः परेषां
दोषानपास्य गुणमेव गवेषयन्ति ।
त्यक्त्वा भुजङ्गमविषाणि पटीरगर्भात्
सौरभ्यमेव पवनाः परिशीलयन्ति ।।७०।।

સૌજન્યને ધારણ કરનારા પુરુષો બીજાઓના દોષને તજી દઈને ત્યાં ગુણની જ ગવેષણ કરે છે. જુઓ, ચંદનના વૃક્ષો સાથે સચોટ થઈ ગયેલા સર્પોના વિષને ગ્રહણ ન કરતાં પવન તેના અંતર્ગર્ભમાંથી માત્ર સૌરભ્ય(સુગંધ)ને જ ગ્રહણ કરીને ફેલાવે છે. ।।૭૦।।

सौजन्यामृतसिन्धवः परहितप्रारब्धवीरव्रता,
वाचालाः परवर्णने निजगुणालापे च मौनव्रताः ।
आपत्स्वप्यविलुप्तधैर्यनिचयाः सम्पत्स्वनुत्सेकिनो
मा भूवन् खलवक्त्रनिर्गतविषज्वालातताः सज्जनाः ।।७१।।

જેઓ સૌજન્યામૃતના સાગર છે, પરનું હિત કરવામાં જેઓ સદા શૂરવીર છે, અન્યના ગુણ ગાવામાં જેઓ વાચાળ છે, પોતાના ગુણ કહેવામાં જેઓ મૌન ધરી રહે છે, આપત્તિમાં જેઓ અડગ રહે છે અને સંપત્તિમાં જેઓ છલકાઈ જતા નથી એવા સજ્જનો, ખલજનોના મુખથી નીકળતી દુર્વચનરૂપ વિષજ્વાળાથી દગ્ધ ન થાઓ. ॥૭૧॥

**स्वगुणानिव परदोषान् वक्तुं न सतोऽपि शक्नुवन्ति बुधाः ।**
**स्वगुणानिव परदोषानसतोऽपि खलास्तु कथयन्ति ।।७२।।**

સુજ્ઞજનો જેમ પોતાના ગુણો બોલતા નથી, તેમ પરના છતા દોષો કહેવાને પણ તેઓ હિંમત કરતા નથી. અને દુર્જનો જેમ પોતાના અછતા ગુણો બોલે છે, તેમ પરના અછતા દોષો બોલવાને પણ તેઓ બહાદૂર બની જાય છે. ॥૭૨॥

**सन्ति स्वादुफला वनेषु तरवः स्वच्छं पयो नैर्झरं,**
**वासो वल्कलमाश्रयो गिरिगुहा शय्या लतावल्लरी ।**
**आलोकाय निशासु चन्द्रकिरणाः सख्यं कुरङ्गैः सह;**
**स्वाधीने विभवेप्यहो नरपतिं सेवन्त इत्यद्भुतम् ।।७३।।**

જંગલોમાં સ્વાદિષ્ટ ફળોવાળા વૃક્ષો મોજુદ છે, ઝરણાઓનું સ્વચ્છ જળ છે, વલ્કલના વસ્ત્ર છે, ગિરિગુફાનો આશ્રય છે, લતાસમૂહની શય્યા છે, રાત્રે પ્રકાશને માટે ચંદ્રના કિરણો છે, અને મૃગલાઓ સાથે મૈત્રી થઈ શકે તેમ છે-એ પ્રમાણે સ્વતંત્ર વૈભવ છતાં લોકો રાજાની સેવા કરે છે, એ આશ્ચર્યની વાત છે. ॥૭૩॥

**सन्तोषामृततृप्तानां यत्सुखं शान्तचेतसाम् ।**
**कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावताम् ।।७४।।**

સંતોષામૃતથી તૃપ્ત થયેલા શાંતમનવાળા લોકોને જે સુખ છે-તેવું સુખ ધનમાં લુબ્ધ થઈને આમતેમ દોડતા લોભીજનોને ક્યાંથી હોય? ॥૭૪॥

**सर्वत्र सम्पदस्तस्य सन्तुष्टं यस्य मानसम् ।**
**उपानद्गूढपादस्य ननु चर्मावृतैव भूः ।।७५।।**

જેના મનને સંતોષ છે તેને સર્વત્ર સંપત્તિ જ છે, કારણકે જેણે પગમાં જોડા(ઉપાનહ) પહેર્યા છે, તેને સમસ્ત પૃથ્વી ચામડાથી જાણે મઢેલ હોય-તેવી લાગે છે. ।।૭૫।।

**सर्वत्र गुणवानेव चकास्ति प्रथितो नरः ।**
**मणिर्मूर्ध्नि गले बाहौ पादपीठेऽपि शोभते ।।७६।।**

સર્વત્ર પ્રસિદ્ધ થયેલ ગુણવાન્ પુરુષ જ શોભે છે. મણિને માથે, ગળે, હાથે કે પગે બાંધવામાં આવે તો પણ તે શોભે જ છે. ।।૭૬।।

**स्वयं कर्म करोत्यात्मा स्वयं तत्फलमश्नुते ।**
**स्वयं भ्रमति संसारे स्वयं तस्माद् विमुच्यते ।।७७।।**

આત્મા પોતે કર્મ કરે છે, પોતે તેનું ફળ ભોગવે છે, પોતે સંસારમાં ભમે છે અને પોતે જ તે કર્મથી વિમુક્ત થઈ શકે છે. ।।૭૭।।

**स्वदेशजातस्य नूनं नरस्य गुणाधिकस्यापि भवेदवज्ञा ।**
**निजाङ्गना यद्यपि रूपराशिस्तथापि लोकः परदारसक्तः ।।७८।।**

પોતાના દેશમાં ઉત્પન્ન થયેલ પુરુષ કદાચ ગુણવાન્ હોય-તથાપિ તેની અવજ્ઞા થાય છે. જુઓ, પોતાની સ્ત્રી રૂપવતી છતાં લોકો પરસ્ત્રીમાં આસક્ત થતા જોવામાં આવે છે. ।।૭૮।।

**सम्पूर्णकुम्भो न करोति शब्दमर्धो घटो घोषमुपैति नूनम्।**
**विद्वान्कुलीनो न करोति गर्वं गुणैर्विहीना बहु जल्पयन्ति ।।७९।।**

ભરેલો ઘડો શબ્દ કરતો નથી પણ અર્ધ(અધુરો) ઘડો છલકાય છે, તેમ વિદ્વાન્ અને કુલીન પુરુષ કદાપિ ગર્વ કરતા નથી, પરંતુ ગુણહીનજનો જ બહુ બકવાસ કરે છે. ।।૭૯।।

# ह

हस्ती स्थूलतरः स चाङ्कुशवशः किं हस्तिमात्रोऽङ्कुशो
दीपे प्रज्वलिते प्रणश्यति तमः किं दीपमात्रं तमः ।
वज्रेणापि हताः पतन्ति गिरयः किं वज्रमात्रो गिरि-
स्तेजो यस्य विराजते स बलवान् स्थूलेषु कः प्रत्ययः ।।१।।

હસ્તી સ્થૂલ છતાં તે અંકુશને વશ થાય છે, તેથી શું હસ્તી જેવો મોટો અંકુશ છે? દીપક પ્રજ્વલિત થતાં અંધકાર નષ્ટ થાય છે, તેથી શું દીપક તિમિર સમાન વિસ્તૃત છે? વજ્રથી હણાતા પર્વતો પતિત થાય છે તેથી પર્વતો જેવું મોટું વજ્ર હોય છે? ના, પરંતુ જેનામાં તેજ છે, તે પુરુષ બલવાન્ છે. સ્થૂલ વસ્તુ હોય તેથી શું? ||૧||

हर्तुर्याति न गोचरं किमपि शं पुष्णाति सर्वात्मना,
ह्यर्थिभ्यः प्रतिपद्यमानमनिशं प्राप्नोति वृद्धिं पराम् ।
कल्पान्तेष्वपि न प्रयाति निधनं विद्याख्यमन्तर्धनं;
येषां तान् प्रति मानमुज्झत नृपाः कस्तैः सह स्पर्धते ।।२।।

જે હરણ કરનારને અગોચર છે, સર્વ રીતે કંઈ વિચિત્ર પ્રકારના સુખનું જે પોષણ કરે છે, અર્થિજનોને આપવા જતાં જે નિરંતર વૃદ્ધિ પામે છે અને કલ્પાંતે પણ જેનો નાશ થતો નથી એવું વિદ્યારૂપ

અંતર્ધાન જેમની પાસે છે, હે રાજાઓ! તમે તેમના તરફ અભિમાન કરશો નહિ, કારણકે તેમની સાથે હરીફાઈ કોણ કરી શકે? ॥૨॥

**हृदयानि सतामेव कठिनानीति मे मतिः ।**
**खलवाग्विशिखैस्तीक्ष्णैर्भिद्यन्ते न मनाग् यतः ॥३॥**

હું ધારું છું કે સંતજનોના હૃદયો કઠિન જ હોય છે, કારણકે દુર્જનોના વચનો રૂપ તીક્ષ્ણ બાણોથી જે કદાપિ ભેદાતા નથી. ॥૩॥

**हे लक्ष्मि ! क्षणिके स्वभावचपले मूढे च पापाधमे,**
**न त्वं चोत्तमपात्रमिच्छसि खले प्रायेण दुश्चारिणि।**
**ये देवार्चनसत्यशौचनिरता ये चापि धर्मे रता-**
**स्तेभ्यो लज्जसि निर्दये गतमतिर्नीचो जनो वल्लभः ॥४॥**

ક્ષણિક, સ્વભાવે ચપળ, મૂઢ, પાપાધમ, ખલ અને નિર્દય એવી હે લક્ષ્મી! તું ખરેખર! દુશ્ચારિણી લાગે છે, તેથી ઉત્તમ પાત્રને તું ઇચ્છતી નથી. જે લોકો દેવપૂજામાં તત્પર, સત્ય, શૌચ અને ધર્મમાં સદા આસક્ત છે તેમનાથી તો તું જાણે લજ્જા પામે છે, માત્ર બુદ્ધિહીન અને નીચજન જ તને વલ્લભ છે. ॥૪॥

**हे दारिद्र्य ! नमस्तुभ्यं सिद्धोऽहं त्वत्प्रसादतः ।**
**पश्याम्यहं जगत्सर्वं न मां पश्यति कश्चन ॥५॥**

હે દારિદ્રય! તને નમસ્કાર છે. તારા પ્રસાદથી હું સિદ્ધ થઈ ગયો છું, તેથી હું બધા જગતને જોઈ શકું છું, પણ મને કોઈ જોઈ શકતું નથી. ॥૫॥

**हंसः श्वेतो बकः श्वेतः को भेदो बकहंसयोः ।**
**नीरक्षीरविभागे तु हंसो हंसो बको बकः ॥६॥**

હંસ પણ શ્વેત અને બગલો પણ શ્વેત હોય છે, તો હંસ અને બગલામાં ભેદ શો? ખરેખર! નીર અને ક્ષીરના વિભાગમાં હંસ તે હંસ અને બગલો તે બગલો ગણાશે. ॥૬॥

हतं ज्ञानं क्रियाहीनं हताश्चाज्ञानिनो नराः ।
हतं चानायकं सैन्य-मभर्त्तारो हताः स्त्रियः ।।७।।

ક્રિયાહીન જ્ઞાન, અજ્ઞજનો, નાયક વિનાનું સૈન્ય અને ભર્તાર વિનાની સ્ત્રીઓ-એ બધા નકામા છે. ।।૭।।

हालाहलो नैव विषं विषं रमा,
जनाः परं व्यत्ययमत्र मन्वते ।
निपीय जागर्ति सुखेन तं शिवः;
स्पृशन्निमां मुह्यति निद्रया हरिः ।।८।।

હલાહલ તે વિષ નથી, પણ રમા(લલના) એ જ વિષ છે, પણ આશ્ચર્યની વાત છે કે આ સંબંધમાં લોકોની માન્યતા ઊલટી રીતે ચાલે છે, કારણકે જુઓ, વિષનું પાન કરીને શંકર સુખે જાગ્રત રહે છે અને રમાનો સ્પર્શમાત્ર કરતાં હરિ નિદ્રાથી વ્યામોહ પામે છે. ।।૮।।

हीयते हि मतिस्तात हीनैः सह समागमात् ।
समैश्च समतामेति विशिष्टैश्च विशिष्टताम् ।।९।।

હે તાત! હીનજનોની સાથે સમાગમ કરવાથી મતિ હીન થાય છે, સમાન શીલજનોની સાથે સમાગમ કરતાં સમાન અને વિશિષ્ટજનો સાથે સમાગમ કરતાં મતિ વિશિષ્ટતાને પામે છે. ।।૯।।

हृदयं हरन्ति नार्यो मुनेरपि भ्रूकटाक्षविक्षेपैः ।
दोर्मूलनाभिदेशं प्रदर्शयन्त्यो महाचपलाः ।।१०।।

ભ્રૂકુટી અને કટાક્ષપાતથી તથા સ્તન અને નાભિપ્રદેશને દર્શાવતી એવી મહાચપળ સ્ત્રીઓ મુનિના હૃદયને પણ ચલાયમાન કરી દે છે.।।૧૦।।

हस्तादपि न दातव्यं गृहादपि न दीयते ।
परोपकरणार्थाय वचने किं दरिद्रता ।।११।।

હાથમાંથી કે ઘરમાંથી કાંઈ આપવું પડતું નથી, અને પરોપકાર થઈ શકે, તો વચનમાત્રમાં શા માટે દરિદ્રતા વાપરવી? ।।૧૧।।

हालाहलं खलु पिपासति कौतुकेन
कालानलं परिचुचुम्बिषति प्रकामम् ।
व्यालाधिपं च यतते परिरब्धुमद्धा;
यो दुर्जनं वशयितुं कुरुते मनीषाम् ।।१२।।

જે પુરુષ દુર્જનને વશ કરવાને ઇચ્છે છે, તે કૌતુકથી હાલાહલ પીવાની ચાહના કરે છે, વિકરાલ અગ્નિને તે અત્યંત ચુંબન કરવા જાય છે અને દુષ્ટ(ભયંકર) સર્પને તે આલિંગન કરવાનો યત્ન કરે છે. ।।૧૨।।

हर्षशोकौ समौ यस्य शास्त्रार्थे प्रत्ययः सदा ।
नित्यं भृत्यानपेक्षा च तस्य स्याद् धनदा धरा ।।१३।।

જેને હર્ષ અને ક્રોધ સમાન છે, શાસ્ત્રમાં જેને શ્રદ્ધા છે અને નિરંતર જે સેવકોની અપેક્ષા રાખતો નથી, તેને વસુધા ધન આપનાર નીવડે છે. ।।૧૩।।

हस्तस्य भूषणं दानं सत्यं कण्ठस्य भूषणम् ।
श्रोत्रस्य भूषणं शास्त्रं भूषणैः किं प्रयोजनम् ।।१४।।

હાથનું ભૂષણ દાન છે, કંઠનું ભૂષણ સત્ય છે, અને કાનનું ભૂષણ શાસ્ત્ર છે, તો અન્ય ભૂષણોનું શું પ્રયોજન છે? ।।૧૪।।

हृदयतृणकुटीरे दीप्यमाने स्मराग्ना-
वुचितमनुचितं वा वेत्ति कः पण्डितोऽपि ।
किमु कुवलयनेत्राः सन्ति नो नाकनार्य-
स्त्रिदशपतिरहल्यां तापसीं यत्सिषेवे ।।१५।।

હૃદયરૂપ પર્ણકુટીમાં ઉદાર કામાગ્નિ દેદીપ્યમાન થાય છે ત્યારે કોઈ પંડિત પણ ઉચિત કે અનુચિતને જાણતો નથી. નહિ તો ઇંદ્રને શું દેવાંગનાઓનો તોટો હતો કે જેથી અહલ્યા તાપસીનું તેણે સેવન કર્યું. ।।૧૫।।

# અથ ગુજરાતી દુહા

અતિનિદ્રા, કૌતુકરુચી, કામ, ક્રોધ, શૃંગાર ।
સ્વાદ, લોભ સાતે તજો પ્રથમથી જ પઠનાર ॥૧॥

અપયશ પસરે જગતમાં જ્ઞાન ધ્યાન મતિહીન ।
ચિત્ત ભ્રમ અરતિ વશે પરરમણી આધીન ॥૨॥

આયુ ઘટે દિન દિન પ્રતિ કાલ રહે નિત્ય પાસ ।
મૂરખ મમતા કિમ કરે ક્ષણમે જાશે શાશ ॥૩॥

એક દીવસ પૂરણ શશી ક્ષીણ ઘણા દિન હોય ।
સુખ થકી તિંમ દુઃખ ઘણું આપદ અંત ન જોય ॥૪॥

અપના અપના ઇષ્ટકો મનન કરે સહુ કોય ।
ઇષ્ટ વિહૂણા માનવી ફોકટ શક્તિ ખોય ॥૫॥

આછે દિન પીછે ગયે હરિસેં કીયો ન હેત ।
અબ પછતાર્યે ક્યાં હૂવે ચીડીયાં ચુન ગઈ ખેત ॥૬॥

આદર્યા અધ વિચ રહે કર્મ કરે સો હોય ।
મન માને આનંદ કર મન માને તો રોય ॥૭॥

આલસ ભૂંડી ભૂતડી વ્યંતરનો વલગાર ।
પેશે જેહના અંગમાં બહુત કરે બિગાર ॥૮॥

આવ્યું નહિ ભય જ્યાં લગે બીક રાખવી ચિત્ત ।
પાસે આવ્યું જોઇને કરવું જેમ ઊચિત ॥૯॥

અતિ ઘણું નવિ તાણીયેં તાણ્યે ત્રૂટી જાય ।
ત્રુટ્યા પછી જો સાંધીયે વિચેં ગાંઠ રહી જાય ॥૧૦॥

અવગુણ ઉપર ગુણ કરે એ સજ્જન અભ્યાસ ।
ચંદનને પરજાલતાં આપે સરસ સુવાસ ॥૧૧॥

આલસુને ઉપચાર નહિ લોભીને નહિ સુખ ।
કાયરને હિંમત નહિ સંતોષીને નહિ દુઃખ ।૧૨॥

એક એક અક્ષર વડે ભણે ગ્રંથ વિચાર ।
આંટે આંટે કાપતું પૈડું કોશ હજાર ॥૧૩॥

ઔષધ છે સવિ રોગના ઉપાય સહુના હોય ।
ઔષધ નહિ જ સ્વભાવનું કરી શકે જગ કોય ॥૧૪॥

અતિભલું નહીં વરસવું અતિભલું નહી ધૂપ ।
અતિભલું નહી બોલવું અતિભલું નહિ ચૂપ ॥૧૫॥

આતમ અનુભવ વાસના કોઈક નવલી રીત ।
નાક ન પસરે વાસના કાન કરે પ્રતીત ॥૧૬॥

આપ આપની ગરજથી ગરજુ જગત જણાય ।
વગર દરદ ઘર વૈદ્યને નિશ્ચેં નહિ કોઇ જાય ॥૧૭॥

આવ નહી આદર નહીં નહિ નયનોમેં નેહ ।
તસ ઘર કબુ ન જાઇએ જો કાંચન વરસે મેહ ॥૧૮॥

આવ હે આદર હે હે નયનોમેં નેહ ।
તસ ઘર કબુ ન છોડીએ જો પત્થર વરસે મેહ ॥૧૯॥

અણસમજુની આગલેં કરવો નહિ હિતબોધ ।
બતાવતાં લઇ આંરસી નકટો કરસે ક્રોધ ॥૨૦॥

આઠ પહોર સતસંગ કરે સદા વિવેકી સંગ ।
તુલસી કોન વિયોગસેં લાગ્યો નહિ પ્રભુ રંગ ॥૨૧॥

અંતર કપટી મુખ રસી નામ પ્રીતકો લેત ।
રહો દૂર એ મિત્રસે દગાખોર દુઃખ દેત ॥૨૨॥

અરથી જો લજ્જા ધરે સરે ન સ્વાર્થ કામ ।
જો ગણિકા સરમાય તો મલે ન કવડી દામ ॥૨૩॥

અદેખાની આંખમાં કમલા કેરો રોગ ।
પીલું દેખે પર વિશે રોગ તણે સંયોગ ॥૨૪॥

અરથીને અકલ નહિ કામી ન ગણે દોષ ।
સ્નેહી સંકટ નવિ ગણે લોભી નહિ સંતોષ ॥૨૫॥

આખાની આશા થકી અરધો તજવા જાય ।
ખોવે બંને ખાંતથી એ મૂરખનો રાય ॥૨૬॥

આવરદા ઓછી રહી પ્રભુથી કીયો ન પ્રેમ ।
ખાઈ ગયા તીડ ખેત્રને પછી પસ્તાવું કેમ ॥૨૭॥

* * * * *

ઇચ્છે જેવું અવરનું તેવું આપણું થાય ।
માનો નહી તો કરી જુઓ જેથી તરત જણાય ॥૧॥

ઇચ્છે સુખ ભુંડાઇથી તે ક્યાંથી મલનાર ।
આકતણું બી વાવતાં આંબો નહિ જ થનાર ॥૨॥

ઇચ્છે ભુંડું અવરનું તેનું ભુંડું થનાર ।
અન્ય કાજ ખાડો ખણે તેમાં તે પડનાર ॥૩॥

* * * * *

ઉજડ ખેડા ફિર વશે નિર્ધનીયાં ધન હોય ।
ગયા ન યૌવન સંચરે મુવા ન જીવે કોય ॥૧॥

ઉંચા કુલ કિસ કામકા જ્યાં નહી પ્રભુકો નામ ।
ઇસસે તો શૂક જ ભલા જસ મુખ બોલે રામ ॥૨॥

ઉપજે મતિ જન મન વિશે જેહવું ભાવી હોય ।
શુદ્ધ માર્ગ સૂજે નહી કોઇ સમજાવે તોય ॥૩॥

ઉઘાડા દીવા વિશે પતંગ જેમ જપલાય ।
તિમ નારીના નેત્રમાં ભ્રષ્ટજનો ભરમાય ॥૪॥

ઉંચૂં જોતો બલદીઓ નીચૂં જોતી નાર ।
એકલ હટ્ટો વાણીઓ એ ત્રણ દૂર નિવાર ॥૫॥

કાચો ગઢ કાયા તણો વિણસંતાં નહિ વાર ।
ચેતી લેજે જીવડા કરી ચિત્ત વિચાર ॥૧॥

કર્યા કર્મનો ક્ષય નથી કોડી વર્ષ હજાર ।
અવશ્ય ભોગવવા પડે શુભ અશુભ વિચાર ॥૨॥

કુલે કલંક અપયશ કરે મહત્વ સદા હરનાર ।
ધન નાશે અરતિ અધિક તજીયેં મિત્ર જુગાર ॥૩॥

કૃત્યાકૃત્ય વિચારને ઉત્તમ જાણે આપ ।
મધ્યમ ગુરુ ઉપદેશથી અધમ ન જાણે પાપ ॥૪॥

કઠીન પંથ હૈ સાધુકા જેસા તાડ ખજૂર ।
ચઢે તો ચાખે પ્રેમરસ પડે તો ચકનાચૂર ॥૫॥

કઠીન પંથ હૈ સાધુકા ખરાખરીકો ખેલ ।
નાનીજીકો ઘર નહી શેઠો હોય તો જેલ ॥૬॥

કુકવિ ચિતારો પારધી કુવણિક ને ભાટ ।
ગાંધી નરક સિધાવિયા વૈદ્ય દેખાડે વાટ ॥૭॥

કાલ કરે સો આજ કર આજ કરે સો અબ ।
અવસર બિત્યો જાત હૈ ફિર કરેગા કબ ॥૮॥

કરી ભરોંશો કર્મનું કહે થશે જ થનાર ।
આપ તજે ઉદ્યોગને એ પણ એક ગમાર ॥૯॥

કામી કુલ ન ઓળખે લોભી ન ગણે લાજ ।
મરણ વેલા નહિ ઓળખે ભૂખ્યો ભખે અખાજ ॥૧૦॥

કામ પડ્યાથી જાણીયેં જે નર જેહવો હોય ।
તપાવ્યા વિણ ખોટું ખરું કહે ન સોનું કોય ॥૧૧॥

કરત કરત અભ્યાસશેં જડમતિ હોત સુજાન ।
રસરી આવત જાવતસેં શિલ પર હોત નિશાન ॥૧૨॥

કદી કષ્ટ પામ્યા વિના ગુણ પામે નહિ કોય ।
વધ બંધન સહે ફૂલ જો તો ગુણવાલું થાય ॥૧૩॥

કટુ લાગે કલ્યાણના વચન વિચારો આપ ।
કટુ ઔષધ પીધા વિના મટે ન તનકો તાપ ॥૧૪॥

કોયલ નવ દીયે કોઈને હરે ન કોઈનું કાગ ।
મીઠા વચનથી સર્વનું કોકીલ પર અનુરાગ ॥૧૫॥

કાયા કાચો કુંભ છે જીવ મુસાફર પાસ ।
તારો ત્યાં લગે જાણજે જ્યાં લગેં શ્વાસોશ્વાશ ॥૧૬॥

કાલા કેશ મટી ગયા બન્યા સર્વ સફેત ।
યૌવન જોર જતું રહ્યું ચેત ચેત નર ચેત ॥૧૭॥

કામી ક્રોધી કૃપણ નર માનીને મદ અંધ ।
ચુગલ જુવારી ચોરટા દેખત આઠે અંધ ॥૧૮॥

કેશરીકેશ ભુયંગમણી શરણાગત સૂરાય ।
સતીપયોધર કૃપણધન ચઢતિ હત્થ મુઆય ॥૧૯॥

કુલહીણાની ચાકરી દુર્જન કેરો સંગ ।
પરનારીની પ્રીતડી જાણ ઘડીનો રંગ ॥૨૦॥

કટકા કાચ બીલોરના સાકર સમ દેખાય ।
ભૂલેં ભોજનમાં મલે જીમતાં જીવ જ જાય ॥૨૧॥

કાક બેઠાયો પાંજરે પઢીયો ચારે વેદ ।
વિવેક વાત શીખ્યો નહી રહ્યો ઢેઢ કો ઢેઢ ॥૨૨॥

કુલધન બલ ભલેં પામીઆ શીખ્યા શાસ્ત્ર વિચાર ।
તુલસી પ્રભુભક્તિ બિના ચારે વરણ ચમાર ॥૨૩॥

કલા કાવ્ય શ્રુતજ્ઞાનમાં સજ્જનના દિન જાય ।
નિદ્રા કામ કિલેશમાં મૂરખ કાલ ગમાય ॥૨૪॥

કોમલ બુદ્ધિ બાલકો વાલો તેમ વલાય ।
શૂકા તરુપરે વાલતાં પછી તે ત્રૂટી જાય ॥૨૫॥

કદી ઘર ઘોડા હાથીઓ રમણી સુંદર ગાત ।
એક દિન એવો આવશે ભૂખ્યા ન મલે ભાત ॥૨૬॥

કવિજન કાવ્ય કરી મરે ગુણ ચાખે ગાનાર ।
સોની ઘાટ ઘડી મરે રાય સજે શણગાર ॥૨૭॥

કો વેલા ગજ ઘોડલા ચામર છત્રની છાય ।
કો વેલા પગેં ચાલવું તાતી વેલુમાંય ॥૨૮॥

કૃપણ ધન સંચય કરે અભણ બેસે રાજ ।
માખી મધને સંગ્રહે એ સહુ પરને કાજ ॥૨૯॥

કડવી હોય લીંબડી મીઠી તેંહની છાય ।
બાંધવ હોય અબોલડા તોય પોતાની બાંય ।૩૦॥

કપટીકે મન કપટ વસે સૂરા મન સંગ્રામ ।
લોભીકે મન ધન બસે કબીરકે મન રામ ॥૩૧॥

કાંચન તજવો સહેલ હૈ સહેલ પ્રિયાકો, નેહ ।
ઈર્ષ્યા નિંદા પરતણી કઠીન ત્યાગવી તેહ ॥૩૨॥

કુંજર મુખસે કણ ગિરે ખૂટે નહિ તસ આહાર ।
કીડી સો કણ લે ચલી તૃપ્ત હુઓ પરિવાર ॥૩૩॥

કરજ કરી ધન વાવરે ફૂલાવ્યો ફૂલાય ।
વલતો વિમાસણ કરે એ મૂરખનો રાય ॥૩૪॥

કરે અકારજ આપનું થાય કુમતિ જે વાર ।
હાથ ચઢ્યું હથીઆર તે મારે પગે ગમાર ॥૩૫॥

કાજલ તજે ન શ્યામતા સજ્જન તજે ન હેત ।
દુર્જન તજે ન કુટિલતા એ જાણો સંકેત ॥૩૬॥

કૃતઘ્નને જે આપીયું ખાય ત્યાં લગી પ્રીત ।
ખાતાં સુધી ભસે નહી શ્વાન તણી એ રીત ।।૩૭।।

કુલ કુપુત્ર નથી કામનો તેહથી શોભા જાય ।
આંચલ કંઠે બકરીને પણ દૂધ નહી દોવાય ।।૩૮।।

ક્ષમા આપતાં વાંકની રસ મનમાં રેલાય ।
શિક્ષા કરતાં થાય રસ પણ તેહવો નવિ થાય ।।૩૯।।

* * * * *

ખલ સજ્જન ગતિ આઠ નવ અંક સમાન વિચાર ।
દ્વિગુન ત્રિગુન ફુનિ પંચગુન ઘટત રહત ઇક સાર ।।૧।।

ખબર નહિ યા પલ તણી કરે કાલકી બાત ।
જીવત પર યમ ફિરત હૈ જલબિંદૂ પર વાત ।।૨।।

ખેત્ર બગડ્યો તણખલે સભા બોલતાં કૂડ ।
ભક્તિ બગડી લાલચેં જ્યું કેશર પડી ધૂળ ।।૩।।

* * * * *

ગુણ તો એક જણાય નહી અવગુણ ગણ્યા ન જાય ।
મિથ્યા માન ધરે ઘણો એ મૂરખનો રાય ।।૧।।

ગુણ જે કર્યા ગમારને ધરી ધૂળમાં ધૂળ ।
બાવલીયો બલીયો બની સદાય આપે શૂલ ।।૨।।

ગણે ન કોઇ ગરીબને ધનપતિને સહુ ધાય ।
છીંક ખાય જો ધનપતિ તોય ખમાં કહેવાય ।।૩।।

ગુણી સુપુત્ર એકથી આખું કુલ વખણાય ।
એક જ ચંદન વૃક્ષથી જિમ વન વાસિત થાય ।।૪।।

ગુરુ લોભી શિષ્ય લાલચુ બિહુંહિં ખેલે દાવ ।
બૂડે દોનું બાપડા બેઠ પત્થરકી નાવ ।।૫।।

ગુણીજન ગુપ્ત રહે નહી વિણ યતને પંકાય ।
દિનકર વાદલ દલ વિશે દાટ્યો પણ દેખાય ॥૬॥

ગુણ કીધે જે ગુણ કરે તે વ્યવહારી નેહ ।
અવગુણ કીધે ગુણ કરે સજ્જન કહીયેં તેહ ॥૭॥

ગલાકાટ કલમા પઢે મુખશેં કહે હલાલ ।
સાહેબકે દરબારમે હોશે કોન હવાલ ॥૮॥

* * * * *

ઘેલીમાથે બેડલો વાનર કોટેં હાર ।
જુગારી પાસ પૈસો રહ્યો જતાં ન લાગે વાર ॥૧॥

ચિંતા બડી અભાગણી માંસ બિંદુકો ખાય ।
રતી રતી ભર સંચરે તોલા ભર ભર જાય ॥૧॥

ચાર અંગ દુર્લભ અતિ આદિ નર અવતાર ।
શ્રુત શ્રવણ શ્રદ્ધા શુદ્ધિ ચોથો સંયમ સાર ॥૨॥

ચૈતન્ય સરજે સુખદુઃખો ભોક્તા તેહિ જ હોય ।
પર ઊપર દોષ જ દીયે તે સહી મૂરખ જોય ॥૩॥

ચાર પહોર દિવસ તણા આરંભ કરતાં જાય ।
એક પહોર વા અર્ધ તો ધર્મ કરો સુખદાય ॥૪॥

ચેતન ચેત તું ચિત્ત વિશેં આ સંસાર અસાર ।
આવ્યો તિમ જાઈસ વલી કોઈ ન રાખણહાર ॥૫॥

ચાર પહોર ધંધો કરે ચાર પહોર રહે સૂઈ ।
પ્રભુનામ ઘડી ના લીયો મુક્તિ ક્યાંથી હોઈ ॥૬॥

ચિંતાસેં ચતુરાઈ ઘટે ઘટે રૂપ ઓર રંગ ।
ચિંતા બડી અભાગણી કરે જોરકો ભંગ ॥૭॥

ચકી ચલે તો ચલન દે તું કાયકો રોય ।
ખીલેશે બિલગા રહે પીસ શકે નહિ કોય ॥૮॥

છાની નહિ રહે ચતૂરથી કો અંતરની વાત ।
વૈદ્ય પારખે કર ગ્રહી જિમ તે રોગની જાત ॥૧॥

* * * * *

જન્મ જરા મૃત્યુ બલી રોગ શોક દુઃખ જોઈ ।
સ્વાર્થીઆ સહુ પરિજના ધર્મ કર્યા સુખ હોઈ ॥૧॥
જેસો બંધન પ્રેમકો તેસો બંધન ઓર ।
કાઠહિ ભેદે કમલકો છેદ ન નિકસે ભોર ॥૨॥
જોતાં કોઈ જણાય નહી સાહુકાર કે ચોર ।
દીવાનથી દરબારમાં છે અંધારું ઘોર ॥૩॥
જ્યાં જેનો નહિ પારખો ત્યાં તેનો નહિ કામ ।
ધોબી બિચારા ક્યા કરે સંન્યાસીકા ગામ ॥૪॥
જલ સર્પ સોની અને રાજા પૈસાદાર ।
પરદેશી એ પાંચથી સદા ચેતીને ચાલ ॥૫॥
જિસેં પ્રભુકો ડર નહિ નહી પંચકી લાજ ।
ઉસસે છેડ ક્યું કીજીએં ચૂપ ભલી મહારાજ ॥૬॥
જગત પડ્યું મુખ કાલને કેડા મોર જનાર ।
ઘંટીને ઘાલે પડ્યા દાણા લોટ થનાર ॥૭॥
જેસિ પ્રીતિ હરામમે તેસિ હકમે હોય ।
ચલા જાય બૈકૂઠમે પલા ન પકડે કોય ॥૮॥
જબ તું આવ્યો જગતમાં લોક હસે તું રોય ।
એસી કરણી ના કરેં પીછેસેં હાંસી હોય ॥૯॥
જૂઠા બોલા નરતણું સઘલૂં જૂઠ મનાય ।
વિછુ કરડે ભાંડને તો સાચે જૂઠ મનાય ॥૧૦॥
જેના મનમાં જે ગમ્યું તેહને તેનું કામ ।
આકતણા કીડા તણું આંબામાં નહિ ઠામ ॥૧૧॥

જો જામેં નિશદિન બસે સો તામે પરબીન ।
ગજકુ સરિતા લે ચલી ઉલટા ચાલત મીન ।।૧૨।।

જરને વસ આ જગત સહુ જરથી વિનય વિવેક ।
જર ખરચે સઘલું મલે મલે ન અકલ એક ।।૧૩।।

જબ લગ તેરા પુન્યકા પૂગે નહી કરાર ।
તબ લગ તકસીર માફ હે અવગુણ કરો હજાર ।।૧૪।।

જો મતિ પીછે ઉપજે સો મતિ આગલ હોય ।
કાજ ન બગડે આપણું દુર્જન હશે ન કોય ।।૧૫।।

જલકી શોભા કમલ હે તનકી શોભા પીલ ।
ધનકી શોભા ધર્મ હે કુલકી શોભા શીલ ।।૧૬।।

જોડ્યા બે ત્રણ દોહરા તેથી ન કવિ કહેવાય ।
રાખે હલદર ગાંઠીઓ ગાંધી કેમ ગણાય ।।૧૭।।

જનની જણજે જન ભલા કાં દાતા કાં શૂર ।
નહિ તો રહેજે વાંજણી મત ગુમાવીશ નૂર ।।૧૮।।

જીવજીવકે આસરે જીવ કરત હૈ રાંજ ।
તો રહેતાં પ્રભુ આસરે ક્યું બગડેગા કાજ ।।૧૯।।

જીવંતાં જો જશ નહી જશ વીણ ક્યું જીવંત ।
જશ લઈને જે આથમ્યા તે રવિ પેલા ઊગંત ।।૨૦।।

જે જન પામે પૂરણતા તે કદી નવ ફૂલાય ।
પૂરણ ઘટ છલકે નહી અપૂરણ હોઈ છલકાય ।।૨૧।।

જેની સંગતથી કદી થોડું પણ દુઃખ થાય ।
વલી તેની સાથે વસે તે મૂરખનો રાય ।।૨૨।।

જેના મનમાં જે ગમ્યું તે તેના ગુણ ગાય ।
ઝેર તણા જમનાર તે અમૃત જાણી ખાય ।।૨૩।।

જેના મનમાં જે ગમે ગુણ તેના તે ગાય ।
કાગ લીંબોડી ખાત હે કોયલ આંબરસ ખાય ।।૨૪।।

જગડો કરી નિજ નારીથી બાલે નિજ ઘરબાર ।
વલતી વિમાસણ કરે એ પણ એક ગમાર ।।૨૫।।

જ્યાં ભણેલ નહિ ભૂપતિ ત્યાં અંધેર જણાય ।
અધિકારી અવલું કરે લાંચ લેઇને ન્યાય ।।૨૬।।

જે જન જબ જૂઠો પડે એક વાર કો કામ ।
સુણતાં સંશય ઊપજે તેહના બોલ તમામ ।।૨૭।।

જામે જતેની બુદ્ધિ હૈ ઇતનો કહે બનાય ।
વાંકો બુરો ન માનીયે ઓર ક્યાંથી લાય ।।૨૮।।

જલ જ્યું પ્યારા માછલી લોભી પ્યારા દામ ।
માતને પ્યારા બાલકા ભક્તિ પ્યારી રામ ।।૨૯।।

જન્મી તરત જાણે નહી હિત અહિત વિચાર ।
જાણે જેમ તેમ સમજી લે નાનપણે નરનાર ।।૩૦।।

ટીલાં કરતાં ત્રેપન વયા જપમાલાના મણિયાં ગયા ।
કથા સુણી સુણી ફૂટ્યા કાન તોય ન આવી હઇડે શાન ।।૩૧।।

* * * * *

તન કસોટી દેત હૈ પણ મન કસોટી નાહીં ।
રાફડ કૂટે લકડીશેં પણ મણિધર ન મરે માંહી ।।૧।।

તુલસી હાય ગરીબકી કબું ન ખાલી જાય ।
મુઆ ઢોરકે ચાંમસે લોહા ભસ્મ હો જાય ।।૨।।

તજવા લાયક તરત છે જગમાં ચાકર ચાર ।
તસ્કર રોગી આલસુ પ્રત્યુત્તર પઠનાર ।।૩।।

તુલસી તલબ ન છોડીયે નિશ્ચેં લીજે નામ ।
મનખ મજૂરી દેત હૈ તો ક્યું રખેગા રામ ।।૪।।

તુલસી ચેતન ખેત હૈ મન વચ કર્મ કીશાન ।
પાપ પુન્ય દો બીજ હૈ બોવે સો લણે નિદાન ।।૫।।

તુલસી શુદ્ધ સ્વભાવને શું કરી શકે કુસંગ ।
ચંદને વિષે વ્યાપે નહી વલગી રહત ભુજંગ ।।૬।।

તીર લગો ગોલા લગો લગો મરમકે ઘાય ।
નયના કિસીકુ મત લગો ઉનકા નહિ ઉપાય ।।૭।।

તુલસી તર્ષ્યા પીનેશેં ઘટે ન સરિતા નીર ।
ધર્મ કીયે ધન ના ઘટે સાય કરે રઘુવીર ।।૮।।

તુલસી મનકા દુઃખકી પ્રગટ ન કરીયે વાત ।
લીયે ન વેંચી કોઈ તે ભર્મ જાય લાકાત ।।૯।।

તબ લગ તો સર્વે ભલા જબ લગ વદે ન બોલ ।
કાક કોયલકા હોત હૈ ઋતુવસંતમે તોલ ।।૧૦।।

તે સુખ સુખ નહિ માનિયે અંતે આપદ ખાન ।
તજીયેં સોનું તરત તે જેહથી ત્રૂટે કાન ।।૧૧।।

તાબુસ ઘેલા તુરકડા વિવાહ ઘેલી નાર ।
હોલી ઘેલા હંડુડા એ ત્રણે એક અવતાર ।।૧૨।।

* * * * *

દશ દષ્ટાંતે દોહિલો પામ્યો નર અવતાર ।
ધર્મ વિના ધોખો થશે જાતાં નરકદ્વાર ।।૧।।

દુઃખર્શે ડર મત માનવી પડતિ ચડતિ સદાય ।
મગન રહો ધીરજ ધરો શશી વિતક મન લાય ।।૨।।

દુર્જન સંગતથી સદા સજ્જનને દુઃખ થાય ।
એકવાર કુસંગથી ગાય ગલે ઘંટ પાય ।।૩।।

દુર્જન સંગ ન કીજિયે દુર્જનથી સુખ દૂર ।
હંસકાકની પ્રીતિથી પામ્યો દુઃખ ભરપૂર ।।૪।।

દુર્જનકી કૃપા બુરી ભલો સજ્જનકો ત્રાસ ।
જબ સૂરજ ગરમી કરે તબ વરસનકી આસ ।।૫।।

દુર્જનકૃત નિંદા થકી સજ્જન નવિ નિંદાય ।
રવિભણી રજ નાખતાં આપે અંધો થાય ।।૬।।

દુઃખ દેવું પણ દેવનું દયા ભરેલું કામ ।
અતિ દયાથી રોગીને આપે વૈદ્યો ડામ ।।૭।।

દુઃખ આવે રડવું નહી કર્મ બનાવટ કામ ।
ઉદ્યમ કરતાં માનવી પામે સિદ્ધિ તમામ ।।૮।।

દયા ધર્મકો મૂલ હે પાપ મૂલ અભિમાન ।
તુલસી દયા ન છોડીએં જબલગ ઘટમેં પ્રાન ।।૯।।

દાતાને મન ધન નહી સૂરા મન નહી શ્વાસ ।
પતિવ્રતાને પ્રાણ નહી દેહ ન સમજે દાસ ।।૧૦।।

દેશાટનના લાભથી વધે બુદ્ધિબલ આપ ।
અનુભવ લઈને નવનવા કદી ન ખાય થાપ ।।૧૧।।

દયા તે સુખની વેલડી દયા તે સુખની ખાણ ।
અનંતા જીવ મુક્તેં ગયા દયા તણે પરિમાણ ।।૧૨।।

દોલત બેટી સમ કહી ખરચી કબુ ન જાય ।
પાલી પોસી મોટી કરી પણ પરઘર ચલિ જાય ।।૧૩।।

* * * * *

ધર્મ કરંતા ધન વધે ધન વધ મન વધ જાય ।
મન વધ્યે મહિમા વધે વધત વધત વધ જાય ।।૧।।

ધર્મ કરતાં સ્વર્ગ સુખ ધર્મ કરત નિર્વાણ ।
ધર્મ મર્મ જાણ્યા વિના નર તિરિયંચ સમાન ।।૨।।

ધર્મ ધ્યાન કીધો નહી રાખ્યો મન અભિમાન ।
એક આંખ તો ફૂટ ગઈ હોશે દૂજી સમાન ।।૩।।

ધર્મ નિયમ પાલ્યા વિના પ્રભુ ભજવા તે વ્યર્થ ।
ઔષધ ખાતાં શું થશે જો પાલે નહિ પથ્ય ॥૪॥

ધન યૌવન કછુ ના રહે ના રહે ગામને ઠામ ।
સજ્જન જગમેં યશ રહે કર દો કિસીકા કામ ॥૫॥

ધન મેલવતાં દુઃખ ઘણું સાચવતાં પણ દુઃખ ।
આવેલું ફરી જાય તો જાય સમૂલું સુખ ॥૬॥

ધન દઈને તન રાખીયેં તન દઈ રાખો લાજ ।
ધન દો તન દો લાજ દો એક પ્રેમને કાજ । ૭॥

ધૂતા હોય સુલખ્ખણા વેશ્યા હોય સલજ્જ ।
ખારા પાણી નિર્મલા એ ત્રણે હોય અકજ્જ ॥૮॥

ધીરા ધીરા રાવતાં ધીરે સબ કુછ હોય ।
માલી સીંચે સો ઘડા રુત વિણ ફલ ન હોય ॥૯॥

ધીરજશેં નિજ ધામમેં હાથી સવા મણ ખાય ।
ટુકડા એકકે કારણે શ્વાન ઘરોઘર જાય ॥૧૦॥

ધન વંછે એક અધમ નર ઉત્તમ વંછે માન ।
તે થાનક સહુ છંડીએં જીહાં લહિયેં અપમાન ॥૧૧॥

* * * * *

નિવરો નર નિંદા બિના કહો કરે શું કામ ।
પર નિંદા ધંધો કરી લહે નરક દુઃખ દામ ॥૧॥

નમન નમનમેં ફરક હૈ બહુત નમે નાદાન ।
દગલબાજ દોગુન નમે ચિત્તા ચોર કમાન ॥૨॥

નિર્લજ્જ નર લાજે નહી કરતાં કોટી ધિક્કાર ।
નાક કપાયું તો કહે અંગેં ઓછો ભાર ॥૩॥

નાણું બિન નીતિતણું ઘરમાં નહી રહેનાર ।
મીઆંજી લાવે મૂઠીએં અલા ઊંઠ હરનાર ॥૪॥

નિંદા હમારી જો કરે મિત્ર હમારા સોય ।
બિન સાબુ બિન પાનીયેં મેલ હમારા ધોય ।।૫।।
નીચી નજરેં ચાલતાં મોટા ત્રણ ગુણ થાય ।
દયા પલે કાંટો ટલે પગ પણ નવિ ખરડાય ।।૬।।
નાવું ધોવું બહુ જલેં મનકો મેલ ન જાય ।
મીન સદા જલમે વશે ધોતાં કલંક ન જાય ।।૭।।
નીચ સ્વભાવના માનવી કદી ન ઉત્તમ હોય ।
ધોતાં કાલા કોલસા તે નવિ ઉજ્જ્વલ જોય ।।૮।।
નારી દેહ દીવી કરી પુરુષ પતંગીઆ હોય ।
જગ સઘલું ખૂચી રહ્યું નિકશે વિરલા કોય ।।૯।।
નારી મદન તલાવડી બૂડ્યો સયલ સંસાર ।
જાણ અજાણ સહુકો પડે કોઈ નહિ કાઢણહાર ।।૧૦।।
નારી નીચ સ્વભાવની જગમાં કરી જગેશ ।
નર ભૂલી તેહમાં ભમે પામે દુઃખ વિશેષ ।।૧૧।।
નારી ગુમાવે તીન ગુન જો નર પાસે હોય ।
ભક્તિ મુક્તિ નિજ જ્ઞાનધન પેઠ શકે નહિ કોય ।।૧૨।।
નિંદક સરિખો પાપીઓ ભુંડો કોઈ ન દીઠ ।
વલી ચંડાલ સમ તે કહ્યો નિંદક મુખ અદીઠ ।।૧૩।।
નહિ કહેવી કોઈને મુખથી કડવી વાણ ।
છેદે તે જન હૃદયને જિમ ભેદે છે બાણ ।।૧૪।।
નીકી સો ફીકી લગે બિન અવસરકી બાત ।
ફીકી સો નીકી લગે કહીયેં સમયપર બાત ।।૧૫।।

* * * * *

પરઘર દુઃખ ન રોવણું વેચી ન શકે કોય ।
ભરમ ગુમાવે આપણું ખરે જ મૂરખ હોય ।।૧।।

પરધન જાકું ઝેર હૈ પરસ્ત્રી માત સમાન ।
એમ કરતાં પ્રભુ ના મિલે તો તુલશીદાસ જમાન ।।૨।।

પાગભાગ પ્રકૃતિ સુરત બોલી અકલ વિવેક ।
અક્ષર મિલે ન એકઠા સોધો મુલક અનેક ।।૩।।

પાણીમેં પાણી મિલે મિલે કીચમે કીચ ।
સાધુમે સાધુ મિલે મિલે નીચમે નીચ ।।૪।।

પારસમે ઓર સંતમે બડો અંતરો જાન ।
વો લોહા કાંચન કરે વો કરે આપ સમાન ।।૫।।

પહેલે પોરે સહુ કોઇ જાગે બીજે પહોરે રોગી ।
ત્રીજે પહોરે તસ્કર જાગે ચોથે પહોરે યોગી ।।૬।।

પાવસેરકે પાત્રમે કૈસે શેર સમાય ।
છોટે નરકે પેટમે બડી બાત ન સમાય ।।૭।।

પ્રીત થવી તો સહેલ હૈ નિભાવવી મુશ્કેલ ।
પીતાં કેફ પડે મજા જીરવવા નહિ સહેલ ।।૮।।

પ્રેમેં પ્રાણ ટકી રહે પ્રેમેં પ્રાણ જ જાય ।
પ્રેમે પ્રાણ અપાય છે પ્રેમેં પ્રાણ રખાય ।।૯।।

પડતિ ઇચ્છે પરતણી ચઢતિ આપ ચહાય ।
પણ પાપી શું કરી શકે ધાર્યું ધણીનું થાય ।।૧૦।।

પ્રભુનામકી લૂંટ હૈ લૂંટ શકે તો લૂંટ ।
અંતકાલ પસ્તાયગો પ્રાણ જાયગા છૂટ ।।૧૧।।

પ્રભુ સાથે પ્રીતડી વેશ્યા સાથે હસવું ।
દો દો બાતા કિમ બને લોષ્ટ ખાવું ને ભસવું ।।૧૨।।

પીપલપાન ખરંત હસતી કુંપલીઆ ।
અમ વીતિ તમ વિતશે ધીરી બાપુલીઆ ।।૧૩।।

પરનારીકી પ્રીતડી જેસી લસન ખાન ।
ખૂણે બેસી ખાઇએ તોય પ્રગટ નિદાન ॥૧૪॥
પંડિતની પંક્તિ વિશેં નહી અભણ શોભાય ।
હંસની હાર થકી જુઓ જૂદું બગલું જણાય ॥૧૫॥
પ્રીત કરિયેં સરાફકી જેસો સિરકો વાલ ।
કટે કટાવે ફિર હુવે કબુ ન છોડે ખ્યાલ ॥૧૬॥
પરનારીની પ્રીતમાં લંપટ થઈ લપટાય ।
જર જશને જોવન ખુવે એ મૂરખનો રાય ॥૧૭॥
પામર ઉચકે પાલખી બેસે ધનીકા બાલ ।
હૂકમ ચલાવે હામ ધરી પૈસાથી મહીપાલ ॥૧૮॥
પતિવ્રતા ભૂખે મરે ને છીનાલ ખાય લાડુ ।
ગાંડા ઘેલા ઘોડે ચડે ને ડાયા ખેંચે ગાડું ॥૧૯॥
પંથી જીવ પામી ગયો નરભવ નગર બજાર ।
સોદાગર સમજી જઈ કરો પુન્ય વેપાર ॥૨૦॥
ફાટ્યું પગનું પગરખુ નવું લેતાં શી વાર ।
એવું મરણ વહુનું ગણે કહિયેં તેહ ગમાર ॥૧॥

* * * * *

બલ થકી બુદ્ધિ વડી જો ઉપજે ઉરમાંય ।
જંબૂકે જિમ નાખીયો કૂપમાંહિ મૃગરાય ॥૧॥
બડે બડેકુ દુઃખ પડે છોટેસેં દુઃખ દૂર ।
તારે સબ ન્યારે રહે ગ્રહે ચંદ્ર ઓર સૂર ॥૨॥
બનીયાં ફૂલ ગુલાબકા ધૂપ પડે કરમાય ।
પત્થર માર્યા નહિ મરે પણ મંદીસે મર જાય ॥૩॥
બગડે સારુ સહજમાં સુધરે નહી સદાય ।
ફાટ્યું દૂધ ફરી કદી દૂધ નહિ તે થાય ॥૪॥

બહોત ગઈ થોડી રહી તે પણ ચાલી જાય ।
સુકૃત કર્મ કર્યા વિના ફોકટ નરભવ જાય ॥૫॥

બુરું ન ઈચ્છિયે પારકું લઈ વિવેક મનમાંય ।
ભુંડૂં કરતાં પરતણું પ્રથમ આપણું થાય ॥૬॥

બીડીથી આયુષ ઘટે તન ધન બલની હાણ ।
ભ્રષ્ટ હુવે નિજધર્મથી બીડી ત્યજો સુજાણ ॥૭॥

બ્રહ્મ ચિન્હ વાતો કરે ચલે આપકી ચાલ ।
જંબુક મન ફુલ્યો ફરે ઓઢ સિંહકી છાલ ॥૮॥

બૌત ગઈ થોડી રહી મન આકુલ મત હોય ।
ધીરજ સબકો મિત્ર હૈ કરી કમાઈ મત ખોય ॥૯॥

બુદ્ધિશાલી ને વલી ગુણીયલ પુરુષ જ હોય ।
વચન પાલવાથી અધિક પ્રિય બીજું નવ કોય ॥૧૦॥

બાજીગર બાજી રચે કરે કમલકો ફૂલ ।
દોય ઘડીકા દેખના આખર ધૂલકી ધૂલ ॥૧૧॥

બુદ્ધિમાનને જગતમાં નથી શત્રુનો ત્રાસ ।
વરસાલેં પલળે નહી જો હોય છત્રી પાસ ॥૧૨॥

બીડી મત પીશો બાંધવા બીડીથી બલ જાય ।
વીર્ય હટે આયુષ ઘટે અંતે અંધો થાય ॥૧૩॥

બાલલગ્ન કુચાલથી થાય ઘણું નુકશાન ।
પ્રજા બધી નિર્બલ હુવે થઈ ન શકે વિદ્વાન ॥૧૪॥

બાંધી મૂઠી લાખકી ઉઘાડી વા ખાય ।
લાખ મૂલકો કાગડો કોડે કોઠી જાય ॥૧૫॥

બેસણ ન દીયે બોલ કોલ જાવા ન દીયે કુલલાજ ।
પોલ પલંગ વિચ દોલતાં ઉદય ભયો પ્રજરાજ ॥૧૬॥

બાલપણામાં પુરુષ જે વિદ્યા ભણ્યો ન હોય ।
પશુતુલ્ય તે જગતમાં અવયવ નરના જોય ॥૧૭॥
બાર બોલાવણ બેસણું બીડોને બહુ માન ।
જશ ઘર પાંચ બબા નહી તે ઘર જાણ મશાણ ॥૧૮॥
બાર કોશ પર બોલી બદલે તરુવર બદલે શાખ ।
જાતે દાડે કેશ બદલે પણ લખ્ખણ ન બદલે લાખા ॥૧૯॥

* * * * *

ભણતાં પંડિત નિપજે લખતાં લહીયો થાય ।
ચાર ચાર ગાઉ ચાલતાં લાંબો પંથ કપાયં ॥૧॥
ભૂલ થઈ કે ચેતવું એજ ખરો ઉપાય ।
ભૂલ્યો ત્યાંથી ગણ ફિરી જેથી ભૂલ ન થાય ॥૨॥
ભાગ્યહીન જલ થલ ભમે અગર ગગન પાતાલ ।
ઘર ઉઠી વનમાં ચલે ત્યાં પણ અગ્નિ જાલ ॥૩॥
ભેદ જ્ઞાન સાબૂ ભયો સમરસ નિર્મલ નીર ।
ધોબી અંતર આતમા ધોવે નિજ ગુણ ચીર ॥૪॥
ભોંય સૂવારું ભૂખે મારું તનકી પાડૂં ખાલ ।
ઈતના કરતેં ના ડરે તો પીછે કરું નિહાલ ॥૫॥
ભૂખ ન જાણેં ભાવતું પ્રીત ન જાણે જાત ।
નિદ્રા ન જાણે સાથરો જ્યાં સૂતા ત્યાં રાત ॥૬॥
ભાગ્યહીનકૂ ના મિલે ભલી વસ્તુકો યોગ ।
દ્રાખ પકે જબ બાગમેં કાગ મુખ હોત હે રોગ ॥૭॥
ભણતરથી ભાંગે નહી ભૂખ તરસનો ભોગ ।
દિલગીરી ઉપજે દશગણી જો ન મિલે ઉદ્યોગ ॥૮॥
ભ્રષ્ટ કરે ભણનારને ઉપજી આલસ અંગ ।
ભક્તિ કરતાં ભક્તને કરે ભજનમાં ભંગ ॥૯॥

મિલતાં કુટીલ મિત્રને પલમાં મૃત્યુ પમાય ।
સૂડીથી સોપારીનો ચોકસ ચૂરો થાય ॥૧॥

મન મેલા તન ઉજલા બગલા કપટી અંગ ।
તાર્તે તો કૌઆ ભલા તનમન એકજ રંગ ॥૨॥

મૃષા ન બોલો માનવી જૂઠ થકી યશ નાશ ।
પ્રતીત નાશે લોકમાં ધર્મ ન આવે પાસ ॥૩॥

માત પિતા બેટા બહુ સ્વાર્થીઆ સહુ જાણ ।
સ્વાર્થ ચૂક્યાથી પછે આવશે મૂકી મશાણ ॥૪॥

મોટાને કહેવાય નહી નાનાને કહેવાય ।
સાસુમાં શો વાંક પણ વહુનો વાંક કઢાય ॥૫॥

મૃગનાભમેં કસ્તુરી ઢુંઢત આપ વનમાંહિં ।
ઘટઘટ બ્રહ્મ વ્યાપી રહ્યો મૂરખ સોધત ક્યાહિં ॥૬॥

માયા કાલી નાગણી તીન લોકકુ ખાય ।
જીવે બાલે કાલજા મુવે નરક લઇ જાય ॥૭॥

મરણા મરણા ક્યા કરો મરી ન જાણે કોય ।
મરણા એસા કીજિયેં ફરી મરણા નવિ હોય ॥૮॥

મારું મારું શું કરે નથી તારું તિલભાર ।
સહુ છોડી ચાલ્યા જશું પુત્ર નારી પરિવાર ॥૯॥

મધુર વચન સુણીને મિટે આવેલું અભિમાન ।
જરા જલે દૂધનું મિટે જિમ ઉભરાનું તાન ॥૧૦॥

મટે નહિ મરતા લગે પડી ટેવ પ્રખ્યાત ।
ફાટે પણ ફીટે નહિ પડી પટોરે ભાંત ॥૧૧॥

મૂરખને પ્રતિબોધતાં મતિ પોતાની જાય ।
ટપલો શરાણ ચઢાવતાં આરીસો નવ થાય ॥૧૨॥

માન મલે છે ગુણ વડે ગુણ વિણ માન ન હોય ।
પોપટ પાલે પ્રીતથી કાગ ન પાલે કોય ॥૧૩॥
મન ગયો તો જાને દે મત જાને દે શરીર ।
ના ખેચે કમાન તો ક્યા લગેગા તીર ॥૧૪॥
માખી મકોડો મૂરખ નર માથું ખોસી મરંત ।
ભમર ભોરીંગને ચતુર નર ડંસી દૂર ફરંત ॥૧૫॥
મન વિના મલવું કિસ્યું ચાવવું દાંત વિહૂણ ।
ગુરુ વિના ભણવું તિસ્યું જીમવું જેમ અલૂણ ॥૧૬॥
માગન કદી આલસ કરે તસ્કર જાય ન જાય ।
ચાકર બિચારા ક્યા કરે લૂણ પરાયા ખાય ॥૧૭॥
મન કર્તવ્ય ન્યારા ફરે તન સંતનકે સંગ ।
તુલસી એહી વિયોગસે લાગ્યો નહિ પ્રભુરંગ ॥૧૮॥
મહા મહીનાનું માવઠું જંગલ મંગલ ગીત ।
સમય વિનાનું બોલવું ત્રણની એક જ રીત ॥૧૯॥

* * * * *

યૌવન ધન જાશે જરુર ઉડે જેમ કપૂર ।
ભગવંતને ભજ ભાવથી શું હંસા ચાટે ધૂળ ॥૧॥
યોગ્ય ખંરચ કરવું ભલું અધિક ન કરવું ક્યાંઇ ।
લેખણ ભરી લખવું ભલું પણ રેડી નહિ રુસનાંઈ ॥૨॥

* * * * *

રયણી ગુમાવી સોવતાં દિન પરનિંદા માંય ।
હીરા જેવો મનુષ્યભવ કવડી બદલે જાય ॥૧॥
રાગ વિના રાગોડવું નિર્ધનીયો ફૂલાય ।
નિર્બલ સબલને ગુણ કરે તે સહુ ફોકટ જાય ॥૨॥
રોગરહિત દેહ જ્યાં લગેં ઇંદ્રિય પંચ બલવાન ।
જરા દૂર વલી જ્યાં લગેં કરો ધર્મ શુભધ્યાન ॥૩॥

રૂપ જ્ઞાન વલી બલ ઘટે વિવેક પણ હોય રાખ ।
ચિંતાથી વ્યાધિ વધે જિમ વણિક એક લાખ ॥૪॥
રાગ દ્વેષ નાઠા નહી ક્રોધાદિક વલી ચાર ।
તપસ્યાદિકથી શું હુવે પરનિંદા નહિ પાર ॥૫॥
રઈયત સબ રાજી રહે ઘટે ન રાવતમાન ।
ઉપજ વધે જ્યું રાજકી સો પ્રધાન પ્રમાન ॥૬॥
રસ અનરસ સમજ્યા વિના કરે પ્રેમની વાત ।
વિછુમંત્ર જાણે નહિ સાપ ઉપાડે હાથ ॥૭॥
રાજ મિલે પૈસો મિલે સબ સુખ મિલના સહેલ ।
મિત્ર રત્ન સંસારમેં મિલના હૈ મુશ્કીલ ॥૮॥
રે મન તજ અબ શ્યામતા કેશ કરત ઉપદેશ ।
હમ બદલે તુમ યું રહે એહી બડો અપશોશ ॥૯॥
રાતેં વેલા સૂઈને વેલા ઉઠે જેહ ।
વિદ્યાધન વાધે ધર્મ રહે નિરોગી દેહ ॥૧૦॥

❋ ❋ ❋ ❋ ❋

લોભી નર ધન સંગ્રહે અજાણ બેશે રાજ ।
ભાર ઉપાડે બલદીયો એ સહુ પરને કાજ ॥૧॥
લાખો પણ અવગુણ તજી એક ગ્રહે ગુણ ધીર ।
સજ્જન હંસ સમ લેખીયેં નીર તજી પીયે ક્ષીર ॥૨॥
લિખના પડના ચાતુરી એ સબ બાતાં સહેલ ।
કામ દમન મન વસ કરત ગગન ચઢન મુશ્કેલ ॥૩॥
લીયે લૂંટી ધન કૃપણનું કાં રાજા કાં ચોર ।
ખંખેરાય છે ખાસડે બોરડી કેરા બોર ॥૪॥
લાડ વડે અવગુણ લહે શુભ મતિ આપે માર ।
તેથી બાલક તાડીએં લાડ ન ગુણ કરનાર ॥૫॥

વિપદ બરાબર સુખ નહી જો થોરે દિન હોય ।
ઇષ્ટ મિત્ર બંધુ પ્રિયા જાન પરત સબ કોય ।।૧।।
વહ્નિ વ્યસન વ્યાધિ અને વૈરવાદ વ્યભિચાર ।
વકાર છ વધવા થકી દુઃખતણા દાતાર ।।૨।।
વ્યાપારેં ધન સંપજે ખેતીથકી અનાજ ।
અભ્યાસે વિદ્યા મિલે ખડગ બલે મિલે રાજ ।।૩।।
વા ફરે બાદલ ફરે ફિરે નદીકા પૂર ।
ઉત્તમ બોલ્યા નવી ફિરે જો પશ્ચિમ ઉગે સૂર ।।૪।।
વિણ બોલાવ્યો બહુ બકે વિણ તેડાવ્યો જાય ।
વિવેકને નહિ ઓલખે તે મૂરખનો રાય ।।૫।।
વિણ પરણ્યો તે પરણવા પરણ્યો તજવા ચાય ।
પહેલાંને પાછળ થકી બિહું જણા પસ્તાય ।।૬।।
વ્યસની કપટી લુબ્ધ નર વૃથા વચન વદનાર ।
મિત્રાઈ નહિ એ ચારથી તે જ સુખી સંસાર ।।૭।।
વિદ્યારૂપી ધનતણું નૂતન અજબ ગણાય ।
ખરચ્યા વિણ ખૂટી પડે વધે જેમ વપરાય ।।૮।।
વાતથકી વખણાય નર વાતથકી જ નિંદાય ।
વાતથકી હલકો પડે વાતેં કિમત થાય ।।૯।।
વીતી વાત વિસારી દે ભવિસ્ય વેલું ભાલ ।
જે બની આવે સહજમાં તે હિત સદા સંભાલ ।।૧૦।।
વિવેક વિનાનો માનવી જાણો પશુ સમાન ।
વાનરને પણ છે જુઓ હાથ પાય મુખ કાન ।।૧૧।।
વીંછી કેરી વેદના જેહને વીતી હોય ।
જાણે તે જન એકલો અવર ન જાણે કોય ।।૧૨।।
વિદ્યા રહી જે પુસ્તકેં ધન પરહાથે જેહ ।
કામ ન આવે સમયપર ફોકટ જાણો તેહ ।।૧૩।।

વિષ વેશ્યા નારી નદી અગ્નિ જુવારી કાલ ।
એ સાતે નહિ આપણા વલી વિશેષેં ભૂપાલ ॥૧૪॥
વિદ્યા પહેલી વય વિષેં બીજી વયમાં ધન ।
ન કર્યો ધર્મ ત્રીજી વયેં નિષ્ફલ ખોયો તન ॥૧૫॥
વિદ્યાથી જે વેગલો શૂકા કાષ્ઠસમ એહ ।
વિદ્યા જેહને મુખ વસી મોટો જન જગ તેહ ॥૧૬॥
વગર કારણે આમ તેમ ખાલી ધકા ખાય ।
ઉદ્યમ કાંઈ કરે નહી એ મૂરખનો રાય ॥૧૭॥

❋ ❋ ❋ ❋ ❋

સમજુ શંકે પાપથી અણસમજુ હરખંત ।
વ લૂખા વ ચીકણા ઈણવિધ કર્મ બધંત ॥૧॥
સજ્જન ન તજે સજ્જનતા કીજેં બહુત બિગાર ।
જ્યું ચંદન છેદે ત્યુંહિં સુરભિ કરત કુઠાર ॥૨॥
સમજ્યા સમજ્યા એકમત સમજુ ટાલે દોષ ।
સમજ સમજને જીવડા ગયા અનંતા મોક્ષ ॥૩॥
સોઈ નાકે સિંધર પોવે તે કિમ આગો પૈસે ।
સ્યાદ્વાદ વિણ ધર્મ પ્રરુપે તે સાલોસાલ ન બેસે ॥૪॥
સત્ય સાચવે તેહને ખલજન શું કરનાર ।
શ્વાન કરડી નવિ શકે જે ગજ શિર અસવાર ॥૫॥
સત્ય સંતાડ્યું નવિ રહે ખરેખરો એ ખેલ ।
જિમ આવે ઉપર તરી જલ તરિયેથી તેલ ॥૬॥
સાત વેથના સર્વ જન કીમત અકલ તુલ્ય ।
સરખા કાગલ હુંડીના પણ આંક પ્રમાણે મૂલ્ય ॥૭॥
સજ્જન સમ વિચારિયેં અપના કુલકી રીત ।
બરાબરીસેં કીજીયેં વિવાહ વૈર ઔર પ્રીત ॥૮॥

સહુથી ભુંડી ચાકરી તેથી ભુંડો ભાર ।
તેહથી ભુંડું જાચવું સોમને કહેવું દાતાર ।।૯।।

સજ્જન સબ જગ સરસ હે જબ લગ પડ્યો ન કામ ।
હેમ હુતાસન પરખીયે પીતલ નિકશે શ્યામ ।।૧૦।।

શઠની સંગતથી સહે ભલા જનો દુઃખભાર ।
માકડના મેલાપથી ખાય ખાટલો માર ।।૧૧।।

સજ્જન મિલાપી બહોત હે તાલી મિત્ર અનેક ।
જેને દીઠે દિલ ઠરે સો લાખનમે એક ।।૧૨।।

સિંહાં સંગમ પુરુષ વચન કેલ ફલે એકવાર ।
ત્રીયા તોરણ હમીર હઠ ચડે ન બીજી વાર ।।૧૩।।

સ્વભાવ જો સૂધર્યો નહિ ભણ્યો નહી સુધરેલ ।
છે ચોરો યૂરોપમાં બહુ ભણતર ભણેલ ।।૧૪।।

સાહેબ જરુખે બેઠકે સબકા મુજરા લેત ।
જેસી જનુકી ચાકરી તેસી તિનુકુ દેત ।।૧૫।।

સાધુકી સંગત ભલી નિષ્ફલ કદી ન હોય ।
ચંદન પાસે રુખડા તે પણ ચંદન જોય ।।૧૬।।

સજ્જન એસા કીજીએ જેસા ટંકણ ખાર ।
આપ જલે પર રીજવે ભાંગા સાંધણહાર ।।૧૭।।

સજ્જન એસા કીજિએ જેસા જ્યુવારી ખેત ।
મૂલસહિત શિર કાપતાં તોએ ન મેલે મીઠ ।।૧૮।।

સબકે આગે હોય કે કબુન કીજે વાત ।
સુધરે તો જરા જશ હુવે બગડે ગાલી ખાત ।।૧૯।।

સોમ શિયાલને કાચબો પરઘર પોલા થાય ।
સામો આવે આપઘર સૌ સંકેલી જાય ।।૨૦।।

સદા ન લક્ષ્મી સ્થિર રહે સદા ન સુખનો સંગ ।
સદા ન કાયમ સવલતા સદા ન ચડતો રંગ ॥૨૧॥

સજ્જન સજ્જન જોઇને મન સંતોષી થાય ।
જોઇ ચકોરા ચંદને જેમ મનમાં મલકાય ॥૨૨॥

સમજ્યા વિણ જે નર ધરે હૃદય વિષેં અતિ રોષ ।
પાછલથી પસ્તાય છે દેખે જ્યાં નિજદોષ ॥૨૩॥

સમય સમયની છાયડી સુખ દુઃખનો નહી પાર ।
પુન્ય પાપ દોય જોડલા એમાં સો અહંકાર ॥૨૪॥

સાધુ પૂછે સતીને માલી પૂછે કૂઆ ।
બ્રાહ્મણ પૂછે કુંભારને આ ગામમાં કેટલા મૂઆ ॥૨૫॥

સત્ય સાચવે તેહને દુર્જન શું કરનાર ।
શ્વાન કરડી નવિ શકે જે ગજ શિર અસવાર ॥૨૬॥

સંપદ ગઈ પાછી મલે ગયા વલે છે વહાણ ।
ગત અવસર આવે નહિ ગયા ન આવે પ્રાણ ॥૨૭॥

સજ્જન સહુને પ્રિય પણ દુર્જનને મન કાલ ।
જગત ચક્ષુ રવિ ઉદય છે ઘૂક ગણે વિકરાલ ॥૨૮॥

સબલાથી સહુકો બીએ નબલાને જ નડાય ।
વાઘ તણુ માગે નહી ભોગ ભવાની માય ॥૨૯॥

સમજ સમજ મન માનવી મરણ તણું ભય રાખ ।
કાલ વિષે કર કાલજી થવું બલીને રાખ ॥૩૦॥

સાધુ ભૂખા ભાવકા ધનકા ભૂખા નાહી ।
જો સાધુ ધનકા ભૂખા વોહી સાધુ નાહી ॥૩૧॥

સાધુ શબ્દમે પરખીયે વિપત પડે ઘરનાર ।
સૂરા તબહીં પરખીએ જબ નિકશે તલવાર ॥૩૨॥

સંત પોકારી યું કહે સોધો આપ શરીર ।
પાંચે ઇંદ્રિય વસ કરો તો મલે મોક્ષમંદિર ॥૩૩॥

સજ્જન તજે ન સજ્જનતા દુર્જન તજે ન વૈર ।
શાકર ન તજે સરસપણું શોમલ તજે ન ઝેર ॥૩૪॥

સુધરે નહિ કુવાણીથી કીધે બહુત ઉપાય ।
શીખ ભલી પરે આપતાં કાક ન કોયલ થાય ॥૩૫॥

સંતોષસમ નહિ ઓર સુખ તપ નહિ ક્ષમા સમાન ।
જ્ઞાનસમો કોઈ દાન નહી ધર્મ ન દયા સમાન ॥૩૬॥

સહજ મિલા સો દૂધ બરાબર માગ લીયા સો પાણી।
ખેચ લીયા સો રક્ત બરાબર સંતપુરુષકી વાણી ॥૩૭॥

સત્ય કદી નવિ છોડીએ સર્વ સુખનો ધામ ।
અમર થયું સત્યે જુઓ હરિશ્ચંદ્રનું નામ ॥૩૮॥

સજ્જન ચિત્તમાં નવિ ધરે દુર્જનજનકો બોલ ।
મારતાં પત્થર અંબને તો ફલ દીયે અમૂલ ॥૩૯॥

સંપથી સંપદ સંપજે સંપે જાય કિલેશ ।
જ્યાં નહી સંપસદાગમ ત્યાં નહિ સુખ લવ લેશ ॥૪૦॥

સ્ત્રી પિયર નર સાસરે સંજમીયાં સહવાસ ।
એતા હુવે અલખામના જો મંડે સ્થિરવાસ ॥૪૧॥

સ્ત્રી પ્રાય કહેવાય છે કજીઆની કરનાર ।
ચાર મલે જો ચોટલા ભાંગે જન ઘરબાર ॥૪૨॥

શ્રવણ નયન મુખ નાશિકા સહુને એક જ ઠામ ।
કૃત્યાકૃત્ય જુઓ સર્વના જુદા આઠહિ જામ ॥૪૩॥

સર્વનું હેત અહેત તે નેત્ર થકી પરખાય ।
ભલું ભુંડું આરસી વડે જેમ જરુર જણાય ॥૪૪॥

સમય સમય બલવાન હે નહિ જ પુરુષ બલવાન ।
કાબે ગોપી લુંટીયા એ અર્જુન એ બાન ॥૪૫॥

સ્વવસ રંકપણું ભલું નહી પરવસ રંગરોલ ।
વર પોતાની પાતલી નહિ પરનું ઘૃત ગોલ ॥૪૬॥

સોબત કરતાં શ્વાનકી દો બાતોકા દુઃખ ।
બીજ્યો કાટે પાયુંકો રીજ્યો ચાટે મુખ ॥૪૭॥

શેઠ તણા શાલા થવા નકી સહુ હરખાય ।
કોઈ ગરીબ જો કહે કદી જીવડો નીકલી જાય ॥૪૮॥

સેવા કરતાં સંતની મિલે મુક્તિમેં ધામ ।
દુર્જન પાસે બેસતાં પડે કુટાવું ચામ ॥૪૯॥

સર્પ નારી સમુદ્રનો કરીએ નહી વિશ્વાસ ।
જાલવિયે તો જીવિયેં નહી તો થાય વિનાશ ॥૫૦॥

સજ્જન એસા કીજીયેં જામે લખન બત્તીસ ।
ભીડ પડે ભાજે નહીં સોપે આપનો સીસ ॥૫૧॥

* * * * *

હદમાં રહિયે હરઘડી મન ચાહ્યું નંવ થાય ।
હસ્તિ પણ અંકુશવસ અટક્યો નવિ અટકાય ॥૧॥

હોન પદારથ હોત હે બિસર જાત સબ સુદ્ધિ ।
જેસી લખી નસીબમેં તેસી ઉકલત બુદ્ધિ ॥૨॥

હલદી જરદી ના તજે ખટ રસ તજે ન આમ ।
ગુણીજન ગુણને ના તજે અવગુણ તજે ન ગુલામ ॥૩॥

હિંસા દુઃખની વેલડી હિંસા દુઃખની ખાણ ।
અનંતા જીવ નરકેં ગયા હિંસા તણે પરિમાણ ॥૪॥

હઠ અતિ નવ કીજિયે હઠશે કાજ ન હોય ।
જ્યું જ્યું ભીની કામલી ત્યું ત્યું ભારી હોય ॥૫॥

* * * * *



Printed by Shree Parshva Computers Tel. 079-546029